卐 आमुख 卐

प्रस्तुत लेखमाला परमपूज्य आचार्य भगवंत **श्री भुवनतिलकसूरीश्वरजी महाराजकी** है।

परन्तु उसको संग्रह करके प्रकाशित करनेमें पूज्य आचार्य **श्री विजयभद्रंकरसूरीश्वरजी महाराजके** शिष्य पूज्य मुनिवर्य **श्री पुण्यविजयजी महाराजका** परिश्रम बहुत ही प्रशंसनीय एवं अनुमोदनीय है।

वैसे तो जैनदर्शन सर्वज्ञ-जिनेन्द्रभगवंतका भाषित होनेसे सर्व सत्य क्षेमकर है और जीवनको सतत जय-विजयी बनानेवाला परम श्रेयस्कर है।

क्योंकि इसमें जीव-अजीवादि तत्त्वोंका बहुत सूक्ष्म प्रतिपादन है और अनेक दृष्टिसे इसका अनुसंधान है। तथा हेय-ज्ञेय-उपादेय जैसा सर्वज्ञ भगवंतोंने विवेचन किया है, उसका तदनुरूप परिपालन किया जावे तो लौकिक-लोकोत्तर उभय जीवनको सुखमय बनानेका सर्वोत्तम उपाय जीवोंको उपलब्ध हुए बिना रहेगा नहि।

परन्तु जीव अपनी अज्ञानता एवं प्रमाद दोषसे उसको ठीक ढंगसे न समझकर हीनयोग अतियोग और विपर्यासयोगके भयंकर दोषोंका सेवन करें तो सुखके बदले दुःखका भोगी होना अनिवार्य है।

इसलिए इन दोषोंसे जीवोंको बचानेका, हितकामनासे सुन्दर साहित्यका निर्माण होना नितान्त आवश्यक है। क्योंकि "आदित्यके बिना जगतमें अंधकार है और साहित्यके बिना जीवनमें अंधकार है।"

परन्तु इसकी पूर्ति करना समर्थ गीतार्थ और शास्त्रज्ञ पुरुषोंका काम है।

इस लेखमालाके अवलोकनसे आत्मप्रतीति हो रही है कि अगर पाठक कदाग्रहसे मुक्त होकर सत्याग्रहकी दृष्टिसे यह लेखमालाका पठन, मनन और परिशीलन करेंगे तो आत्मोत्थानकी प्रारंभिक भूमिके प्रगति साधना हुआ

पुण्यानुबन्धी पुण्यके परम सुखदायी विपाकरूप नरेन्द्र, देवेन्द्र, अमरेन्द्र और अहमिन्द्र तथा योगीन्द्र, मुनीन्द्रोंकी पदवीयोंको प्राप्त करके उनके वैभव, ऐश्वर्य, आरोग्य और आनन्दका अनुभव करता हुआ भवसमुद्रको पार करके सुखे सुखे सहजानन्द—स्वपरनिराबाध सिद्धस्वरूपको प्राप्त कर शकता है।

इन लेखोंमें विविध विषयोंका इतना सूक्ष्म बुद्धिपूर्वक प्रतिपादन है **“जो आजके भौतिकवादकी भ्रान्तिमें भूले हुए प्राणियोंको वस्तुस्थितिका भान करानेमें भानुकी किरणोंके समान है।”**

आजका मानव अंधश्रद्धाको स्थान न देकर बुद्धिवादकी भूमिका पर हर एक वस्तु समझना चाहता है, पर वास्तवमें देखा जावे तो **“जिस तरह वृक्षके विकसित होनेमें जलसिंचनकी जरूरत है, उसी तरहसे मानवके मनोविकासके लिए ज्ञानसिंचनकी जरूरत है।”** और यह लेखमाला इस कार्यकी पूर्तिके लिए ज्ञानवारूप भास होती है, ऐसा कहना कोई अत्युक्ति नहीं। ‘हाथ कंगनको आरसी’की जरूरत नहीं, उसी तरह माध्यस्थवृत्तिके विचारकोंको इसके पानसे स्वयं प्रतीति होना स्वाभाविक है।

सुज्ञेषु किं बहुना।

श्री पार्श्वनाथ जन्मकल्याणक दिन
पुष्कर तीर्थ (रेड हिल्स) मद्रास
वि. सं. २०२७-पो. व. १०

आत्मयोग साधक
स्वामी ऋषभदास

અલોકને એક જ સમયમાં જાણે છે અને જુએ છે, તેમજ લોકમાં રહેલા ચર અને અચર, સુક્ષ્મ અને બાદર, જીવ અને જડ–સઘળાય દ્રવ્યોને સઘળા પર્યાયોની સાથે જાણે–જુએ છે. એ વીતરાગોને નથી હોતો રાગ કે નથી હોતો, દ્વેષ, પણ તેઓ ફક્ત લોકકરૂણા–જનકરૂણાથી જ યથાર્થ પદાર્થપરિજ્ઞાનને દર્શાવે છે અસત્ય બોલવામાં રાગની જડ મુખ્ય છે. પ્રપંચ-માયા કરીને બોલવામાં દ્વેષ કારણ હોય છે શ્રી વીતરાગદેવોએ તો ઘોર ચારિત્ર પાળીને, ઘોર તપ આદરીને અને ઘોર ઉપસર્ગો–પરીષહોને સહીને, અનંતકાળના જીવ સાથે લાગેલ કર્મકચવરને -કર્મમલને સમૂળ ખસેડી મૂકયો છે. એટલે ઉચ્ચ ભાવમા લાવનાર દગ્ધ થયેલું દ્વેષ કે રાગનું બીજ છે, જેથી રાગ–દ્વેષ છે જ નહિ પછી એ પુરૂષની વાણી અવિતથ સત્યાશોથી છળકતી જ હોય ! એ વીતરાગની વાણીના વહેણો જ્યાં જ્યાં વહે છે, જ્યા જ્યા પ્રસરે છે અને જ્યા જ્યાં છૂટે છે, ત્યાં ત્યા ભવ્યાત્માઓનાં હૃદયકમળો વિકસિત બને છે, તેમજ સત્ય પ્રકાશનાં કિરણોથી હૃદયગત મિથ્યા અંધકારો ઉલેચાઈ જાય છે ઘુવડ જેવા કોઈ અયોગ્ય આત્માઓને તેનો લાભ ન થાય તે વાત જુદી છે.

શ્રી જિનવાણી :

શ્રી વીતરાગની વાણીમાં મુખ્યત્વે આત્માની ઓળખ હોય છે. અનાત્માનો સંગ એ અવિદ્યા છે. સમ્યગ્જ્ઞાન એ જ મુક્તિનો મોટો માર્ગ છે. આત્માનો સ્વભાવ–ગુણ ધર્મ–અનંત ચતુષ્ટય જ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય–એ ચારેય અનંતા છે. તેની સાચી પ્રાપ્તિ એ જ આત્મધર્મની પૂરી પરાકાષ્ટા છે. તેની પ્રાપ્તિ પછી કૃત્યકૃત્યતા, નિષ્ઠિતાર્થતા અને સંપૂર્ણતા કહેવાય છે. એમ આ બધા વિષયની ઓળખ હોય છે.

સંપૂર્ણ પદને પામેલા વીતરાગોએ પ્રકાશ્યું છે કે-હે

પ્રાણીઓ ! પ્રત્યેક દેહમાં આત્મા છે અને એ આત્મા; સિદ્ધ-પૂર્ણ-નિષ્ઠિતાર્થ, અનંતવેત્તા, બુધ, નિરંજન, નિરાકાર, અજર, અમર, ચરમાવસ્થાસ્થિત અને સિદ્ધસ્વરૂપી છે, પરન્તુ અનાદિ-કાળથી આત્મતત્ત્વ ઉપર કર્મનાં જાળાં બાઝી ગયેલાં છે. જેમ દીપક ઉપર ઢાંકણુ મૂક્તાં પ્રકાશ આવરાઈ જાય છે, તેમ આત્મ-દીપકનો પ્રકાશ કર્મનાં સંગે આવરી દીધો છે જેમ તલમાં તેલ, પુષ્પમા સુગંધી અને દૂધમાં ઘી એકમેક થઈને રહે છે, પણ વાસ્તવિક તે ભિન્ન છે. ભિન્ન ન હોય તો ઘી, તેલ અને અત્તર જેવી વસ્તુઓ જુદી પડી શકે નહિ. તે રીતિએ આત્મા શુદ્ધ સ્વરૂપી હોવા છતાંય કર્મની સત્તામાં જકડાય છે, પણ તે કર્મથી ભિન્ન છે

એટલે અજ્ઞો કે મિથ્યા જ્ઞાનીઓ આત્માને ઓળખી-જાણી શકતા નથી અને તેઓ જડ-સ્થૂલ દેહને જ આત્મતુલ્ય માની તેની ઉપાસનામા ઈતિશ્રી કે જન્મસાર્થકતા માની લે છે. જેમ મલિન વસ્ત્રને ધોવાથી નિર્મલ થાય છે, પણ કપડા ઉપર મેલ ચઢવા જ દેવાય, તેને કદીય ધોવાનો શ્રમ ન ઉઠાવાય, તો તે કપડું એવું મેલું થાય છે, કે ઘણી જ કઠિનતાથી તે ધોવાય તોય મલશુદ્ધિ અશક્ય બની જાય છે, તેમ આત્માની દશા બની છે. અનાદિ નિધન કર્મ સંબંધી આત્માને નિર્મળ-પવિત્ર બનાવવા માટે ઉગ્ર પુરૂપાર્થ ખેડવો પડે છે.

આત્મસત્તાની સિદ્ધિ :

આત્મદ્રવ્યની સત્તા દરેક પ્રાણીમાં છે આત્મનિર્ણય કરવા માટે આગમપ્રમાણ તો છે જ. પણ અનુમાનથીય પ્રત્યક્ષ પ્રમાણ જેટલો સિદ્ધ આત્મા છે. એવી પ્રતીતિ-વિશ્વાસ-શ્રદ્ધાન જન્મે છે જેમ એક દુકાન ખુલ્લી છે, તો દૂરથી અનુમાન થાય છે કે-દુકાનનો માલિક કોઈ ત્યા હોવો જોઈએ, અને જો માલિક

અલોકને એક જ સમયમાં જાણે છે અને જુએ છે, તેમજ લોકમાં રહેલા ચર અને અચર, સુક્ષ્મ અને બાદર, જીવ અને જડ-સઘળાય દ્રવ્યોને સઘળા પર્યાયોની સાથે જાણે-જુએ છે. એ વીતરાગોને નથી હોતો રાગ કે નથી હોતો, દ્વેષ, પણ તેઓ ફક્ત લોકકરૂણા-જનકરૂણાથી જ યથાર્થ પદાર્થપરિજ્ઞાનને દર્શાવે છે. અસત્ય બોલવામાં રાગની જડ મુખ્ય છે પ્રપંચ-માયા કરીને બોલવામાં દ્વેષ કારણ હોય છે શ્રી વીતરાગદેવોએ તો ઘોર ચારિત્ર પાળીને, ઘોર તપ આદરીને અને ઘોર ઉપસર્ગો-પરીષહોને સહીને, અનંતકાળના જીવ સાથે લાગેલ કર્મકચવરને -કર્મમલને સમૂળ ખસેડી મૂક્યો છે. એટલે ઉચ્ચ ભાવમાં લાવનાર દગ્ધ થયેલું દ્વેષ કે રાગનું બીજ છે, જેથી રાગ-દ્વેષ છે જ નહિ. પછી એ પુરૂષની વાણી અવિતથ સત્યાંશોથી છળકતી જ હોય ! એ વીતરાગની વાણીના વહેણો જ્યાં જ્યા વહે છે, જ્યાં જ્યાં પ્રસરે છે અને જ્યા જ્યાં છૂટે છે, ત્યાં ત્યાં ભવ્યાત્માઓના હૃદયકમળો વિકસિત બને છે, તેમજ સત્ય પ્રકાશનાં કિરણોથી હૃદયગત મિથ્યા અંધકારો ઉલેચાઈ જાય છે ઘુવડ જેવા કોઈ અયોગ્ય આત્માઓને તેનો લાભ ન થાય તે વાત જુદી છે

શ્રી જિનવાણી :

શ્રી વીતરાગની વાણીમા મુખ્યત્વે આત્માની ઓળખ હોય છે. અનાત્માનો સંગ એ અવિદ્યા છે. સમ્યગ્જ્ઞાન એ જ મુક્તિનો મોકળો માર્ગ છે. આત્માનો સ્વભાવ-ગુણ ધર્મ-અનંત ચતુષ્ટય જ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય-એ ચારેય અનંતા છે. તેની સાચી પ્રાપ્તિ એ જ આત્મધર્મની પૂરી પરાકાષ્ઠા છે. તેની પ્રાપ્તિ પછી કૃત્યકૃત્યતા, નિષ્ઠિતાર્થતા અને સંપૂર્ણતા કહેવાય છે. એમ આ બધા વિષયની ઓળખ હોય છે.

સંપૂર્ણ પદને પામેલા વીતરાગોએ પ્રકાશ્યું છે કે-હે

પ્રાણીઓ ! પ્રત્યેક દેહમાં આત્મા છે અને એ આત્મા; સિદ્ધ-પૂર્ણ-નિષ્ઠિતાર્થ, અનંતવેત્તા, બુધ, નિરંજન, નિરાકાર, અજર, અમર, ચરમાવસ્થાસ્થિત અને સિદ્ધસ્વરૂપી છે, પરન્તુ અનાદિકાળથી આત્મતત્ત્વ ઉપર કર્મનાં જાળાં બાઝી ગયેલાં છે. જેમ દીપક ઉપર ઢાંકણુ મૂકતાં પ્રકાશ આવરાઈ જાય છે, તેમ આત્મદીપકનો પ્રકાશ કર્મનાં સંગે આવરી દીધો છે. જેમ તલમાં તેલ, પુષ્પમા સુગંધી અને દૂધમા ઘી એકમેક થઈને રહે છે, પણ વાસ્તવિક તે ભિન્ન છે ભિન્ન ન હોય તો ઘી, તેલ અને અત્તર જેવી વસ્તુઓ જુદી પડી શકે નહિ. તે રીતિએ આત્મા શુદ્ધ સ્વરૂપી હોવા છતાય કર્મની સત્તામાં જકડાય છે, પણ તે કર્મથી ભિન્ન છે

એટલે અજ્ઞો કે મિથ્યા જ્ઞાનીઓ આત્માને ઓળખી-જાણી શકતા નથી અને તેઓ જડ-સ્થૂલ દેહને જ આત્મતુલ્ય માની તેની ઉપાસનામા ઈતિશ્રી કે જન્મસાર્થકતા માની લે છે જેમ મલિન વસ્ત્રને ધોવાથી નિર્મલ થાય છે, પણ કપડાં ઉપર મેલ ચઢવા જ દેવાય, તેને ક્દીય ધોવાનો શ્રમ ન ઉઠાવાય, તો તે કપડું એવુ મેલું થાય છે, કે ઘણી જ કઠિનતાથી તે ધોવાય તોય મલશુદ્ધિ અશક્ય બની જાય છે, તેમ આત્માની દશા બની છે અનાદિનિધન કર્મ સંબંધી આત્માને નિર્મળ-પવિત્ર બનાવવા માટે ઉગ્ર પુરૂષાર્થ ખેડવો પડે છે

આત્મસત્તાની સિદ્ધિ :

આત્મદ્રવ્યની સત્તા દરેક પ્રાણીમા છે આત્મનિર્ણય કરવા માટે આગમપ્રમાણ તો છે જ. પણ અનુમાનથીય પ્રત્યક્ષ પ્રમાણ જેટલો સિદ્ધ આત્મા છે. એવી પ્રતીતિ-વિશ્વાસ-શ્રદ્ધાન જન્મે છે જેમ એક દુકાન ખુલ્લી છે, તો દૂરથી અનુમાન થાય છે કે-દુકાનનો માલિક કોઈ ત્યા હોવો જોઈએ, અને જો માલિક

ન હોય તો તાળું (સાચવણું) જ હોય; તેમ દેહમાં, અંગ-પ્રત્યંગોની વિવિધ પ્રક્રિયાઓ-ચેષ્ટાઓ ચાલુ છે, જેથી તેને ચલાવનારો-સંચાલક દેહમાં કોઈ હોવો જોઈએ. ચેતનાશૂન્ય દેહ કોઈ પણ જાતનું હલન-ચલન કે સુખ-દુઃખની લાગણી કરતું નથી. અધિષ્ઠાતા-આત્મા ગયા પછી બંધ દુકાનની જેમ દેહ પડ્યો રહે છે. માર્ગ ઉપર ચાલતો રથ સારથિનુ અનુમાન કરાવે છે. અહિતત્યાગ, હિતસ્વીકાર આદિ ચેષ્ટા કરનાર દેહથી કોઈ જુદી વ્યક્તિ દેહાન્તર્ગત સ્થિત છે જ, કારણ કે-દેહ ચેતનાશૂન્ય બનતા, તેને અગ્નિમાં બાળો કે પાણીમાં ડૂબાડો, તોય તે સ્વહિતાર્થે કાંઈ જ ગમનાગમનની ચેષ્ટા કરતુ નથી

દેહીસત્તાનુ સ્પષ્ટીકરણ :

જે આત્મા આપણા દેહમાં છે, તે નિર્મલ નથી, સ્વરૂપમાં પૂર્ણાંશે વર્તતો નથી, કર્મકૂટથી વિકાર દશાને ભોગવે છે, સ્વત્વને ભૂલી પરમાં રમે છે, આનંદ માને છે, સુખ કલ્પે છે અને બ્રાન્તિની જાળમા ફસાયેલો છે, જેથી સ્વને ભૂલ્યો છે કોઈ ગજ્જ દુરાચારી બનતાં નીચ કૃત્યોમાં આસક્ત બને છે, પછી તેને કાંઈ લાજ, શરમ કે સ્વકુલગૌરવ રહેતુ નથી, પણ જ્યારે તેને ભાન થાય છે અને વિષયવિકારનો નશો ઉતરે છે, ત્યારે તે સત્ય માર્ગમા આવે છે અને પશ્ચાત્તાપની આગમા સળગે છે તેમ આત્મા ગજ્જ છે અને તે કુમતિની સંગતમા સ્વગુણ, સ્વજ્ઞાન તથા સ્વસ્વરૂપને ભૂલ્યો છે મોહ-મમતાનો નશો જેમ જેમ ઓછો થાય, તેમ તેમ તે સ્વત્વને સ્મરે છે અને કરેલા ગુનાઓ બદલ પરિતાપ કરે છે.

કેટલાક માર્ગના અજ્ઞાનીઓ એમ કહે છે કે-આત્મા હોય તો દેખાવો જોઈએ ને? કોઈ દિવસ કાંઈ તેની ઝાંખી કે પ્રતીતિ તો થવી જોઈએ ને? ભલા ભાઈ! આજે લોકવ્યવ-

હારમાં એવી હજારો વસ્તુઓ છે, કે જે આંખે દેખાતી નથી. તેની કોઈ નિશાની નથી કે તેના રૂપ-રંગ નથી, છતાં પણ તેને જગત માની રહેલ છે. એક આત્મા માટે જ અવિશ્વાસ રાખવો, એ કેવી ગેબી ગેરસમજનું પરિણામ કહેવાય? જુઓ પવન વાય છે, તો શું તમોને તે દેખાય છે? છતાંય તે મનાય છે હા, સ્પર્શેન્દ્રિયથી શીતતા વગેરેથી મનાય છે કે- પવન આવે છે, પણ આંખેથી તે દેખાતો નથી આકાશ છે, તો એનો રંગ, રૂપ વગરે દેખાતા નથી, પરંતુ આકાશ છે-એમ સઘળોય જનવર્ગ કબૂલ કરે છે. તે રીતિએ આત્મા દેખાતો નથી. પણ આખાય શરીરમાં પાચ ઈન્દ્રિયોની અને મનની ક્રિયાઓ અવિરત ચાલે છે. તેમાં પ્રેરક-સંચાલક કોઈ તત્ત્વ છે-એમ માનવું જ પડે છે. દેહમાંથી પ્રાણપંખેરૂં ઉડી ગયા પછી આંખ, નાક, કાન, જીભ તેમજ શરીર હોવા છતાંય તેને જોનાર. સુંઘનાર, સાંભળનાર, ચાખનાર અને સ્પર્શનાર ચાલ્યો ગયો. એટલે તે સાધનો સાધક સિવાય નકામા પડે છે. આથી એમ ચોક્કસ નક્કર સત્ય ઠરે છે કે-દેહનો સંચાલક કોઈ હતો અને તે પ્રયાણ કરી ગયો

ગત જન્મ હતો, વર્તમાન જન્મ દેખાય છે અને આગામી જન્મ છે. આજે પણ કેટલાક ઠેકાણે નાના નાના બાળકોને પૂર્વભવ સ્મરણમાં આવતાં. પૂર્વ પરિચિતોનો પરિચય આપે છે અને ઘણા સ્થળોમાં તે નિર્વિવાદ સત્ય ઠર્યું છે આ રીતિએ વિચારતા અનંત જન્મ-મરણો આ આત્માના ભિન્ન ભિન્ન દેહોમાં થઈ ચૂક્યા છે અને હજુ મુક્તિના અભાવમાં તે થયા જ કરશે

સંસ્કાર

જેમ કોઈ ભાગ્યશાળી પચીસ કોશની સફારી કરવા

માટે પ્રયાણ કરે છે, તે દશેક ગાઉ પહોંચ્યા પછી સરાય (ધર્મશાળા)માં રાત્રે સૂઈ જાય છે અને સવારમાં ઉઠીને આગળ ચાલવાની શરૂઆત કરે છે. આમ આગલા દિવસે ચાલેલું આગળ ચાલવાના લેખામાં ગણાઈ જાય છે. તેમ અનંત જન્મોજન્મના સંસ્કારો (પુણ્ય-પાપ) અથવા કર્મોનો પુંજ સાથમાં લઈને આત્મા આવે છે, જેથી કોડો દેહીઓમા ભિન્ન વિચારો, ભિન્ન ફલો, ભિન્ન રૂચિઓ, ભિન્ન ક્રિયાઓ અને ભિન્ન પુરૂષાર્થો દેખાઈ આવે છે. એક સુખી છે, એક દુઃખી છે, એક થોડી મહેનતે વિપુલ ઈષ્ટોને મેળવે છે અને એક અત્યંત મહેનત કરવા છતાંય એક વેતનું ઉદર ભરી શકતો નથી. એક જન્મથી જ ડાહ્યો, શાણો, શ્રદ્ધાળુ, વૈરાગી, વિનયી, વિવેકી અને આદરણીય હોય છે; જ્યારે એક ક્રૂર, બેડોળ, અજ્ઞાન, અવિવેકી, અવિશ્વાસુ અને તિરસ્કરણીય હોય છે જો આત્મા જેવી વસ્તુ ન હોય અને તેની સાથે પુણ્ય-પાપના પુંજો ન હોય, તો સઘળાય સરખા જ સુખી કે વિચારવંતા હોવા જોઈએ, પણ એવું કાંઈ દેખાતું નથી. નાનાવિધતા જ આત્મા અને પુણ્ય-પાપની સંગતિને ઠરાવે છે.

મૃત્યુ-આત્માને સૂચના

જન્મ એ જાગૃતાવસ્થા છે તેમાં નિદ્રા એ મૃત્યુનો અખતરો છે. દીર્ઘ નિદ્રા એટલે મૃત્યુ જ. આર્યદેશનાં ઉપદેશક જેટલાં આગમો અને શાસ્ત્રો છે, તે સઘળાય આત્મદ્રવ્યની સત્તાને સ્વીકારે છે, પણ આત્માના સ્વરૂપની માન્યતામાં તે જુદા જુદા પડે છે. મૌલિક દ્દષ્ટિબિન્દુથી સૌએ આત્માને સ્વીકાર્યો છે, એ નિર્વિવાદ છે.

હે માનવ! જો તું 'આત્મા' છે-એમ માનીશ, તો તને સ્વાભાવિક એક પ્રેરણા પ્રાપ્ત થશે કે-આત્મા છે તો તે કેવો

છે?–એ જિજ્ઞાસા, તને દુન્યવી પદાર્થોનો વ્યામોહ ઓછો કરાવશે અને આત્મવિકાસ, આત્મોન્નતિ તથા આત્મસાક્ષાત્કાર કરવાના પ્રયત્નો કરવાની તને તીવ્ર ભાવના જાગૃત કરશે.

જીવભેદ ·

આ સંસાર અનાદિથી છે. એમાં બે પ્રકારના જીવો છે. એક સંસારાવસ્થામાં ભ્રમણ કરતા આત્માઓ–સંસારીઓ અને એક કર્મહીન બનેલા સિદ્ધસ્વરૂપી સિદ્ધ આત્માઓ

સંસારાવસ્થામાં રહેલા આત્માઓને ભૂલભૂલામણીમાં ભટકતાની જેમ અનેક ગતિમા અનંતકાળથી જન્મ અને મરણો કરવા જ પડે છે. મૃત્યુ થયા સિવાય કદીય જન્મચક્રાવલી ફીટતી નથી. સંસારી આત્માઓમા દેવો, નારકીઓ અને તિર્યંચોના આત્માઓ એવી વિચિત્રતામાં પડેલા છે તથા એવી સામગ્રીના અભાવવાળા છે કે–મુક્તિએ જવાનો તે સ્થાનોમાં તેઓને અધિકાર નથી હોતો મુક્તિનગરીમા જવા માટે દરવાજો માત્ર માનવજન્મ જ છે માનવોમાય પણ પુણ્યહીના, જ્ઞાનહીના અને સમ્યક્ત્વહીના પ્રાણીઓ દુષ્કૃત્યો કરીને પુન અધમ ગતિઓના અધિકારી બની જાય છે આત્મજ્ઞાનની પૂરે પૂરી પૂર્ણતાની સાચી યોગ્યતા માનવોના જ છે

કોઈ સંગતથી જો નાસ્તિકતા જન્મે, તો માનવો પણ અનેક કુતર્કોની તલવારોથી શ્રદ્ધાતરુને કાપી નાખે છે. પછી શ્રદ્ધા વિના જ્ઞાન કે સદાચાર તો આવે જ ક્યાંથી? તો એ નિશ્ચય થાય છે કે–આત્મદ્રવ્યની સત્તા છે. અને તેને જો ચોક્કસ રીતિએ ઓળખે, સમજે તથા માને. તો આગામી જન્મોની પરંપરા પ્રશંસનીય અને ટૂંકી થાય

અનુમાનો :

જેમ નાવિક વિના નાવ વ્યવસ્થિત ન ચાલે. શરીર વિના

ટ્રેઈન કે મોટર મુખ્ય માર્ગ ઉપર વ્યવસ્થિત ન દોડે, રસોઈ પકાવનાર સિવાય રસોઈ તૈયાર ન થાય અને સંગીતકાર-અધિષ્ઠાતા ન હોય તો મુર્દામાંથી સંગીત પેદા ન થાય; તેમ જો આત્મા-ચેતન ન હોય, તો જડમાં એ ચેતનાશક્તિ કદીય જન્મે જ નહિ, કારણ કે-જીવનું લક્ષણ ચેતના છે. કોઈ જડનું ચિહ્ન ચેતના અનુભવતું નથી. અવયવોમાં ન હોય તે સમૂહ ફટમા ન જ આવે. જડ પદાર્થમાં કદીય ચેતનગુણ અનુભવાતો નથી જો કોઈ મૂર્ખ રેતીને ભેગી કરીને ઘાણીમા પીલે, તો શું તે તેમાંથી તેલ મેળવે? ના, કારણ કે-રેતીના કણમાં તેલ નથી તો પછી સમૂહમા કયાથી આવે?

જેમ કપડાંનો પહેરનારો કપડાથી જુદો છે, તેમ આત્મા અને દેહ ભિન્ન છે. દેહ સાંયોગિક ઉપાધિ રૂપ છે.

કર્તા :

આત્માને જાણે તે સઘળુંય જાણે. આત્માને સદ્દહે તે સઘળાય પદાર્થોને સદ્દહે જ પ્રત્યેક દેહમાં ભિન્ન ભિન્ન કર્મથી બંધાયેલો આત્મા છે અને તે તદ્રૂપ છે આત્માનો કદીય નાશ નથી. જે પદાર્થો ઉત્પન્ન થયા હોય તેજ વિનાશી છે. આત્માને કોઈએ ગઢ્યો નથી તે છે, છે ને છે ત્રણેય કાળમા આત્મદ્રવ્યનો નાશ નથી જેમ સુવર્ણની કંઠીનો નાશ થવાથી સુવર્ણ નાશ થતું નથી, તેમ દેહથી નીકળેલો આત્મા અન્ય દેહને ધારણ કરે છે તો પણ તે અવિનાશી છે. દેહ પર્યાય છે, આત્મા દ્રવ્ય છે અને ચેતનત્વ ગુણ છે. ગુણી અને ગુણ કદીય નાશ ન જ થાય જો કે તેના પર્યાયો પલટાય છે. જેવા કર્મના બંધ હોય, તેવા પદાર્થોની સાથે આત્માનું અનુસંધાન થાય છે. વ્યવહારનયથી કર્મનો કર્તા, ભોક્તા, સંગર્તા અને પરિનિર્વાતા આત્મા જ છે, એ અનુભવસિદ્ધ જ છે

સંગદોષ

એક શ્વેતવર્ણની સ્વચ્છ શીશી છે. તેમાં જેવા રંગની દવા ભરવામાં આવે તેવો રંગ તે કાચમાં દેખાય છે, પણ શીશીનો રંગ શ્વેત જ હોય છે. રંગ દેખાય એ જેમ ઉપાધિજન્ય છે, તેમ આત્મા સ્ફટિક રત્ન જેવો નિર્મલ, ચમકીલા અને તેજસ્વી છે તે કર્મના સંયોગોથી દુઃખી, સુખી, જ્ઞાની, અજ્ઞાની, માનવ, દેવ, નારકી, તિર્યંચ આદિ પર્યાયોમાં જુદો જુદો દેખાય છે જો આત્માની અવસ્થામા આત્મા રમે તો આત્મારામ કહેવાય, પણ એ સ્વરૂપ મુક્તાવસ્થામા જ છે, અને તે ક્રમિક વિકાસ થતા. કર્મરજ મૂળથી ઉડી જતાં સ્વભાવથી પેદા થાય જ છે.

આજ સુધીમાં અનંતકાળથી મોક્ષમાર્ગ પ્રયાત છે, અને જે જે નિર્મળસ્વરૂપી આત્માઓ બન્યા, તે તે સઘળાય મોક્ષાનંદમા ગરકાવ થયેલા છે અનંતકાળ સુધી તે મોક્ષમાર્ગ વહેતો રહેશે. અનંતા આત્માઓ ત્યા છે અને જશે.

અસ્તિત્વ :

આત્મા છે–એમ સઘળાય દર્શનવાળાઓ સ્વીકારે છે માત્ર એકલા ચાર્વાકદર્શની–નાસ્તિકો આત્મા જેવી વસ્તુને માનતા નથી જરૂર તે દલીલોથી નિરસ્ત બને છે–હારે છે, કારણ કે–આસ્તિક દર્શનકારોએ એના ખંડનાર્થે ક્રમસર દલીલોનો દરિયો જ વહેતો મૂક્યો છે. એ તદન સાચી વાત છે, કારણ કે–આત્મા નથી–એમ કહેનારને પૂછવામા આવે છે કે–'નથી'–એ પ્રયોગ કોઈ પદાર્થ અસ્તિત્વમાં હોય એના માટે થાય છે જે 'घटो नास्ति =ઘડો નથી', કાપડ નથી. ઘોડો નથી કે ગૃહ નથી.—આ પ્રયોગથી નક્કી થાય છે કે–કોઈ સ્થળે એ પદાર્થો વિદ્યમાન હોય' આત્મા નથી–એમ કહેનારાને

ઠંડો આહાર, ચીભડાં, તરબુચ, વાસી ખોરાક આદિ ખાવાથી મતિ મંદ પડે છે અને બ્રાહ્મી આદિના ભક્ષણથી મતિ વિકાસ પામે છે-તીવ્ર બને છે. આથી સિદ્ધ થાય છે કે-અરૂપી મતિને જડ પદાર્થો આઘાત-પ્રત્યાઘાત પહોચાડી શકે છે. આત્મા અરૂપી છે, પણ અનાદિના કર્મસંયોગથી તે દુઃખ-સુખ-અજ્ઞાન આદિ દશાઓને ભોગવે છે, એમા શંકાને સ્થાન નથી જ રહેતું

કર્તૃત્વવાદ :

આત્મા કર્મનો સ્વતંત્ર કર્તા છે, કર્મનો ભોક્તા છે અને કર્મનો પુરૂષાર્થથી ધ્વંસક છે. અન્ય કોઈ વ્યક્તિની એમાં અપેક્ષા કે કારવાઈ રહેતી નથી આત્માની વિલક્ષણ દશાઓનો કર્તા કોઈ સમર્થ અન્ય પુરૂષ માનવાથી અનેક અવ્યવસ્થાઓ ઉભી થશે.

દુનિયાનો-સંસારનો કર્તા ઈશ્વર છે-એમ માનવાથી, પહેલી એ કલ્પના જન્મે કે-પહેલાં આત્માઓ મલિન હતા કે નિર્મળ ? જો તે નિર્મળ હતા, તો ઈશ્વરને પવિત્રને અપવિત્ર બનાવી સંસાર રચવાની કુબુદ્ધિ કેમ ઉપજી ? અપવિત્રને પવિત્ર બનાવવાનું કામ ઈશ્વરનું હોય કે પવિત્રને અપવિત્ર બનાવવાનુ કામ ઈશ્વરનું હોય ? અને આવો ઘેલછાભરેલો, દુખજનક અને માયા પ્રસારવાવાળો જો ઈશ્વર હોય, તો આપણામા અને ઈશ્વરમા ફરક શું ? વળી ઈશ્વર જગતકર્તા છે, તો ઈશ્વરનો કર્તા કોણ ? પછી એનો કર્તા કોણ ? આવી અનંત વિકલ્પ જાળ પેદા થતા કોઈ સ્થળમા જ્ઞાનતર્કની સીમા જ નહિ રહે ! જો પહેલા આત્માઓ મલિન હતા અને તેઓને ઈશ્વરે પ્રેર્યા-એમ કહેવાથી સ્વપ્ન-જલ્પન જેવું અસંભવિત કથન ગણાય ! કારણ કે-મલિન આત્માઓ તો

પોતાના કર્મના ફળોને ભોગવે જ છે તેમાં ઈશ્વર જેવા નિર્વિકલ્પ-નિરીહ મહાપુરૂષને જ જાળી બનાવવામા હે વાદી! તને શુ ફાયદો છે ?

આથી આત્મા છે અને એને સત્યસ્વરૂપી જ્ઞાનથી જાણીને એના સ્વાભાવિક ગુણોને ખીલવવા એ જ સત્ય માર્ગ છે વિભાવ દશામા આત્મામા કર્મજનિત થતા વિકારોને દબાવીને અને પૂર્ણતામય સ્વરૂપ ચિંતવીને, સ્વભાવની પ્રાપ્તિ કરવી એ જ શ્રેયોમાર્ગ છે

વેદાન્તિકો, વૈશેષિકો, બૌદ્ધો, સાખ્યો અને જૈમિનીઓ આત્માને માને છે અને તેઓ આત્મતત્ત્વને ખીલવવા માટે ત્યાગ-વૈરાગ્ય, નિર્વેદભાવ, વિભાવ દશાનો પરિહાર, ઈશ્વરભક્તિ, નિયમિતાનુષ્ઠાનો આદિ દર્શાવે છે, છતા પણ તેઓ આત્માના સ્વરૂપની માન્યતા, મુક્તિ-સિદ્ધાન્તની કલ્પના અને સિદ્ધસ્વરૂપની વિચારણામા જુદા પડે છે

જૈનોના સિદ્ધાન્તો સનાતન સત્યતાથી ભરેલા છે અને ત્રિકાલાબાધિત સિદ્ધાન્તોથી ઝગહળતી જ્યોતિ જેવા છે, કારણ કે—સર્વજ્ઞોએ નિષ્પક્ષપાતભર્યું યથાર્થ કહ્યુ છે જૈનોના સિદ્ધાન્તોમા પ્રત્યેક વચનો અપેક્ષાના અલકારથી ભૂષિત હોય છે સ્યાદ્વાદની સુંદર સુધાથી જૈનીઓ વિકલ્પ દર્પોના શિકાર નથી બનતા પણ અમરતા અનુભવે છે

અનેકાન્ત

નય અપેક્ષાથી આત્મા નિત્ય છે, અનિત્ય છે અર્થાત્ નિત્યાનિત્ય છે સમસ્તના પ્રત્યેક પદાર્થમા આ સિદ્ધાન્ત અબાધિતપણે વ્યાપીને રહેલો છે એકાન્તથી કોઈ પણ પદાર્થ નિત્ય કે અનિત્ય નથી. એટલે સર્વજ્ઞનો સ્પષ્ટ અને અબાધિત સિદ્ધાન્ત છે અને તે સત્ય જ છે. કારણ કે—એકાન્તથી

નિત્યાનિત્ય માનતા મતભેદોનો સમન્વય કદીય થાય નહિ. ભિન્ન ભિન્ન મતોનો સમન્વય કરી આપનાર ફક્ત અનેકાન્ત જ અમોઘ શસ્ત્ર છે 'દ્રવ્યગુણ અને પર્યાય' રૂપ વસ્તુ હોય છે. વળી દ્રવ્ય રૂપે વસ્તુ ધ્રુવ છે, જ્યારે પર્યાય રૂપે વસ્તુ ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે, પરન્તુ એકાન્તથી કદીય કોઈ દ્રવ્ય એકસ્વરૂપ રહેતું જ નથી; કારણ કે-દરેક દ્રવ્યના પર્યાયોમાં પરિવર્તન સમયે સમયે સાપેક્ષરીત્યા થયા જ કરે છે નિત્યાનિત્ય ·

આત્મદ્રવ્ય સ્વપ્રદેશની અપેક્ષાએ અને જ્ઞાનની અનંત સત્તાની અપેક્ષાએ સદૈવ છે-નિત્ય છે કર્મના આવરણોની બાધાને લઈને અનંત જ્ઞાન-દર્શનાદિમા સત્તાની ખામી નથી જ પણ ઉદયભાવમા તે આવરાય છે જેમ કોઈ શેઠે ક્રોડો સોનામહોરો ઘરના કોઈ સ્થળમા અપાયરક્ષણાર્થે દાટી દીધી. પછી તેની મગજશક્તિ ક્ષીણ થવાથી તે સ્થળને તે ભૂલી ગયો. કર્મના અશુભોદયથી બહારની લક્ષ્મી સમસ્ત પૂર્ણ થઈ-ખલાસ થઈ ગઈ. પછી તે વિચારે છે કે-દાટેલી લક્ષ્મી ઘણી છે, પણ તે સ્થળ યાદ ન હોવાથી કંગાલિયત ભોગવવી પડે છે તેમ આત્માની સત્તામા જ્ઞાન-દર્શનાદિ મહા ઋદ્ધિ છે, અખૂટ ખજાનો છે, પણ કર્મના ઢાંકણથી તે ઉદયમા આવતો નથી. હવે કર્મો જેમ જેમ નિર્જરતા જાય છે, તેમ તેમ તે સત્તાની ઋદ્ધિ સ્મરણમા આવે છે અને પ્રગટ થતી જાય છે. આત્મદ્રવ્ય કદીય નાશ થતું નથી તે અગ્નિથી બળે નહિ, જળથી ભીંજાય નહિ, શસ્ત્રથી કપાય નહિ, અનંતકાળથી છે અને અનંતકાળ રહેશે તે નિત્ય છે, ઉત્પત્તિમત નથી. એટલે તે દ્રવ્યનો વિનાશ કદીય થાય જ કેમ ? પર્યાયોની અપેક્ષાએ તે અનિત્ય છે જેમ સુવર્ણના અનેક તરેહના ઘરેણા બનાવ્યા, તે તૂટી જતા સોનું તો કાયમ રહે છે,

તેમ વિવિધ ગતિઓના ગમનાગમનથી આત્મા અનિત્ય રહે છે, કારણ કે-ગતિ નિમિત્તે ધારણ કરેલ દેહ વિનાશ પામે છે અને આત્મા અન્ય સ્થળે ચાલ્યો જાય છે. દેહાપેક્ષયા આત્મા અનિત્ય છે અને પર્યાયોની ફેરફારીમા, દેખાવમા અને ગુણોમા પણ વિકાર આવતા વિભાવ દશા એટલે ગુણો જુદા જુદા દેખાય છે, બાકી સત્તામાં ફેરફાર થતો નથી. જેમ એક દીપક સળગે છે અને તેની જ્યોતનો પ્રકાશ ઉજ્જવલ કિરણો પ્રસારે છે, પણ દીપક ઉપર જેવા રંગનો કાચ ઢંકાય તેવો રંગ દીપકમા કિરણો પડે છે, પણ સત્તામા તો મૂલસ્વરૂપ જ હોય છે, તેમા કાઈ ફેરફાર થતો નથી તેમ આત્મા, મૂલગુણ-સ્વરૂપને છોડે નહિ. પણ ઉપાધિથી તેની વિચિત્રતાઓ અનુભવાય છે તે દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયોથી અનિત્ય છે. દ્રવ્ય અને પર્યાય ઉભય રૂપે વસ્તુની નિત્યાનિત્યતાની સિદ્ધિ થઈ જાય છે

આત્માની સિદ્ધિ તો આજ્ઞાસિદ્ધ જેવી જ છે, પરન્તુ કેટલાક કુતર્કવાદીઓના કુતર્કોનુ નિકંદન કરવા માટે શાસ્ત્રોમા અનેક સયુક્તિઓ મહાપુરુષોએ કરુણાભાવથી લખેલી છે. જે વાચક મહાશયોને ઉંડી અસર કરવા સાથે તત્ત્વાર્થશ્રદ્ધાન પેદા કરે છે

સંસાર-મૂલ

કોઈ પણ ભૂમિ ઉપર બીજારોપણ સિવાય અંકુરાઓના પ્રાદુર્ભાવ થતા નથી બીજારોપણ સમયે બીજ નાખું હોય છે [illegible] ફેરફાર [illegible] છે. અને તે ઉપર [illegible] કે-દુનિયામા [illegible] [illegible] હોય છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સિવાય બીજ ન હોય! [illegible] સિવાય [illegible] ન હોય અને [illegible] સિવાય [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

પહેલો આત્મા કે કર્મ ?–આ પ્રશ્નનો જવાબ એટલો જ છે કે–કર્મ અને આત્માની સંયોગિતા ક્યારની છે ? એ તો બીજ અને વૃક્ષ જેવી વાત છે. હા, બીજ દગ્ધ થઈ જાય–ભસ્મ થઈ જાય, પછી અંકુરનો અભાવ જેમ સ્વતઃ થઈ જાય છે, તેમ કર્મ સંસારનું બીજ છે અને ગતિઓનું ભ્રમણ તેનું ફળ છે. એક ફળ લાખ્ખો બીજ ઉભાં કરી નાંખે છે. તો મૂલ બીજકર્મ નાશ થયું, તેથી સંસારનો અભાવ થતાં આત્મા મુક્તિધામાધિવાસી બની જાય છે પછી ભ્રમણ ટકી શકતું નથી અને સ્વ-સ્વભાવમા આત્મા અવ્યાબાધ–અનંત સુખનો ભોક્તા બની જાય છે.

અધ્યાત્મ ·

કોઈ વ્યક્તિને ત્યાં જ્યારે બાળક જન્મે છે, ત્યારે સૌ ભેગા મળીને મહોત્સવ કરે છે, હર્ષ–વધાઈ મનાવે છે. જેમ જેમ એ મોટો થાય છે, તેમ તેમ મા–બાપ હર્ષાન્વિત બને છે અને જ્યારે પુત્ર-જન્મદિવસ આવે ત્યારે મિષ્ટ ભોજનો જમે છે. ભલા, વિચારો કે–નાનો કોણ હતો અને મોટો કોણ થયો ? આત્મા તો યથાવસ્થિતજ છે, પણ માનવનો મળેલો દેહ સ્થૂલ બન્યો અને ધીમે ધીમે વૃદ્ધ થાય છે. બાલ, યુવાન અને વૃદ્ધ–એ દેહ બને છે આત્માને તો નથી બચપણ નથી તરૂણતા કે નથી જીર્ણતા. આ ઉપાધિના પર્યાયો છે અને પર્યાયાપેક્ષાથી સત્ય છે

માનવો અધ્યાત્મવિદ્યાથી વિહીન હોવાથી, નાનો બાળક મોટો થાય ત્યારે મોટો થયો–એમ કલ્પના કરે છે, પણ માનવ-જીવનની અમૂલ્ય તકમાંથી સમયો ઓછા થયા એટલે આયુષ્ય-માંથી ઓછા થાય છે. વાસ્તવિક સત્યતાને પીછાનનારાઓની સંખ્યા વિરલ હોય છે જો અધ્યાત્મ-વિદ્યાવિશારદો વધે, તો આજના સંસારમાં આત્માની જે બાહ્ય કલ્પનાઓ છે તે સમૂલ

વિનાશ પામે !

શરીરો એ અનાજથી ભરેલા કોથળા જેવાં છે. જેમ અનાજ નીકળતાં કોથળા ખાલી પડે છે, તેમ શરીરમા વ્યાપીને રહેલો આત્મા નીકળતા શરીરથેલો પડયો રહે છે, જેની કોઈ જ કિંમત નથી

'આત્મા'નો પ્રત્યક્ષ પ્રમાણથી જો અનુભવ કરવો હોય, તો એક દલીલ છે કે-એક માનવીને દુ.ખ આવતાં તે ગભરાઈ જાય છે અને મરણનુ નામ સાભળતા ગાભરો બની જાય છે કોઈ ભવિષ્યવેત્તા થોડા દિવસ પછી આવવાની આપત્તિ જણાવે, ત્યા તો તે આપત્તિના સ્પર્શ વિના જ બાવરો બની જાય છે અને સમીપમા રહેલા-માનેલા વિપુલ વિલાસના સાધનો પ્રત્યે ધીટકાર-તિરસ્કાર છૂટે છે 'દુ ખ નથી રૂચતુ' અને સુખ મેળવવાની તીવ્રતમ કામના' એ કાઈ જડના ગુણો નથી ' એક વ્યક્તિ ઉપર તાર આવે કે-તમોને લૉટરીમા એક લાખ રૂપિયા મળશે ' તમારો નંબર પહેલો આવ્યો છે ' બસ, હજુ રૂપિયા હાથમા નથી આવ્યા પણ સુખના સાધનની કલ્પના છે રૂપિયા હજુ તો મળ્યા નથી પણ મળશે. એ શબ્દથી એના આત્મામા ન કલ્પેલો આનંદ અનુભવાય છે અને ઘેલછા જેવું હૃદય બની જાય છે એ સુખ અને દુ ખની કલ્પના માત્રથી વિહ્વલ દશા અને પ્રમુદિત દશા સાચી રીતિએ આત્મામા જ છે જડ લાકડાને કાપો તો તેને કાઈ વેદના થતી નથી. કોઈ પત્થરને કંકુથી પૂજો તો એ પ્રમોદિત થતો નથી આથી સૂક્ષ્મ પ્રત્યક્ષ પ્રમાણ જેવું જ અનુભવાય છે કે-આત્માને જ હિતાહિત ચિંતનની સંજ્ઞા-સંકેત-પ્રતિભા છે

વિવિત્ર મતો :

બૌદ્ધ મતની માન્યતા પ્રમાણે આત્મા ક્ષણિક છે. તો પછી કોઈ જાતની વ્યવસ્થા સચવાય કેવી રીતિએ ? જન્મ્યો બીજો આત્મા, શરીરના ભોગો ભોગવે બીજો આત્મા અને મૃત્યુ પણ ત્રીજો જ આત્મા પામે છે, એટલે ક્ષણિક વાદથી મોક્ષ કયો આત્મા પામે એનો નિર્ણય ન થઈ શકે !

સાંખ્ય મતની અપેક્ષાએ આત્મા કાંઈ જ કરતો નથી ! તે પ્રકૃતિને જ કર્ત્રી માને છે. એ મત પણ અવાસ્તવિક લાગે છે. કારણ કે-પ્રકૃતિ પણ જડ-નિષ્ક્રિય હોય છે. તો પછી આત્માને લાગે-વળગે શું ? આકાશમા ગમે તેટલો કચરો ઉડે પણ આકાશને શું લાગે-વળગે ? આત્મા કર્તા હોય તો જ પ્રકૃતિ કર્ત્રી બની શકે છે, એટલે એ મત પણ માન્ય થાય તેવો નથી.

વેદાન્તીઓ આત્માને ઈશ્વરના અંશ રૂપ માને છે ઈશ્વરે સંસાર સર્જ્યો છે અને આ આત્માના અંશોને માયાથી લિપ્ત બનાવ્યા છે, તેમજ માયા ધ્વંસ થતાં એ અંશો ઈશ્વરાત્મામાં તન્મય બને છે-એવી કલ્પના છે. વળી એક મત એમ કહે છે કે-ગુણનો નાશ થતાં મુક્તિ મળે છે. એટલે કે-આત્મા શૂન્ય જેવો બને એ જ મુક્તિ, તેમજ જ્ઞાનાદિનો નાશ એ પણ મોક્ષ. આ વાતો કોઈ પણ મતિમંતને માનવામાં ન આવે ! કેમ કે-ઈશ્વર જગતને રચે શા માટે ? જો ઈશ્વરના અંશો નિર્મળ છે, તો તે માયામાં લિપ્ત શા માટે કર્યા ? ઈશ્વર શું બાલ છે ?, લીલાગ્રસ્ત છે ?, કે જેથી આવી અનિષ્ટ લીલાઓ કરે છે ? અથવા તે રાગ-દ્વેષથી ભરેલો છે ? આ મતની માન્યતા પણ માત્ર ભ્રાન્તિજનક છે શૂન્ય જ્ઞાન-સુખ આદિથી રહિત આત્માને મુક્તિગત માનવાથી પણ જડત્વ જ સિદ્ધ થાય છે. એટલે આત્મા

ભિન્ન છે, સ્વતંત્ર છે અને અકર્મા બનતાં મોક્ષ મેળવે છે.

કોઈ નાસ્તિક મત એમ જણાવે છે કે-પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ-એમ પાચ ભૂતોનો સમૂહ ભેગો થતા ચેતના રૂપ એક શક્તિ જન્મે છે અને એ પાચેયના અભાવથી તે નાશ થાય છે હે ચાર્વાક ! એ વાત તારી અક્કલ વગરની છે, કારણ કે-કોઈ પણ ભૂતમાં ચેતનાશક્તિ જણાતી જ નથી, તો પછી તે સમુદાયમા આવે ક્યાથી ? વળી જેમ વૃક્ષનુ જેવું બીજ હોય તેવું વૃક્ષ થાય છે લીંબોળીના બીજથી લીબડો જ પેદા થાય છે પણ પીંપળો થતો નથી અને એના ફળોના સ્વાદમાય પણ અસમાનતા હોય છે, તેમ ભૂતથી માનવને ચેતના જન્મી-એમ માનવામા આવે, તો પછી સૌમા તારતમ્યતા શાથી દેખાય છે ? કોઈને રહેવાનું મકાન નથી, કોઈને પહેરવાના કપડા નથી અને કોઈને ખાવા માટે અનાજ નથી. ત્યારે કોઈને જરૂરથી વધારે મકાનો છે. ત્યારે કોઈને જરૂરથી વધારે કપડા અને અનાજ છે વળી કોઈ બુદ્ધિશાળી છે અને કોઈ રોક છે આ સઘળુય કોઈ ચેતનપ્રેરણાના પ્રતાપે થાય છે-એમ ચોક્કસ બુદ્ધિશાળીઓ સમજે છે અને તે જ આત્મા છે.

જો આત્માને પવન માનો તો ઘણી જ બાધા થાય છે, કારણ કે-પવન દીવાલ વગેરેથી રોકાય છે. જ્યારે આત્મા ગમે ત્યાં બાધારહિત આરપાર જાય છે. પવનપીંડ [illegible] છે અને તે અમૂર્ત છે. તેમજ તે ઇન્દ્રિયગમ્ય નથી પણ અનીન્દ્રિયગમ્ય છે [illegible] જ [illegible] માને જો કે જૈન પરમાણુને [illegible] કોઈ [illegible] નથી. પણ તેનું કાર્ય અને તેનો [illegible] [illegible] તે દેખાય [illegible] કે જેને તે ન દેખાય તે ન માને. તો પછી પરમાણુને માનવાનું કારણ શું ? એ ઇન્દ્રિયગમ્ય નથી જ.

તેવી રીતે આત્મા દેખાય નહિ પણ તેનું કાર્ય દેહો દ્વારા જણાઈ આવે છે એ પ્રત્યક્ષ જ છે.

કોઈ મરેલ પ્રેતાત્માઓ ભૂત થયેલા જણાઈ આવે છે અને ઘણા સ્થળોમા એના પ્રત્યક્ષ પ્રમાણો જોવા-જાણવા મળે છે વળી પૂર્વભવોના જ્ઞાનવાળાઓ પણ આ સમયમાં સંભળાય છે અને ઘણા સુધારકોએ તેનો નિર્ણય પણ કર્યો છે આ જગ જાહેર વાતો છે.

જ્ઞાનદર્પણ :

આત્મા છે-એમ અનેક દૃષ્ટાન્તોથી અને તર્કોથી, તેમજ અનેક મતોથી અને અનેક પ્રમાણોથી સાબીત થયું. હવે આત્મા વિષયમાં કાંઈ શકા રહે એવું નથી આમ છતા જૈન સિદ્ધાન્તો પ્રમાણે આત્મમાન્યતા સમ્યગ્ છે કોઈ કુતર્કથી તેમાં જરાય બાધા પહોચે તેમ નથી સર્વજ્ઞોનું જ્ઞાન દર્પણ જેવું છે તેઓના જ્ઞાનમા અખિલ વિશ્વ પ્રતિબિંબિત થઈ જાય છે અને પોતે જનકલ્યાણાર્થે અસંખ્ય પ્રાણીઓને કથે છે કે-આત્મા છે. આત્મા જેવા બીજાં પાંચ દ્રવ્યો પણ છે. આત્મા ચેતનાવાળો છે અન્ય દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ છે. તે જડ છે-ચેતનાશૂન્ય છે. ચેતન અને જડની પ્રરૂપણામા અખિલ જગત આવી જાય છે.

જૈન સિદ્ધાન્તોમા આત્માને સ્વતંત્ર માન્યો છે. એક શરીરમા એક જીવ હોય છે અને અનંતકાયમાં એક શરીરમા અનંત જીવ હોય છે, પરન્તુ દરેકના આત્મપ્રદેશો જુદા જુદા હોય છે દરેકનાં કર્મો જુદા જુદા હોવાથી તેના ફળો પણ જુદા જુદા ભોગવવા પડે છે. કદીય એક આત્મા બીજા આત્માના પ્રદેશમાં એકમેક થઈ જતો નથી. કોઈની વેદનાનો બીજા કોઈ આત્માને અનુભવ થતો નથી. જડ અને ચેતનાત્મા અનંતકાળથી ભેગા રહે

છે. એક પણ આત્મપ્રદેશ જડ બનતો નથી અને જડ કર્મો ચેતન રૂપ બનતાં નથી. જેમ માટી અને સોનું અનાદિથી ભેગાં રહે છે. પણ સોનું માટી રૂપ થતું નથી અને માટી સોના રૂપ બનતી નથી; તેમ આત્મા અનંતકાળથી જડના સંગમાં છે, પણ એના એક પણ પ્રદેશમા જડતા પ્રવેશતી જ નથી. આત્માનો અને જડનો એવો સ્વભાવ છે.

કાર્યકારણ ભાવના યોગે જડ ચેતનને વિકારી બનાવે, વિભાવ ભાવમા યોજે અને તેના સ્વરૂપનું વિસ્મરણ કરાવે ! પરન્તુ મૂલ સત્તાના પ્રદેશોને પરિવર્તન ન જ કરી શકે ! જો આત્મપ્રદેશો જડના સંગથી જડ બનતા જાય અને જડના પરમાણુઓ ચેતન બનતા જાય, તો પછી દુનિયામાં સઘળાય જડો આત્માઓ બની જાય અને સઘળાય આત્મા જડત્વને પામે ! પછી કોઈ પણ દેવ કે શાસ્ત્રની આવશ્યકતા રહેતી જ નથી ને ?

આત્મપરિણામ :

ઓછામાં ઓછો જે તે ગતિમા આત્મા હોય અને તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંગુલના અસંખ્યાતમા ભાગ જેવડા શરીરનો ધારી બને. તો પણ એના જ્ઞાનનો અનંતમો ભાગ ત્યાં ખુલ્લો જ રહે છે અને એ આત્મા જ્યારે અનેક દેહો ધરતો માનવ થાય, ત્યારે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ પ્રમાણે માનવ ઈ. હિતાહિત પ્રવૃત્તિ-નિવૃત્તિ કરતો થઈ જાય છે. આત્માને તો દેહ [illegible] [illegible]

ક્રૂરતા, કટુતા અને હિંસક વૃત્તિ ધારણ કરે છે. એ જ આત્મા પારેવામાં જાય તો ત્યાં કોમળતા, ભોળપણ આદિ ધારણ કરે છે અને એ જ આત્મા દેવ થાય તો ત્યાં દેવત્વ-યોગ્ય સ્વભાવને ધારી લે છે. વળી એ આત્મા નારક ગતિમાં જતા નારકીના જીવોનો સ્વભાવ ધારી લે છે અને તે આત્મા માનવ થાય તો માનવીય સ્વભાવ ધારે છે વળી એ જ આત્મા એકેન્દ્રિયાદિ ગતિઓમા જતાં તદ્રૂપ સ્વભાવ ધારી લે છે. આથી સાબીત થાય છે કે–આત્મા શુદ્ધ સ્વરૂપી હોવા છતાંય સંયોગવિવશ સ્વ સ્વરૂપને ભૂલે છે, પર સ્વરૂપને સ્વ સ્વરૂપ માનવા પ્રેરાય છે અને પરત્વમા એવો તન્મય બને છે કે–પર ઉપાધિજન્ય જડોને સ્વ સમજે છે. આથી તે અપકૃત્યો કરતા ચૂકતો નથી અને કૃત્યાકૃત્યો કરવાથી શુભાશુભ કર્મ બંધનોદય કાળમા ઈષ્ટાનિષ્ટ સંયોગોને મેળવતો જાય છે. આમ તે સુખ અને દુખની એક જ માન્યતા અનુભવે છે. તે સુખમા આનદ માને છે અને દુઃખમા આકુળતા અનુભવે છે. આનંદાનુભવ અને દુઃખાકુળતા એ કોઈ સત્ય નથી, પણ જીવની એક કલ્પના છે.

અતૃપ્તિ :

આ કલ્પનાથી જીવને વિપુલ સુખનાં સાધનો મળે તો પણ એ અતૃપ્ત જ રહે છે અને અસંતોષી અને અવિશ્વાસુ જ રહે છે, કારણ કે–જડશક્તિથી મેળવેલું સુખ ક્ષણિક અને દુંખમૂલક છે ઈષ્ટના વિયોગનું દુખ એ પણ કાલ્પનિક છે, કારણ કે–જેને આજે ઈષ્ટ માને છે તે કાલે અનિષ્ટ બની જાય છે અને આજે અનિષ્ટ માનેલો પદાર્થ આવતી કાલે ઈષ્ટ બની જાય છે ઈષ્ટાનિષ્ટની કલ્પના સ્વાર્થવ્યાપી હોવાથી, દુખાકુળતા પણ પોતે જ પેદા કરીને મૂઢ જીવ મુંઝવણમાં

પછી જાય છે. આ આત્મા સત્યતાનો ગ્રાહક બને, સત્યતાનો જ્ઞાતા બને અને પ્રત્યેક પદાર્થને યથાર્થતાથી ઓળખતો થાય, તો તે ધીમે ધીમે ક્રમિક-વિકાસ પ્રાપ્ત કરતો જાય છે પછી તેના જે કર્મજનિત ભ્રમણો છે તે દૂર થતાં જાય છે, તે શ્રેયો-માર્ગાનુગામી બની જાય છે, શ્રેય-પ્રેયને જ આદરે છે અને અનિષ્ટ અને કુમતિદ કાર્યો પ્રતિ નફરત કરે છે.

અનંત વર્ગણાઓ

કર્મવર્ગણાઓ સંસારના તમામ ભાગોમા અનંતી અનંતી ખચિત ઠાંસી ઠાંસીને ભરેલી છે. આત્માઓ પણ ચૌદ રાજ લોકના પ્રત્યેક આકાશપ્રદેશમા અનંતાનંત રહેલા છે. જ્યાં આત્માઓ છે ત્યા કર્મવર્ગણાઓ છે આત્માને જુના કર્મો ભોગવાય છે અને મૂઢપણાથી નવાં કર્મોનું બંધન થતુ જાય છે નવા કર્મોની બંધનયોગ્ય વર્ગણા પ્રત્યેક સ્થળે સ્વભાવથી જ મળી રહે છે. આ કર્મવર્ગણાઓ રૂપી હોવા છતા અમૂર્ત આત્માની સાથે સંબંધ કરે છે. મૂર્ત વર્ગણાઓ દરી દેખવામા આવતી નથી, કારણ કે એ વર્ગણાઓ સૂક્ષ્મ છે કર્મવર્ગણાઓ આત્મા સાથે સંબદ્ધ થયા પછી પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એના હોય છે અને તેની પ્રક્રિયા અવિરત ચાલુ રહે છે કેટલાક કર્મો બંધાયા પછી આત્મામા રહે છે. એ ગાઢ હોય છે. સ્નિગ્ધ હોય છે. લાંબી સ્થિતિવાળા હોય છે અને કટુ પરિણામોના જનક હોય છે. એ સ્થિતિ પાકી થતા વિપાકોદય રૂપ બની જાય છે [illegible] કર્મો ઉદયમા આવતા તેના [illegible]
[illegible]
[illegible]
[illegible]

રાયકર્મોનો ઉદય આવે છે, ત્યારે પહેલા મહા સુખી-સમૃદ્ધ ગણાતો પણ કંગાલ થઈને ટૂકડા માટે ભીખ માગતો પ્રત્યક્ષ દેખાય છે. એ દયનીય દશા જોતાં પ્રત્યક્ષ ફળ દેખાય છે કે- 'આ વ્યક્તિએ પૂર્વે અંતરાયકર્મોનો ગાઢ બંધ કર્યો હશે, કે જે કર્મો આજે તેને ઉદયમાં આવ્યા છે. જેમ એક રોગીને કોઈ વૈદ્યે જુલાબની ગોળી ખવરાવી. એ ગોળી ખાધા પછી પેટમા સત્તામા રહ્યા પછી ધીમે ધીમે ગડગડાટ શરૂ થાય. પછી એનો વિપાક થતા જુલાબ ચાલુ થતા અનુમાન થાય છે કે-આ માનવે જુલાબ લીધો હોવો જોઈએ. ગોળી લીધી એ તો પોતે જાણતો હતો, પણ તે ઉદયમા આવતા પ્રત્યક્ષ જુલાબ રૂપી ફળ દેખાઈ આવે છે.

તે રીતિએ કર્મો સ્પષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત-એમ ચાર પ્રાકરનાં હોય છે. કેટલાક કર્મો સ્પર્શ કરીને છૂટા પડે છે અને એ સુકી ભીંત ઉપર ધૂળ લાગ્યાની જેમ ખરી પડે છે કેટલાંક કર્મો કાઈક ચીકાશવાળા હોય છે, કે જે વધારે જોરદાર ઉપાયથી છૂટા પડે છે. વળી કેટલાંક એવાં કર્મો છે, કે જે ગુંદરની જેમ મજબૂત આત્મપ્રદેશો સાથે ચોટે છે અને તે છૂટવામાં પ્રબળ સાધન હોય તો છૂટે છે. કેટલાક કર્મો તીવ્રતમ રસવાળા છે, કે જે અવશ્યમેવ ઉદયથી ભોગવવા જ પડે છે. કર્મવર્ગણાઓ આત્માની સાથે ચાર પ્રકારે વળગી છે. સૂર્ય વાદળમાં ઢંકાતા જેમ દેખાતો નથી, પણ દિવસ છે-એમ તો ગમે તેવા શ્યામ વાદળો છાયાં હોય છતાંય એ ભાસ ટળતો નથી જ; તેમ આત્મા ગમે તેવા ક્લિષ્ટ કર્મો સાથે સબંધ કરે પણ ચેતનાનો અમુક અંશ તો ખૂલ્લો રહે જ છે. જેમ વાદળો દૂર થાય તેમ પ્રકાશ વધે છે-સૂર્યનો પ્રકાશ વધારે પથરાય છે, તેમ આત્માની સાથેનાં કર્મો જેમ જેમ નિર્જરાય, તેમ તેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યની વૃદ્ધિ થતી દેખાતી જ જાય

છે જેમ વાદળો તદ્દન નાબુદ થતા સૂર્ય પૂર્ણ દેખાય છે, તેમ કર્મ જડથી નાશ થતાં આત્મા સંપૂર્ણ જ્ઞાનમય, દર્શનમય, ચારિત્રમય અને વીર્યમય પ્રગટ થાય છે આત્મામા નવું કાંઈ પણ આવતું નથી જે સત્તામા હતુ તે નિશ્ચયથી પૂર્ણ સ્વરૂપનો આવિર્ભાવ થયો એ જ પરમાત્મા છે નિગોદના આત્મામા પણ દ્રવ્યાપેક્ષાથી પરમાત્મસ્વરૂપ ધ્રુવ છે તે સૂર્યની જેમ કર્મમલ નાશ થતા અને માનવભવમા સર્વ સાધનો મળતા પ્રગટ ભાવે, ક્ષાયિક ભાવે કેવલજ્ઞાનાદિ વિભૂતિ સંલગ્ન થઈ જાય છે

જૈન સિદ્ધાન્તમા આત્મસ્વરૂપ ઘણું જ વિસ્તૃત બતાવ્યું છે પણ અહીં ટૂંકમા આલેખ્યુ છે વિશેષ [illegible] આગમ-શાસ્ત્રો દ્વારા જાણવું.

ઘાતીકર્મોથી નિષ્કર્મા બનેલો આત્મા, જ્યાં સુધી આયુષ્ય બાકી હોય ત્યાં સુધી આ ઔદારિક દેહમા રહે છે અને અનંતજ્ઞાન દ્વારા વિશ્વના પદાર્થોને જાણે-જુએ છે. તેમજ ભવ્ય પ્રાણીઓની સભામા સત્ય તત્ત્વોને પ્રકાશે છે-કહે છે કે આવી રીતિએ જાણતા અન્ય અનેક આત્માઓ શ્રદ્ધા પેદા કરે છે. યથાર્થ જ્ઞાનને મેળવી [illegible] કર્મના બંધનો શિથિલ કરે છે, કેટલાક તપથી નિર્જરે છે અને અનંતજ્ઞાની બને છે બહુજન સમુદાયોને સત્ય દર્શન કરાવવા ઉપરાંત તેઓના કહેલા સત્ય તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા-પ્રતીતિ જામતી નથી [illegible] અનંતજ્ઞાનીને [illegible] અને સંપૂર્ણ શ્રદ્ધા જાગે છે અને [illegible] કરે છે, [illegible] છે [illegible] છે અને [illegible] છે, [illegible] છે

સુખની કલ્પના

[illegible]

જુઓ, ભાન ગુમાવીને મુડદાલ અવસ્થાને પણ સુખ માને છે એ સુખસાધનિકા કેવી સમજવી? માનવી ચાહે છે કે-દુનિયાના તમામ પદાર્થોમાં મને ઈષ્ટ હોય એ સઘળાંય મને મળો અને સર્વ અનિષ્ટોનો નાશ થઈ જાઓ! જગતભરનાં દ્રવ્યો એ ભાઈ સાહેબની ઈચ્છા પ્રમાણે પરિણમતાં નથી જ ચક્રવર્તી જેવા સામર્થ્યસાગરો હતા, પણ ધનાશા-ભોગાશા જડસુખાશામાં તો નિરાશ જ થઈને મર્યા છે **સંસારનાં સુખો એ સુખો નથી, દુઃખો એ દુઃખો નથી,** પણ મગજમાં અધુરાપણાની એક કલ્પના જ સુખ-દુઃખનુ ભાન જન્માવે છે. બીચારો આત્મા આવી વિચિત્ર જંજાળોમાં ફસાયો છે. તે દુઃખ કે સુખના પદાર્થને જાણતો નથી. કે તે જાણવા માટે પુરૂષાર્થ આદરતો નથી, એટલે એ દુઃખનો કે સુખનો અત પણ ક્યાં આવે? ભૂખ્યા માનવીને લૂખ્ખો રોટલો મળે તો તે સ્વર્ગીય સુખને અનુભવે છે અને તે માને છે કે-અહો! મારૂં ભાગ્ય કેવું સુંદર છે કે ભૂખ લાગતાં રોટલો મળ્યો. એ જ આદમી સમૃદ્ધ બની જાય અને જો કોઈ પરાધીનતાના કારણે તેને લૂખ્ખો રોટલો મળે તો તેના ઉપર તેને ઘૃણા આવે છે અને પરિતાપ ઉભો થાય છે કે-કેવું કમભાગ્ય છે કે રોટલા ઉપર ઘી પણ નથી, રોટલો ખાવામા કાંઈ સાર નથી. આવા કુતર્કોથી ખાવા છતાય એ ભૂખ્યાની જેમ સુકાતો જ જાય છે અને ભિખારીના જેવી દીનતા ભોગવે છે

વિચારો કે-એક સમયે એ જ લૂખ્ખો રોટલો એ સ્વર્ગીય સુખાસ્વાદ હતો અને આજે તે જ રોટલો દુઃખ-ગ્લાનિ જન્માવે છે, તેથી નક્કી થાય છે કે-સાંસારિક સુખો, અનુકૂળતાઓ તથા દુઃખો એ અધુરાપણાથી જન્મેલી કલ્પનાઓ છે. આથી સાચું સુખ તો માત્ર મોક્ષમાં છે, અકર્મી બનવામા છે અને

સંપૂર્ણ કર્મપુંજના નાશમાં છે મુક્તિની કામના જન્મે છે અને મોક્ષાનંદ મેળવવો છે, પણ સ્વશરીરને જરાય તસ્દી આપવી નથી, મન-વચન-કાયાના વ્યાપારોને રૂંધવા નથી અને પાપોનો પ્રવાહ સતત ચાલુ રાખવો છે, તો મોક્ષ મેળવવાની અભિલાષા એ પાગલતા જ છે ને?

સંવેગ :

મુક્તિની તીવ્ર કામનાવાળાને તો સાંસારિક સુખો કે દુઃખોને જુઠ્ઠા, માયાવી, અસ્થિર અને નવી દુઃખપરંપરાઓના ઉત્પાદકો માનવાં પડે છે, એટલું જ નહિ પણ મળેલી ભોગાનુકૂળતાને પણ પ્રતિકૂળતા માનવી જોઈએ છે અને તેને છોડવા માટે મહા પુરૂષાર્થ ખેડવો જ પડે છે જો સુખને દુઃખ માનો અને દુઃખને સુખ માનો, તો જ શાશ્વત સુખ મળી જાય એક બાજુ મોક્ષની, આત્માની, કર્મની તથા તેના વિપાકોની વાતો કરાય અને ભોગાસક્તિના રસમાં એક નશાબાજ પાગલની જેમ તેની પાછળ આસક્ત બની જવાય, તેમજ જરાય ભાન કે મર્યાદા ન રહે તો પછી એ જીવાત્માને મોક્ષ કેવી રીતે મળે?

પદાર્થોનું યથાર્થ જ્ઞાન માત્ર જ કાંઈ મોક્ષમાં ન જ લઈ જાય. માટે જ [illegible] જ્ઞાન અને ક્રિયા ઉભય મુક્તિના સાધનો છે જ્ઞાન એટલે વસ્તુની તથા ક્રિયા એટલે [illegible] ત્યાગ અને [illegible] સ્વીકાર એક વ્યક્તિ [illegible] [illegible]

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યની વાતો કરીએ તથા ગ્રંથો વાચીએ પણ એકેય હેય ન છોડે અને રોજીંદા પાપવ્યાપારોના ધંધા ધીગતા વહ્યા કરે; તો પછી આત્મા મોક્ષ સમીપ નહિ જતાં સંસારના અટપટા ચક્રાવામાં અટવાઈ જ જાય ને?

સુન્દર તક :

આવો સુંદર અવસર છે, આવી સુંદર સમજવાની સામગ્રી છે, આવી અનુકૂળતાભરી જીંદગી છે અને મોક્ષના દરવાજા સમા સમ્યક્ત્વ પેદા કરવાના પુષ્ટાવલબનો મળ્યા છે, પછી તું પુરૂષાર્થહીન અને જડ જેવો નિષ્ક્રિય બનીને પ્રમાદપંથમા કેમ પછડાય છે?

એક જન્મમાં યોગ-શ્રેયોમાર્ગ સ્વીકારીને તે માર્ગમાં ચાલી જા! પછી આગળના જન્મોમા આ સંસ્કારોથી બહુ જલદી કલ્યાણપંથ મળશે અને તેનું પ્રયાણ કઠિન નહિ લાગે. તક ગુમાવે એ ગાફેલ ગણાય છે. જો કે વ્યવહારિક કાર્યોને નક્કર કરવા માટે આત્મા શક્તિ બહારના પુરૂષાર્થો અજમાવે જ છે. કેટલાકો સમુદ્રમાં ઝંપલાવે છે, કેટલાકો દારૂણ અટવીમા દોટ મૂકે છે અને કેટલાકો અમૂલ્ય સમૃદ્ધિ સમાન જીંદગીને ગુમાવીનેય સુખી થવાની કામના સેવે છે. સર્વસ્વના ભોગે પણ મોહીને સુખ જોઈએ છીએ એ સુખની પાછળ પુષ્કળ પુરૂષાર્થ આદરે છે. ભલા, મોક્ષના સુખ માટે કેમ પુરૂષાર્થ નથી આદરતો? એટલે હજુ આત્માને એ પ્રતીતિ નથી કે-આ સુખો-આ સુખના સાધનો અસ્થિર છે-દુઃખ રૂપ છે

સુખનું ધામ :

એક મોક્ષ જ સાચા સુખનું ધામ છે. એને મેળવવાનો પુરૂષાર્થ જ સાચો પુરૂષાર્થ ગણાય છે. કોઈ માનવી જો ઝેર પીવાનો શ્રમ કરે તો તે પરિશ્રમ દેખાય છે, પણ વાસ્તવિક એ

એમ અહિતકર હોવાથી કુપુરુષાર્થ મા જ કહેવાય છે.

આત્મા છે અને તે સંસારાવસ્થામાં વિવિધ દશાઓના પર્યાયને અનુભવે છે વિભાવ ભાવના વિકારોથી નવી નવી કર્મ-વર્ગણાઓ આત્મા સાથે સંસ્પૃષ્ટ થતી જાય છે, એ અનેક દૃષ્ટાન્તોથી સિદ્ધ થઈ ચૂક્યુ છે હવે આત્મા અનંત સામર્થ્યવાન હોવા છતાય ભિન્ન ભિન્ન દશામા તન્મય બનીને કેમ ભ્રાન્ત બની જાય છે?—એ વિચારવાનું રહે છે. જો કે એ વિષયને સ્પષ્ટ કરતી અનેક યુક્તિઓ પહેલા કહેવાઈ છે, છતાય જેમ વિવિધ સ્પષ્ટતા થાય તેમ વિશેષ બોધ થાય છે.

આત્મપ્રદેશો :

આત્મા અસંખ્યાત પ્રદેશવાળો છે પ્રત્યેક પ્રદેશમા અનંત જ્ઞાનપર્યાયો છે એક પ્રદેશમા જેટલી તાકાત છે, તેટલી અસંખ્યાત પ્રદેશોમા શક્તિ છે એક પ્રદેશને જે અનુભવ થાય છે અને જે અસંખ્યાત પ્રદેશોને અનુભવાય છે, તે એક પ્રદેશને અને બધા પ્રદેશોને અનુભવ થાય છે એક માનવીને વેદનીયકર્મના ઉદયથી હાથમા ફોલ્લો થયો હવે હાથમાં વેદના થાય છે, એ શરીરમા રહેલ તમામ આત્મપ્રદેશોને અનુભવાય છે એક બાઈને કોઈએ [illegible] સમાચાર [illegible] [illegible] વેદના [illegible] અને એ વેદનાના [illegible] [illegible]

[illegible]

[illegible]

કર્મવર્ગણાઓ લાગેલી છે. એક એક કર્મવર્ગણામાં અનંતા પરમાણુઓ છે અને એક એક પરમાણુમાં અનંતા પર્યાયો હોય છે. આત્માના અસંખ્યાતા પ્રદેશોમાં કર્મસંચાર થઈ જાય છે, પણ મધ્યભાગમા આઠ રૂચક પ્રદેશોને કર્મો અસર કરી શકતાં નથી. સદૈવ શ્રી વીતરાગદેવના આત્મપ્રદેશો જેવા એ નિર્મળ રહે છે અને એના જ પ્રભાવે આત્મા ક્રમે કરીને વીતરાગ બને છે. આઠ પ્રદેશો નિર્મળ હોવાથી જ ચેતનાલક્ષણ જીવમાં સદૈવ રહે છે. સૂક્ષ્મ નિગોદના જીવોને પણ અવ્યક્તપણે સુખ-દુઃખનો અનુભવ હોય છે. જો એમ ન હોય, તો જડત્વ અને ચેતનત્વમા શો ફેરફાર માનવો ?

શાસ્ત્રકારોએ તો એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનાં જીવશરીરોમાં નાનાવિધ જ્ઞાનદર્શક ચેષ્ટાઓ સિદ્ધ કરી બતાવી જ છે. વનસ્પતિમા આહાર લેવાની, નિદ્રા લેવાની, ભયની, પરિગ્રહની અને મૈથુનની સંજ્ઞાઓ પ્રત્યક્ષ રૂપ દેખાય છે બેઇન્દ્રિય શંખ-કોડાદિ તો પ્રત્યક્ષ હાલતા-ચાલતા જીવો દેખાય છે. તડકેથી છાંયડામા આવવું વગેરે ત્રસ જીવોમા પ્રક્રિયાઓ અનુભવાય જ છે. એટલે જીવ કર્મવિવશ, સૂક્ષ્મ-બાદર, ત્રસ-સ્થાવર, સંજ્ઞી-અસંજ્ઞી રૂપ બને છે, નાનાવિધ દેહો ધારે છે અને સઘળાય સુખને ઇચ્છે છે તે જેટલું મળે તેટલું સુખ મેળવવા માટે શક્ય પ્રયાસ કરતો જ રહે છે અને દુઃખનો નાશ કરવાનો પુરુષાર્થ કર્યા કરે છે

શ્રી સર્વજ્ઞોએ છ દ્રવ્યો દર્શાવ્યાં છે એમા જીવાસ્તિકાય સિવાય અન્યો જડ છે, પણ તેઓ સ્વભાવથી સ્વસ્વકાર્યો કર્યા કરે છે જડ છે પણ તેમાં સ્વભાવ છે, કારણ કે- દુનિયાના તમામ દ્રવ્યો ધર્મસ્વભાવયુક્ત છે. જેમ મરચા ખાવાથી ગરમી થાય છે, સુંઠ ખાવાર્થ વાન શમે છે, હરડે ખાવાથી કફ શમે

છે અને લીંબુ વગેરે ખાવાથી પિત્ત શમે છે. તેમ વસ્તુઓ માત્ર સ્વત્વ ભાવને છોડતી નથી પણ કાર્ય કર્યે જ જાય છે.

અમૂર્ત ઉપર મૂર્તની અસર.

આજે કોઈ એમ કહે છે કે–કર્મો જડ છે અને એ આત્માને કાંઈ પણ અસર પહોંચાડી શકતા નથી, તો તેને મિથ્યાભાષી ગણવા કે કેમ? જો કર્મો કાંઈ જ ન કરતા હોય તો આત્માને સંસારમાં રહેવાનું નિમિત્ત શું છે?

જો આત્માનો સ્વભાવ છે–એમ કહેશો તોય મિથ્યાભાષી છો. કારણ કે–આત્મસ્વભાવ તો મુક્તિ જ છે. કર્મની અસરથી જ આત્મામાં ભ્રાન્તિ પેદા થાય છે અને રાગ-દ્વેષના પરિણામો જન્મે છે એટલે તેના કર્મોના રૂપે આત્મા બાંધતા નવા કર્મોની અસર તો નથી જ

ચોથી આજે સંસારી છે. કર્માદેશ પ્રમાણે તે નાચી રહ્યો છે. કદાચ તમો જો નિશ્ચય નયને જ વળગો અને અન્ય નયોને ન માનો, તો તમારે કોઈ પ્રયાસની કે ક્રિયાની જરૂર જ નથી. નિશ્ચયનય તો આત્માને પૂર્ણ સ્વરૂપે જ્યારે આત્મા પ્રવર્તતા હોય, ત્યારે જ આત્માને આત્મા માને છે. શુદ્ધાંશગ્રાહી નયથી તો તમો અનાત્મા છે। અને જડ છો, જ્યારે કેવળજ્ઞાન થાય ત્યારે માનવું કે-હું આત્મા છું, પરંતુ એ નય માત્ર જ પકડો તો ચાલે તેમ નથી જ નિશ્ચયને મનમા સમજી વ્યવહારને આચરતાં જ મુક્તિ મળે છે અને એ જ શ્રી વીતરાગનો માર્ગ છે કેટલાકો એમ માને છે કે-ભવસ્થિતિ પરિપાક થતાં આપોઆપ આત્મા મુક્તિ મેળવશે. તે માટે પ્રયાસ કે ક્રિયાઓની જરૂર જ નથી.

મુક્તિદ્વાર :

આ મત પણ મૂઢજલ્પન જેવો છે, કારણ કે-શ્રી વીતરાગદેવોએ પોતે સંસાર ત્યાગીને સંયમ સ્વીકાર્યું છે અને મહા યોગી બનીને ઘોર તપો આદર્યા છે. વળી શ્રી ગણધર ભગવાને પણ છટ્ઠને પારણે છટ્ઠનો તપ કર્યો છે જો ભવપરિસ્થિતિ ઉપર જ નિર્ધાર હોત, તો શ્રી તીર્થંકર ભગવાનો જ્ઞાની હતા અને શ્રી ગણધર ભગવંતો શ્રુતકેવલી હતા, છતાંય તેઓ તપ, જપ અને આવશ્યક ક્રિયાઓ શા માટે આદરતા હતા? આથી તો એક જ વાત સિદ્ધ થાય છે કે-છ દ્રવ્યોમાં આત્મદ્રવ્ય જેમ ચેતના

યુક્ત છે. તેમ અનાત્મદ્રવ્યો પણ કોઈ ને કોઈ સ્વભાવ વાળા જ છે અને એ સ્વભાવ પ્રમાણે સ્વીકાર્ય કર્યે જ જાય છે સિદ્ધાન્તમાં કહ્યું છે કે-કોઈ સમયે કર્મ બળવાન બનીને આત્માને દબાવે છે અને કોઈ સમયે આત્મા વીર્ય ફોરવવાથી બળવાન બનીને કર્મના ભુક્કા ઉડાવી દે છે જડ દ્રવ્યો સ્વભાવને ભજે છે આત્મદ્રવ્યને અનાત્મ દ્રવ્યો સંકળાઈ નાખે છે, કે જેથી આત્મા અનાદિ અવસ્થામાં મુંઝાય છે અને સત્ય સ્વરૂપને મેળવતો નથી માટે હે પ્રાણી! સમાજના નેતા પણ તું શ્રી વીતરાગના માર્ગના અનુભવી થા, જ્ઞાની થા, આત્મજ્ઞાની થા, સતી નિર્વાણી થા તથા શ્રી વીતરાગકથિત ક્રિયાઓનો કર્તા અને અનંતાવ્યાબાધ સુખનો ભોક્તા થા! હે પ્રાણી! તુ અનંત-અચલ-અજર-અમર-અનીહ-નિરાકાર-જ્યોતિર્મય તત્ત્વધામ મોક્ષધામનો, કૃતકૃત્ય અને નિશ્ચિતાર્થ બની જા! પછી તારે નથી યોગ કે નથી ક્રિયા!

આત્મધર્મની વાતો–૨

ચૈતન્ય :

સંસારમાં જડદ્રવ્યો પણ ચેતન ઉપર કોઈ જુદી જ ભાત પાડે છે અને ચેતનની અપૂર્વ શક્તિને ઢાંકી દે છે. શ્રી વીતરાગ પરમાત્માએ કેવળજ્ઞાન પેદા કરીને આત્મા અને અનાત્માના ધર્મો દર્શાવ્યા છે, જે ત્રણેય કાળમાં પલટાય નહિ. બાહ્યોપાધિથી સ્વધર્મો ઘેરાઈ જાય, એટલે દ્રવ્ય જુદા રૂપે દેખાય છે જેમ કે–કોઈ વ્યક્તિને સિંહચર્મ પહેરાવીને સુવાડ્યો હોય, તો સાચું સ્વરૂપ નહિ જાણનારને માનવ પણ સિંહતુલ્ય કલ્પાઈ જાય એ સાચા સ્વરૂપને જણાવનાર તેના સાચા વેત્તાઓ સર્વજ્ઞ વિના કોઈ અન્ય ન હોઈ શકે, અથવા સર્વજ્ઞના જ્ઞાનના અભ્યાસી શ્રુતજ્ઞાનીઓ આગમશાસ્ત્રાનુસાર તે દર્શાવી શકે.

શુદ્ધિ :

જેમ અનેક રંગોના મિશ્રણથી એક કર્બુર કાબર-ચીતરા રંગની જન્મે છે, તેમ ઘણાં દ્રવ્યો ભેગાં થતા જગમા વિવિધતાઓ દેખાતી જાય છે બાકી મૂળ રંગોમા કાંઈ જ ફેરફાર થતા નથી. જો કોઈ પ્રયોગનિપુણાત હોય, તો તમામ રંગોને હતા તેવા જુદા પાડી શકે છે જેમ મૂળ દ્રવ્ય સ્વભાવને મૂકતું નથી, તેમ આત્મા જગતના સંયોગોમાં સંબંધિત થાય છે અને એ સંબંધો દૂર થતા મૂળ સ્વરૂપને પેદા કરે છે શ્રી વીતરાગદેવ વિશ્વરચનાનું

સ્વરૂપ દર્શાવતા જણાવ્યું કે—છ દ્રવ્યોથી વિશ્વ ચાલે છે

દ્રવ્યો :

૧. જીવાસ્તિકાય—આ દ્રવ્ય ચેતન છે અને તે અનંત છે. એના બે પ્રકારો સંસારી અને મોક્ષવાસી છે. સંસારી જીવો સકર્મી સક્રિય છે. નિત્ય કર્મકર્તા છે અને વિવિધ પ્રકારના નિમિત્તો મેળવીને વિવિધ દશાઓના અનુભવ કરે છે. જીવ સૂક્ષ્મ અને બાદર છે. સૂક્ષ્મ જીવો ચર્મચક્ષુથી અગમ્ય છે અને બાદરમાં પણ કેટલાક જીવો એવા છે કે અનંત જીવોનું એક શરીર બનેલું હોય છે. દા. ત. કંદ-મૂળ સેવાળ વગેરે ચર્મચક્ષુથી બાદર નામકર્મના ઉદયથી તે દેખાય છે.

૨. ધર્માસ્તિકાય—આ‌નમા વેગ પ્રમાણે [illegible] [illegible] [illegible] ધર્માસ્તિકાય [illegible] દ્રવ્ય [illegible] [illegible] પણ દ્રવ્યના [illegible] [illegible]

જ જોઇએ. એ દ્રવ્ય પ્રત્યેક સ્થળમા છે એની સત્તા ધ્રુવ છે અને અક્રિય છે

૩. અધર્માસ્તિકાય–કોઈ ગમનશીલ દ્રવ્યને સ્થિર કરનાર અથવા સ્થિર રહેવામા મદદ કરનાર આ દ્રવ્ય છે એની સત્તા પણ પ્રત્યેક સ્થળમા છે ચૌદ રાજલોકમાં સમુદ્રના જળની જેમ આ દ્રવ્ય ભરેલું છે. એની સત્તા પણ ધ્રુવ છે જીવ અને પુદ્‌ગલોને સ્થિરતામાં સહાય આપનાર આ દ્રવ્ય છે.

૪. આકાશાસ્તિકાય–આ દ્રવ્ય ચૌદ રાજલોકમાં છે. ચૌદ રાજલોકમા જેટલા જીવો અને પુદ્‌ગલાદિ છે, તે સર્વને રહેવાની જગ્યા–સ્થાન આપવાનું તે કામ કરે છે. ચૌદ રાજલોકની બહાર પણ આકાશ છે. આકાશપ્રદેશો લોકમાં અસંખ્યાતા છે અને લોકની બહાર પણ તે પ્રદેશો છે, જે અનંતા છે.

૫. પુદ્‌ગલાસ્તિકાય–આ દ્રવ્ય જગતભરના પદાર્થોમાં ફેરફાર થનાર છે આખુંય જગત દેખાય છે, તે પુદ્‌ગલોના સમૂહ રૂપ જ છે ભિન્ન ભિન્ન રૂપ–રસ–ગંધ–સ્પર્શો પુદ્‌ગલ દ્રવ્યોમા પરિવર્તન પામે છે, એટલે પરિવર્તનશીલ આ પુદ્‌ગલ દ્રવ્ય જ છે.

૬. કાળ–આ દ્રવ્ય જગતભરના પદાર્થોનું નિયામક છે વર્તમાન એક સમય રૂપ ભૂત–ભવિષ્યના અનંતકાળને દર્શાવનારૂં આ દ્રવ્ય છે નવુ–જુનું અવસ્થાન્તરનું દ્યોતક આ દ્રવ્ય છે આ દ્રવ્ય પ્રદેશસમૂહ રૂપ નથી, એટલે

એને અસ્તિકાય શબ્દ નથી યોજાયો કાળદ્રવ્ય વિશ્વ-વ્યાપી છે, કારણ કે-દરેક પદાર્થમાં પર્યાયો નવા-જુના થયા કરે છે તેમાં આટલા કાળનું છે અને આટલા કાળે બનશે-એવો વ્યહાર કરાવવામાં કાળ જ કારણ હોય છે વર્તના, પરિણામ આદિ તેના ભેદો છે.

વિભાવ :

સંસારી સઘળાય જીવો કર્મવર્ગણાના સંબધમા સંબંધિત છે કર્મવર્ગણાઓ જેવી સ્થિતિની હોય, તેવી દશા-છાયા આત્મા ઉપર પડે છે જ્યારે કર્મો બંધાય ત્યારે આત્માને કાંઈ કર્મ બંધાયું તેની ખબર પડતી અને જ્યારે કર્મ છૂટે ત્યારે તેનીય આત્માને સમજ પડતી નથી, કારણ કે-તે વર્તમાન ઉદયભાવમાં આવેલાં કર્મોને ભોગવતો તેમાં મૂઢ બની ગયેલો હોય છે.

કર્મબંધ :

આત્મા ઉપાદાન છે અને કર્મ નિમિત્ત છે આત્મા પવિત્ર ભાવનામાં વર્તતો હોય અને વર્તમાનના જો અશુભ કર્મનો અનુભવોદય હોય, તો ભયંકર વેદનાઓને શરીરથી ભોગવતો હોય છે આ અશુભ કર્મ નિર્જરતા જ્યારે શુભોદય જાગે, ત્યારે આત્મા બાહ્ય વૃત્તિથી આનંદ-પ્રમોદમાં હોય તો અશુભ કર્મો બાંધી રહેલો હોય છે કોઈ સમયે જો શુભ કર્મનો ઉદય આત્મા ભોગવતો હોય અને શુભ ભાવનાવાળો હોય, તો શુભ કર્મ પણ બાંધે, પરન્તુ સત્તામાં અશુભ કર્મનો જથ્થો પડયો હોય

તો તે ઉદયમાં આવે અને શુભ કર્મ સત્તામાં જમા બેસી રહે છે.

સત્તા અને પરિવર્તન :

એક દુકાનદાર નવો માલ ખરીદતો જાય અને જુનો માલ વેચતો જાય જ્યા સુધી જુનો માલ ન ખપે ત્યાં સુધી નવો માલ બહાર ન કાઢે અને નવા માલનો ભાવ જો સારો આવતો હોય તો નવો પણ વેચે અને જુનો રાખી પણ મૂકે. તે રીતિએ આત્મામાં જુના કર્મો ભોગવાય અને નવાં કર્મો સત્તામાં રહે નવાં પણ કર્મો અલ્પ સ્થિતિનાં હોય તો ઉદયમાં પણ આવી જાય છે. કર્મોમા સક્રમણ અને અપવર્તન થાય છે કેટલાક કર્મો અશુભ હોય છે અને તેનાં દળીયાં શુભાધ્યવસાયથી તેમાં પરિવર્તન થતાં શુભ પણ બની જાય છે, તેમજ શુભ કર્મદળીયા ખરાબ અધ્યવસાયોથી અશુભ પણ બની જાય છે. કર્મબંધ અને નિર્જરા અધ્યવસાય ઉપર જ આધાર રાખે છે

અનાદિકાળનો જીવાસ્તિકાય દ્રવ્યનો એવો વિલક્ષણ સ્વભાવ પડી ગયો છે કે–જેવા જેવા સંયોગો મળે તેવી તેવી દશાને તે અનુભવે છે જ્યારે તે નારકીમાં જાય છે ત્યારે ઘોર વેદનાને સહે છે અને જ્યારે તે નિગોદમાં જાય છે ત્યારે એક શ્વાસમાં અનેક જન્મ-મરણો કરી લે છે, તેમજ તે જ જીવ જ્યારે દેવલોકની ઋદ્ધિ પામે છે ત્યારે ત્યાના ગુણોમા ગરકાવ બની જાય છે તથા અખિલ વિશ્વને તૃણતુલ્ય માને છે. પછી એજ દેવ કર્મ-

બળથી જ્યારે પાછો નીચી ગતિમાં જાય છે ત્યારે ત્યાં વિવિધ દુઃખો સહ્યા કરે છે. આ જીવદ્રવ્યની આ પ્રમાણે ઉચ્ચ-નીચ દશા કર્મજન્ય બન્યા કરે છે. જીવદ્રવ્ય જેવું નિમિત્ત પામે તેવું તન્મય ઉપાદાન બની જાય છે, પણ આત્મદ્રવ્યને ઓળખીને સાચી શ્રદ્ધા જન્મતા જીવ જ શિવ બને છે, એમા સંદેહ જેવું કાંઈ જ નથી.

નિત્યતા ·

શ્રી વીતરાગદેવોએ આ છ દ્રવ્યો દર્શાવ્યા છે, કે જે દ્રવ્યો પરદ્રવ્યોના મિલનવાળા થયા કરે છે તેના પર્યાયો ફર્યા કરે છે પણ દ્રવ્યમાં ફેરફાર થતો નથી. મૂળ સ્વરૂપને દ્રવ્ય પોતે સાચવી રાખે છે, એવો એનો સ્વભાવ છે. આખોય સંસાર દ્રવ્યપ્રેરણાથી જ ચાલી રહ્યો છે. જો દ્રવ્યસત્તાને અનિત્ય જ માનવામાં આવે, તો સંસારનો જ અભાવ થવાની સંભાવના રહે અને જો સંસારનો અભાવ થાય તો પછી નિત્ય અને અનિત્ય ઉભય પદાર્થોને કેવી રીતિએ સ્થિર રાખી શકાય? એટલે સત્ દ્રવ્યો અસત્ દ્રવ્યો ન બને અને અસત્ દ્રવ્યો સત્ દ્રવ્યો ન થાય. સત્ અને અસત્ ઉભય નિયામક દ્રવ્યો જ છે. જેમ સોનુ છે તેમાં ઘાટઘડામણોનો વિનાશ થાય છે, પણ સુવર્ણ દ્રવ્યનો વિનાશ કદીય થતો નથી, કારણ કે-તેનાં પરમાણુઓ રાખ રૂપે પણ રહે જ છે. માત્ર પર્યાયોમાં પરિવર્તન થયા કરે છે. શ્રી જિનદેવ કહે છે કે-એક એક દ્રવ્યના અનંત પર્યાયો છે અને તે સંયોગાધીન જ છે.

ચેતનામય જીવદ્રવ્ય જ છે, જ્યારે બીજાં અચેતન છે ચાર ગતિઓના જે વ્યવહાર ચાલે છે તે આ ચેતનના વ્યાપારથી જ ચાલે છે. ચારેય ગતિમાં દુઃખ જ છે, જ્યારે ફક્ત એકાન્તથી સુખ હોય તો મોક્ષમાં જ-પંચમી ગતિમાં છે. ચાર ગતિઓમા જવું-આવવું એ તો જીવ દ્રવ્યનો પરદ્રવ્યોના સંગથી સ્વભાવ જ બની ગયો છે. સ્વ ભાવને ઓળખીને પર ભાવથી પર રહેવાનો સ્વભાવ એ જ નવું શીખવાનું છે-મેળવવાનું છે.

ગતિ બજાર :

ચાર ગતિ રૂપ સંસારનો બજાર-વ્યવહાર ચાલ્યા જ કરે છે. અનંતકાળથી આ ગતિઓના વ્યવહારોને કોઈ અંતરાય નથી ચાર ગતિના સંસારમાં દુઃખ જ છે અને તેમા સુખની કલ્પના જીવને જે થઈ જાય છે તે ક્ષણિક અને દુઃખમૂલક છે. એક બંધુને પાચ લાખ રુપિયાનુ દેવું હોય અને તેને દૂર કરવા માટે જ્યારે વ્યાપારનો સાહસિક પુરુષાર્થ ખેડે, ત્યારે દશ લાખનું પાછું નુકસાન-તોટો વેઠવા પડે તેવું થાય છે અને તેથી તે દુઃખી થતા પરિતાપ પેદા કરે છે આમ ગશરણ અને અગાડાયીની જેમ પરતંત્ર બનીને તે દુઃખી થાય છે, છાતી કૂટે છે, પોકો મૂકે છે, પોતે રડે છે અને કૌટુંબિકોને રડાવે છે જાણે સાત પાડાડનો પાપનો મોટો બોજો માથા ઉપર ઉતરી પડ્યો હોય એવો દુઃખી થઈ જાય છે. ભલા, કર્મવ્યાપારની આવી પરિસ્થિતિ સંસારમાં ચાલે છે.

એક વ્યક્તિ અશુભ કર્મનો ઉદય આવતાં દુઃખી થાય છે અને એ દુખને દૂર કરવા માટે અસંખ્ય ઉપાયો શોધે છે, કરે છે, પણ તે કર્મજનિત દુખને દૂર કરવાનો સાચો ઉપાય તેના હાથમા આવતો નથી અને તેનુ દુ:ખ દૂર થતું નથી પણ વૃદ્ધિને પામે છે. જેમ કે–આગ લાગી હોય અને તે ઓલવવા માટે જો કોઈ બેવકૂફ પાણીને બદલે પેટ્રોલ નાંખે, તો આગ વધારે ભભુકે છે પણ શમતી નથી–ત્રણેય કાળમાં શમતી નથી

દુઃખ :

દુઃખને દૂર કરવા માટે માનવી એટલો બધો શ્રમ લે છે કે–પોતાનું સઘળુંય બળ તેમા ખરચી નાંખે છે. અરે! મરીનેય પણ આ જન્મનું દુ ખ દૂર કરવાના કેટલાક મૂઢ લોકો પ્રયત્નો કરે છે કોઈ કુવામાં પડે છે, કોઈ ઝેર ખાય છે અને કોઈ ગળે ફાંસો ખાય છે. અહીંની મોઘી–અણમોલ માનવજન્મ રૂપી સંપત્તિને ખોઈનેય પણ સુખ મળશે–એવી એક કલ્પનાકેલિ ઘેલછાભરેલા મોહાધને જન્મે છે, પણ વાસ્તવિક દુ:ખ દૂર કરવાની કળા કેટલાયના હાથમાં આવતી જ નથી

ચિકિત્સા :

રોગીને કયો રોગ છે? અને તે શાથી થયો છે?. તેની સાચી ઓળખ સિવાય દવા લેવાની જેમ સમજ પડતી નથી અને રોગ જાણ્યા સિવાય વિપરીત દવા લેવામાં આવતાં વિષમ જ્વરની જેમ રોગ

વધારે ફાટી નીકળે છે, તેમ સંસારી જીવો કયા કારણથી દુઃખ આવે છે તેના નિદાનને શોધતાં, માત્ર બાહ્ય ઉપાયો કરીને રોગનાશક દવાઓ અર્થાત્ વિશેષ પાપારંભો સેવે છે અને બીચારા વિષમ જ્વર કરી નાંખે છે અને પછી એ કેસ-એ રોગી અસાધ્ય દર્દીમાં ખપી જાય છે. આવી રીતિએ સંસારમાં પ્રાણીઓ, અશુભ કર્મના બંધનથી કર્મો ઉદયમા આવતાં, ઈષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ, શારીરિક સ્વાસ્થ્યનો અભાવ, સ્વજનોની સાથે અણબનાવ, વિશ્વાસઘાતીઓનો સંગમ આદિ પીડાઓથી પીડાય છે આ પણ ઉપાધિજન્ય રોગ છે. આ રોગ કર્મોદયથી આવ્યો છે-એમ જીવ-દર્દી સમજતો નથી અને સમજવા માટે પ્રયાસ પણ કરતો નથી પછી તે કલ્પનાઓ કરીને કોઈને વૈરી માને છે, કોઈના પર ઈર્ષ્યા કરે છે, કોઇનોય નાશ કરીને સુખી થઈશ અને મારો દુઃખરોગ ભસ્મ થશે-એવી અવાસ્તવિક કલ્પના કરી બેસે છે.

ભ્રમણા:

જીવો દુઃખનાશ કરવા માટે ખોટા ઉપાયો શોધે છે અને એ ઉપાયો કરવામાં તેની રૂચિ પણ વધારે દેખાય છે જો તેને કોઈ સાચો ઉપાય બતાવે ત્યારે જો મિથ્યાત્વનો ઉદય હોય, તો સાચા ઉપાય તરફ રૂચિ જાગતી નથી ખોટા ઉપાયો કરીને બીચારો જીવ તરફડી તરફડીને મરે છે અને એક વાર નહિ પણ એક ભવ બગડતાં ગતિ-જન્મ સ્વાભાવિક અનેક પાપો કરતો કરતો તે અનંત સંસા-

રના ખાડામાં રવડીને જન્મ-મરણનાં દારૂણ દુઃખો પરવશ સહે છે એ દુ:ખો આ માનવભવના દુઃખો પાસે અનંતગુણા વધારે છે. તે દુ ખો દૂર કરવાનો માનવભવ સિવાય અન્ય ભવમાં કોઈ ઉત્તમ ઉપાય પણ જડતો જ નથી. જો કદાચ તે જડે, તો તે પ્રત્યે તે ભવોની વિચિત્રતાથી રૂચિ જાગતી નથી તથાપિ કદાચ રૂચિ જાગી જાય, તો માનવભવમાં સંસારના સઘળા દુ:ખોને દૂર કરવાની જે તક છે, તે અન્ય ભવોમાં ન જ મળે.

કલ્પના :

જગતના સત્ય અને મિથ્યા બે ભાવો છે. સત્યભાવ કોઈ બુદ્ધિશાળી પુણ્યાત્માને જ પેદા થાય છે અને મિથ્યાભાવ અનાદિના કર્મબંધનોથી બંધાયેલા જીવનો એક સ્વભાવ જ બની ગયો છે મિથ્યાભાવથી જીવને અસત્યાચરણનો પ્રેમ લાગે છે અને મિથ્યાભાવનો પ્રેમ એ જ કુત્સિતાચરણ કરાવવામાં પુષ્ટ નિદાન બની જાય છે. જેમ આંધળાને ચાલતા ચાલતાં ખાડો આવે તેની ખબર ન પડવાથી તે ખાડામા ગબડી જાય છે, તેમ મિથ્યાભાવાસક્ત જીવ સંસારના ભોગસાધનોને સુખનું મહા સાધન માનીને તેમાં તેના વિકાસના પુરૂષાર્થો ખેડ્યા કરે છે જેમ જેમ તેની ભોગાસક્તિ વધે છે, તેમ તેમ તે દારૂણ દુ:ખોને નોતરે છે. તે પછી મને દુ:ખો કેમ આવ્યાં ?, મેં તેને બોલાવ્યા નથી અને મને તે ઈષ્ટ નથી, એમ લાગવાથી તેને કાઢવાની ઈચ્છા થાય છે. ક્રોડો ઉપાયો કરવા છતાંય તે

કેમ જતાં નથી ?–એમ તેને લાગ્યા કરે છે. પરંતુ સ્વકૃત દુષ્ટાધ્યવસાયથી બંધાયેલાં કટુક કર્મોના ઉદયનો અનુભવ જીવને કરવો જ પડે છે. એમા કોઈની આનાકાની ચાલતી નથી મિથ્યાભાવના ઉદયનું જ્ઞાન પણ અજ્ઞાન રૂપ જ પ્રવર્તે છે. અજ્ઞાનથી અયોગ્ય પદાર્થો અને અસત્યાગરણો પ્રત્યે પ્રતીતિ જામી જાય છે પછી જીવ સ્વને ભૂલીને પરમાં એકરંગી બની જાય છે. તે એટલો બધો પગમઝા બને છે કે–શરીર અને આત્મા જુદા છે એવું ભાન ભૂલીને શરીરને આત્મા માને છે તથા સ્વજનોને આત્મીય માને છે. ધન, માલ, મિલકત આદિ જડ પદાર્થોને પણ સ્વત્વભાવથી તે જોવા લાગે છે આ સઘળાયમાં સ્વાત્મ ભાવ જડાઈ જાય છે પછી એમાંથી કોઈનોય નાશ થાય તો દુઃખી થાય છે અને કોઈનો સંયોગ થાય તો હર્ષાન્વિત બને છે. સંયોગજન્ય સુખ અને વિયોગજન્ય મહા દુઃખ આ પરવ્યાસંગી આત્મા અનુભવે જ છે.

સુખાભાસ :

જીવ જો સ્વાત્મભાવમાં રમણ કરતો હોય, તો બાહ્ય સંયોગો કે વિયોગો સ્વને સુખ–દુઃખાનુભવો ન જ કરાવે પરંતુ પર વસ્તુઓનો ભોગવટો કરતાં જીવ માને છે કે–અહા હા ! આજે મેં નૃત્ય નીરખ્યું અને મારી આંખોની સફળતા મેળવી, મેં ફૂલ સુંઘ્યું અને મારી નાસિકાનો રસ આજે જ લુંટાયો, જાણે મને કેવો આનંદ આવ્યો ? કે મારૂં મગજ મસ્ત બની ગયું આ કોકિલના કંઠ જેવા

કંઠે સંગીતકારે કેવું મધુર ગાયુ કે મને મારા કાનની સાર્થકતા મળી, આજના ભોજનમાં મને એવો તો પૂર્ણ રસ હતો કે–આ જીંદગીમા એવું જમ્યા જ નથી અને હજુય જમ્યા પછી જીભ સળવળ થયા કરે છે, અને આ શય્યા કેવી કોમળ છે કે–મને સુતા પહેલા જ નિદ્રા આવી ગઈ આમ આવી પાચેય ઇંદ્રિયોના સુખોની કલ્પના કરીને જીવ પર વસ્તુઓના ભોગમા એકતાન બની જાય છે અને પછી મન એ સ્મરણમા રહેતાં એના અનુમોદનથી પુનઃ પુન એને સ્મરે છે એવો અવસર ક્યારે આવે કે– પહેલા પાચેય ઈંદ્રિયોના વિલાસો વિલસ્યા એવા પાછા મળે? આવી રીતિએ પાચેય ઇંદ્રિયોમા પરવશ બનીને જીવ, અશુભાધ્યવસાયો દ્વારા કર્મનાં ગાઢ બંધનો બાંધે છે. આ મિથ્યાભાવથી અજ્ઞાનતાજન્ય આચરણો કરવામા જીવ પરોવાઈ જાય છે અને એ કુકલ્પના છે.

ફળો :

અનુકૂળતાવાળા વિલાસી સાધનોમાં જીવ હર્ષિત થયો અને તેણે હસતાં કર્મ બાધ્યા હવે એ રોતાં પણ છૂટતાં નથી અને એનાં કટુ પરિણામો તેને ભોગવવા જ પડે છે. હવે પ્રતિકૂળતાથી ખેદિત બનીને જીવ કર્મો બાંધવામા વિના પ્રયોજને પ્રેરાય છે એક પિત્તરોગવાળો આદમી આવી રહ્યો છે. એના શરીર ઉપર અશુચિ ભરેલી છે, લોહી વહે છે. રસી ઝરે છે. દુર્ગંધ છૂટે છે અને માંખીનો સમૂહ ગણગણાટ કરી રહ્યો છે. આ બંધુને જોઈ ને,

જીવનો એવો સ્વભાવ રૂઢ થઈ ગયો છે કે-તે નિમિત્ત પામીને તેમા રગદોળાઈ જ જાય છે.

સંયોગ

નિમિત્ત-નૈમિત્તિક ભાવ કોઈ જુદી જ રીતિએ પુદ્ગલો, પરમાણુઓ, સ્કંધો અને જીવ-દ્રવ્યભાવનો બન્યા જ કરે છે જીવ રાગ, કષાય, માયા, લોભ આદિ પરિણામોને પેદા કરે છે એ ભાવકર્મ છે, કારણ કે-કર્મો જડ છે અને એમા રાગ, દ્વેષ, ઇર્ષ્યા, માયા આદિ કષાયો હોતા નથી. એ જીવની વિપરીત દશાના વિગુણો જ છે. જેમ કોઈ વ્યક્તિ ભોજન જમે, દૂધ પીએ અથવા કોઈ દવા-ઔષધિ લે છે, કારણ કે-એને રોગ નાબુદ કરવાની ભાવના છે ભૂખ એ પણ રોગ છે રોગ અશાતાવેદનીય-અશુભ કર્મોદયથી થયો છે અને ઉપાય કરવાથી એ શાન્ત પણ થાય છે, તો તેનુ શું કારણ? એટલે માનવું જ પડશે કે-આત્માના અધ્યવસાયના બળથી જડ પુદ્ગલોમાં પણ એવુ સામર્થ્ય આવે છે કે-કર્મના પરિણમનોમાય ફેરફાર કરીને આત્માને તે શાતા-અશાતાનો અનુભવ કરાવે છે

કર્મવિભાગ :

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ પેદા થાય છે. જેમ નિર્મળ અને વિશિષ્ટ ક્ષયોપશમ પેદા થાય, તેમ સર્વ વસ્તુઓ વધારે સ્પષ્ટ અને ખુલ્લી દેખાય છે તેમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ઇંદ્રિયોનાં સાધનોથી જ થાય છે.

પંચેન્દ્રિય સંજ્ઞી મનુષ્યને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે, પરંતુ દરેકના જ્ઞાનમાં તરતમતા હોય છે, કારણ કે-એ બન્ને જ્ઞાનો પરાધીન હોય છે બાહ્ય સામગ્રીઓમાં જો ખામી હોય-ક્ષતિ હોય, તો ઇદ્રિય દ્વારા થતું જ્ઞાન પણ આધળું બની જાય છે એક વ્યક્તિને દૂરથી ડુ ગર દેખાય છે, પણ તેને આડી કોઈ પડલ રૂપ વસ્તુ આવી જાય તો તે દેખાતો નથી જેમ ઇદ્રિયમા સામર્થ્ય હોવા છતા પણ બાધા પહોંચતા રૂપવ ત પદાર્થ ચક્ષુઇદ્રિયથી દેખાતો નથી, તેમ અન્ય ઇદ્રિયો દ્વારા પદાર્થોનુ જ્ઞાન થાય છે, પણ એમા જો બાધક આડી કોઈ વસ્તુ ઉભી થાય તો તે ઇદ્રિયનું જ્ઞાન થતુ નથી. એટલે ઇદ્રિયજન્ય જ્ઞાન પરતંત્ર છે અને તેમાય જ્ઞાનાવરણીયનો જેવો ક્ષયોપશમ હોય તેવું તીવ્ર-મંદ જ્ઞાન થાય છે.

ઇદ્રિય અને અનીન્દ્રિય રૂપ નિમિત્તથી ઉત્પન્ન થનારા અને યોગ્ય દેશમા રહેલી વસ્તુનો બોધ કરનારા જ્ઞાનને 'મતિજ્ઞાન' કહેવામા આવે છે તેના અવગ્રહ આદિ ૨૮ ભેદો છે શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ દ્વારા ઉત્પન્ન થનારો દ્રવ્યશ્રુત શબ્દ, લિપિ-લિંગ-ચેષ્ટા ઈત્યાદિને અનુ-સરનારો અને પદાર્થોનું જ્ઞાન કરાવનારો એવો આત્માનો પરિણામ, તે 'શ્રુતજ્ઞાન' કહેવાય છે. તેના અક્ષરશ્રુત આદિ ૧૪ ભેદો છે

અવધિજ્ઞાન એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પેદા થાય છે. અવધિજ્ઞાનના અસંખ્ય પ્રકારો છે. મુખ્ય ભવ-

કુંભારે કઈ માટીથી બનાવેલો ?–આ સઘળુંય ઋજુમતિ-વાળો ન જાણે.

વિપુલમતિ મન પર્યવજ્ઞાની ચિંતવેલા પદાર્થોને વિશેષ રૂપે જાણે. કોઈ વ્યક્તિના મનમા વિચારેલો ઘડો કયા દેશમાં ઉત્પન્ન થયો છે ?, કયા વર્ણનો છે ? વગેરે વિશેષ રૂપે જાણે છે. ઋજુમતિ જ્ઞાન કદી ચાલ્યું પણ જાય છે, જ્યારે વિપુલમતિ જ્ઞાન કેવલજ્ઞાન પેદા થવા સુધી કાયમ રહે છે.

કેવલજ્ઞાન–જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી આ જ્ઞાન પેદા થાય છે કેવલજ્ઞાન ક્ષાયિક ભાવનું હોવાથી કદીય જતું નથી. લોકાલોકમાં રહેલા સર્વ દ્રવ્યો અને પર્યાયોને આ જ્ઞાન જાણે છે કેવલજ્ઞાનનો એક જ ભેદ છે, કારણ કે-અન્ય ભેદ તો કર્મના વિચિત્ર વિપાકોદયથી પેદા થાય છે, પણ જ્ઞાનાવરણીય કર્મ નાશ થયા પછી અન્ય ભેદ સંભવતો જ નથી. હાથમાં રહેલા બોરની જેમ કે આબળાની જેમ સર્વ જગતને આ જ્ઞાની પ્રતિ-સમય ઈન્દ્રિયોની અપેક્ષા વિના જાણે છે જ્ઞાન ભિન્ન ભિન્ન ગતિઓમાં ભિન્ન ભિન્ન પ્રકારે હોય છે.

કેવલજ્ઞાનનો સ્વામી માનવ જ હોય છે મન પર્યવજ્ઞાન પણ માનવને જ અને તેમાય સંયમધરને જ પેદા થાય છે, જ્યારે મતિ, શ્રુત અને અવધિજ્ઞાના ચારેય ગતિ-ઓમાં સંભવે છે. એકી સાથે કોઈ જીવમા એક જ્ઞાન કેવળ હોય છે, કોઈમાં મતિ, શ્રુત અને અવધિ–એ ત્રણ જ્ઞાન પણ

હોય છે અને કોઈ જીવોને મતિ-શ્રુત બે જ જ્ઞાન હોય છે કોઈક જીવવિશેષને જો અવધિજ્ઞાન ન હોય, તો તે વ્યક્તિની અપેક્ષાએ ત્રણ જ્ઞાન હોય છે માનવને ચાર જ્ઞાનો પણ હોય છે

શુભાશુભ ફળો :

જીવોના સુખો, દુ ખો, જ્ઞાન, અજ્ઞાન, ઇષ્ટસંયોગ, ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, અનિષ્ટવિયોગ, ભોગસાધનોની પ્રાપ્તિ, ભોગસાધનોનો અભાવ, આ સઘળુંય કર્મજન્ય ફલસ્વરૂપ છે સંસારમાં પ્રાણીઓને કોઈ ગતિમાં સુખ જેવું નથી અને જે છે તે સુખાભાસ જ છે-એમ સુખ-દુ ખથી પર થયેલા પરમાત્માઓ જણાવે છે સાંસારિક સુખો અને દુ ખોથી અકર્મા આત્મા જ પર રહે છે, પર હોય છે, કારણ કે-કર્મબંધનોના હેતુઓ તેઓના નિર્મૂળ બન્યા છે તેઓ જણાવે છે કે-સંસારમા રહીને સુખ મેળવવાની કામના સેવવી, એ અંગારામાં હાથ નાખીને, શીતળતા ઉપજાવવા રૂપ ફલેચ્છા જેવી જ બેવકુફાઈ છે, કારણ કે-અગ્નિ એ શીતતા રૂપ ધર્મવાળો નથી પણ દાહકતા રૂપ ધર્મવાળો છે.

ગતિ-વ્યથા .

ચાર ગતિ રૂપ સંસારમાં જીવો સંકેતથી સંજ્ઞિત થયેલા છે તેમા તિર્યંચ ગતિના જીવોનું વર્ણન પહેલાં કરવામાં આવે છે. કારણ કે-સર્વથી અધિક જીવો તિર્યંચ ગતિમાં હોય છે. આથી તિર્યંચપણું કયા કારણોથી આવે

છે, તે ગતિના જીવોની સંજ્ઞા કયી છે અને તેના ભેદ–પ્રભેદોના દુઃખો કેટલાં છે ?

તિર્યંચો

આ સંસારમા જીવને વિશેષ એકેન્દ્રિય ગતિમાં જ રહેવું પડે છે, કારણ કે–જીવોનું અનાદિથી નિવાસ-સ્થાન પહેલું એકેન્દ્રિયપણું જ છે, એમાં જરાય સંદેહ નથી ચૌદ રાજલોકમાં અવ્યવહાર રાશિના નિગોદના જીવો સિદ્ધાન્તકારે દર્શાવ્યા છે, કે જે જીવો ચૌદ રાજ લોકમાં ઠાસી ઠાંસીને ભરેલા છે દરેકના આત્મપ્રદેશો અને કર્મો ભિન્ન છે, પણ તેઓને રહેવાનું શરીર એક જ છે એક નિગોદમાં અનંતા જીવો હોય છે. અનંતા જીવોમાં એક એક જીવને અનંતી કર્મવર્ગણાઓ વળગી છે એક એક કર્મવર્ગણામાં અનંતા પરમાણુઓ છે એક એક પરમાણુના અનંતા પર્યાયો હોય છે આ નિગોદના જીવો એકેન્દ્રિય છે અને તેઓને સ્પર્શનેન્દ્રિયનુ અવ્યક્ત જ્ઞાન હોય છે, કે જેથી સુખ–દુઃખની લાગણી હોય છે. જો અહીં એક પણ ઇન્દ્રિયનું જ્ઞાન ન હોય, તો તેઓમાં અને જડમા કાંઈ જ ફેર રહેતો નથી આ જીવો સૂક્ષ્મ છે અને ચર્મચક્ષુથી અદૃશ્ય છે આંખની પાંપણના નાના વિવરોમાં પણ અસંખ્ય નિગોદો છે અને તે નિગોદોમા અનંતા જીવો છે.

કોઈ ઘુણાક્ષર ન્યાયથી અથવા કાકતાલીય ન્યાયથી નદીના કાંકરાની જેમ ગોળમટોળ બની જાય છે, તેમ એ

એકેન્દ્રિય જીવ સૂક્ષ્મ પર્યાયમાંથી વ્યવહાર રાશિમાં આવે છે જે બાદર એકેન્દ્રિયપણું પામે, તે વ્યવહાર રાશિઓ જીવ ગણાય છે. પાચ સ્થાવરોમા ફરીને, પછી પુણ્યોદયે આગળ આગળની વધારે શક્તિવાળી ઇન્દ્રિયોને તે પામતો જાય છે, કે જેથી પર્યાપ્તાવસ્થામાં સંપૂર્ણ ઈન્દ્રિયોની શક્તિ-લબ્ધિ મેળવે છે પછી તે જીવો દુઃખ, કકળાટ, ક્રોધ, છળ, માયા અને પ્રપંચો કરતા થઈ જાય છે અને પુનઃ કર્મબંધનો કરીને પાછા તે નિગોદમાં ચાલ્યા જાય છે.

એકેન્દ્રિય આદિ જીવોને પણ કષાયો વધારે હોય છે જ્ઞાનનો ક્ષયોપશમ જેમ ઓછો હોય, તેમ કષાયો વધારે હોય! તેની પાસે સાધનો નથી, જેથી તે પ્રગટ દેખાય જેમ આંધળાઓ અને બહેરાઓ અમુક દ્રવ્યેન્દ્રિયથી રહિત છે. પણ તેઓને કષાય તો ઘણો જ દેખાય છે. તેમ ઈન્દ્રિયોની શક્તિઓની હીનતા હોવા છતાય ત્યાય પણ કર્મબંધનો છે જ.

જેમ જેમ જીવ કર્મનિર્જરા કરતો જાય છે. તેમ તેમ એકેન્દ્રિય આદિ ગતિઓમા તે આગળ વધે છે અને તેને જાણવાની. માનવાની. સુખ મેળવવાની અને દુઃખ દૂર કરવાના ઉપાયો યોજવાની શક્તિ આવતી જાય છે. વિકલેન્દ્રિય એટલે બે-ત્રણ-ચાર ઇન્દ્રિયવાળા જીવો હાલતા-ચાલતા હોય છે. કે જે જીવોમાં આહાર. ભય, મૈથુન અને પરિગ્રહ-આ ચારેય જુલ્લી સંજ્ઞાઓ પ્રત્યક્ષ દેખાય છે અનંત.

શક્તિનિધિ જીવ આવા પાપોદયથી આવી હીન સામર્થ્ય-વાળી ગતિઓમાં ઉત્પન્ન થાય છે અને પરવશતાથી તે અસંખ્ય દુઃખો વેઠે છે આવા દુઃખમય ગતિના દેહોમાંય આ જીવો ભ્રાન્તિયુક્ત હોવાથી આનંદ માને છે અને જીવવાની ભાવના રાખે છે આ વિકલેન્દ્રિય જીવને મન હોતું નથી, પણ અંતરમા અવ્યક્ત વેદનાઓ સહે છે અને તેને જીવવાની પણ કામના હોય છે.

અનંતકાળના આ જીવને કર્મના બંધનો સંયોગ સંબંધથી છે અને જીવને આવી દુઃખમય અશાતામય ગતિઓમાં ગણનાતીત દુ ખોનો ભોક્તા બનાવે છે. આ વિકલેન્દ્રિયમાંથી પુણ્યના યોગે જીવ પંચેન્દ્રિય-તિર્યંચ ગતિમાં આવે છે, કે જ્યાં જલચર, ભૂચર અને ખેચર-એમ ત્રણ ભેદોમાં વહેંચાયેલી આ ગતિની શાળા છે

તિર્યંચ-પંચેન્દ્રિયપણામાં જળમાં રહેનારાં મત્સ્યો, મગરો, કાચબાઓ વગેરે અનેક જાતના તિર્યંચો, ભૂખ, તરસ અને પરતંત્રતાનાં ઘણાં જ કઠિન દુઃખો સહે છે અને પાણીના મોજાંઓની સાથે સ્થાનભ્રષ્ટ થયા જ કરે છે કોઈ કોઈ સમયે આ પ્રાણીઓને હિંસક લોકો જાળો દ્વારા પકડે છે અને ભુંજે છે, તેમજ તેને છેદે છે-ભેદે છે આવી પરાધીનતાથી જલચરોને અસહ્ય વેદનાઓ સહવી પડે છે. દુ ખથી બચવાના લાખો ઉપાયો કરવા છતાંય એ બીચારાઓ બચી શકતા નથી કોઈ તેઓનો પોકાર સાંભળતું નથી અને તેઓ અસહાય જ મરે છે.

ખેચરોમાંય કબુતરો, તીડો, પોપટો, કાગડાઓ તેમજ અન્યો આકાશમા ઉડવાની શક્તિવાળા છે. પણ એ બીચારાઓ તડકો, વરસાદ અને હિમના ભયંકર ત્રાસોથી વિના મોતે તરફડી તરફડીને મરે છે તેઓની કોણ સંભાળ લે છે? શિકારીઓ અને પારધીઓ પણ કેટલાંક પક્ષિઓને તીરથી વીંધી નાખે છે અને તેઓ તરફડતા જમીન ઉપર પડીને અસહ્ય પીડાના ભાગી બને છે. ભલે આકાશમાં ઉડનારા છે, પણ તેઓને ઘણાં કારમા દુ:ખો સહવા જ પડે છે. ભૂચરો (સ્થલચરો) હાથી, ઘોડા, બળદો, ભેંસો વગેરે ભૂચર તિર્યંચો પચેન્દ્રિય છે, પણ તેઓને દુ:ખનો પાર જ નથી. એક તો તેઓ મુગા છે વળી તેઓને નિર્દયોને ત્યા બંધનમા રહેવું પડે છે તાપમાં કે ટાઢમા તેઓને ગાડા વગેરે ખેંચવા પડે છે અને ઘણો જ ભાર વહન કરવો પડે છે ભૂખ–તરસ બધુંય બીચારાઓને સહવું જ પડે છે. આવાઓની કોણ સંભાળ કરે? આ તિર્યંચો સ્વભાવે કપાથી, માયાવી, લોભી અને પરિગ્રહી વધારે પ્રકારે હોય છે તેઓ એકબીજાની સાથે ઈર્ષ્યા કરે છે. લડે છે અને છળ કરે છે, કે જેથી એકબીજાથી એકબીજાઓ પીડિત થાય છે. તેઓનું આયુષ્ય અંતર્મુહૂર્ત્તથી લઈને ૩ પલ્યોપમ સુધીનું ઉત્કૃષ્ટ હોય છે મુખ્યતયા તિર્યંચોને પાપપ્રકૃતિઓનો ઉદય હોય છે અને તેમાં આશાતાવેદનીયનો જ મોટા ભાગે ઉદય હોય છે. પૂર્વભવમાં કપટ–માયા–છળ કરીને ઘણાઓનો

વિશ્વાસઘાત કરનારાઓ-સ્વાર્થસાધુઓ આ ગતિમાં જન્મે છે અને ગતિગત સ્વભાવથી પાપો કરીને બીચારા તિર્યંચો નરકાદિ ગતિઓમાં ઉત્પન્ન થાય છે.

તિર્યંચો ગર્ભજ-અંડજ, જરાયુજ અને પોતજ-એમ ત્રણ પ્રકારે હોય છે. તિર્યંચગતિમાં કારમા દુઃખો આ આત્માએ એક વાર નહિ પણ અનંતી વાર સહ્યા છે. એક પ્રકારની જાળ જેવું આવરણ થાય તેમાં પેદા થાય, તે ગાય, ભેંસ વગેરે જરાયુજ · જે ઈંડામાંથી પેદા થાય, તે કબુતર, મોર, સાપ આદિ અંડજ : જે કોઈ પ્રકારના આવરણ વિના પેદા થાય, તે હાથી, ઉંદર આદિ પોતજ તિર્યંચગતિમાં આ આત્મા સુખને જ શોધતો હોય છે આ ગતિના દુઃખો દૂર કરવા માટે ઘણા જ પ્રયાસો તે કરતો હતો, પણ પ્રબલ પાપોદયનો ઉદય હોવાથી તેને તિર્યંચની ગતિ મળી. પછી ત્યા કરેલા તીવ્રતમ કર્મોનો ઉદય પોતાને ભોગવવો જ પડે! કોઈ પણ ઉપાયે ત્યાં પૂર્ણસુખી તે ન જ બન્યો !

હા, શ્રી જિનેશ્વરદેવોએ એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના તમામ જીવોના દુઃખો અને દુઃખનાં કારણો વર્ણવ્યા જ છે, પણ બહુલભવીઓ બીચારા પાપથી વિરક્ત બનતા નથી અને આવી દુઃખમય ગતિઓમાં જવાના નિમિત્ત રૂપ કારણોને જ વળગી રહે છે, એ ઘણા જ ખેદની વાત ગણાય હા, બીચારા જીવો સ્વદ્રવ્યને ઓળખીને, જો કષાયો મંદ કરતા જાય તો જ ઉચ્ચ ગતિઓમાં

આવે અને જો કર્મના બંધનો શિથિલ કરે તો જ દુખ મુક્ત બની જાય

સંસારના ચાર વિભાગો છે તેમાં પ્રત્યક્ષ રૂપે સૌથી વધારે દુઃખી નારકીના જીવો છે. જો કે નારકીના જીવોથી અધિક વેદના નિગોદના જીવોને છે, પણ તે અવ્યક્ત છે જ્યારે નારકીના અધમ જીવોને તો પ્રત્યક્ષ અને સમજપૂર્વકની અસહ્ય વેદનાઓ સહવી પડે છે તે એટલી બધી વેદનાઓ છે, કે જેનું શાસ્ત્રોમાં ઘણું વિસ્તારથી વર્ણન છે, પણ અહીં સક્ષેપમા જ નોંધવા હું પ્રેરાઉ છું

નારકીનું વર્ણન :

ઘોર હિંસાળુ, મહારંભમાં રક્ત થયેલાઓ, રૌદ્ર પરિણામને ધારણ કરનારાઓ, અત્યંત પરિગ્રહની મૂર્છા ધરનારાઓ. દેવદ્રવ્યનું ભક્ષણ કરનારાઓ, દેવની ઘોર આશાતના કરવાવાળાઓ, શ્રી જિનવાણીથી વિપરીત દેશના આપવાવાળાઓ. ગુરૂના નિંદકો, ધર્મની અવહેલના કરવાવાળાઓ અને સાત વ્યસનોમા અંધ રહેનારાઓ બીચારા નારકીગતિમાં ઉત્પન્ન થાય છે સાત નારકીઓના જુદા જુદા વિભાગો છે અને તેમાં ઉત્તરોત્તર વેદનાઓની વૃદ્ધિ હોય છે નારકીમાં જીવોનું આયુષ્ય જઘન્ય ૧૦૦૦૦ વર્ષનું અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું હોય છે. આ જીવોને ઉત્પત્તિ સમયે જન્મ નો કોઈ ગર્ભજ કે અન્ય કોઈ નિર્યંચો જેવો નથી. પણ એક કુંભીમાં એટલે જેમ

દીવાલમાં નાના નાના ગોખલાઓ હોય છે, એવા ગોખ-
લાઓમાં તેઓ જન્મે છે તેઓનું શરીર વૈક્રિય અને
આયુષ્ય નિરૂપક્રમ હોય છે તથા જન્મ સમયે જ તેઓ
નાના ગોખલામાં મોટા શરીરવાળા ઉત્પન્ન થાય છે. સોનીની
જંત્રીમાથી જેમ તાર ખેંચાય છે, તેમ એ જીવો નાના
છિદ્રમાંથી બહાર નીકળે છે. તે સમયે તેઓ અન્તર્મુહૂર્ત-
માં જ ઘણી જ વેદના વેઠે છે, ચીસો પાડે છે, પણ ત્યાં
તેઓનું કોણ રક્ષણ કરે? પૂર્વભવના કરેલા કારમા અપ-
કૃત્યોના કર્મબંધોને ભોગવવા જ આ અવતાર હોય છે. આ
સ્થાનમા શાતાવેદનીયનો ઉદય થાય એવું એક પણ સાધન
હોતું નથી અને આ જીવોને અશાતાવેદનીયનો જ ઉદય
હોય છે, જેથી ઘણી જ પીડાઓથી વીંટાયેલા એ નારકીના
જીવો હોય છે.

આ નારકીના જીવોને તીવ્ર ક્રોધ, તીવ્ર માન, તીવ્ર
માયા અને તીવ્ર લોભ હોય છે, કારણ કે-ત્યાં અત્યંત
દુઃખ હોવાથી એ દુઃખને દૂર કરવા માટે-એ દુઃખથી છૂટવા
માટે સઘળાય વિચારો કરી છૂટે છે, પણ એકેય ઉપાય
કારગત નીવડતો નથી જેમ જેલમાં રહેલો કેદી નાસી છૂટવા
માટે જેટલા ઉપાયો કરે, તેમ તેના પગમાં અને હાથમા
વધારે બેડીઓ પડે છે તે રીતિએ જેમ નારકીના જીવો
દુઃખમુક્ત થવા માટે ઉપાયો કરતા જાય, તેમ પરમા
ધામીઓ તેઓને વધારે પીડા પમાડે છે અને દુઃખી કરે છે.
જેમ શકમંદીવાળા કેદી પ્રત્યે વધારે જાપતો હોય છે, તેમ

નારકીના પ્રાણીઓને પણ વધારે તજવીજથી રખાય છે. આ જીવો સંજ્ઞી પંચેન્દ્રિય હોવાથી મનમા હંમેશા દુર્ધ્યાન જ કરે છે અને ક્રુર પરિણામો સેવે છે, કારણ કે-તેઓને દુઃખ રૂચતું નથી અને દુઃખમુક્ત થવાનો એક પણ ઉપાય નથી જો મૃત્યુ પામવાથી એ દુઃખ છૂટતું હોય, તો તે જીવો મરવા માટે તૈયાર હોય છે, પણ તેઓનું આયુષ્ય પૂર્ણ થયા સિવાય મૃત્યુ નીપજે જ નહિ એવો એ જીવોનો કર્મોદય છે તેઓનુ આયુષ્ય નિરૂપક્રમ છે

તીવ્ર ક્રોધ હોવાથી નારકીના જીવો એકબીજા સાથે પણ ક્રુર સંગ્રામો કર્યા કરે છે ભલા, અહીંના જીવોને કાંઈ પણ વહેંચવાનુ નથી, પણ એક સ્વભાવ જ એવો છે કે-એક નારકી જીવ બીજાને મારે, છેદે, અપમાન કરે. નસાડી દે અને અનેક હાથ-પગના ગુદ્દા મારે જો આ જીવો મિત્રતાથી રહે, તો આ સંગ્રામપીડા તો ટળી જ જાય, પણ એવું જ્ઞાન તેઓ ક્યાથી લાવે ? તીવ્ર કષાયો ભાન ભૂલાવે જ છે આ સાત નારકીઓ પૈકી ત્રણ નારકીની ભૂમિમાં પરમાધામીઓ હોય છે. એટલે કુતૂહલથી-એક સ્વભાવથી આ જીવોને લડાવે છે, કાપે છે, વહેરે છે, અગ્નિમા ભુંજે છે, દુર્ગંધમય વૈતરણી નદીમા નાંખે છે અને અસિપત્રો-તીક્ષ્ણ છૂરીઓ જેવા વનોમા ચલાવે છે.

વળી આકાશમા ઉછાળીને તેઓને નીચે ભાલાઓ ઉપર ઝીલી લે છે અને ગરમાગરમ તપેલા લોઢાની પુત-

બીઓને આલિંગન દેવરાવે છે. આ વેદનાઓ લગભગ નિરંતર ચાલે છે જેમ શિકારી રાજાઓ વનમા પશુ-પંખીઓને નસાડી-ભગાડીને મારે છે અને તેથી તેઓને ત્રાસ થાય છે, ચીલ્લાય છે તેથી તે રાજાઓ ખૂશ થાય છે અને પોતાના સ્વબળને પ્રશંસે છે, તેમ આ પરમાધામીઓનો પણ આવો વિચિત્ર સ્વભાવ હોવાથી આ નારકીના જીવોને ત્રાસ પમાડીને અત્યંત રાજી થાય છે. તે બીચારા ! જ્યારે ભૂખ લાગે ત્યારે ખાવા માગે છે, એટલે તેનુ જ શરીર કાપીને પરમાધામીઓ તેઓને ખાવા આપે છે. પાણી માગે ત્યારે દુર્ગંધીમય વૈતરણીનું જલપાન કરવાનું કહે છે. નારકીના જીવોને ભૂખ-તરસ એટલી બધી હોય છે કે-તેઓ દુનિયાભરનું પાણી પી જાય અને જગતભરનું ખાણું ખાઈ જાય તોય તૃપ્તિ થાય નહિ તીવ્ર અશાતાનો આ ઉદય હોય છે નારકીના જીવોને નપુંસકવેદનો જ માત્ર ઉદય હોય છે, જેથી વેદની વેદના પણ તેઓ અસહ્ય સહે છે ત્યા વેદોપશાન્તિ માટે સાધન જ હોતું નથી આ નારકીને ક્ષેત્રોત્થિત વેદના પણ ગજબ હોય છે ત્યાંની ભૂમિ એવી ગરમ અને ઠંડી હોય છે કે-લાખ યોજનનો લોખંડનો ગોળો હોય તે પણ પીગળી જાય છે, એટલે આ જીવો જમીન ઉપર પણ શાન્તિથી રહી શકતા નથી અર્થાત્ આ સ્થાન પૂરેપૂરા મહા હિંસક પાપીઓના પ્રાયશ્ચિત્તો માટે જ હોય એવું છે.

છેદાવું, ભેદાવું, કકળાટ કરવો, મુખનાં વલણાં મારવા અને દુઃખથી મુઝાવુ-આ બધુંય પરાકાષ્ઠાનું અહીં હોય છે, જેથી

અને દુર્ગંધીમય એ રક્તવીર્યમાં નિવાસ કરતા ક્રમશઃ માંસપેશી બને છે તથા ધીમે ધીમે વધે છે જ્યારે તે પાંચ-સાત માસનો થાય, ત્યારે અંગોપાંગો અને પંચેન્દ્રિયના બાહ્ય સાધનો ફૂટે છે ત્યાં પણ દુર્ગંધીમય સ્થાન છે, ઘોર અંધારૂં છે, ગંદો આહાર કરવો પડે છે, તેમજ ઉંધા મસ્તકે નવ માસ તો લટકવું પડે છે વળી જો પાપનો ઉદય હોય, તો માતાને રોગો લાગુ પડતાં પોતે પણ તે રોગાકૂળ ગર્ભમાં જ બને છે પ્રથમ આ ભવમાં માતાના ગર્ભનું અગણ્ય દુઃખ જીવને ભોગવવું પડે છે જેનો પ્રારંભ જ દુઃખથી તેનું પરિણામ સુખમય ક્યાથી હોય ? ગભાવાસમા પરવશતાથી ભૂખ-તૃષાની પીડા પણ આ જીવને અસહ્ય સહવી પડે છે

આ માનવભવમાંય પણ જો સમ્યગ્દર્શન-જ્ઞાન ન હોય, તો તે માનવનેય પણ ઇષ્ટ સંયોગ અને તેની રક્ષોપાયની ચિંતા, અનિષ્ટ સંયોગ અને તેને દૂર ફગાવવાની ફીકર, ઇષ્ટ વિયોગ અને ઇષ્ટિ મેળવવાની પુન ઉપાધિ-આ ત્રણેય પીડાઓ પ્રાણીઓને આકૂળતા પેદા કરે જ છે માનવજીવનમા જો કોઈ પુણ્યનો ઉદય હોય, તો કદાચ શાતાવેદનીયનો ઉદય આવે છે, પણ એ શાતાવેદનીયના ઉદયને ભોગવતાં માનવી ભાન ભૂલીને એ ભોગવિલાસોમા ગળાડૂબ થઈ જાય, તો પછી વિવિધ રોગોનું ઘર બની જાય છે.

બાલવય તો રમતમાં-નાદાનિયતમાં અને ખેલમાં વ્યતીત થઈ જાય છે. જરા સમજુ થાય અને યુવક બને,

એટલે ઇંદ્રિયોની ખણુજ શરૂ થતાં તે સુંદરમાં સુંદર લપસણા વિષયોને યોજે છે તે તરલાક્ષી તરુણીઓના તાનમાં તરબોળ બની જાય છે, પછી ભોગોની સામગ્રી ભેગી કરવા માટે ધનાશા સેવે છે અને ધનપ્રાપ્તિ માટે મૃત્યુના સાટે પણ પુરૂષાર્થો ખેડે છે મોટા પુરૂષાર્થો પછી અને ઘણો કાળ આશા-તૃષ્ણાની આગમા સળગ્યા પછી જો-ભાગ્ય ભૂલાયેલું હોય, તો તે પોતાના ધનને ગુમાવી બેસે છે અને તેને રોદણા રડવા પડે છે પાચ-પચીશ વર્ષની યુવાની, આસક્ત માનવીને ભયંકર ભોગની ભઠ્ઠીમા સળગાવી મૂકે છે અને પછી ઈચ્છા હોય કે ન હોય તો પણ જરાવસ્થા છવાઈ જ જાય છે હવે પેલી યુવાનીની મસ્તી અસ્ત થઈ ગઈ એ સામર્થ્ય, એ ઘમંડ. એ પાવર, એ સત્તા, સઘળુંય ભર્યા બજારમા લૂંટાઈ ગયું. હવે બીચારો ધર્મહીન પ્રાણી માનવભવમાય દુખી છે-દુઃખાનુભવ કરે છે જ્ઞાનીઓ દર્શાવે છે કે-માનવજન્મ એ રત્નદ્વીપ જેવો છે, પણ આપણો જેમ રત્નદ્વીપમા આવ્યો છતા રત્નોને મેળવી શકતા નથી અને ભ્રમથી-મિથ્યાજ્ઞાનથી રત્નોને બદલે કાકરા, પથરા ઉપાડીને સ્વદેશમાં પાછો આવે છે. એટલે એની બેકારી દરિદ્રનારાયણાવસ્થા ક્યાથી ફીટે ?

મતલબ કે-માનવગતિ રૂપ રત્નદ્વીપમા આવેલો પ્રાણ્ય જ્ઞાન વગરનો હોવાથી આપણો જીવ દર્શનાદિ રત્નને છોડી, ભોગ આદિ કાંકરાઓને ભેગા કરી ગત્યન્તરમા દુઃખ રૂપ દરિદ્રાવસ્થા કાયમ રહે છે અર્થાત્ તેનું દુઃખ ટળતું નથી.

માનવભવમાં આવેલો માનવી જો વિવેક, શ્રદ્ધા અને આચરણશુદ્ધિમાં યોગ્ય પ્રયાસ ન કરે, તો એ માનવી ભીખારીની જેમ અન્ય ગતિઓમાં રવડી જાય છે. પછી પુનઃ ઘણા જ લાંબા કાળે પાછા આ ઉત્તમ દેવદુર્લભ ભવમાં આવે છે. ત્યાર બાદ પણ તે જો તત્ત્વને ન સમજે, તેને સદ્‌ગુરૂનો સંયોગ ન મળે અને તે સમ્યગ્‌દર્શન ન પામે, તો પાછો ભવચક્રના ચક્રાવામાં તે અટવાય છે. આ વાતનો આ નીચોડ છે જેમ તિર્યંચગતિમાં અને નારકગતિમાં દુઃખ છે, તેમ માનવયોનિમાં પણ દુઃખ જ છે જડ પદાર્થોનો પ્રેમ જ્યાં સુધી નહિ મૂકાય, ત્યાં સુધી સંસારમાં સુખને શોધવું એ ભયંકર કાતીલ કરણી જ છે.

આ સંસારના ચાર વિભાગો છે, તેમાં તિર્યંચો, નારકીઓ અને માનવીઓ ક્ષણિક સુખો માટે વલખાં મારે છે અને તેની પાછળ તનતોડ જીવલેણ પુરૂષાર્થો ખેડે છે, તેમજ ભયકર આરંભો કરીને સુખ મેળવવા માટે મથી રહ્યા છે, પણ તેઓનું સામર્થ્ય જોઇએ તેવું હોતું નથી અને પુણ્યમાંય એટલી કુંઠિતતા હોય છે, કે જેથી જડ સુખોની પણ પૂરી અનુકૂળતા તેઓ મેળવી શકતા નથી.

દેવગતિ :

દેવગતિ આમ તો પુણ્યપ્રકૃતિથી જ મળે છે. તેમા ઊંચા દેવો, ઇન્દ્રો અને મહેન્દ્રોના પદો–સ્થાનો તો જો ઉગ્ર તપ કર્યો હોય અને પુષ્કળ પુણ્યનાં નિમિત્તો મળ્યા હોય, તો એ સ્થાનો–પદો મળે છે. જો કે શ્રી

તીર્થંકરદેવોએ તો એ સુખોને પણ નાશવંતા, ચંચળ અને દુઃખજનક જ જણાવ્યાં છે, કારણ કે—એ સુખો આત્મસ્વભાવનાં નથી પણ વિભાવભાવનાં જ છે અને તેય અચિર અને અસ્થિર છે તેમાંય દેવોને અને દેવેન્દ્રોને પણ અપૂર્ણતા દેખાય છે, કારણ કે—ભાડુતી મકાનમાં રહેનારાને સ્વગૃહનિવાસ જેટલી તો નિશ્ચિંતતા ક્યાંથી હોય? આ પ્રશ્ન ઘણો જ મહત્ત્વનો છે.

ગમે તેટલા મનોરમ વિલાસો હોય, ગમે તેવી રૂપ-રૂપના અંબાર જેવી દેવાંગનાઓ હોય, ગમે તેવા પાંચેય ઈન્દ્રિયોને લોભાવનારા સુંદર વિષયોની સામગ્રી હોય અને ગીતનાદની પણ પરાકાષ્ઠા હોય, તે છતાંય આ દેવો—ઈન્દ્રોનેય એ સુખો છોડીને વીલખા મુખે ત્યાથી ભ્રષ્ટ થવું જ પડે છે એ દુઃખ તો અપાર હોય છે, કારણ કે—જે ભવમા અતિ મોહ—મૂર્છાનાં સાધનો વધારે હોય તે છોડતાં જીવને વલોપાત તો થાય જ ને? પરન્તુ તેમા સમ્યગ્ દર્શની દેવોને જ શુભાધ્યવસાય હોવાનો સંભવ રહે છે. બાકી દેવો અહીં વૈક્રિયલબ્ધિના પ્રતાપે અનેક સુખોના આસ્વાદો લે છે અને મનમાન્યા સાધનો મેળવી શકે છે. અહીં ધનની કે અન્ય પદાર્થોની ઓછાશ નથી અને તે મેળવવા માટે મથવું પડે એવું નથી, કારણ કે—દેવદ્રુમો મનોભિલષિત પૂરતા જ હોય છે અહીં દેવસ્થળો અને દેવસ્થળોની ભૂમિનું વાતાવરણ રમ્ય અને આકર્ષક જરૂર હોય છે હવે આ દેવોના આત્માઓમાં મૂટતા હોય છે,

એટલે રાગ-દ્વેષનુ અહીં પણ જોર પ્રસરે છે. દેવોનેય ભોગાશાના રોગો તીવ્ર લાગેલા હોય છે. એ રોગોનો જ્યારે ઉદય થાય, ત્યારે તેઓને પાચેય ઈન્દ્રિયોમાં અને મનમાં પીડા થાય છે અને તે પીડાનો પ્રતિકાર કરવા દેવો લલચાય છે પછી વિષયાભિલાષાના દવમાં તેઓ સળગે છે. પરન્તુ તેઓને એટલુ સુઝતુ નથી કે-આગને વધારવા માટે જેમ કોઈ ઘાસલેટનો ઉપયોગ કરે, તેમ વિષયોની ખણજ વિષયોપશાન્તિથી કરવાને બદલે તેઓ વિષયોમાં લીન બની જાય છે, એટલે તે દેવો પણ અપ્રાપ્તને પ્રાપ્ત કરવામાં અને પ્રાપ્ત કરેલાના રક્ષણમાં ચિંતામગ્ન જ હોય છે વળી કોઈક દેવો કોઇ દેવની રૂપગર્વિતાઓને ઉપાડી જાય છે અને એકબીજા સાથે મારામારી કરે છે-મોટા યુદ્ધો ખેલે છે અને અંતે ઈષ્ટવિયોગના દુઃખને સહે છે. આ વેદનાઓ-કલહો, પ્રપચો અને ઈર્ષ્યાઓ અહીં પણ ભરેલી છે જેમ સામર્થ્ય વધારે, તેમ મદ અને માન પ્રચંડ હોય અને તેનું દુઃખ પણ દાવાનળ જેવું જ હોય.

દેવતાઓનું આયુષ્ય જઘન્યથી દશ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમનું છે. અહીં ભવનપતિઓ અને વાણવ્યંતરો વિશેષ કુતૂહલી હોય છે અને હાસ્યમા મસ્ત રહેનારા છે આ દેવોને ઉપરના દેવો કરતાં કષાય અને વિષયરાગ વધારે હોય છે, જ્યારે વૈમાનિક દેવોમા આ દેવનિકાય કરતા કષાયો મંદ હોય છે અને વિષયો પણ ઓછા હોય છે જેમ ઉપર ઉપરના દેવલોકમાં દેવો છે,

સાંપડે છે અને કર્મના અભાવથી જ મોક્ષ થાય છે શ્રી જિનેશ્વર ભગવંતોએ કર્મના અભાવ થવાના પણ અનેક સાધનો દર્શાવ્યાં છે જેમ મલિન વસ્ત્રોને સ્વચ્છ બનાવવા માટે ખારના ગરમ પાણીમાં પલાળવા પડે છે, તેમજ ઝીકી ઝીકીને ધોવા પડે છે અને પછી જ તે મેલરહિત બનતાં સ્વભાવથી જ ઉજ્જવળ બની જાય છે, તેમ આત્મા અનાદિનિધન, કર્મમળથી બંધાયેલો છે. તેને કર્મથી જુદો કરવા માટે યોગનિરોધ, ઇન્દ્રિયદમન, ઉગ્ર તપ અને સંયમપાલનની આવશ્યકતા છે. કર્મબંધનોનો સર્વથા અભાવ થયા સિવાય સાચું સુખ મળતું જ નથી તે કર્મબંધનોથી રહિત બનવા માટે શ્રી જિનદેવોએ માર્ગ દર્શન કરાવ્યું છે કે–માનવજીવન જેવું કર્મમુક્તિ થવાનું અન્ય કોઈ જ કેન્દ્ર નથી

આશા :

દુઃખનું મૂળ અભિલાષા છે. પ્રત્યેક ગતિના જીવોને સુખાભિલાષા મંદ અગર તીવ્ર હોય જ છે, એમા જરાય સંશય નથી. જ્યા શરીર છે ત્યા જીવ શાતા ચાહે છે પછી ભલે તે સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય અને એકેન્દ્રિય હોય કે આગળનો હોય, પણ સઘળાયને શરીર હોય છે માટે સુખેપણા છે સ્પર્શેન્દ્રિયવાળો જીવ એકેન્દ્રિય કહેવાય છે તેને દુખ અને કષાયોની તીવ્રતા હોય છે, પણ શક્તિ ન હોવાથી તે પ્રગટ કરી શકતો નથી અવ્યક્ત રીતે તે સઘળુંય દુઃખ વેઠે જ છે

જીવના પર્યાયોને સત્ય રૂપ માનવા માટે આત્મા પ્રેરાય છે, તેમજ પોતાના નથી પણ સ્વજનો, ધન, ઘર, કુટુંબ–આ સઘળાયને પોતાના માનવા માટે જીવ લલચાય છે વિભાવ ભાવ, વિકાર–આ સઘળુ ય આ કર્મોદયને જ આભારી છે. ચારિત્રનો અંતરાય, સમ્યક્ત્વની અપ્રાપ્તિ અથવા શુદ્ધ તત્વો પ્રત્યે શંકાશીલતા આ કર્મના ઉદયથી જ થાય છે ક્રોધ માન, માયા, લોભ, ત્રણ વેદ અને હાસ્યાદિક ભાવો આ મોહનીયકર્મના ઉદયથી જીવમાં પ્રવર્તે છે ચારિત્રમોહનીયકર્મના પ્રબળ ઉદયથી જીવમા રાગ અને કષાયો ઉત્પન્ન થાય છે સંસારના કર્મબંધનનું આ જ મૂળ છે મોહનીયકર્મના ઉદયથી જીવમાં જડ અને ચેતનામય પદાર્થો ઉપર રાગ, દ્વેષ, તિરસ્કાર અને પ્રીતિ જન્મે છે. આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોડાકોડી સાગરોપમની અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. આ મોહનીયકર્મના ઉદયથી જ અનંતસંસારનું ભ્રમણ આત્માને પુનઃ પુન. કરવું પડે છે આઠેય કર્મનો નેતા અને સર્વોત્કૃષ્ટ સ્થિતિવાળું આ જ કર્મ છે મોહને જીતાયો એટલે જીતના નગારા વાગે છે. ક્ષીણમોહી આત્મા જ મોક્ષાધિકારી બને છે. મદ્યપાન કરેલા માનવીની જેવી દુર્દશા થાય છે, તેવી દુર્દશા આ મોહનીયકર્મના પ્રબળ ઉદયથી થાય છે

૫–આયુષ્યકર્મ–આ કર્મનાં દળીયા જીવને, દોરીએ બાંધેલા બળદીયાની જેમ આયુષ્યનો બંધ કરાવે છે. આ કર્મ હેડમા (બેડી) બાંધેલા કેદીની જેમ બંધનમા રાખે છે.

જીવ જેવા પરિણામ અને અધ્યવસાય ધ્યાવતો હોય, તેવી ગતિના આયુષ્યનો બંધ જીવ સાથે ગાઠની જેમ પડે છે. જન્મ અને મૃત્યુનું કારણ તો આયુષ્ય જ હોય છે જેમ જુનુ વસ્ત્ર બદલીને નવુ વસ્ત્ર પહેરાય છે, તેમ આયુષ્ય પૂર્ણ થતા જન્માન્તરમા નવા શરીરને જીવ ધારણ કરે છે અને મૃત્યુ થતા જીવ તે બાંધેલા આયુષ્યવાળી ગતિમા ઉત્પન્ન થાય છે આયુષ્યકર્મના દળીયા બે પ્રકારના હોય છે એક સોપક્રમ અને બીજું નિરૂપક્રમ દેવો, નારકીઓ, ચરમદેહી જીવો ઉત્તમ પુરૂષો અને અસંખ્યાત વર્ષાયુષીને નિરૂપક્રમ આયુષ્યનો બંધ થયેલો હોય છે, કે જેથી કર્મના દળીયાં પૂરા ભોગવ્યા પછી–નિર્જર્યા પછી જ તે ગતિમાથી તેનો છુટકારો થાય છે સોપક્રમાયુષ્યવાળાઓ ઘાતનુ કે અન્ય જીવલેણ નિમિત્ત મળતા મૃત્યુ પામે છે અને તે ગતિના આયુષ્યને ખપાવી નાંખે છે. આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની હોય છે આયુષ્યકર્મ પૂરૂં થયા પછી કોઈ પણ વ્યક્તિ પોતાનું આયુષ્ય એક ક્ષણ પણ વધારી શકતી નથી

૬–નામકર્મ–આ કર્મના ઉદયથી જીવને શુભ–અશુભ પ્રકૃતિઓનો ઉદય આવે છે શરીર. અંગોપાંગ. ઈન્દ્રિયો. મન. વચન તેમજ અન્ય સર્વની જે પ્રાપ્તિ થાય છે. તે નામકર્મના ઉદયથી જ થાય છે ગતિ અને આનુપૂર્વીનો પણ નામકર્મની પ્રકૃતિઓમા જ સમાવેશ થાય છે આહાર. [illegible] હાડ, માંસ. રૂધિર. પ્રમાણોપેત અંગોપાંગ [illegible]

આદિ વ્યવસ્થિત રીતિએ યોજના કરવામાં આ કર્મનાં દળીયાં કાર્ય કરી રહેલ છે આ કર્મની સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમની અને જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્તની હોય છે આ કર્મ ચિતારાની ઉપમાવાળુ' છે,એટલે કે–તે યોગ્ય સ્થાનમાં શરીરના અવયવોને ગોઠવવાનુ' કાર્ય કરે છે. આ કર્મ દરેક જાતિમાં હોય છે અને તેનો ઉદય જ સ'સારમા શરીરધારણનુ' કામ કરે છે

૭–ગોત્રકર્મ–આ કર્મના ઉદયથી પ્રાણીઓનો નીચ કે ઉચ્ચ ગોત્રોમા જન્મ થાય છે. મદ કરવાથી, કુલાભિમાન કરવાથી અથવા અન્ય સત્તાનો મદ કરવાથી આ નીચ ગોત્રમાં–ગર્હ્ય કુલોમાં જન્મ ધારે છે મુનિનિ'દા,ધર્મનિ'દા અથવા ધારેલાં વ્રતોના પાલનમાં અનાદર કરવાથી નીચ ગોત્રનો બ'ધ થાય છે. શ્રી તીર્થ'કરદેવોના ગુણો ગાવાથી,ગુણીના ગુણોનુ' અનુમોદન–પ્રશ'સા કરવાથી અને નિર્મળ વ્રતોનું પાલન કરવાથી જીવને ઉચ્ચ ગોત્રકર્મ બ'ધાય છે આની સ્થિતિ ઉત્કૃષ્ટ વીસ કોડાકોડી સાગરોપમની અને જઘન્ય આઠ મુહૂર્તની છે આ કર્મ કુ'ભારના ઘડાની જેમ નીચ–ઉચ્ચતાના ભેદોને પાડવામાં નિમિત્ત બને છે

૮–અ'તરાયકર્મ–આઠેય કર્મોમાં આ છેલ્લુ' કર્મ આઠમુ' છે આ કર્મના ઉદયથી પ્રાણીઓને ઇષ્ટપ્રાપ્તિમાં અ'તરાય થયા કરે છે અને વિશેષ અ'તરાયકર્મના ઉદયથી સામગ્રી પુષ્કળ હોવા છતાંય જીવને, અ'તરાયના ઉદયથી દાન કે એવું અન્ય કોઈ કાર્ય બની શકતું નથી. અ'તરાય

કર્મનો ઉદય જ પુરૂપાર્થહીન કરનાર હોય છે આ કર્મનો ઉદય જાગતાં લાભમા વારંવાર અંતરાય–બાધકતા થયા જ કરે છે દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય–આ પાચે-માય અનગાય પેદા કરાવનાર આ કર્મના દળીયા હોય છે આ કર્મના ક્ષયથી અનત સામર્થ્ય પેદા થાય છે. આ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમની અને જઘન્ય સ્થિતિ અન્તર્મુહુર્ત્તની છે આ કર્મને શાસ્ત્રોમા ભંડારીની પણ ઉપમા આપી છે દાતારી દાન કરવા ઈચ્છતો હોય, પણ ભંડારી ભંડાર ખોલે નહિ અને કોઈ ચીજ આપ નહિ, તો દાન ક્યાથી કરી શકે ? એવી અતરાય-કર્મની સ્થિતિ છે

અભ્યુદય

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અનરાય– આ ચાર કર્મ ઘાતી કહેવાય છે બાકીના કર્મ અઘાતી છે ચાર ઘાતિકર્મનો ક્ષય થતા અનતજ્ઞાન, અનતદર્શન અનતચારિત્ર અને અનંતવીર્ય જીવને સ્વભાવથી પ્રગટે છે તેમજ અઘાતી ચાર કર્મનો ક્ષય થત જીવ સ્વભાવથી ઉર્ધ્વ ગતિ પ્રાપ્ત કરીને મોક્ષ–સિદ્ધ અવસ્થાને મેળવે છે, કે જ્યા અવ્યાબાધપણુ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું અને અગુરુલઘુ-પણુ–એ ચાર ગુણો જીવને સ્વભાવથી વરે છે એટલે સિદ્ધાવસ્થામા જીવ આ આઠ ગુણોનો ધારક બને છે

આ સ્થળમા સ્વભાવ કર્મોના બંધન નથી ત્યાંથી કોઈ પણ જાતની પીડા, દુઃખ કે અન્ય અવસ્થા છે જ નહી

કે ધાર્મિક નાનાં કાર્યો આવે, ત્યારે આ શેઠ એક પાઈ પણ આપી શકતા નથી અને આપણડાઈ કરીને માગવા આવેલાઓને ખસેડી મૂકે છે.

કહેવાનો મતલબ એ છે કે-આત્મકલ્યાણ કરનાર વ્યક્તિએ દરરોજ એક સરખી ભાવના રાખવી જોઈએ. જીંદગીમાં એક વાર પહોળા થઈ લાખો રુપિયાનો વ્યય કરી નાખ્યો અને બીજા પ્રસંગો આવતાં બદ્ધમુષ્ટિ બની જવું તેથી ધર્મહેલના જેવું થઈ જાય છે.

આજે ધર્માત્માઓએ-આત્મકલ્યાણના પિપાસુઓએ દરેક પ્રસંગે ઉદારતાને તો ચૂકવી નહિ જ જોઈએ. ઉદારતાને તો જીવનના ધર્મતાજનો કોહીનૂર હીરો બનાવી લેવો જોઈએ જ્યાં જાય ત્યા એ ચમકે, કે જેથી લાખો માનવીઓના હૈયામાં એ ઉદારદિલ પુરૂપ પ્રતિ સદ્ભાવ જાગી ઉઠે ! જ્યાં ને ત્યા એ પુણ્યવંત સન્માનને અને સ્વાગતને પામે છે ઉદારતાનો એ પ્રભાવ કે પ્રતાપ છે

અ ધાધુધીના અને માર્ગને વિસરેલા આ જમાનામાં માત્ર બાહ્ય પ્રવૃત્તિઓમા જ કિંમતી જીવન વેડફાઈ જાય છે જેમ જેમ માનવીઓને ભોગવિલાસોના સાધનો વધ્યાં અને મોજશોખની સરલતા અને અનુકૂળતાઓ થતી ગઈ, તેમ તેમ આખુંય જીવન નાટકસુફી, સદૈવ આનંદ અને પાપી પ્રવૃત્તિઓની પાછળ જ નષ્ટભ્રષ્ટ બની જાય છે

એક દિવસના ચોવીશ કલાકો અને તે કલાકોની જો કારવાઈ જોવાય તો પ્રશસ્ત અને પુણ્યના કલાકોની

તો મિનિટોય શોધી નહિ મળે! મુસાફરી પણ જરૂર સિવાયની રોજબરોજ વધતી ચાલી છે માનવપ્રાણીને નિરાંત કે શાન્તિ જેવું તત્ત્વ દેખાતું જ નથી જ્યા ને ત્યા અસંતોષ, અધીરતા કે લોલુપતાની ઉંડી ખાઈમા ઉતરેલો જમાનો અને જમાનાના માનવો ઢગબધ દેખાઈ આવે છે ખોટી ખટપટો, ખોટા બખેડાઓ, ખોટી વાતચીતો, ખોટા પ્રચારો, ખોટા ભ્યાનો અને ખોટા આડબરો —આ બધુય આ જમાનાની ખાસીયતો છે

કોઈ પણ એમ નથી કહેતો કે—અમો નવરા પડયા છીએ ચોવીશેય કલાક એક મશીનની જેમ પ્રવૃત્તિ ઘેલાઓ દોડયા જ કરે છે મશીન પણ ઘણુ તપતા વિરામ પામે છે. પણ મરણપર્યંત આજે તો માનવીઓને શાન્તિનો શ્વાસ કે દમ દેખાતો જ નથી તેઓ શાન્તિ મેળવવા ઇચ્છે છે. પણ એક પછી એક ચિંતાઓ, વ્યથાઓ, આફતો અને જરૂરીયાતની ચીજો ભેગી કરવાની હાડમારીઓ એવી ઉભી થઈ છે કે—માનવો મર્કટો બની ગયા હોય એવું દશ્ય પ્રત્યક્ષ દેખાઈ આવે છે! કોઈની સાથે કોઈ આનંદથી વાતો કરતો દેખાતો જ નથી પૂછપરછમાય કંટાળો, દુઃખ અને ટીટકાર જ દેખાય છે

આજે આ દશા કેમ બની? અને આ દશા દૂર કરવાના કયા તાત્કાલિક અસરકારક ઉપાયો છે?—એ કહેવું ઘણું જ સહેલું છે, પણ જગત આખાના હૃદયનો અને બુદ્ધિનો પલટો કરવાની જરૂર છે

સુખનાં સુવર્ણ સોપાન

સુખ પ્રત્યેક જીવોને પ્રિય છે સુખ મેળવવા માટે પ્રત્યેક જીવોનો પ્રયત્ન ચાલુ છે. સુખ, સુખ અને સુખની ઝંખનામાં જીવ પ્રતિક્ષણ વિહ્વલ અને વિવશ દશાનો દયાજનક અનુભવ કર્યા કરે છે

અખિલ જીવન પૂરું થવા આવે તોય જીવ, હું સુખી થયો-એવો સંકલ્પ નથી કરતો! પણ જીવનના છેલ્લા શ્વાસે પણ સુખ મેળવવાની તે તીવ્ર અભિલાષા સેવે છે

અધુરીયો, અભાગીયો અને દુઃખીયો જીવ આ મળેલ દુર્લભ અને કિંમતી દેહને તરછોડી પરલોકના અનંત પથનો પથિક બને છે

જે જીવ ધનમાં, સ્વજનમાં, વિશાલકાય વેશોમાં, મોટર કે અન્ય વાહનોની સગવડમાં, પાચેય ઈન્દ્રિયોને રુચે એવા વિષયસુખોના પ્રબંધોમાં અને જડાસક્તિમાં સુખ માને છે કે એની વૃદ્ધિ કરવામા સુખની કલ્પના પેદા કરે છે, તે જીવ બીચારો સઘળુંય મળ્યા પછી અને સંપૂર્ણ સગવડો સાપડ્યા પછી પણ, હું દુઃખી છું, હું અધુરો છુ અને હુ અભાગીયો છુ એ વિકલ્પોને છોડી શકતો નથી, કારણ કે-મળેલામા તેને સંતોષ નથી! તેમજ મળેલાની નાશ થવામાં ચિંતા છે નવું મેળવવાની તૃષ્ણા અને મળેલું નાશ થવાનો ભય-આ બન્નેય જીવને સતાવે છે, ચિંતાની ચિતામા સળગાવે છે અરે! લાખો વર્ષો સુધી અનંત-

ફરયા આવે છે, પણ કાંઈ બેઠા બેઠા સુખ મળતું નથી.

જુઓ મેં એકલા હાથે, બુદ્ધિકૌશલ્યથી, ચાલાકીથી અને મુત્સદ્દીપણાની હાલાકીથી કેવો હતો અને કેવો બન્યો? જો મારી પાસે ચાર બંગલા છે, મોટા મોટા શહેરોમાં ચાર-પાંચ પેઢીઓ ચાલે છે અને ઘરમાં મોટરો, નોકરો તથા તમામ જાતની સગવડ છે. આ મારી મહેનતનું ફળ છે. અભિમાનમાં અક્કડ બનીને, ખુંખારો ખાઈને અને દમ મારતો આ ધની-માની, પોતાના વૈભવો, વિલાસી સાધનો અને સાહ્યબીઓની ગણત્રી કરી નાખે છે જાણે કોઈ પરમ ભક્તની શ્રદ્ધાથી પ્રભુનું નામસ્મરણ કરવા માટે તદાકાર બનીને એકરૂપ ન બન્યો હોય!

આમ પેલા દરિદ્રનારાયણ બંધુનો બોલવાનો વારો જ ન આવે! એ મીજાજતંડી મહાશયનું પુરાણ આપબડાઈ હાંકતું પૂરૂં થતા, પેલો જુનો મિત્ર કહે છે કે-બંધો! તમો કાંઈક ટેકો આપો તો હું પણ આગળ વધું!

આથી પેલા શેઠનું મુખડું કરમાઈ જાય છે દોઢ શેર એરંડીયું પીધું હોય એવું મુખ રાખીને અને ડાવકા ચહેરે તે શ્રીમંત બોલે છે કે-સાંભળ, સાચું કહુ તો તું જ સુખી છે હું તો સુખે ખાતો નથી અને સુખે ઉંઘતો નથી અરે! ચોવીસેય કલાક અફ્સોસ, ફીકર અને વિહ્વળતાની ગોદમાં હું બેઠેલો છું.

ધનમા મન અને તન મેં હોમી દીધા છે તૃષ્ણા અને ભય એ બે દુશ્મનોએ મને કારમો ઘા કર્યો છે તુ જ બોલને કે-પહેલા હું કેવો તંદુરસ્ત હતો! હવે મને બોલતાં

સાધનો માનીને તે આંધળીયાં કરે છે, દોટ મૂકે છે અને સર્વ બળ સંગઠિત કરીને સુખાભાસમાં સુખાશાથી વેવલો બનીને તેમાં ગુંચવાઈ પડે છે, પરંતુ અંતે તેને સુખ મળતું નથી. સુખના સાધનો જ્યારે વિપરીત રૂપ પકડે છે, ત્યારે ઝુરી ઝુરીને અને દુર્વિકલ્પો કરી કરીને તેની રોતલ શીકલ બની જાય છે

તે સુખ અને સુખસાધનો પ્રત્યે કંટાળતો નથી, પણ વધારે હામ ભીડીને તથા વધારે સાધનો ભેગાં કરીને સુખસંચય કરવા મથામણ કરી મૂકે છે. પાછો સુખ ન મળતાં, તે ગભરામણથી મુંઝાઈને અને મૂર્છા ખાઈને જમીન ઉપર પટકાઈ જાય છે તેનુ હાર્ટ કંપવા માંડે છે, તેને લોહીનું દબાણ થાય છે, તેની નાડીઓ નરમ પડે છે, તેના ગાત્ર કૃશ થાય છે, સ્વજનોની સાથે તે મહાભારતનો મોરચો માંડી દે છે અને નોકરો ઉપર પણ જોહુકમી બજાવે છે. આ સઘળુંય સુખાભાવમા સુખાશાની મથામણ જ પેદા કરી મૂકે છે.

સુખ જરૂર જોઈએ છે. સુખ એવુ જોઈએ છે કે- દુઃખના લવલેશના પણ તેમા ભેળસેળ નથી જોઈતા ! તે સ્થિર રહે, સુખાનુભવ કરાવે, ભોગાતા સુખ. ભોગવતાં સુખ અને નવા નવા સુખના ફણગા ઉત્પન્ન કરે ! એવું સુખ જડસંગથી ત્રણેય કાળમા જીંદગીઓની જીંદગીઓ વિતી ગઈ છતાં કોઈનેય મળ્યુ નથી અને મળવાની આશા પણ નથી

માનવને જ્યારે કમળાનો રોગ થાય છે, ત્યારે શ્વેત પદાર્થો પણ પીળા દેખાય છે અને લોઢ પણ કંચન જેવું લાગે છે જેઓને કમળાનો રોગ નથી, તેઓ લોહ અને

ભૌતિક સુખો ક્ષણિક છે, અસ્થિર છે, ત્રિવિધ વિકલ્પ-જનક છે અને દુઃખના બીજાધાન જેવા છે ભૌતિક સુખોની જેટલી કામના-ઈચ્છા મરે, તેટલો જ આત્મવિકાસ અને મનોવિકાસ મેળવાય છે. મનોનુકૂળ સંયોગો હોય કે ન હોય, પણ આત્માને સમતોલ વૃત્તિથી રહેવાની ટેવ પડી જાય છે પછી ગમે તેવા સંયોગોને સહજ સ્વભાવથી તે સહી લે છે-અનુકૂળ કરી લે છે. પામરમાંથી પરમાત્મા અને માનવમાંથી દેવ બનાય છે પામરે પણ પામરતાને ફંગાવવા માટે સાચું તત્ત્વજ્ઞાન મેળવવું જોઈએ !

ભૌતિક સુખાસ્વાદો માનવીને મુગ્ધ બનાવે છે ભૌતિકવાદનુ આજે જોર વધી રહ્યુ છે ભૌતિકવાદના વટોળે ચઢેલો આત્મવાદ, અધ્યાત્મવાદ કે તત્ત્વવાદને માનવા કે સમજવા માટે તૈયાર થતા નથી

દારૂડિયાને દારૂ પીધા પછી ક્યા ભાન રહે છે કે-હું અત્તરમા છું કે ગટરમા છુ? જ્યારે મદ્યપોને નસો ઉતરે છે, ત્યારે સમજાય છે કે-દારૂના નશામાં મે મારું ઘર બાળી નાખ્યુ!, મેં મારુ ધન પરકાને આપી દીધું! અને મેં મારા રાજાના જ માથા ફોડ્યા! પરન્તુ હવે રોવાથી શું થાય?

તેવી રીતિએ મોહાધીન-મદાન્ધ આત્મા વિકૃત સ્વરૂપના જોરથી ભૌતિક ભ્રમણાની જાળમા ફસી જાય છે અને સ્વને જ હણે છે તથા સ્વનું જ સ્વત્વ ગુમાવે છે અને પછી તે પસ્તાય છે.

તેને આત્મા, આત્મતત્ત્વ અને આત્મગુણ સ્વપ્નામાંય સ્મૃતિપટાંકિત થતું નથી

બાહ્ય સુખોનો ત્યાગ એ જ આત્મગુણનો વિકાસ છે. બાહ્ય સુખોની જેટલી પ્રીતિ કે રાગ તેટલી જ આત્મગુણની વંચના છે અફર અને અડગ રહ્યા સિવાય મન વશ થતું નથી! લાખો સુખના સાધનો બાહ્ય ભાવથી લલચાવે, પણ મન તો અડગ–જરાય ચલિત બનતું નથી!

રમા અને રામા એ બે જ આત્મારામને ભૂલાવી, આન્તરંગી વૈષયિક સુખાસ્વાદની જ્વાળામાં પતંગીયાની જેમ આત્મજ્ઞાનને બાળીને ખાખ કરી નાંખે છે રેશમી કપડાથી ઢાંકેલા અને દુર્ગંધવાળા ગટરના પાણીથી ભરેલા સ્વર્ણના કટોરાને, કોઈ મૂર્ખ ઉપરના ભભક અને આટોપથી મોહાઈને તેનુ પાન કરવા માટે લોભાઈ જાય છે, પણ કપડું દૂર થતા, તે કટોરો ભલે સુવર્ણનો હોય તો પણ દુર્ગંધથી માઠી અસર થતા, તે વ્યક્તિ તેથી દૂર ભાગે છે અને તે કટોરાને ઘૃણાની નજરે દેખે છે. લાખો રૂપિયાનું દાન આપવા છતા તે કટોરાના પાણીને તે ન જ પી શકે!

તેવી જ રીતિએ વિષયસંગી જીવલડા–ચેતનરાજ ઉપરની ચામડીના કે મધુર વચનવિલાસોના ભભકાથી લોભાઈ જાય છે, પણ અંદરના પુદ્ગલોનો વિચાર કરે અને પૌદ્ગલિક સ્વભાવની ચિંતવના કરે, તો આ ભૌતિક-પૌદ્ગલિક પ્રત્યક્ષ પદાર્થો ઉપર એકાકારતા કે મમત્વબુદ્ધિ ન જ પેદા કરે!

'यत्र स्नेहो भय तत्र. स्नेहो शोकस्य कारण।
स्नेह मूलानि दुःखानि. तस्मिस्त्यक्ते पर सुखम'

જ્ઞાની ભગવંતો ના સ્પષ્ટ શબ્દોમાં પોકાર છે કે જ્યાં સ્નેહ છે, ત્યાં ભય અને શોક છે દુઃખોનું મૂળ પણ સ્નેહ છે અને સ્નેહ ગયા પછી પરમ સુખ મોક્ષ તો મળી જ જાય છે

અખિલ વિશ્વના જીવોને આ તો ઘરગથ્થુ અને અનુભવગમ્ય વાત છે કે-જે પદાર્થ મમતાના તાબામાં પડે તે પદાર્થના નાશનો ભય પેદા થઈ જ જાય છે અને સંરક્ષણની ભાવના તે અંગે જ હોય છે વળી સ્નેહનો કે રાગ જે પદાર્થ પ્રતિ જાગ્યો કે તરત જ તેના પડઘા શોક, ચિંતા અને રુદન ઉત્પન્ન થઈ જ જાય છે

અનિષ્ટ ભાસતા જ નથી. ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ બહિરાત્મભાવ જ પેદા કરે છે

મહાપુરૂષો તો પરમાર્થવેત્તા હોવાથી પરમાર્થદર્શન કરાવતા જણાવે છે કે–સ્નેહરાગ તજવાથી જ પરમ સુખ સહજ મળી જાય છે આત્માનુભવ જે યોગીશ્વરોને થયો છે, તેઓ દેવાંગનાઓના સૌંદર્યને કે તેના હાવભાવ-વિભ્રમ વિકારોને અથવા સૌંદર્ય નીતરતા રૂપની રમ્યતાને એક ભયંકર સર્પના ફણાટોપ જેવા ગણીને તેને તરછોડે છે અને તેથી જરાય આચ કે કંપ અનુભવતા નથી. તેને તેઓ વર્ચોઽપવરકની જેમ ઘૃણાસ્પદ માને છે તેથી દૂર થાય છે અને તેની ઝણઝણાટી કે તલવલાટ તેઓને જાગતો જ નથી, કારણ કે–પર–પદાર્થનો સ્નેહ તેઓએ છોડયો છે અને તેથી જ તેઓ મહા સુખી છે

'वैराग्यमेवाभयम्' વિશ્વભરમા અભયનુ જો કોઈ પણ સ્થળ હોય, તો વૈરાગ્યકલ્પદ્રુમની નિશ્રા જ છે સંસારનાં જેટલા સુખસાધનો છે એ સઘળાય આજે સુખાનુભવ કરાવે છે, પણ આવતી કાલે એ જ દુઃખજનક બની જાય છે વિશેષ પ્રકારોથી રાગનો અભાવ એ જ વૈરાગ્ય કહેવાય છે

કોઈ વ્યક્તિ કોઈ બગીચા ઉપર મોહ કરે છે કે–મારો બગીચો કેવો મનોરમ્ય છે?, કેવી ફુલવાડી ખીલી છે?, વૃક્ષોની ઘટાઓ કેવી સુંદર જામી છે?, કેવી શીતલ અને સુખપ્રદ છાયાઓ વિસ્તરી છે? અને કેવા મધુર ફળો ખાવાની મઝા પડે છે?

આત્માનુ જે સત્ય, સ્થિર અને આત્યંતિક સુખ છે, તે કદીય વિનાશ થતું નથી, દુ:ખજનક બનતું નથી, તેમજ શોક, સંતાપ કે ખોટી વિટંબનાનેય અનુભવાવતું નથી

વૈરાગ્ય જ એક અભયસ્થાન છે, વૈરાગ્ય જ સુખનિધિ છે અને વૈરાગ્ય જ અનિષ્ટ સંયોગોને સંપત્તિમય બનાવી શકે છે. હુ દુ:ખી છું, હું સુખી છુ, હું શ્રીમંત છુ, હું ગરીબ છુ, હું નિરાધાર છું, હું સ્વજન-પરિવારવાળો છું, હું અસહાય છું અને હુ લાખો ઉપર હકુમત ચલાવું છું,-આ બધી ભાવનાઓ અજ્ઞાનીને જ જન્મે છે

'सुख शेते साधुरनतुविभूतिर्नृपतिरिव ।'

સાધુજનોને જ સાચા સુખી કહ્યા છે ચક્રવર્તીઓના સામ્રાજ્યભોગમાં એ સુખનો લેશ નથી અને એ સુખની છાયા નથી, કે જે સુખ, સંસારવિરક્ત વૈરાગી અને અંતરના ત્યાગી સાધુપુરૂષોને હોય છે.

અતનુવિભૂતિ-વિપુલ વૈભવશાળી સાધુ, મહારાજાની જેમ સુખથી આરામ કરે છે આ શ્લોકપાદનો ભાવ એવો છે કે-સાધુપુરૂષોને અત્યંત વૈભવસંપન્ન કહ્યા છે જો કે દ્રવ્યની વૈભવ-વિલાસોની સત્તા મહાત્માઓ પાસે ગંધ પણ હોતી નથી, છતાય તેઓને વૈભવસંપન્ન કહેવાનું કારણ એ છે કે-તે મહાપુરૂષો જ્ઞાનઋદ્ધિના સ્વામીઓ છે. તેઓ જ્ઞાનજનિત અનેક આનંદવિલાસની મીઠી લહેરીઓ લૂંટતા હોય છે તેઓને રાજભય કે ચોરભય હોતો નથી,

મહાત્માઓ તો રોજ કહેતા આવ્યા છે કે-નવી રોશનીના નવા રિવાજો જો ઘરમાં ઘાલશો તો રોશો!, કુટાશો અને વિના મોતે મરશો. આવું આજે પ્રત્યક્ષ નજર સમે દેખાઈ આવે છે.

જીવનમાં ધર્મતત્ત્વોનો લોપ થતાં આ ખોટી લતો વળગી પડે છે જો ધર્મ હોય તો બજારૂ અભક્ષ્ય પદાર્થો ખાવામાં પાપ મનાવે અને સમય મળતા ધર્મક્રિયાઓ ન થતાં પાપ મનાવે એક પાપનો ભય, ખોટા ખર્ચા અને ખોટી લતોથી બચાવી દેતો, તેમજ ગૃહસ્થને થોડી જરૂરીયાતોમા સુખી જીવન જીવવાની હવા ભરી દેતો

આજે જે ચંચલતા પેદા થઈ છે, તેનું નિદાન મનની નબળાઈ જ છે-એમ માનવું બીલકુલ ઠીક છે, માટે નબળાઈને ફંગોળી દઈને ધર્મારાધનમાં ચિત્ત પરોવી દો, એ જ શુભાશા

卐

સુખેચ્છા

જીવ માત્રને સુખ મેળવવાની અને ઈષ્ટમા રાચવાની ઈચ્છા હોય છે, પણ સાચું સુખ ક્યાથી મળે? જો ઈચ્છાનુસાર સુખ મળતું હોત, તો મોક્ષને ન ઈચ્છે? સર્વસંપૂર્ણ સુખસ્થળ મોક્ષ જ છે સારા અક્ષરો કાઢવાની સૌને ઈચ્છા છે, પણ હથોટી પડી જાય તેવા અક્ષરો આવે છે.

મોક્ષને મેળવવા સૌ ઈચ્છે છે, પણ જેવી ધર્મસંસ્કારની અને મનોવિજયની ટેવ પડે તેવું જ સ્થળ મેળવાય છે.

માનવગતિના વર્તમાન માણસોના વિકાસક્રમની કે આત્મિક ઉત્ક્રાંતિની હકીકત છે, કારણ કે-નારકીના જીવો તો બાપડા એવા દુઃખદવથી બળી-જળી રહ્યા છે કે-તેઓને આત્મવિકાસની વાત જ ક્યાંથી સૂઝે? દેવગણ પણ વિલાસની વિષમ હવાથી એવા તલ્લીન છે કે-તેઓ પણ કદાચ પોતાનો વિકાસ કરવા ઈચ્છે તો પણ પૂર્ણતા સાધી શકતા જ નથી. તેઓનું મન પવનની જેમ અસ્થિર રહે છે, જેથી તેઓને કોઈ નિયમનોની અસર પહોંચી ન શકે અને તેઓ નિયમનો પણ કરી ન શકે! તિર્યંચોનેય પણ વિકાસક્રમની એટલી સામગ્રી નથી હોતી, જેથી તેઓને વિચારણાય ક્યાંથી આવે?

અહીં માત્ર માણસો-માનવો, કે જેઓને કુદરતી જ વિકાસની સામગ્રી મળી છે અને એ સમજીને તેઓ જો સારા માર્ગે વળે, તો તેઓમાં તેવા પ્રકારની પાત્રતા-અધિકાર-યોગ્યતા છે કે પૂર્ણ વિકાસ સાધી શકે છે જો ભૂમિ-ઉર્વરા હોય, તો સર્વ જાતનાં ધાન્યોને તે પેદા કરી શકે છે. માનવની હૃદયભૂમિ ઉર્વરા-પૃથ્વી જેવી તથા સર્વ શસ્ય (ધાન્ય) સંપાદક જેવી રસાળ અને કસવાળી છે જો ભૂમિ ખોટી હોય, તો તેના ઉપર ખેડુત ઘણું ખાતર નાખીને, કૃષિકર્મની તમામ વિધિઓ સાચવે, તેમજ બીજો વાવે અને પાણી સિંચે, તોય અંકુરોય ફૂટવો અશક્ય છે. માનવોમાય જેઓની હૃદય ભૂમિકા ઊંચી હોય, તેઓને જ ધર્માધિકારી અને ધર્મતત્ત્વ-

સંસ્કાર ધન.

માનવલોકનો ઈતિહાસ તો આદિ વગરના કાળથી તે તે કાળજીવીઓ ઘડતા જ આવ્યા છે અને તે પુસ્તકોના પાનાંઓ ઉપર અખંડ રીતે જળવાઈ પણ રહે છે વર્તમાનકાળ પછીના ભવિષ્યકાળમા વિદ્વાનો અને વિશિષ્ટ જીવન જીવવાની કામનાવાળાઓ તેને વાંચે છે, વિચારે છે અને પ્રચારે પણ છે. અરે, માનવલોકની સામર્થ્યતાએ સ્વર્ગલોક અને પાતાલલોકના ઈતિહાસો પણ ઘડયા છે અને સંગ્રહ પણ કર્યો છે, કે જે આજના યુગમાં ઈતિહાસ વેત્તાઓને મોટામાં મોટા માન્ય, આદરણીય અને માર્ગદર્શન કરાવનારા નીવડયા છે અને નીવડે છે.

જો કે આજનો પવન નાસ્તિકવાદના લેપથી ગંદો બનેલો છે કાલે આ થયું અને આવતી કાલે આ થશે. એ વાતને સિદ્ધવાકયની જેમ સીધી રીતે માનવા તૈયાર થવું, એ તો ઘણી જ દુર્ગમ અમાન્ય વાત છે, છતાય થોડો થોડો આસ્તિકતાના ઉંડા પ્રકાશવાળો માનવગણ, ગત કાળની અને આગામી કાળની બનેલી અને બનવાની વાતોને માને છે તથા ન માનવાવાળાઓને માનવા માટે પ્રેરે છે.

કેટલાક નાસ્તિકો ધીમે ધીમે આ આસ્તિક માર્ગના અનુગામી પણ બની જાય છે. 'ચમત્કાર ત્યા નમસ્કાર' —એ વાક્ય આ જમાનામાં વિશેષ માન્ય બની ગયેલ છે.

ચમત્કાર પણ જો પોલો હોય, તો પણ આજના યુગગામીઓ તેને પકડી પાડે છે અને એવા ઠગોની પોલ ઉઘાડી પડી જતા ઠગને પણ દુઃખનો ડંખ વળગી પડે છે અને તેને તેનાથી છૂટવુ ઘણુ વસમું થઈ પડે છે

લોકોની ભાવનાને ફેરવવા માટે પણ એવા ઇતિહાસોના વ્યૂહો રચાવવા જોઈએ, કે જે વ્યૂહો નવી પ્રજા ઉપર આસ્તિકતાનુ સુંદર પ્રદર્શન કરી દે. જેમ દવાનો પુટ ઔષધીય દવામા વ્યાપક બને છે, તેમ સુંદર ભાષામા, સુંદર શૈલિથી અને સુંદર પૂરવાની કળાથી તેનુ આલેખન થાય. તો સંસ્કારવાંછુઓને તેથી અજબ સંસ્કાર-ધન પેદા થાય છે અને માનવોના સ્મરણપથમા તે કાયમ કોતરાઈ રહે છે તે જરૂર પડતાં તાજો થાય છે, દલીલ-દરિયામા ભરતી ચડે છે. નાસ્તિક ભક્તોનો ભેજ નબળો પાડે છે, નાસ્તિકોના મિથ્યા મતોનું નિકંદન કાઢી નાખે છે અને આસ્થાને સંસ્થાપન કરી દે છે

કારીથી કે ચોરીથી ગૃહવ્યવહાર ચલાવવો જ રહ્યો. ભૂખ્યાને કયું પાપ અકારૂં લાગે છે? સઘળાય પાપદ્વારો ભુખ્યાને માટે ખૂલ્લાં રહેલા છે. જો તે ખૂલ્લાં ન હોય, તો પોતાની આવડત પ્રમાણે ખોલી જ દે છે

આજે કોઈ એ એ વાત કહે કે-આ દેશમા દેવતાઓ માનવોના સઘળાંય મનોરથો સફળ કરતા અને સેવકની જેમ માનવોની ઉપાસનામાં તેઓ તત્પર રહેતા! આજે આ કોઈ માને ખરો? આ વાત કરનારને પણ ઘડીભર પાગલ જેવો ચીતરી નાંખે છે. પરંતુ એ વાત ન માનનારો પહેલા દરજ્જાનો પાગલ કેમ ન ગણાય? ઇતિહાસની અનેક વાતો આપણે માની લઈએ અને આ વાત આવતા કંપારી કેમ આવે છે? દીસતું અને મનમાં બેસતું એ માનવું, તેમજ જે મનમાં ન ઉતરે તે માનવા ખેચાઈ જવું, એ કેવી ધીટ્ટાઈ ગણાય?

આજે તો એવી બીનાઓ બને છે, કે જે કદીય કલ્પનામાં કે ધારણામાં ન જ ઉતરી શકે! છતાય માનવો તેને માની લે છે, એને છૂટથી પ્રચારે છે અને એના ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખે છે આ વાત તો ચાલુ જમાનાની છે-એમ કહેવાય છે પહેલાંના જમાનામા ટ્રેનો નહિ, તારો નહિ અને ટપાલો નહિ, તેમજ એકબીજા ગામોના સંદેશા ઝડપથી એકબીજા ગામોમાં પહોંચતાં પણ નહિ, એટલે ચાલુ મુસાફરોની હિલચાલ ઘણી જ રહેતી અભ્યાગતોની આગતા-સ્વાગતામા લોકરૂચિ વધારે દેખાઈ આવતી કોઈ પણ વ્યક્તિ

બહારગામથી કે દેશમાંથી આવી છે-એમ જાણ થતાં, ગામજનો ટોળે વળતાં અને તેઓ પૂછપરછ કરતાં કે-ભાઈ, તમોએ મુસાફરી કરતાં નવું નવું શું જાણ્યું-જોયું? તમો જમવા માટે અમારે ત્યા આવજો, એવા નોતરા મળતા. સંતો. સાધુઓ અને મુસાફરો એ તો મેઘ જેવા મોંઘા ગણાતા અને અનુભવોની ચાલતી શિક્ષણશાળાઓ ન હોય તેવું સ્વાગત તે અજાણ્યાઓ પણ મેળવતા દેશ દેશના વ્યાપારો, દેશ, દેશની વાતો અને દેશ દેશની રીતભાતો સૌ કોઈ જાણતા, વિચારતા અને સ્વદેશગાં-મમાં પણ તેનું અનુકરણ કરવા પેરવી થતી

જ્યારે કોઈ તીર્થયાત્રાઓ નીકળતાં, ત્યારે ગામના [illegible] માનવો તેઓને સત્પુરુષ માનતા અને તેઓની [illegible] નીવડે-એવી ઉર્મિઓ-ભાવનાઓ સેવતા

બની જતા. આજે તો કોઈ વ્યક્તિને કાંઈ વાત જો લખવી હોય અને બોલવી હોય, તો લાખો અભ્યાસ કરે તો જ બોલી શકે તેમાં પહેલાં નક્કી કર્યું હોય કે–આજે આ વિષય ઉપર તમારે બોલવાનુ છે. નહિતર તો, મેં આ વિષયને વિચાર્યો નથી કે ચિંતવ્યો નથી, કે જેથી આ વિષય ઉપર હું નહિ બોલી શકું, એમ મોટા મોટા વક્તાઓ પણ રોકડું પરખાવે છે

જુના સમયમાં, કોઈ પણ વ્યક્તિને કોઈ પણ વાત તમે ગમે ત્યારે પૂછો, ત્યારે અડગતા અને સળંગતાને સાચવીને તે કહી શકતી હતી, એમ જુના ડોસાઓના પરિચયથી સમજાય છે એ સંસ્કારો આપોઆપ જ ઉતરતા અને ખીલતા ‘ વિચાર, વાણી અને વર્તન ’– સંસ્કારી વિચાર, સંસ્કારી વાણી અને સંસ્કારી વર્તન–આ ત્રણેય માનવોની અખૂટ મુડી છે ધન તો લૂંટાવાથી કે વ્યાપારોમા પણ નાશ પામે છે અને તેમા સ્વદેશથી પરદેશમા લઈ જતાં માર્ગ અંતરાયવાળો પણ બની જાય છે, પણ આ વિચાર, વાણી અને વર્તન–ત્રણેય સંસ્કારોનુ ધન વ્યક્તિ જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં નૈસર્ગિક ભાવથી સાથે જ લઈ જાય છે.

સૌથી પહેલાં વિચારો સંસ્કારી જોઈએ, કારણ કે–પ્રત્યેક પ્રવૃત્તિ વિચારથી જ જન્મે છે જો વિચાર ન હોય, તો વાણી અને વર્તન જન્મે જ કયાથી ? સુવિચારો આદર્શ મનથી પેદા થાય છે, આદર્શ મન શુભ સ્વાધ્યાયનુ જ પરિણામ ગણાય છે અને શુભ સ્વાધ્યાય ધર્મશ્રદ્ધાનું

જ મુશ્કેલ છે

આજે તો ઘણાઓ કહે છે કે–વિચાર, વાણી કે વર્તન સર્વને સ્વતંત્ર હોવા જોઈએ બાળક હોય, યુવક હોય કે વૃદ્ધ હોય અને તેમાં ભલે સ્ત્રી હોય પુરુષ હોય. સર્વને સ્વતંત્રતા ભોગવવી જોઈએ અને મળવી જ જોઈએ આ કથન પૂર્ણ [illegible] જ છે આ કથન એમ સાબીત કરે છે કે–આજ જ [illegible]ના માનવીઓ બધાય વિચાર, વાણી અને વર્તનમાં પરતંત્ર જ હતા! જુનાઓ જડ [illegible] હતા અને નવાઓ [illegible] [illegible] છે! પરન્તુ વિચારો કે–જુના લોકોના મનોબળ, વિચારબળ વાણીબળ અને વર્તનપ્રભાવ કેટલા હતા. તેઓમાના ઘણાં [illegible] પણ આજે [illegible] જુનાઓ, [illegible] અને ચિન્તાપૂર્વક જ વિચાર કરતા હતા, [illegible] [illegible] [illegible] [illegible] જ વાણી [illegible] હતા અને [illegible] [illegible] [illegible] તેઓના વર્તન [illegible] [illegible] ન હતી

કાંટાઓ મિનિટે મિનિટે સ્થાન બદલે, તેમ આજના સ્વાતંત્ર્યવાદના ઉપાસકોની દશા છે

જેઓનો કોઈ એક સિદ્ધાન્ત નથી, જેઓની સમજ પૂર્વકની એકેય માન્યતા નથી, જેઓનો માર્ગદર્શક કોઈ વડીલ નથી અને જેઓની કોઈ જાતની સામાજિક કે ધાર્મિક મર્યાદા નથી, તેવાઓ જણાવે છે કે-જમાનો સ્વતંત્રતાનો છે એટલે આનો અર્થ એવો થાય છે કે-જેને જેમ ફાવે તેમ વર્તે!, જેને જેમ ફાવે તેમ બોલે! અને જેને જેમ ફાવે તેમ ગાડું હંકારે!

જો જુગજુના સંસ્કારોને પુનઃ અંકુરિત કરીએ, તો હું માનું છું કે-આવી અંધાધુંધી કે કફોડી દશાનો સૌને અનુભવ થાય છે તે ન રહે! પિતા પુત્રને દુશ્મન માને છે, પુત્ર પિતાને દુશ્મન માને છે. પતિ સ્ત્રીને દુશ્મન માને છે અને સ્ત્રી પતિને દુશ્મન માને છે આનું કારણ એ જ છે કે-સ્વાતંત્ર્યતાના નામે ઘોર સ્વચ્છંદતાના જ ઓગા ઉતર્યા છે

પુત્ર જો વિનયી હોય, પિતાની આજ્ઞા માનનારો હોય અને પિતાની અનુમતિ સિવાય ડગલું પણ ન ભરતો હોય, તો પિતાને તે વહાલો હેમ જેવો લાગે! બાપ પણ પુત્રની વય પ્રમાણે યોગ્ય છૂટછાટ આપતો થાય પુત્ર વિશ્વાસુ દૃષ્ટિ જો જમાવે, તો પિતા પણ ઉપકારી અને પૂજ્ય તરીકે તેને લાગે પતિ જો સ્ત્રીને શંકિત કે અવિશ્વાસુ બુદ્ધિથી જોતા ન હોય અને જરૂરિયાતની ચીજો આપ્યા

રમતા હોય, તેમજ સ્ત્રી પણ પતિના સુખ-દુઃખનો અને સંયોગોનો સમય જોઈને આજ્ઞાધીન રહેલી હોય. તો બન્નેયના જીવનમાં સ્નેહસુધા ટકી રહે! પરન્તુ આજે તો સૌ સ્વાર્થી, લોલુપી અને સ્વતંત્રતાના બહાને મીઠાશ ગુમાવી બેઠા છે અને દેખાતા સંબંધોથી એકજીવત માત્ર કરવાદાના જ પરિણામો ભોગવે છે

મર્યાદા, વિનય, અરસપરસના સંયોગો-પરિસ્થિતિ, દોકત્રાયકા, સાદાઈ, નિઃસ્વાર્થ ભાવ એકજીવ સ્નેહીઓ માટે ખપી જવાની તમન્ના, દેશ, સમાજ, જાતિ કે ધર્મ માટે સર્વસ્વનો ભોગ આપવાની ધગશ, વડીલોની આમન્યા અને લઘુઓની પુષ્ટતા. આ સદ્ગુણો જો સૌમાં વસી

ક્રિયાનુષ્ઠાનોનું ગૂઢ રહસ્ય.

માનવોની જન્મસાર્થકતા ધર્માનુષ્ઠાનોની આચરણાથી જ થાય છે અનુષ્ઠાનો, ક્રિયાઓ, વિધિ-વિધાનો-આ ધર્મરથના પૈડા છે રથ ગમે તેટલો સારો, મોટો, દેખાવડો કે ઉચ્ચ શિલ્પીઓની કારીગરીથી બનાવેલો હોય, પણ જો ખેંચનાર ઘોડાઓ અને પૈડાં હોય તો જ માર્ગ કાપી આપે છે. પૈડાં વગરના ભલે ઘોડા જોડયા હોય, તો પણ તે રથ ગતિ કરી શકતો જ નથી.

માનવ અને ધર્મને એકમેક આત્મીયતા જેવો ઘનીષ્ઠ સંબંધ હોવો જોઈએ માનવ અને ધર્મ જો એકબીજાથી જુદા રહે, તો એની માનવજાત એળે ચાલી જાય છે, જન્મ નિરર્થક વહી જાય છે અને કાંઈ જન્મસફળતા થતી જ નથી

ધર્મ એટલે આત્મસખા!, ધર્મ એટલે જીવનનો શણગાર!, ધર્મ એટલે સાચું પરમ ધન! અને ધર્મ એટલે આવતા ભવમાં જતા સુગતિનો માર્ગદર્શક-પ્રાપક! જ્યાં ધર્મની સાથે સહકારી ભાવ થયો, ત્યાં માનવજીવનની સાચી સાર્થકતા સધાઈ જ જાય છે.

ધર્મને ઓળખીને અને તેની સાચી પરીક્ષા કરીને જો ની આરાધના કરાય, તો જ સાચું અને અવિનશ્વર સુખ

અપાર પ્રતીતિ જામી જાય છે અને પછી ધર્મરસ વ્યાપી જાય છે.

ધર્મસ્વીકૃતિ થવા માત્રથી જ કલ્યાણ કે ઇતિશ્રી આવી જતી નથી. જેમ ભૂખ્યા માનવને અનાજ મળવાથી જ પેટ ભરાતું નથી, પણ એની અનેક વિધિઓ પીસવું, પલાળવું, પકવવું, પચાવવું અને ન પચે તો અનેક સાધનોનો સાથ અનાજને સાધવો પડે છે, તેમ ધર્મ એ અનાજ છે, પણ અનેક વિધિ-વિધાનો-અનુષ્ઠાનોથી એની સાધના કરવી જ પડે છે. ભગવાન શ્રી મહાવીરદેવના શાસનની આરાધના કરવા માટે પ્રભુ શ્રી મહાવીરદેવે અનેક ક્રિયાઓ-વિધિઓ-વિધાનો દર્શાવ્યા છે

કોઈ અજ્ઞાની જન એમ પણ કહે છે કે-આત્માને નિર્મળ બનાવવો જોઈએ. ધ્યાન ધરવું, મૌન રહેવું, બાહ્ય પ્રવૃત્તિઓનો સદંતર ત્યાગ કરવો, આંખો બંધ રાખવી અને એકાન્તે બેસવું. બસ, આ જ ધર્મ છે, આ જ સાધના છે, આ જ આરાધના છે, આ જ આત્મદર્શન છે અને આથી જ મોક્ષ છે. ખાલી ક્રિયાઓ કરવી, વિધિઓ કરવી, તપ તપવો અને બાહ્ય કષ્ટોની પરંપરા સહવી, એ તો જડતા છે, શુષ્કવાદ છે અને મૂઢતા છે. પરન્તુ એકાન્તવાદી વર્ગે સમજવું જોઈશે કે-જ્ઞાન અને ક્રિયા એ જ મોક્ષનો માર્ગ કહ્યો છે. એકલું જ્ઞાન પાંગળું છે અને એકલી ક્રિયા આંધળી છે જ્ઞાનયુક્ત ક્રિયા જરૂર મોક્ષમાર્ગને સાધે છે.

ધર્મરથના શ્રદ્ધા અને ભાવના-એ બે અશ્વો છે અને

કરતો નથી, કારણ કે-આત્મા શુદ્ધ છે, તો પછી આ બધાના પાલનથી શો ફાયદો? લીફ્ટથી સાત માળ જો મિનિટમાં ચઢી જવાય, તો પછી સીડીનાં સો-દોઢસો પગથીયાં ચઢવાનો શ્રમ કોણ લે? પહેલાં હું અંધશ્રદ્ધાળુ હતો અને હવે મને સાચી શ્રદ્ધા, સાચું તત્ત્વજ્ઞાન અને સાચા ગુરુની સંગતિ મળી ગઈ છે!

આ વાત સાંભળતાં સાધુ મહારાજને ઘડીભર અચંબો થયો. જેમ કોઈ સતી સ્ત્રી વેશ્યાના સંગથી સતીપણું છોડીને વ્યભિચારનો નિંદ્ય માર્ગ સ્વીકારે અને સતીપણું પાળ્યાનો પરિતાપ કરે તથા સ્વજાતને ઉંચી કક્ષામાં મૂકવાની બાલીશ કોશિષ કરે, તેમ આ શ્રાવકની સ્થિતિ દેખાઈ! મુનિ મહારાજે તેની સાથે ચર્ચા કરવી યોગ્ય ન માની, પણ તેને સાચું કહ્યા સિવાય ન રહેવું એવો મુનિનો મજબુત નિયમ હતો એટલે મુનિએ કહ્યુ કે-હે ભદ્રિક! તમોએ તો ખૂબ કરી! તમારી વાત સાંભળતા મને ઘણું જ દુઃખ થાય છે. તમારા કરતા તમારા કુગુરુની વધારે દયાપાત્રતા દેખાય છે, કે જેણે તમોને આવી ઉલટી દિશા બતાવી છે અને ઉલટા માર્ગાનુયાયી બનાવી દીધા છે

તમોએ પ્રભુ શ્રી મહાવીરસ્વામીની અને શ્રી ગૌતમ જેવા ગુરુપ્રમુખની આશાતના કરી, એટલું જ નહિ પણ આજ સુધીમાં થઈ ગયેલા સમસ્ત ધર્મગુરુઓનીય અને પવિત્ર આગમોની આશાતના કરી છે.

ભગવાન શ્રી મહાવીરસ્વામીને શુ ધ્યાન કરતાં અને

પણ પહેલાં વૃક્ષની શીતલ છાયા, વૃક્ષની મીઠી–કડવી હવા. વૃક્ષની નીચે વિષમસમ જગ્યા, એ જોવું તો પડે છે. જો આંધળિયા કરીને જે–તે વૃક્ષની નીચે બેસી જવાય, તો કોઈ સમયે વિષવૃક્ષની છાયા કે હવા સ્પર્શતાં દેહાન્તદંડ ભોગવવો પડે છે.

આજે જે પરિસ્થિતિ જોવાય છે, અનુભવાય છે અને સમજાય છે, એ પરિસ્થિતિ માનવજીવનને ભયંકર નુકશાન કે અહિત કરનારી છે, એમ મુંગા મોંઢે સૌ કબુલે છે, પરંતુ એ પરિસ્થિતિથી પર રહેવા માટે કે એથીય અલગો માર્ગ શોધવા માટે કાંઈ જ શ્રમ કે વિચાર કરાતો નથી. આ પરિસ્થિતિના ભોગ બનતાં, આર્યસંસ્કૃતિના પગ-થારો સમા અધ્યાત્મવાદ આત્મવાદ, શ્રદ્ધાવાદ, શાસ્ત્રવાદ, ક્રિયાવાદ, આગામી જન્મવાદ અને પાપવાદ કે પુણ્યવાદ મૂળ પાયાથી જ હચમચી જાય છે.

આજના એક રાષ્ટ્રવાદે ધર્મવાદને તો ધ્રૂજતો કરી મૂક્યો છે। ધર્મવાદને ગુંગળાઈ માર્યો છે। ધર્મવાદ જ્યાં વિજયવંત હોય છે, ત્યાં અન્યો આબાદ રહે છે. પરંતુ સવ શાન્તિનુ સામ્રાજ્ય જે વાદના પ્રતાપે છે, તે વાદ જો ભૂંસાશે, તો પછી હિંસાતાંડવ, અનીતિના અખ-તરાઓ, પ્રપંચના પાશાઓ, માયાની મહેલાતો અને દંભના ડેરા જ જ્યાં ને ત્યાં નજરે ચઢવાના છે. પાયાનુ શિક્ષણ પાયાથી સડેલું ચણતર કરી નાખે છે અને પછી ઉપરનુ શિક્ષણ તે ચણતર ઉપર કાંટા વેરે છે. પછી જુઓ ભાઈ

એવો રંગાય છે કે—એ ઘર કરી બેઠેલાં વિષમ વ્યસનો વસમા-કારમા દુ ખોનો ભોગ બનાવી મૂકે છે. પછી ગુરુજન કહે, વડીલ નેતા કહે કે સમાજના નેતા કહે, તો પણ તે સર્વને તુચ્છ માનવાની એક આદત પડી જાય છે. પોતે સવા શેર અક્કલનો માલિક હોય તેમ વર્તે છે. ભલે, પોતે મનોઘડંત કલ્પનાથી પોતાની જાતને ઊંચી માનતો હોય, પોતાના આચરણોનુ ગૌરવ લેતો હોય, અભિમાનની અંધતાથી અક્કડ-ફક્કડ બનીને ડગ ભરતો હોય. પણ સમાજ તો આ વ્યક્તિઓને એક કલંક રૂપ જ માને છે. એઓનો ઈતિહાસ પણ એવા હલકા માનવોને તોલે લખાય છે. હું માનુ કે—હું ચક્રવર્તી છું, તો શું છ ખંડ પોતાને આધીન બની જાય છે ? સ્વપ્નામાંય છ ખંડ તે દેખી શકતો નથી ! જો ખોટા વિચારો, ખોટી પ્રશંસાની ખીમારી, ખોટી વર્તણૂક અને ખોટા દંભી ખટલામાથી છૂટે, તો જ સુવિચારો, સુપ્રશંસા, સદાચરણો અને નિષ્કપટ ભાવની સુખલહરી લહેરાઈ જ જાય.

હે માનવી ! જરા થોભી જા ! જરા વિચાર ! અને તર્ક હાથમા લે ! જરા ઊંડો ઉતરીને આત્મભાનને જગાવ ! જરા તારી વેગીલી સફર અટકાવ ! આજના મળેલાં વિપુલ સાધનોનો સદુપયોગ કરતાં શીખ ! જરા ગુરુજનનું માનવાની ભાવના કેળવ ! જરા વડીલોનો પંથ વિચાર ! આર્યાવર્તના આર્ય પુરુષોની ચીતરેલી સુવર્ણરેખાઓ નીરખ ! ધનના ઢગલાઓ, કીર્તિની કેતકીઓ, માનની મહેલાતો અને સત્તાની સુંવાળી શય્યાઓ તને કાંઈ જ

[illegible]ન નહિ આવે ! તે તારું [illegible] [illegible] નહિ [illegible] !
[illegible] વિના તારે [illegible] જવું પડશે.

આત્મ[illegible] આધ્યાત્મિક [illegible]ના વિકાસ [illegible] [illegible] [illegible] છે. [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] જાય છે. [illegible] [illegible] [illegible] બની જાય છે. [illegible] [illegible] [illegible] ? [illegible] [illegible]

ન હોય, વિદ્વાન, સમર્થ ગીતાર્થ ગુરુની વાણીવાહિનીઓમાં સ્નાન કર્યું ન હોય, પરંપરાગત ધર્મસંસ્કારનો વારસાઘુટડો લીધો ન હોય અને ભવભીરુતા કે પાપભીરુતાની વિભૂતિ ન હોય, તો શ્રાવક જૈન કુલમાં જન્મેલોય દેવનો, ગુરુનો, ધર્મદર્શક ધર્મશાસ્ત્રોનો અને ધર્મનો કટ્ટર દુશ્મન જ થઈ જાય છે.

આ દ્વેષીલો, હઠીલો, કદાગ્રહી વ્યક્તિ જ્યારે ધર્માભિમુખતાથી બોલવા બેસે છે, ત્યારે એવો તો છબરડો વાળશે કે–જાણે પોતે જ સર્વજ્ઞ હોય નહિ !, ત્રણેય કાલનો વેત્તા હોય નહિ ! એવો ડાકડમાળ કરી મૂકશે ! જો કોઈ છૂરીથી પ્રાણ ખેંચી લે, તો તે એટલો નુકશાનકર્તા નથી નીવડતો, પણ આ ધર્મપરાઙ્મુખી મહાશય એથીય વધારે અહિતકર અને ધર્મપ્રાણ-શ્રદ્ધાનો ઘાતક નીવડે છે. આવાનો સંગ કરવો, આવાની વાણી સાંભળવી અને આવા સાથે ચર્ચા કે વાદમાં ઉતરવું, એ પણ એના પાપવ્યાપારને પોષણ આપવા જેવું કૃત્ય છે.

તેઓ સાધુવેષમાં હોય કે ગૃહસ્થના લેબાશમાં હોય, પણ આ ઝેરીલી હવાનો જો તેઓ ભોગ બનેલા હોય, તો તેવાઓને ઓળખો !, તેવાઓની બાહ્યાભ્યંતર લીલાઓ પારખો ! અને કુસંગના કેફી કેદખાનાથી દૂર રહો !

કંજુસ વ્યક્તિ દાન કરતો તો નથી જ !, કરી શકતો નથી ! અને કરી શકે પણ નહિ. પરંતુ જો કોઈ દાનપ્રવાહ અવિરત વહાવતો હોય, તો તે તેને મન તો અણગમતું હોય

કે. તેને રૂંધવા માટે એ પ્રયાસ-પુરુષાર્થ કરવો જ જોઈએ છે. આવી જ રીતે ધર્મહીન વ્યક્તિઓ ધર્મ કરવા જેટલી ખુશ-નસીબી લઈને આવેલ નથી, પણ ધર્મ કરનાર [illegible] ઉપ-હાસ [illegible] કે. ધર્મીઓને કેમ હલકા પાડવા. [illegible] નીઓ જ તેઓ કરતી હોય કે ધર્મ [illegible] ના તેઓની ભૂલ બતાવશે કે. [illegible] વજાવે કે અને પ્રવર્તન [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] છે.

ત્યારે પોતાની જાતને નર હોવા છતાંય નારી જ સમજતો હશે ને ? આવા તો શોકબંધ ગીતો છે. સ્ત્રીઓનાં જે ગીતો મુખથી ગવાયાં હોય, તે સ્ત્રીઓના જ મુખમાં શોભે! પરંતુ મરદાનગીને ગુમાવી બેઠેલા કે સ્ત્રી બનવાના કોડ સેવનારાઓને તો એમ જ ક્ષણભર સ્વયમેવ સ્ત્રી જ છું-એવો આભાસ કેમ નહિ થઈ આવતો હોય !

આ તો એક હકીકત છે કે-વર્તમાનમાં છૂટથી પ્રચાર પામેલુ ગીત તો માત્ર માનવજાતની એક હાસ્યચેષ્ટા જ છે, એમ કહેવું અતિશયતાથી પર જ મનાશે.

હુ આજની દુનિયાને એક જ વાત જણાવું છુ કે-શાસ્રીય પદ્ધતિથી ઘરગથ્થુ સંગીત શીખીને સ્વયમેવ આનંદ આપનાર ગીત પોતે જ ગાય અને પોતે જ સ્વરુચિ પ્રમાણે ગુંથે, તો એનો આનંદ-રસ કોઈ અનેરો જ આવશે.

આજથી બે હજાર વર્ષો પહેલાં આપણાં ભારત-વર્ષની ગીતકળા કેવી વિકસેલી, કેવી સમૃદ્ધ અને કેવી અલૌકિક હતી, તે તો ઇતિહાસના પેટાળમાં ક્યાં ઓછું ભર્યું છે ? પણ આજે તે કળા પાંગળી છે-લુપ્તપ્રાયઃ છે, એમ કહીએ તોય ચાલે.

આજના પ્રાચીન ગીતજ્ઞો તો જણાવે છે કે-અમો દશ દશ વર્ષના સતત અભ્યાસ પછી જે સંગીત શીખ્યા છીએ તે પણ અધરું લાગે છે, કેમ કે-તેની ગુરુગમતા ઓછી થયેલ છે. બાકી જેમ મંત્રો, તંત્રો અને યંત્રો એક અલાયદું સાહિત્ય છે તથા એક અનોખી ચમત્કારી

[illegible]

[illegible]

(૩) ગાન્ધાર–આ નામનો ત્રીજો સ્વર છે. આ સ્વરથી જેમ કોઈ સુવાસ વ્યાપી હોય, તેમ લોકોનાં મગજો–મન તર બની જાય છે.

वायु. समुत्थितो नाभेः, हृदि कंठे समाहतः ।
नानागन्धावहो पुण्यो, गान्धारस्तेन हेतुना ॥३॥

અર્થ–જે વાયુ નાભિથી જન્મે અને હૃદય તેમજ કંઠ સાથે સ્પર્શે, તે પવિત્ર સુવાસને પ્રસારનારો ગાન્ધાર નામનો ત્રીજો સ્વર છે.

(૪) મધ્યમ–આ સ્વર કાયાની મધ્યમાંથી જન્મે છે અને ઘણી જ મધુરતા જન્માવે છે. તે સંગીતની રમઝટ જમાવતો હોઈ તેને મધ્યમ કહે છે.

वायुः समुत्थितो, नाभेरुरो हृदि समाहत. ।
नाभिप्राप्तो महानंदो, मध्यमत्वं समश्नुते ॥४॥

અર્થ–નાભિથી વાયુ ઉપડે અને ઉદર તેમજ હૃદયને હણી સ્પર્શે અને પછી પાછો નાભિમાં પ્રવેશીને મુખથી નીકળે, તે મધ્યમ સ્વર નામે વિશ્વવિશ્રુત છે

(૫) પંચમ–આ સ્વર પાંચ સ્થાનોને સ્પર્શે છે અને ઉચ્ચ તેમજ મીઠાશભર્યો હોવાથી પંચમ કહેવાય છે

वायुः समुत्थितो नाभे, रुरहृत् कंठशिरोहत ।
पञ्चस्थानोत्थितस्यास्य, पंचत्वं च विधीयते ॥५॥

અર્થ–નાભિથી વાયુ ઉત્પન્ન થઈને પેટ, હૃદય કંઠ અને માથા સાથે સ્પર્શીને અને પુનઃ નાભિમાં પ્રવેશીને મુખમાંથી નીકળે, તે મધુરતાભર્યો પંચમ સ્વર કીર્તિત

થાય છે. એટલે અમુક સ્વરોના મિશ્રણથી-સમૂહથી એક ધ્વનિ જન્મે છે તેને ગ્રામ કહે છે. ગ્રામજન્મના સ્વરો ત્રણ હોય છે.

ષડ્જ નામના ગ્રામથી સાત મૂર્છના જન્મે છે. ૧-નંદી, ૨-મુદ્રિકા, ૩-પુષ્પિ, ૪-શુદ્ધ ગંધારી, ૫-ઉત્તર ગંધારી, ૬-સુષ્ઠતરમાચીમા અને ૭-કોડિમા.

સ્વરોની ઉત્પત્તિ નાભિથી જ થાય છે. સ્વરયોનિ નાભિ જ ગણાય છે. 'नाभिभवो भवेत् स्त्रर.'

સ્વર નાભિથી જન્મે છે. એ સ્વર ગંભીર, મીઠો અને ઘોળાયમાન સમુદ્ર જેવો હોય છે. રૂદિત નામની યોનિ કહેવાય છે. સર્વ સ્વરો સમાન કહેવાય છે. નાભિભવ હોય છે.

ગીત ગાતાં જ્યાં સુધી ગીતનુ પાદ પૂરું ન થાય, ત્યાં સુધી શ્વાસ લેવાનો હોતો નથી., 'पाय समा उसासा' —આ વાક્ય સંગીતમાંય લાગુ પડે છે.

ગીતનું સ્વરૂપ ત્રણ પ્રકારનું છે. ૧. ગીતારંભ-મૃદુ, ધીમો અને સ્પષ્ટ રૂપથી હોય છે. ૨. ગીત-મધ્ય ભાગ મહા ધ્વનિયુક્ત બની જાય છે: ઉત્તાન અવાજે ગવાતું ગીત રમઝટ જમાવી દે છે ૩. ગીતાવસાન એટલે ગીત પૂરૂ થતાં બીલકુલ મૃદુ અને મન્દધ્વનિયુક્ત બની જાય છે.

આ ગીતના સુગુણો છે અને એ ગાયકને અને શ્રોતાઓને આનંદજનક બની જાય છે-રોમાંચિત કરી મૂકે

બોથી ઘેરાયો કે એકેય પાપ તેનાથી છૂટી શકતું નથી. શ્રમસાધ્ય મુસાફરી અને તનતોડ મહેનતે કમાયેલી લક્ષ્મી પાછલી જીંદગીમાં પાપના દ્વારે તે ગુમાવી બેઠો. પછી 'અબ ચિ ડેયા ચુગ ગઈ ખેત, મૂઢ તું કર્યો પસ્તાવે'–એ દશાનાં તેના રોદણાં શરૂ થયા.

હવે તે દેશાટનકારી સ્વદેશમાં પધાર્યા અને અનેકોન વલ્લભ બન્યા, કારણ કે–ટાપટીપ નવી, ભાષા નવી, વેષ નવો, બનાવટો નવી, એટલે લાખો માનવીઓ આ ભાઈની રાહે ચાલતા શરૂ થયા. 'ખાવા–પીવાની મના, પણ ઠાઠ–ઠઠારા ઘણા.'–એ દશામાં સઘળોય દેશ સડવો શરૂ થયો. આ પાપપંથોમા પરવરવું કેટલું સરસ અને સુલભ બન્યું ?

કોઈ નિઃસ્વાર્થી વ્યક્તિ વિરક્તિની વાટે દોરવા માટે ધર્મના સાચા અને પવિત્ર સિદ્ધાન્તો સમજાવવા મથી મથીને થાકી જાય છે, પણ કોઈ વિરલા આત્માઓ જ તે કઠીનાઈઓનો સામનો કરીને પરવરે છે.

ગટરની ગંધના અને દુર્ગંધીમય પદાર્થોના રસિયા ભુંડો જેમ ઉચ્ચ અને સ્વાદિષ્ટ ભોજનને અવગણે છે, તેમ આ પાપાસક્ત માનવો બીચારા ધર્મારાધનાના સુંદર આનંદને, અધ્યાત્મરસના અમોલ સ્વાદને અને આત્મદર્શનની અનુપમ તકને મેળવી કે સાધી શકતા નથી.

જડવિકાસના સાધનો ભેગાં કરવામાં સર્વસ્વ, અરે, દેવું થતું હોય તો તે કરીને પણ રાત–દિવસ તૈયાર રહે

શાસનધગશ વિના જૈન ધર્મ ડહોળાઈ જશે.

મનુષ્યોના જીવનમાં અનેક ઘટનાઓની હારમાળા એક પછી એક અજાયબીભરેલી બનતી જાય છે અને ઘટમાળાઓનો દોરીસંચાર તો કર્માધીન જ રહેલો છે.

માનવી આશાઓને ધારણ કર્યા કરતો હોય, પણ જ્યારે એકાએક કલ્પના બહારની ઘટના બનીને ઉભી રહે છે, ત્યારે માનવી બોલે છે કે–આ શું થયું ? કોઈ પણ કાળે આવું બનશે કે થશે એવી સ્વપ્નમાંય ધારણા નહોતી. હા, પણ માનવી એટલે નાનાવિધ ઘટનાઓનો અનુભવ કરનાર એક અનુભવી વૈદ્ય કહીએ તોય ચાલી શકે.

ઘણા માનવીઓ તો કર્મનાં ઉદયમાં, ભાવીમાં અને કિસ્મતમાં હશે તેમ બન્યા જ કરશે–એમ માને છે. આપણે નાહકનો શા માટે શોચ કરવો ? અને વિચારણાઓ કરીને મગજશક્તિને જોર–શ્રમ આપવો ?–એવું બોલવાવાળાઓ બીચારા, આવા શબ્દોના પ્રયોગની ઢાલ ધરીને પુરુષાર્થ ખેડવાની ખેચરાઈને પ્રગટ કરી રહ્યા છે. એવા ઉદય ઉપર જ નિર્ભર રહેવાવાળાઓને આપણે પૃછીએ કે–ભાઈ, તમો સઘળાંય કામોમાં ઉદય કે કિસ્મતને આગળ કરીને પુરુષાર્થને અભરાઈએ ચઢાવો છો કે માત્ર તમોને જેની ધગશ, પ્રેરણા, ભાવના અને ઇચ્છા ન હોય તે કામને જ કિસ્મતને સુપ્રત કરો છો ?

ત્યારે તો પૂછવું જ શું ?

ભાષણોમાં નેતાઓ શબ્દોનું ઔદાર્ય સારું રાખે છે અને દેશને હવે સુખ અને શાન્તિ મળશે. પ્રજાએ કદીય ન જોયેલું સુખ અને સંતોષ આજે આવવાનાં છે. કોઈ પણ વ્યક્તિને પરતંત્ર રહેવાનું નથી અને સ્વતંત્રતાનાં તેજ પ્રસર્યાં છે.

જ્યારે મેનિયાવાળા ગેબી માનવોથી કાયદાઓ ઘડાય છે, ત્યારે ઘંટીમાં ધાન્ય-કણો પીસાય તેમ બિચારો ગરીબ વર્ગ આટો થઈ જાય છે. આ લીલા કોઈ ન્યારી જ દેખાય છે. જો બોલવું અને આચરવું એક ન હોય, તો તે વ્યક્તિ લાખ્ખોની દુરાશિષો જ લે છે.

આજના યુગમાં પ્રત્યેક સમાજસ્થોને લાગણી અને ધગશ વસાવવી પડશે તથા સર્વ શક્તિઓને જરૂર પડે વહેતી મૂકવી પડશે. હૈયામાં જો સમાજની અને ધર્મ રક્ષણની ધગશ કે દૃષ્ટિ નહિ હોય, તો ધોળે દહાડે ધર્મતત્ત્વો લૂંટાવાનો ભય છે. તન, ધન અને મન આજે સંરક્ષણમાં હોમવા પડશે ! મારે શું ?, મારું સાચવીને બેસી રહું ! અને ભલે સમાજ કે ધર્મ ગમે તે ખાડમાં જાય !-આવી વેવલી વાતોને હડસેલી મૂકવી પડશે. શાસનનું એક અંગ જ્યા સખડે, ત્યાં હું જ સખડું છું, મારું જ અંગ સડે છે-એવી એકમેક દોરી સાંધી લેવી પડશે. લક્ષ્મીવંતોની લક્ષ્મી દ્વારા, શરીરબળીઓની શરીર દ્વારા અને બુદ્ધિનિધાનોની બુદ્ધિ દ્વારા હોય કે મૂર્ખ

વાણી અને વિચારમાં પલટો કેમ છે?

વિચાર એ સરોવર છે. વાણી એમાંથી નીકળતા પાણીના એક નળ રૂપ છે. નળની ચકલી ફેરવતાં પાણીનો ધધૂડો ધડધડાટ પડતો શરૂ થઈ જાય છે, પણ એ ચોક્કસ છે કે–એ નળમાં જે પાણી આવે છે તે સરોવરમાંથી જ આવે છે. સરોવર જો શુષ્ક હોય, તો નળની ચકલી ગમે તેટલી ફેરવો તોય પાણીનું બિંદુ બહાર પડતું નથી. નળમાં પાણી તો જ આવે, કે જો છલોછલ લહેરો ખાતું પાણી તળાવમાં ભરેલુ હોય.

તળાવમાં પાણી જેવું હોય, તેવું જ નળમાંથી મેળવાય છે. ખારું હોય તો ખારું, મીઠું હોય તો મીઠું, મલિન–દુર્ગંધીવાળું હોય તો ગંધાતું, તેમજ નિર્મળ હોય તો નિર્મળ, ઉષ્ણ હોય તો ઉષ્ણ અને શીતલ હોય તો શીતલ પાણી નળમાંથી આવે એ સૌને અનુભવ છે.

આત્મા છે. આત્માની સાથે શરીરનો ઘનીષ્ઠ સંબંધ છે. શરીરનુ તંત્ર ચિત્ત અને બુદ્ધિથી ચાલે છે. ચિત્ત અને બુદ્ધિ જ્ઞાનાધીન છે. જેને જેવું જ્ઞાન અને મન હોય તેવી બુદ્ધિ હોય છે. જેવી બુદ્ધિ હોય તેવુ મન હોય છે. જેવું મન હોય તેવા વિચારોનું આંદોલન પાણીના પરપોટાની જેમ ઉપજે છે. જેવા વિચારોનું ઝરણું

જે ટીકામાં કર્યો છે તે પ્રમાણે જ કરવાના છે. સ્વકલ્પનાથી અર્થો કરવામાં અનર્થની પરંપરા ઊભી થઈ જાય! શબ્દોના અનેક અર્થો હોય છે. મતિકલ્પના પ્રમાણે અર્થો કરવામાં આવવાથી તો આજે અનેક ફિરકાઓ અર્થવિપર્યાસના પ્રતાપે જ વર્તી રહ્યા છે અને એથી વધુ ફિરકા નીકળતાં જાય. જેમ શરીર ઉપર ગરમીનો રોગ થતાં શીતળાના ફોલ્લા નીકળે છે, તેમ શાસનમાંય દિગંબર, તેરાપંથી, સ્થાનકમાર્ગી, કાનજીમત આદિ મતોની જેમ બીજા પણ મતો–પંથો ઊભા થઈ જાય જ ને ?

જો આગમોને માનવા છે, તો તેમાંની સંપૂર્ણ બાબતોને માનવી જ પડશે. એક કહે કે–મને આગમમાંની અમુક બાબત માન્ય છે અને અમુક બાબત માન્ય નથી, તો એમ કહેવાથી ન ચાલે! કોઈ કહે કે–બાપને બાપ માનવા હું તૈયાર છું, પણ બાપના પગને કે હાથને હું બાપ નથી માનતો, કેમ કે–તે લુલા અને ઠુંઠા છે, તો તે કાંઈ ચાલે ? મૂર્ખાનંદ, બાપને બાપ માનનારો બાપના તમામ અંગોને બાપ જ માને! શાસ્ત્રમર્યાદા એવી છે કે–કાં તો પૂર્ણાભ્યાસી હોય અને કાં તો પૂર્ણાભ્યાસીની નિશ્રામાં સાંભળીને નિર્ણયો કરે, પણ સ્વતંત્રતાથી પોતાની બુદ્ધિબળે તેનો નિર્ણય ન જ થાય!

આજે જોઈએ છીએ કે–ચારેય બાજુથી શાસ્ત્રાજ્ઞાઘાતક ક્રૂર પ્રયાસો થઈ રહ્યા છે. કોઈ કહે છે કે–દેવદ્રવ્ય ન જોઈએ! કોઈ કહે છે કે–દેવદ્રવ્યને ઉલટાવી જો

જ્ઞાનની દૃષ્ટિથી અને અન્ય ચિત્ર અને અને અક્ષરવિન્યાસની દૃષ્ટિથી, આપણાં આગમો સર્વ અન્ય સાહિત્યોથી ચઢીયાતાં છે, એમ મુક્તકંઠે સૌ કોઈ પ્રશંસે જ છે.

જ્યારે આ બીચારા પંડિતોની કે તેઓના કુતર્કની વાગ્જાલમાં ફસેલાં થોડાં માનવીઓ સિવાય અન્યોને તો શાસ્ત્રોની અસાધારણ શ્રદ્ધા છે જ. આ પંડિતો જ્યારે ને ત્યારે વાણીની છુરીથી શાસ્ત્રાજ્ઞાની દોરીને કાપવાની કારમી કોશિષ કરતા દેખાય છે, પણ તેઓની તે કોશિષ બુટ્ઠી અને માત્ર અશ્રદ્ધાને જ જન્માવે છે.

પ્રાચીન અને અર્વાચીન-આ બે હકીકતો જોઈએ, તો આજની ચાલતી રીતરસમો કોઈ નવીન નથી પણ પ્રાચીન જ છે. સાધુ નગરમાં-ગામમાં નહોતા રહેતા, એવું કહેનારાઓએ સમજવું જોઈએ કે-એમાં એકાન્ત નહોતો. જુઓ, ભદ્રા શેઠાણીની પૌષધશાળામા આર્ય સુહસ્તિસૂરિજી મહારાજ ઉતર્યા હતા. સ્વાધ્યાયમાં અવંતિસુકુમાલે નલિનીગુલ્મ વિમાનનું વર્ણન સાંભળ્યુ હતુ. જો ગામમાં સાધુ ન રહેતા હોત, તો તેમણે કેવી રીતે તે સાંભળ્યુ ? મુનિને ઋતુબદ્ધ કાળમાં નગરમાં અને ગામડામાં કેટકેટલા દિવસ રહેવું, એની મર્યાદા શાસ્ત્રોમાં શા માટે બાંધી ?

જે મહાત્માઓ જેવી શક્તિ. જેવી ભાવના અને જેવો લાભાનુલાભ જોતાં, તેવી તેઓ સ્થિરતા કરતા !

પ્રાચીનકાળમાં શ્રી તીર્થંકરદેવોની ભક્તિમાં કેટલાંય

છે. આ પણ જૂની પ્રણાલિકા છે.

જ્યારે પંડિતજીએ બાફ્યું કે-શાસ્ત્રમાં વિકાર છે, કે જેથી અનેક પ્રવૃત્તિઓ નવી અને ઢંગધડા વગરની દાખલ થઈ છે. આવી જે હકીકત તે કહે છે, તે પણ જુઠ્ઠી અને પાયા વગરની છે.

સાચી વાત તો એ છે કે-ગુરુગમ સિવાય જ્ઞાન મેળવ્યા પછી જેઓ સાપેક્ષતાપૂર્વક તેને પચાવી શક્યા નથી, તેઓને જ્ઞાનાહંકૃતિ વધતાં પૂ. સાધુસંસ્થા ઉપર કેવળ ઈર્ષા જાગી અને તેઓની માનપૂજા કે આદેશકારીતા તેઓ સહી શક્યા નથી. વળી પોતે એમ માની લીધું છે કે-સાધુઓ ચાર દિવાલના કેદી છે, તેઓને જ્ઞાન ઓછું અને રહસ્ય વિનાનું હોય છે, તેમજ તેઓ નિરસ અને શુષ્ક ક્રિયાનુષ્ઠાનોમાં જડ જેવા લાગેલા છે; જ્યારે અમે તો સ્વ ઈતરદર્શનના વેત્તા બન્યા છીએ !

સામાન્ય જ્ઞાનવાળો ચારિત્રવંત સાધુ વંદનીય-પૂજનીય અને સ્તવનીય બને છે. અમોને કેમ કોઈ પૂછતા નથી ?-આવી જુઠ્ઠી, દુર્ભાવનાઓએ તેઓને સાધુદ્વેષી બનાવ્યા. એટલે સાધુઓ શાસ્ત્રાનુસાર જે માર્ગદર્શન કરાવે તે ખોટું છે, એમ જણાવવા માટે તેઓ પૂર્વગ્રહથી કહો કે ઈર્ષાથી કહો તૈયાર જ રહે છે. આવાઓ સમાજના સડો છે, સમાજને અવનત કરે છે અને સમાજને ડહોળીને મુંઝવણમાં મૂકી દે છે.

શ્રી જૈન સંઘમાં ત્રણ પ્રકારની વ્યક્તિઓ રહેવાને

માનપૂજાના આવા ભીખારીઓ કદીય પ્રભુશાસનના લેખ-ધારી બની શકતા જ નથી. આવા ભીખારીઓને જ્યાં માનના રોટલાનો ટૂકડો મળે છે ત્યાં જ ચરવા માંડે છે, પણ સ્વ-હિતાહિતનું કદીય ભાન હોતું નથી. કોઈ પણ જંગી મેદની જોઈને ન મોહાતા !, ભાપણોની ભભકોથી ન લોભાતા !, કુતર્કોની તડામારથી ન પટકાતા !, તેઓની વાણીની ભૂલભૂલામણીમાં ન ભમતા ! અને તેઓની નાંખેલી વગૂજાળમાં માંછલાની જેમ ન સપડાતા !

આવી વાણીના પાશમાં જો કોઈ ફસ્યા, તો સમજજો કે-ગયો ભવ તો ન જાણે ક્યાં કેવો હતો ? પણ આ દેવદુર્લભ મળેલો માનવભવ પણ નિષ્ફળ હારી જ જવાશે.

એક પદમાં સમ્યક્ત્વનો મહિમા ગાતાં મહા કવિવરે લખ્યું છે કે—

જબ લગ સમકિતરત્નકો, પાયા નહિ પ્રાણી,
તબ લગ નિજગુણ નહિ વધે, તરૂ બિનજલ પાણી.

જ્યાં સુધી સમ્યક્ત્વ રૂપી રત્નને નથી પામ્યો, ત્યાં સુધી નિજગુણ–આત્મગુણ વધતો નથી. જેમ પાણી વિના વૃક્ષ સુકાઈ જાય છે, તેમ સમ્યક્ત્વ વિના જ્ઞાન–દર્શન-ચારિત્ર–તપ વગેરે ગુણો વિકાસ પામતા નથી પણ કરમાઈ જાય છે, મદ પડે છે અને નિર્મૂળ બની જાય છે.

એ જ પદમાં આગળ કવિ કહે છે કે—

પરંપર કારણ મોક્ષકો, જાણો સમકિત મુલ.

શ્રી પર્વાધિરાજનું પરમ મહત્ત્વ.

વિશ્વજંતુઓને સંસારસાગર તરવાનુ જો કોઇ મહાન અવલંબન હોય, તો તે માનવજીવન છે. માનવજીવનમાંય આર્યક્ષેત્ર અને તેમાં જૈન ધર્મવાસિત શ્રાવક કુળ ઉત્તમોત્તમ કહેવાય છે. જૈન ધર્મથી સુસંસ્કારી સુકુળ જ આત્મામાં ઉત્તમ સંસ્કારોના સિંચન કરવા સાથે ઉજ્વળતા અને વિકાસ સાધે છે. જૈન કુળમાં સહજ ભાવથી ઉચ્ચ સંસ્કારો સિંચાવવાના સુવર્ણ અવસરો આપોઆપ સાંપડે છે અને તેની સાધના પણ યથાયોગ્ય થતી જ જાય છે. શ્રી જૈનશાસનમાં અનેકધા પર્વોની યોજના પરંપરાથી ચાલી આવે છે. તેમાંય ચતુર્માસમાં શ્રી પર્યુષણા પર્વની આરાધના એ સર્વ પર્વોમાંય શીરતાજ જેવી ઉત્તમોત્તમ છે–આરાધ્ય છે. આ પર્વના દિવસો જ એવા ઉત્તમોત્તમ છે, પવિત્ર છે અને તારક છે કે–એ દિવસો આવતા જ જૈનોનાં હૈયા આનંદથી પુલકિત બની જાય છે. અનેકધા ધર્મભાવનાઓના તરંગો–ઉર્મિઓ ઉછળે છે. ઘણાંના હૈયામાં તપશ્ચર્યાઓની સુભાવનાઓ જાગે છે. કોઈના હૈયામા તપસ્વીઓને પારણાં કરાવી તપોનુમોદન કરીને લ્હાવો લેવાની સુભાવનાંકુરો પ્રગટે છે. કેટલાકોને ચંચળ સ્વલક્ષીનો શુભ ક્ષેત્રોમાં વ્યય કરી તેને સુસ્થિર બનાવવાનાં મનોરથ જાગે છે. કોઈને

માટે મનને સ્થિર રાખવાની તક સાંપડે છે અને અઠ્ઠાઈ, અઠ્ઠમ આદિ તપ કરવાની તમન્ના જાગે છે અને કરે છે. વળી પૌષધો, પ્રતિક્રમણો, કલાકો સુધી વ્યાખ્યાન-શ્રવણો, બચત સમયમાં ધાર્મિક પ્રભાવનાની વિચારણાઓ આદિ સઘળુંય પ્રૌઢ વાસરોમાં જાગી ઊઠે છે અને યુવકોને અનુભવો થાય છે. વૃદ્ધ પુરુષો ચોસઠપહોરી પૌષધો કરીને ઉપાશ્રયમાં જ રહે છે. અનેકધા ધર્મક્રિયાઓ કરવા છતાંય શહેર કે ગામમાં ચાલતાં અનેક ધાર્મિક ખાતાંઓને ભરપાઈ કરવાની ઘણાઓ ચિંતા કરે છે અને તે કાર્ય પાર પણ પાડે છે. આ પર્વમાં જ તે કાર્યો સરલતાથી જ થાય છે, કારણ કે—સૌના હૃદયદ્વારો આ પર્વમાં સહજ ઉઘડી ગયેલા હોય છે. હજારો રુપિયાની ટીપો આ પર્વમાં ન ધારેલી કલ્પનાઓથી થઈ જાય છે. વળી આ પર્વાધિરાજના આગમન પહેલાં જ પૂ મુનિ મહારાજની પ્રેરણાઓના ચક્રો ગતિમાન બની જાય છે. જે ગામમાં મંદિર ન હોય ત્યા મંદિર બનાવવાની, ઉપાશ્રય ન હોય ત્યાં ઉપાશ્રય બનાવવાની, પાઠશાળા ન હોય ત્યાં પાઠશાળા ચલાવવાની, આયંબિલ ખાતા ન હોય ત્યાં આયંબિલ ખાતા ખોલાવવાની, તેમજ ઉપધાનો અને અન્ય મહત્ત્વભરી શાસનને દીપાવનારી પ્રભાવનાઓ કરવાની મંત્રણાઓ ચાલુ થઈ જાય છે. પ્રાયઃ સર્વ સુકામનાઓ આ પર્વાધિરાજના સુદિવસોમાં પૂર્ણરીત્યા સફળતાને પામે છે, એમ અનુભવાઈ રહ્યું છે.

અજૈનોનાં પર્વો પણ પ્રાયઃ ચતુર્માસમાં જ વધારે

યોજાયેલાં છે. આ પર્વોના દિવસોમાં તેઓની માન્યતા પ્રમાણે ધર્માનુષ્ઠાનો આચરે છે. પ્રાયઃ તેઓના પર્વોમા આરંભો વધારે હોય છે અને પુણ્યને ત્યાગી પાપને તેઓ આચરે છે. તેઓની તપશ્ચર્યાઓમાં પ્રાયઃ કંદમૂળનો ઉપયોગ વધારે હોય છે અને રાત્રિના જ વધારે પડતો આહાર લેવાય છે. ત્યાગપ્રધાન પર્વોને તેઓની ગુરુપરંપરાથી ભોગપ્રધાન પર્વો તેઓએ ઊભાં કરી મૂક્યા છે.

એક અન્ય ધર્મી બહુ પાન ખાઈને તેમના ઠાકોરજીના મંદિરમાં જતા હતા. તેમના એક જૈન મિત્રે કહ્યું કે-તમો મંદિરમાં જાઓ છો તો મોઢું સાફ કરી લો. ત્યારે તે બોલ્યા કે-'અમારા ધર્મમાં પાન મોઢામાં રાખીને જ ભગવાનના દર્શન કરવાનું ફરમાન છે, કેમ કે-ભગવાનને સુવાસના આવે તેથી ભક્તિનો લાભ મળે.' આ વાત સાંભળતા જ જૈન બહુ આભા જ બની ગયા. અરેરે! ક્યાં જૈનોના ઉત્તમ આદર્શો અને ક્યાં આ લોકોની અજ્ઞાનતાથી ભરાયેલી [illegible] અને ભક્તિ

અને મદિરાપાન કરતા હતા, તો અમારે તે શા માટે બંધ કરવાં જોઈએ ? આ સાંભળતાં જૈન મુનિએ જણાવ્યું કે–ભગવાન રામચંદ્રજી શિકાર કરતા હતા અને માંસ ખાતા હતા, એવું કયા રામાયણમાં છે ? તે રામાયણની એક ભાષા–કવિતા બોલ્યો, તો તેમાં એ વાત હતી. મુનિને વિચાર આવ્યો કે–જેના ભગવાનને હિંસાળુ ચિતર્યા છે, તેની ભક્તપ્રજા તે અકાર્યમાં કેમ ન યોજાય ? છતાંય મુનિવરે તેમને જૈન શૈલિથી પાપ સમજાવ્યું અને તેનો ત્યાગ કરાવ્યો.

આ લખવાનો હેતુ એવો છે કે–અજૈન પર્વોમાંય એવી બીજી વિચિત્ર પ્રથાઓ દૃષ્ટિગોચર થાય છે, કે જે જોતા તે પર્વોને વિશેષ પાપાચરણોથી અપવિત્ર બનાવી દેવાય છે.

ક્યાં શ્રી જૈનશાસનનું અનોખું અને માત્ર ધર્મમય આ મહા પર્વ અને ક્યાં અજૈનોનાં આવાં વિચારો અને આચરણોથી ખરડાયેલાં પર્વો ?

આ પર્વાધિરાજ પ્રાણીઓને મહા પુણ્યપ્રાગ્ભાર જાગૃત હોય ત્યારે જ સાંપડે છે આ વર્ષે આ પર્વની આરાધના કરી, પણ પછી જો આવતા વર્ષે જીવંત હોઈએ, તો બીજા પર્વની આરાધના હાથગત થાય છે.

પુણ્યવંતા પ્રાણીઓએ તો, આ પર્વની આરાધનામાં પ્રસન્ન ચિત્તે એકાગ્ર બનીને તલ્લીન થવું જોઈએ. આ પર્વમહિમાનું પ્રત્યેક વર્ષે પૂ. ગુરુદેવના મુખકમળથી ઝરતી

ગંગાસી પવિત્ર વાણીમાં સૌ કોઈ શ્રવણ કરે જ છે અને આ વર્ષે પણ શ્રવણ કરશે જ.

પર્વારાધનમાં મુખ્ય ધ્યાન માનસિક શુદ્ધિનું છે. મન આઠેય દિવસ ધર્મપ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહેવું જોઈએ. મન જે જે ક્રિયાઓ ચાલતી હોય તે તે ક્રિયાઓના અર્થચિંતન-મનનમાં જો એકાકાર બની શકે, તો અનેક ભવના ઉપાર્જન કરેલા ભારે કર્મો સહજ નિર્જરા ભાવને પામે છે. મહાપુરુષો મનની શુદ્ધિ ઉપર વધારે ભાર એટલા માટે મૂકે છે કે-વિમનસ્ક કે ઉપયોગશૂન્ય થતી ક્રિયાઓ ઓઘસંજ્ઞાથી માત્ર કાયક્લેશ જ ફળ રૂપ જન્માવે છે. તપશ્ચર્યા દીર્ઘ કરે અને મનના એકાન્ત શમનો ઝરો ઝરતો ન હોય, પૌષધો આઠેય દિવસોના કરે, પણ જયણાપૂર્વક કે ઉપયોગપૂર્વક ક્રિયાવિશુદ્ધિ જળવાતી ન હોય, તેમજ પૂજાઓ, પ્રભાવનાઓ અને સ્વામીવાત્સલ્યો હજારોનો વ્યય કરીને કરે, પણ સાચી ભિન્નભિન્ન [illegible] ન હોય અને સાચી સ્વામીભક્તિ જાગી ન હોય, તો તે કલ્યાણાર્થ જરૂર [illegible] કહેવાશે. પણ [illegible]

[illegible]

ચૌમાસિક આદિ અટ્ઠાઈઓમાં આ દેવો પણ મહા મહિમાપૂર્વક મહોત્સવોને કરે છે—આત્મકલ્યાણની શુભ પ્રવૃત્તિઓ આદરે છે.

આથી સાબીત થાય છે કે—આ પર્વો એ કલ્પનાઓ નથી. પર્વમાં થતી આવશ્યક ક્રિયાઓ એ ઠોકી બેસાડેલી નથી કે કપોલકલ્પિત નથી, પણ શ્રી તીર્થંકર ભગવંતોએ સ્વજ્ઞાનથી આ દિવસો આરાધના માટે ઉચ્ચ અને સાધન રૂપ માન્યા છે—કહ્યા છે. વળી આ પર્વોમાં થતી પ્રવૃત્તિઓ પણ પૂ. ગીતાર્થ ગુરુદેવોએ મહાન ધર્મના ઉચ્ચ આદર્શ રૂપ યોજેલી છે, એમાં શંકાને બીલકુલ સ્થાન કે અવકાશ નથી.

જો કે આજે પાશ્ચિમાત્ય ફૂંકાતા પવનની લહેરીના અનુકરણની ઘેલછાથી ઘવાયેલા કેટલાક મહાશયો આ પર્વાધિરાજની ઠેકડી કરતા હોય તેમ એક જુદો જ ચોકો જમાવે છે. તેઓ જાણે શ્રી જૈનશાસનની સામે જ એક મોરચો ન હોય તેવું કાર્ય કરી રહેલ છે.

ક્યાં પૂ. શ્રી ભદ્રબાહુસ્વામી જેવા પૂર્વધર પુણ્ય-પુરુષની ગુંથણીવાળી શ્રી કલ્પસૂત્રની મર્મભેદી અને આત્મ-વેધક વાણી અને ક્યાં છદ્મસ્થ અને સમયાનુકૂળ એલફેલ સિદ્ધાન્તહીન વાણી? ક્યાં ત્યાગી મુનિવરોના મુખથી શીલીંગ થઈને ઝરતી પુણ્યદેશના અને ક્યાં આરંભ-સમારંભમા રાચેલ ગૃહસ્થના મુખથી સરતી ઘોષણા? ટૂંકમાં આ પ્રથા કોઈ પણ રીતે શ્રી જૈનદર્શનને બંધબેસતી

નથી. કોઈ પણ શાસનસ્થને આ સમજાયા કે મનાયા વિના નહિ જ રહે.

મારું માનવું છે ત્યા સુધી એ મંડળના વક્તાઓને આવા દિવસે પણ કોઈ પચ્ચક્ખાણ હોતું નથી! વળી શ્રી જિનપૂજા કે ગુરુવંદન તેઓના કાર્યક્રમમાં ભાગ્યે જ હશે! ચાલો, એ તો ઠીક. પણ સાત ક્ષેત્રોની પુષ્ટિ કે [illegible] કરવા જેવું પણ કાંઈ તેઓની યોજનામા દેખાતું નથી.

આવા ઉચ્ચ શ્રી જૈનશાસનના પ્રતિકસમા અવસરોમાં કોઈની ટીકા, નિંદા કે કટાક્ષભર્યું વર્તન, એ તો આત્માને મલિનતમ બનાવવાનું યંત્ર જ કહેવાય ને! મલિનતા દૂર કરે એવા પરમ શુદ્ધિપૂર્વકના આ દિવસો છે. મૈત્રીભાવની મજબૂત સાંકળની મહેફીલ આ દિવસોમાં ઉજવાય છે. ત્યાં બીજું સુઝે પણ કેમ? [illegible]

આ પર્વાધિરાજના પુનિત દિવસોમાં [illegible] અમારી પડહ વગડાવવો એ [illegible]

તપ કરવાનો છે. જો તે ન થઈ શકે, તો ત્રણ છૂટા ઉપવાસ, અગર અન્ય તપ કરવાનો છે. એ પણ જો ન જ થઈ શકે, તો છેવટે સ્વાધ્યાય કરવાનો છે. પરંતુ તે પ્રાયશ્ચિત્ત અવશ્ય પૂરું કરવાનું છે. તપ એ શ્રી જૈનશાસનનું મૌક્તિક ભૂષણ છે. તપથી મનોનિગ્રહ સહેલાઈથી થાય છે અને ધર્મકાર્યમાં ચિત્ત ચોટાડવા માટે મનોનિગ્રહ પ્રધાન છે. જો મન જ્યાં-ત્યાં ભટકતું હોય, તો ધર્મારાધનમાં રસાસ્વાદ આવતો નથી. તપ અંગે નાગકેતુનું દૃષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે. શ્રી કલ્પસૂત્રમાં તે સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

પાંચમું કર્ત્તવ્ય ચૈત્યપરિપાટી છે. ચૈત્ય એટલે જિનાલય. જિનાલયમાં શ્રી જિનપ્રતિમાઓ બીરાજીત હોય છે. આથી આ પર્વમાં મોટી ધામધુમથી નગરનાં ચૈત્યોને જુહારવાં. એટલે કે-પ્રત્યેક જિનાલયમાં પ્રભુદર્શનાર્થે જવું અને જે જિનાલયમાં કોઈ પણ આશાતના કે ખામી હોય તેનું યથાશક્તિ નિવારણ કરવું. જુદા જુદા જિનાલયોમાં જુદા જુદા તીર્થંકરોની પ્રભાવક અને ચમત્કારી મૂર્તિઓ હોય છે. તેના દર્શન કરતાં કદીય નહિ અનુભવેલ આહ્-લાદ આવી જાય છે. આત્માને થનથનાટ થઈ જતાં હૃદયમથન થાય છે અને જ્યારે ખૂબ ભાવોલ્લાસથી હૃદય ભરાઈ જાય છે ત્યારે કર્મનિર્જરા થાય છે. કેટલાકો એવો પ્રશ્ન ઉભો કરે છે કે-સઘળેય ભગવાન છે અને સઘળાય વીતરાગ છે, તો સર્વ સ્થળે દર્શન કરવા ન

જવું. એના કરતાં એક જ સ્થળે બેસીને ધ્યાન કરીએ તો શું વાંધો છે? ભલા, વિચારો કે–એક જ સ્થળે પ્રભુની સન્મુખ ધ્યાન કરવાનો કોઈ પણ વિરોધનો [illegible] નથી. પણ નગરમાં અનેક જિનાલયો હોવાથી, ભિન્ન ભિન્ન જિનાલયોમા દર્શન કરવા જતા ઘણું જાણવાનું શીખવાનું મળે છે.

માનો કે–એક મહોલ્લામા પનાટચો છે અને જિનાલયને ખૂબ જ [illegible] રાખે છે. બીજા મહોલ્લામાં [illegible] પનાટચો હોય છે પણ ત્યા જિનાલયોમા [illegible] છે. આથી કોઈ પનાટચો તે મંદિરમા [illegible] તો તેઓને ભાવના જાગતાં, પ્રભુની ભક્તિથી પ્રેરાઈને તે મંદિરમાં જોઈતી સામગ્રી અર્પણ કરવાની [illegible] વળી [illegible] બહેનોની અપૂર્વ ભક્તિ જોઈને પોતે પણ ભક્તિમાર્ગનો [illegible] [illegible]

[illegible]

ચાર કર્ત્તવ્યો છે, જે શ્રી પર્યુષણા પર્વમાં ભાગ્યશાળીઓ શ્રવણ કરશે.

આ પર્વમાં જો શક્ય હોય, તો આઠેય દિવસ મૌન રહેવું ! ધર્મકાર્યમાં બોલવાની છૂટ.

પૌષધમાં જ જો આઠેય દિવસ પસાર થાય તો ઉત્તમ છે, નહિ તો સામાયિક આદિમા જ સ્થિર રહેવું.

આઠેય દિવસ આરંભ-સમારંભથી નિવૃત્ત રહેવું અને વ્યાપાર આદિ પણ બને તો બંધ કરવા, કારણ કે-તેમાં અઢારેય પાપસ્થાનકો સેવવાં પડે છે.

શ્રી જિનપૂજા, ગુરુવંદન, પ્રતિક્રમણો આદિ કરવા-પૂર્વક પ્રતિદિન કાંઈ ને કાંઈ તપમાં જ રહેવું, તેમજ બ્રહ્મ-ચર્યનું તો અવશ્યમેવ પાલન કરવું.

ટૂંકમાં આ લેખ વાચકોને દિશાસૂચન રૂપ આલે-ખ્યો છે. બાકી તો આ પર્વના મહિમાના લાખો પૃષ્ઠો લખાય તોય ઓછાં છે. તેમાંય શ્રી કલ્પસૂત્રનું શ્રવણ તો ખાસ લાભદાઈ છે. તેમાં કહ્યું છે કે-વિધિપૂર્વક અને એકચિત્તથી આ કલ્પસૂત્રનું શ્રવણ એકવીસ વાર જે કરે છે, તે સંસારસાગરને સહેલાઈથી તરી જાય છે. શ્રદ્ધાળુ વર્ગે તો પર્વમાં આવતી પ્રશસ્ત પ્રત્યેક પ્રવૃત્તિને બહુ-માનપૂર્વક જ આદરવી, આરાધવી અને સેવવી, એ જ પરમ કર્ત્તવ્ય છે.

卐

પછી પ્રગતિનું ચક્ર ગતિવંત થતાં સાધ્યસાધન શીઘ્ર થઈ જાય છે.

એક પ્રેક્ષક, મીઠી અંધારી રાત્રિએ ચકચકિત ચંદ્રના ઉદયને જોતાં હૃદયથી પ્રમોદિત થાય છે, પ્રસન્ન ચંદ્રના શીતલ કિરણોમાંથી શીતલતાને ઝીલે છે અને તેમાં આત્માને શમાવે છે. પ્રશમિત થયેલાં ત્રણેય યોગોના કાર્યોને-વ્યવસાયને તેમાં જ એકાકાર કરી દે છે. જાણે પરમાનંદ-મય ધામને જ ન પામ્યો હોય, તેવો તેમાં તલ્લીન બની જાય છે. એની આસપાસ શું થાય છે, તેનુ તેને સમૂલુ ભાન લૂંટાઈ જાય છે. હું શું કરી રહ્યો છું, તે પણ વિસરી જાય છે! એ ચંદ્ર અસ્ત થતાં એ પુણ્ય ઘડીને પળે પળે સ્મરે છે. ક્યારે એ પળ પ્રાપ્ત થાય તેની તે તમન્ના સેવે છે.

આત્મા નિત્ય છે. અનંત ગુણનિધાન છે, સ્વરૂપ-રમણતાનો અધિકારી છે, અનંતાનંદના સ્વભાવવાળો છે, પર-પદાર્થની પ્રીતિ-પ્રતીતિથી પર છે અને સ્વમાં સ્વને લીન બનાવીને જ રહેવાનો એનો શાશ્વત સ્વભાવ છે. આત્મા સ્વ-સ્વરૂપને જો જાણે, સમજે, અનુભવે, વિચારે અને ચિંતવે, તો એને આ સંસારવાસના, સંસારી સુખો, સંસારના વિલાસો-વૈભવો તુચ્છ, દુઃખદ અને દુઃખઘર જેવા ભાસે છે. એને સાંસારિક વાતોનો રસ ઉડી જાય છે અને સાંસારિક વાતાવરણ પ્લેગના રોગની હવા જેવું ચેપીલું તથા ઝેરીલું દેખાય છે. કોઈ સ્વજન કે મિત્ર

શ્રી સર્વજ્ઞ પરમાત્માઓએ માનવીય જીવનના વિકાસ-ક્રમનો બોધ-ઝરો વહાવતાં એમ જ કહ્યું છે કે-વિશ્વમાં બે દૃષ્ટિ છે. એક નિશ્ચય અને બીજી વ્યવહાર. નિશ્ચય-દૃષ્ટિથી આત્માને કાંઈ જ કોઈ પદાર્થ સાથે લાગતું-વળગતું જ નથી. આત્માને નથી રોવાનું ! નથી હસવાનું ! નથી મેળવવાનું કે નથી ખોવાનું ! આત્માની નથી ગતિ કે નથી વિગતિ !

પરંતુ આત્મા જ્યારે પર-કર્મની સાથે સગી છે, કર્માનુકૂળ ભ્રમણ કરે છે અને કર્મસત્તાની એક ચુંગાલમાં છે, ત્યાં સુધી વ્યવહારથી તે પરસંગી થયેલો અનેકધા વ્યથાઓ સહે છે. વ્યવહારથી જ્યાં સુધી આત્માનો સ્વત્વ વિકાસ પૂરેપૂરો સાધ્યો નથી, ત્યાં સુધી અનેકધા ક્રિયાઓ, પ્રવૃત્તિઓ અને અવલંબનોની અત્યંતાવશ્ય-કતા રહે છે.

કોઈ નિશ્ચયદૃષ્ટિથી એકાન્તે એમ જ કે-આત્માને કોઈ જ અવલબનની જરૂર નથી. તો શાસ્ત્રકારોએ તેને એકાન્તવાદી હોવાથી ઘોર મિથ્યાદૃષ્ટિની કોટિમાં ગણ્યો છે. નિશ્ચયને મનમાં ધારીને વ્યવહાર આદરવો એ જિના-જ્ઞાનુસારી સુમાર્ગ છે, પણ માત્ર એકાન્તથી જો નિશ્ચયને જ વળગી રહે અને વ્યવહારિક ક્રિયાઓનો લોપ કરે, તો તે એક આંખે કાણાની જેમ સર્વતોવ્યાપી નયને જાણી શક્યો નથી અને નયના જ્ઞાન વગર સાક્ષેપ જિન-માર્ગમાં ખોચખુંચલી અસંભવિત છે.

મનથી ઉત્પન્ન થતા વિષયો કોઈ પણ ઉત્તમ ધ્યાન સિવાય દુર્જય-દુર્દમ્ય છે. મનના વિષયો ગયા એટલે ઇંદ્રિયોના વિષયોને જીતવા અને ઇંદ્રિયોના વિકૃતિ ભાવોનુ દમન કરવું એ સહજ થઈ જાય છે. મનને જીતવા, મનને કાબૂમાં લેવા અને મનને ઉચ્ચ કક્ષાના ચિંતનમા યોજવા માટે નવેય પદોનું સ્વરૂપ સમજી તેમાં તલ્લીનતા પેદા કરવી, એજ સર્વાંગ સુંદર ઉત્તમ ઉપાય છે.

'अर्हन्त. सिद्धाचार्योपाध्याय सर्वसाधवः।
दर्शन-ज्ञान-चारित्रतपांसि नवपदावली ॥'

ઉપરના શ્લોકમાં નવેય પદોના મંગલ નામોની યાદ કરાવી છે. શાસ્ત્રોમાં લખે છે કે-ધર્મચક્રવર્તીનુ આ એક અજેય સુદર્શન ચક્ર છે. આ નવેય પદો શ્રી જૈનશાસનના નવ નિધિઓ સમા નવ પદો છે. તેનાથી અન્ય કોઈ તત્ત્વ નથી. આ નવેય પદોમાં બારમું અંગ જે દૃષ્ટિવાદ છે, કે જેમાં ચૌદ પૂર્વના અગાધ જ્ઞાનનો સમાવેશ થાય છે, તે દૃષ્ટિવાદ આ નવ પદોમાં ઉતારવામાં આવેલ છે. ચૌદ પૂર્વધર શ્રુતકેવલી મહાપુરુષોનેય અંત સમયે આ જ નવ પદોનું ધ્યાન જ સહજ અને સ્મરણીય બને છે. તેના ધ્યાનથી તેઓ પણ મુગતિના ભાગી બને છે. શ્રી નવ પદનું ધ્યાન ધરવા માટે શાસ્ત્રોક્ત રીતિએ તેનુ એક વર્તુલાકાર ચક્ર બનાવી તેમાં સ્થાપના કરવી. પછી ૐ હ્રીં પ્રણવ અને માયાબીજ ઉભયને યોજીને તેનુ ધ્યાન કરવાનું અનુષ્ઠાન-વિધાન છે.

કર્મોને દૂર કરીને, સ્વનું શુદ્ધ સ્વરૂપ પેદા કરે છે. નવેય પદનુ ધ્યાન કરતાં એના સ્વરૂપનો વિચાર કરવો !

પ્રથમ પદે શ્રી અરિહંત. અષ્ટાદશ દોષવિવર્જીત, કેવલજ્ઞાનથી લોકાલોકના ચરાચર સૂક્ષ્મ–બાદર પ્રત્યેક દ્રવ્ય–ગુણ–પર્યાયના પ્રતિસમય જ્ઞાતા, અષ્ટ પ્રતિહાર્ય સંયુક્ત, અનંત જ્ઞાન–દર્શન–ચારિત્રથી સુશોભિત અને પૂજોપચાર-સંયુત શ્રી અરિહત ભગવતોને ધ્યાનમાં ધ્યાવવા. તેઓની નામનિક્ષેપાથી રટણા કરવી, સ્થાપનાનિક્ષેપાથી પૂજા કરવી, દ્રવ્યનિક્ષેપાથી તેઓના આત્માની નિર્મળતાનો વિચાર કરવો અને ભાવનિક્ષેપાથી એવંભૂત નયની દૃષ્ટિથી શ્રી તીર્થંકરદેવના સ્વરૂપનો સર્વાંશે વિચાર કરવો.

બીજા પદે નિષ્ઠિતાર્થ–કૃતકૃત્ય–શાશ્વત–પદસ્થ નિઃસંગ–અકર્મા–નિરંજન–નિરાકાર–અનંત ચતુષ્ટયમય જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક, આયુષ્ય, ગતિ આદિ સર્વોપદ્રવરહિત નિર્મલતમ શ્રી સિદ્ધસ્વરૂપનું ધ્યાન ધરવું. તેનુ પણ ચારેય નિક્ષેપાથી ધ્યાન, પૂજન, સ્તવન અને ચિંત્વન કરવું.

ત્રીજા પદે આચાર્ય. તીર્થંકરોના અભાવમાં આચાર્ય-ભગવંતો તીર્થની પ્રભાવના, રક્ષા અને વૃદ્ધિ કરવામાં તત્પર હોય છે. છત્રીશ ગુણરત્નોના આભૂષણોથી શોભિત, શ્રી જૈનશાસનના જવાબદાર અને સ્વ–પરદર્શનવેત્તા, વાદક્ષમ, પરિપહક્ષમ તથા કાર્યક્ષમ,–એ ત્રીજા પદે બીરાજમાન આચાર્યભગવંતનું પણ બહુમાન, ભક્તિ, ધ્યાન

અને પૂજન શુભ ભાવથી કરવું.

ચોથા પદે ઉપાધ્યાય. આ ચોથા પદમાં બીરાજમાન વાચકવર્ય એ આચાર્યભગવતના (રાજાના) યુવ[illegible] જેવા પાત્રતાપૂર્ણ હોય છે. અંગ-ઉપાંગના જ્ઞાતા શિષ્યોને સૂત્ર-અર્થ અને તદુભયનું જ્ઞાન આપવામાં નિષ્ણાત તેમજ ગણને પટિત કરવાની લબ્ધિ-કળા આ [illegible] વરેલી હોય છે. શાસનપ્રભાવક આચાર્યના [illegible] કે સલાહકાર કહો ! આ ઉપાધ્યાયજી મહારાજના ગુણોને ચિંતવવા-ધ્યાવવા અને બહુમાનથી તેઓની ભક્તિ [illegible] અને પૂજા કરવી.

પાંચમાં પદે સર્વ સાધુ મહારાજો. [illegible] જ્ઞાની અને [illegible]ના [illegible] [illegible] [illegible]ના [illegible] [illegible] [illegible] [illegible] નિર-[illegible] [illegible] ઘોર તપ[illegible] [illegible]

જન્મે. શ્રી વીતરાગદેવના વચનો ઉપર અતૂટ વિશ્વાસ, વીતરાગાજ્ઞા ઉપર અખંડ અને અવિચલ પ્રીતિ–પ્રતીતિ અને આચરણની સુભાવના હોવી જ જોઈએ. આ પદનો જાપ અને આ પદના અર્થનું ચિંતન એ અત્યંત કર્મ-નિર્જરાનો હેતુ છે અને સમ્યગ્દર્શનને શુદ્ધ કરે છે.

સાતમા પદે જ્ઞાનપદ. જ્ઞાનપદ સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે. જ્ઞાન તત્ત્વાતત્ત્વનો વિવેક કરાવે છે. તે હેય, જ્ઞેય અને ઉપાદેયના સત્ય સ્વરૂપને જણાવે છે. જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વકની જ ક્રિયાઓ અને વિધિ–વિધાનો મહોદય પદને અપાવવામાં પ્રબળ હેતુ છે.

આઠમું પદ ચારિત્રપદ. દર્શન અને જ્ઞાન ઉભયનું ફળ પણ ચારિત્ર જ છે. શ્રદ્ધા સારી હોય અને જ્ઞાન પણ સૂક્ષ્મતર હોય, પણ જો ચારિત્ર ન મળે, તો તે અફળ રહે છે. ચારિત્રપદ એ સર્વ પાપોના પરિહારનું અમોઘ શસ્ત્ર છે, ભવસાગર તરવાનું મહાન વહાણ છે અને મુક્તિ-પ્રવેશનો દરવાજો છે ચારિત્ર એ મુક્તિમહેલમાં ચઢવાનું સુંદર સોપાન છે અને અવિરતિની આગથી બળીને વિર-તિના વારિધિમા નિમજ્જન કરવાનું સાધન છે. ચારિત્ર-પદની પૂજા, સ્તવના, ચિંત્વના અને ઝંખના, એ આત્માને વિશુદ્ધ બનાવે છે.

નવમા પદે તપપદ. લાખો મણ ઘાસને જેમ એક ચિનગારી બાળીને ખાખ કરે છે અને કચરાવાળા કપડાને ખંખેરતાં કચરો દૂર થઈ જાય છે, તેમ આત્મા ઉપર

લાગેલા કચરાને ખંખેરી નાખવાની ઉચ્ચ ક્રિયા તપશ્ચર્યા છે. તપથી મનોવિજય થાય છે. ઇન્દ્રિયોના વિષયવિકારો મોળા પડે છે. આત્મામાં અપૂર્વ નૂર પેદા થાય [illegible] લોકની સમસ્ત લબ્ધિઓ સહજ [illegible] અને [illegible] સન્માન-પૂજા તો સ્વાભાવિક જ મળે [illegible] તપશ્ચર્યાથી આત્મા સુવર્ણ જેવો [illegible] બની [illegible] એવું જગમાં શું છે, કે જે તપથી [illegible] અંતરાયકર્મને તપ તોડી નાખે છે. તપસ્વી [illegible] શાસનના મહા પ્રભાવક હોય છે [illegible] ઇષ્ટ સિદ્ધિ તપથી શીઘ્ર થાય છે [illegible] પણ કેવલજ્ઞાન પહેલાં અને પછી પણ [illegible] મંગલ, મહા કલ્યાણ અને [illegible] અન્ય કોઈ નથી. આ તપપાન [illegible] પ્રબલ વિચારવા માટે તપપાન [illegible] આત્માને તપમાં [illegible]

જન્મે. શ્રી વીતરાગદેવના વચનો ઉપર અતૂટ વિશ્વાસ વીતરાગાજ્ઞા ઉપર અખંડ અને અવિચલ પ્રીતિ-પ્રતીતિ અને આચરણની સુભાવના હોવી જ જોઈએ. આ પદનો જાપ અને આ પદના અર્થનું ચિંતન એ અત્યંત કર્મ-નિર્જરાનો હેતુ છે અને સમ્યગ્દર્શનને શુદ્ધ કરે છે.

સાતમા પદે જ્ઞાનપદ. જ્ઞાનપદ સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે. જ્ઞાન તત્ત્વાતત્ત્વનો વિવેક કરાવે છે. તે હેય, જ્ઞેય અને ઉપાદેયના સત્ય સ્વરૂપને જણાવે છે. જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વકની જ ક્રિયાઓ અને વિધિ-વિધાનો મહોદય પદને અપાવવામા પ્રબળ હેતુ છે.

આઠમું પદ ચારિત્રપદ. દર્શન અને જ્ઞાન ઉભયનું ફળ પણ ચારિત્ર જ છે. શ્રદ્ધા સારી હોય અને જ્ઞાન પણ સૂક્ષ્મતર હોય, પણ જો ચારિત્ર ન મળે, તો તે અફળ રહે છે. ચારિત્રપદ એ સર્વ પાપોના પરિહારનું અમોઘ શસ્ત્ર છે, ભવસાગર તરવાનું મહાન વહાણ છે અને મુક્તિ-પ્રવેશનો દરવાજો છે ચારિત્ર એ મુક્તિમહેલમાં ચઢવાનું સુંદર સોપાન છે અને અવિરતિની આગથી બળીને વિર-તિના વારિધિમા નિમજ્જન કરવાનું સાધન છે. ચારિત્ર-પદની પૂજા, સ્તવના, ચિંતવના અને ઝંખના, એ આત્માને વિશુદ્ધ બનાવે છે.

નવમા પદે તપપદ. લાખો મણ ઘાસને જેમ એક ચિનગારી બાળીને ખાખ કરે છે અને કચરાવાળા કપડાને ખંખેરતાં કચરો દૂર થઈ જાય છે, તેમ આત્મા ઉપર

લાગેલા કચરાને ખંખેરી નાખવાની ઉગ્ર ક્રિયા તપ કહ્યો છે. તપથી મનોવિજય થાય છે. ઈન્દ્રિયોના [illegible] મોળા પડે છે. આત્માના અપૂર્વાનંદ પેદા થાય [illegible] લોકની સમસ્ત લબ્ધિઓ [illegible] સન્માન-પૂજા તો સ્વાભાવિક [illegible] તપશ્ચર્યાથી આત્મા સુવર્ણ જેવો [illegible] એવું જગમાં શું છે, કે જે તપથી [illegible] અંતરાયકર્મને તપ તોડી નાખે [illegible] શાસનના મહા પ્રભાવક હોય [illegible] કે સિદ્ધિ તપથી હાથ [illegible] પા, કેવળજ્ઞાન પહેલા [illegible]

કરવા-કરાવવાવાળાઓ તિક્ષ્ણ મતિ અને પદાનુસારી લબ્ધિના બળે ઈશારા માત્રથી ઘણું જ સમજી જતા, સ્મૃતિમાં ધારી રાખતા અને યાદ હોય એ સઘળાયનો સ્વાધ્યાય સ્ફુર્તિથી ટૂંક સમયમાં કરી લેતા.

પ્રભુ શ્રી મહાવીર ભગવંતે અર્થ રૂપે દ્રવ્ય. ગુણ અને પર્યાયગર્ભિત દેશનાઓ આપી અને શ્રી ગણધર ભગવાનોએ તે દેશનાઓને ઝીલીને-સાંભળીને સૂત્રસ્વરૂપે ગુંથી તથા જુદા જુદા વિભાગોથી વહેંચીને સ્વશિષ્યો ઉપર અનન્ય ઉપકાર કર્યો! પ્રભુ પાસેથી શ્રી ગણધર ભગવંતોને જે જ્ઞાન મળ્યુ, એ સૂત્રસ્થ આત્માગમ કહેવાય! કારણ કે-પ્રભુ પાસેથી સીધેસીધુ તેઓશ્રીએ સાંભળ્યું છે, એટલે સૂત્રાત્મક આત્માગમ કહેવાય છે.

પ્રભુ જ્યારે દેશના આપે, ત્યારે શ્રી ગણધર ભગવંતો શિષ્યભાવથી, પરાકાષ્ઠાની વિનયમયી મુદ્રાથી તથા ધારણ અને સ્મૃતિ રાખવાની જિજ્ઞાસાથી, પરમ ધન-પરમ નિધાન સમાન પ્રભુવચનોને શ્રદ્ધેય માનીને એકતાન થઈ સાંભળતા. શ્રી ગણધર ભગવંતો એ વાણીને સાંભળીને, તદનુસાર બીબામાં જેમ સીક્કા પડી જાય છે, તેમ સ્વબુદ્ધિના બીબામાં તેને ઉતારી-ગોઠવી અનેક ગ્રંથો રૂપી સીક્કાઓ રચી દેતા! આ ગ્રંથો ચલણી નાણાં જેવા પ્રમાણિક મનાય છે, કારણ કે-તેને કથનાર શ્રી સર્વજ્ઞ પ્રભુ પરમ પુરુષ મનાય છે. જેવા પદાર્થો સ્વજ્ઞાનથી પ્રત્યક્ષ દેખે છે, તેવા જ યથાર્થ રૂપે તેઓશ્રી વર્ણવે છે. રાગ-

દ્વેષરહિત સર્વજ્ઞ હોવાથી યથાર્થવાદિના એ તેઓશ્રીની સહજ પ્રકૃતિ હોય છે. સર્વજ્ઞની એવી કોઈ પણ વાત [illegible] કાળમાં ખોટી હોતી નથી. એ કેવળજ્ઞાનની એક વિશિષ્ટતા [illegible]

કેવળજ્ઞાન અને કેવળદર્શન. એ બે [illegible] કે કે-સર્વજ્ઞ પરમાત્માઓ એ કાળ ગત [illegible] ભાવની અનંતા કાળ અને વર્તમાનિક [illegible] જાણી-જોઈ શકે છે. [illegible] પ્રત્યક્ષ જ એક આત્મની નજર [illegible] હોય તેમ પોતે જોઈ શકે છે [illegible] સર્વજ્ઞ ભગવાન [illegible] પદાર્થને અને તેના [illegible] ની આપણા નજર [illegible]

આજના જમાનાની વર્તમાન તમામ વ્યક્તિઓ કરતાં પહેલાં વિશેષ જ્ઞાનીઓ હતા, તેમ ઈતિહાસોથી, તેઓના લખેલા ગ્રંથોથી કે તેઓના જીવનની દુર્ઘટ ઘટનાઓથી નક્કી થાય છે. પછી એનાથીય જુનો કાળ લેતા, મતિ-જ્ઞાનીઓ, શ્રુતજ્ઞાનીઓ અને અવધિજ્ઞાનીઓ હતા, એવી કલ્પના ઉપર ઉતરી જઈએ. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ પરાકાષ્ઠાએ પહોંચેલા શ્રુતકેવલીઓમાં જ હોય છે. હવે અવધિજ્ઞાનની વાત આવે ત્યારે આજના તમામ જ્ઞાતધરો તેનાથી નબળા દેખાય, કારણ કે-એ તો આત્માની અમુક જાતની યોગ્યતાથી અને જ્ઞાનાવરણી કર્મનાય ક્ષયોપશ-મથી પેદા થાય છે. લોકમા રૂપી પદાર્થોને ઇન્દ્રિયોની અપેક્ષા વગર સ્વ-સ્વ મર્યાદા અને ક્ષયોપશમ પ્રમાણે જાણે-જુએ ! અવધિજ્ઞાનીઓમાંય અલ્પ ક્ષેત્રાવગાહી અને અધિક ક્ષેત્રાવગાહી જ્ઞાન હોય છે. ઉત્કૃષ્ટાવધિ-પરમાવધિના નામ જૈનાગામોમાં સુપ્રસિદ્ધ છે.

હવે કોઈ વ્યક્તિને મનઃપર્યવજ્ઞાન પણ ક્ષયોપશ-માધીન પેદા થાય છે. અઢી દ્વીપના સંજ્ઞીપંચેન્દ્રિય જીવોના મનની કલ્પેલી વાતોને-વિચારણાઓને તેઓ જાણી શકે છે. મનપર્યવજ્ઞાનવંત પણ અધુરા જ્ઞાનવાળા છે, કારણ કે-એ જ્ઞાન પણ કર્મના ક્ષયોપશમજન્ય છે.

પરંતુ ખરેખરૂં જ્ઞાન આત્માનુ મૂળ સ્વરૂપ અનંત-જ્ઞાન, કેવળજ્ઞાન પ્રગટે છે તે છે. જેમ દીપકનાં પ્રકાશ-કિરણો બહાર પડતા જાય છે, તેમ પ્રકાશ પથરાતો જાય

થયેલું આવરણ દૂર જતાં કેવળજ્ઞાન પ્રગટ્યું, એવો વ્યવહાર ચાલે છે.

સર્વજ્ઞ પરમાત્માઓ કેવલજ્ઞાન અને કેવલદર્શનથી પદાર્થોને તથા તેના ભાવોને વાણીના વહેણથી દર્શાવે છે. પતિતપાવની એ વાણીને ઝીલનારા જેટલી બુદ્ધિવાળા હોય તેટલા પ્રમાણમાં ધારે છે તથા શ્રી તીર્થંકર ભગવતોના શાસનમાં ભાવીમાં જ્ઞાનદર્શક અને માર્ગદર્શક બને તે હેતુથી તેને ગ્રંથ રૂપે રચે છે. એટલે શ્રી ગણધર ભગવતોએ ગુંથેલા આગમો તથ્ય જ છે, સર્વમાન્ય છે, શ્રદ્ધેય છે, મંગલ છે, કીર્તિસ્વરૂપ છે, અનુત્તર છે, પ્રતિપૂર્ણ છે અને નિર્વાણસુખનું સાધન છે. નિર્ગ્રંથ પ્રવચનોનો મહિમા એટલો વિશાળ અને પુણ્યમય ગવાયો છે, કે જે જોતાં એનુ બહુમાન–આદર–સન્માન કર્યા સિવાય રહેવાય જ કેમ ?

લગભગ અઢી હજાર વર્ષ પહેલાંની સર્વજ્ઞવાણી આજે આપણને સાંભળવા–જાણવા મળે છે, એ ઓછા સૌભાગ્યની–પુણ્યની ઘડી ન કહેવાય ! પ્રભુકૃત જ્ઞાનતત્ત્વો એવાં ગૂઢ છે, રહસ્યપૂર્ણ છે, નિપુણમતિગમ્ય છે અને ગુરુગમ્ય છે કે–સામાન્ય મતિવાળાઓની તેમાં ચાંચ ખૂંચે તેમ નથી. કદાચ ગુરુગમ સિવાય અને મતિબાહુલ્ય કે અનુભવજ્ઞાન સિવાય તેમાં જો કોઈ પ્રવેશ કરવાની ચેષ્ટા કરે, તો તે થોડેથી જ પાછો વળે છે. અગર તો ઉલટુંસુલટુ સમજીને શ્રી વીતરાગનો–શ્રી સર્વજ્ઞનો એક

હતી, એ તો નિર્વિવાદ હકીકત છે. શ્રી ગણધર ભગવંતોથી અનંતરાગમ-જ્ઞાનપ્રાપ્તિ શ્રી જંબૂસ્વામી વગેરે શિષ્યોને થઈ, એમાં શંકાને અવકાશ નથી જ.

શ્રી જંબૂસ્વામી પછી એ આગમજ્ઞાન પરંપરાએ, પાટપરંપરાએ પ્રવાહની જેમ અણીશુદ્ધ ચાલ્યું જ આવે છે.

શ્રી પ્રભવસ્વામી આદિએ એ જ્ઞાન ધારણાથી ધાર્યું, સ્મૃતિમાં કાયમ રાખ્યુ અને શિષ્યપરંપરામાં એની લ્હાણ કરી. એ જ્ઞાન પરંપરાએ શ્રી સ્થૂલભદ્રસ્વામી સુધી બરાબર ચાલ્યું, એમા તો શંકા હોય જ નહિ, કારણ કે-શ્રી ભદ્રબાહુસ્વામી જેવા શ્રુતકેવલી ભગવંતે તેઓને તેનો અભ્યાસ કરાવ્યો હતો. ત્યાર પછી મતિમંદતા થતાં જ્ઞાનાભ્યાસ ઓછો થતો ગયો. પૂર્વજ્ઞાનમાં ઓછાશ થતી ગઈ, પણ મૂલાગમો તો અવ્યાબાધ રહ્યા. એ પૂર્વજ્ઞાન ઓછું થતાં, પૂર્વધરોએ તે જ્ઞાનને અન્ય પ્રકરણ-ગ્રંથો રૂપે ટૂંકમાં રચ્યું, કે જેથી ભાવી પ્રજાને આખી ગંગા નહિ તો ગંગાજળ મળતું રહે, એવી એક યોજના ઘડી. જો એમ ન હોય, તો આજે ચાલતી સેંકડો વાતો મૂલાગમમાં ન હોય અને પ્રકરણોમાં ક્યાંથી મળે ? એ જ કલ્પના વાસ્તવિક છે કે-મહાપુરુષોએ ગંગાજળના ઘડા ભરીને પ્રકરણ-ગ્રંથ રૂપે આપણને વારસો અર્પ્યો છે.

બાર બાર વર્ષના બે ભીષણ દુકાળોની વિકરાળ ફાળની હુંફાળમાં જૈન સંઘ સપડાયો અને તે અરસામાં કંઈક સાધુઓ જ્યાં-ત્યાં સંયમનિર્વાહ કરવા માટે પહોંચી

ગયા. આ અવસરે સ્વાધ્યાયની વેગવતી પ્રવૃત્તિમાં કાંઈક મંદતા આવતાં પૂર્વજ્ઞાન વિસારે પડતું ગયું. જે જ્ઞાન હતું તે પણ, કોઈને કોઈ સૂત્ર તો કોઈને બીજું સૂત્ર–એમ યાદ રહ્યું હતું. બાકી નવું કોઈએ ઉમેર્યું નથી અને જૂનું કોઈએ છૂપાવ્યુ નથી.

જુદી જુદી દિશામાં વ્યાપાર માટે ગયેલા વ્યાપારીઓ ભેગાં થઈને, જેમ કોઈ રત્નો, કોઈ મોતી, કોઈ હીરા, કોઈ સોનામહોરો અને કોઈ રૂપાનાણું પરસ્પર દેખાડે તથા સર્વ એકસંપથી સંચય કરે છે. તેમ દૂરદેશી અને ભાવીમા મહોપકાર જોનાર એવા ધૂરધર ગચ્છનાયક, મહાન જ્ઞાની શ્રી સ્કંદિલાચાર્ય મહારાજે અને શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ મહારાજે, લબ્ધ સમયે સર્વ મુનિમંડળને મેળવીને, મતભેદ વિના જેવુ હતું તેવુ તે જ્ઞાન ચાર અનુયોગનાં વિભાગ રૂપે પુસ્તકાલંકૃત કર્યું ! કારણ કે–હવે સઘળુંય આગમજ્ઞાન કંઠસ્થ જ રહે અને પરંપરાની શ્રમણ પેઢીમા વારસા રૂપે ચાલે, એવી સ્થિતિ–સંયોગો નહોતા !

પંચમકાળ જેમ જેમ વ્યતીત થાય છે, તેમ તેમ પ્રત્યેક ભાવો હીયમાન થતા જાય છે અને થશે. એમ પણ તે મહાપુરુષોએ જાણ્યુ અને અનુભવ્યુ.

તે મહાપુરુષોએ જે અનેક આલાવા હતા, તે દરેકમાં એક જ આલાવામાં સમાવેશ કર્યો ! જે સૂત્રો લાંબા હતા અને એકબીજાના વિષયને અનુપયોગિતાવાળા હતા, તે

એકજમાં રાખીને અન્યને તથૈવ એમ અતિદેશ રૂપે સૂચવ્યું. અલ્પતા આવતા શ્રવણવર્ગને આ ભણતાં સુગમતા રહે, એ તેઓનો મહાન મહત્ત્વપૂર્ણ આશય હતો અને આજે તે જળવાઈ રહ્યો છે.

એ કાળને પણ આજે સેંકડો વર્ષો વીતી ગયાં. આજે એ જ પરંપરાગત આગમો છે, ટીકાઓ છે, પંચાંગી છે અને ભણવાની પૂરેપૂરી સુગમતા રહે એવાં સાધનો છે, છતાય એ આગમજ્ઞાનને પરિપૂર્ણ અભ્યાસની દૃષ્ટિએ પાર પામેલા ઘણા જ વિરલા મળે છે, કારણ કે-એમાં બુદ્ધિનો પૂરેપૂરો વ્યાયામ છે. જો કે આજેય એ આગમ-જ્ઞાનને ભણેલા આગમપ્રજ્ઞો છે, પણ તે ઘણા જ અલ્પ છે. જો ટીકાઓ કે અન્ય ભાષ્યો તથા તેના સ્ફોટક સાધનોનો અભાવ હોત, તો મૂળ ઉપરથી તેના રહસ્યો સમજવા અશક્ય બની જતે અને આગમજ્ઞાન હતું એવી વાતો થતે જ.

જેમ પુત્ર માટે પિતા નિધાનોનો સંચય કરી જાય છે, તેમ તેથીય વધુ ઉપકારી પૂર્વાચાર્યોએ શ્રમણશિષ્યોને જ્ઞાનનિધાનોના ચરૂ જ સુચારૂ રૂપથી વારસામા આપ્યા છે, એમ કયો જ્ઞાનપિપાસુ નથી માનતો કે ન માને ?

જેઓને જ્ઞાન સાથે લેવા-દેવા નથી, પ્રભુના તત્ત્વ-જ્ઞાન સાથે સંબંધ નથી અને પ્રભુના જ્ઞાનનુ મહત્ત્વ કે વિશાળતા સમજાઈ નથી, તેવાઓ મતાગ્રહની જ એક ઝંઝીરમા જકડાયા છે. શ્રી આનંદઘનજી મહારાજ કહે

શીર્ણ અવસ્થામાં હોવાથી, તેની નકલો પણ અનેકશઃ કરાવાઈ. નકલ એટલે અસલની જ કોપી–અનુકરણ. તેમાં નવું કાંઈ જન ઉમેરાય ! આજે પાટણના, ખભાતના અને જેસલમેરના પ્રાચીન ભંડારોમાં જૂની પ્રતો છે, એવી સાક્ષી પૂરે છે.

બીકાનેરમાં પ્રાચીન હસ્તલેખિત પુસ્તકોના ભંડારો હતા, પણ સંભળાય છે કે–એક યતિશ્રી પાસેથી મનમાન્યા રૂા. ૪૫૦૦૦ આપીને તેરાપથીઓ તે ઉપાડી ગયા છે. પ્રતો જૂની અને પ્રમાણિક મનાય તેવી છે, પણ દુઃખદ બીના એવી સંભળાય છે કે–તે પ્રતોમાં જે જે મૂર્તિપૂજાના, દયાના અને દાનના પાઠો કે પ્રમાણો આવે, તે ઉપર હડતાલો મરાય છે; અને તેઓની મુરાદ એવી બદ સમજાય છે કે–આજથી લાંબા સમયે લોકોના હાથમાં જો તે પ્રતો આવે, તો તે જૂની તરીકે પ્રમાણિક મનાય, તેમજ લોકો તેમના માન્ય સમાજમાં તેને સહેલાઈથી ચોજી દેશે ! આવી કૂટ લીલાથી તેઓ શું કલ્યાણ સાધશે ?

સ્થાનકવાસી સમાજમાંય ઘાસીલાલજી નામના ઋષિએ અનેક શાસ્ત્રપાઠોમાં ગોલમાલ કરીને આગમપાઠોને ઉડાવી નવા ઉમેર્યા છે. એમ સમજાય છે કે, આ સુબસનીય એવી મલિન ભાવના દેખાય છે કે–લાંબા સમયે તે સાહિત્ય જૂના તરીકે ખ્યાતિ પામશે અને અનેક ભોળાઓ તે પંથને સાચો માનશે.

આવી કાવત્રાખોરી, સૂત્રોના પાઠોમાં પરિવર્તન

વંતા માનીને, તેમાં સંદિગ્ધતાવકાશ છે-એમ બતાવવું, એ શ્રદ્ધાળુ જૈન પંડિતોને શોભાસ્પદ કે ઉચિત નથી.

અશુદ્ધિની શુદ્ધિ કરવી, અન્ય સ્થળના પાઠોને એકબીજા સાથે સરખાવવા અથવા તેમાં મતભેદની માન્યતા બતાવવી એ વાત ન્યારી છે, પણ સાચા-ખોટાનો ન્યાય તોળી દેવો, એ અધિકાર આજના પંડિતોને નથી જ.

આપણું સાહિત્ય સંરક્ષિત બને, સમૃદ્ધ બને અને પ્રચારિત થાય, એમાં શ્રી જૈનશાસનની ઉજ્જવલતા જ છે અને તેથી શાસનનો કીર્તિધ્વજ જ ફરકશે !



આત્મદર્શન.

મહાસાગરની માછલી જ્યારે વીયાવાની હોય, ત્યારે તે કિના આવીને ઇંડા મૂકી જાય છે. બાદ તે દરિયામાં રહીને આંખથી અં હૃદયના તારથી તે ઇંડાનુ સેવન કરે છે, છતાં તેમાંથી માછલીન સંતાનવિસ્તાર વધે છે.

આવી જ રીતે આસક્તિમાં રંગાયેલો પણ નજરથી અં હૃદયથી પ્રભુને અને પ્રભુના માર્ગને વિસરતો નથી. તે પોતે ધી ધીમે આત્મદર્શન કરી શકે છે સાગરનિવાસ હોવા છતાંય માછલી ધ્યેય-સાધ્ય ઇંડાંના સેવનનું હોય છે. તેવી જ રીતે સંસારના રૂપોમ રંગાયા વિના માનવી પ્રભુ પ્રત્યે નજર રાખીને, આત્મસાક્ષાત્કાર કરી કૃત્યકૃત્ય થાય છે

દીપાલીકા પર્વનું દિવ્ય દર્શન,

આ ભારતભૂમિ ઉપર જનવર્ગ અનેક પર્વોની ઉજવણી કરતો દેખાય છે, પણ પર્વપ્રારંભ જે ઉદ્દેશથી કે હેતુથી થયો હોય છે, તે હેતુને જાળવીને પર્વની ઉજવણી કરનાર વિરલ જનો નજરે પડે છે. મિથ્યાત્વની વાસના અને સંસાર-શણગાર–એ બંનેએ ધાર્મિક પર્વો ઉપર સત્તા જમાવી લીધી છે, એમ સૌના અનુભવમાં અવી રહેલ છે. જૈન પર્વો કે જૈનેતર પર્વો–ઉભય આત્મશુદ્ધિના, સ્થિરતાપ્રાપ્તિના અને શાન્તિ મેળવવાના હેતુથી જ ઘડાયેલા હતા, એ તો નિર્વિવાદ વાત છે.

જૈનોના વિવિધ પર્વો છે. તેમાં હજુ આત્મભાવના, ત્યાગવૃત્તિ અને તપોવિધાન સચવાઈ રહ્યા છે, એ જૈન શ્રમણસંસ્થાને જ આભારી છે. જૈનોમા હજુ જૈન ત્યાગી-વર્ગ શાસ્ત્રીય વિશુદ્ધ ધર્મવાણી સતત વરસાવી રહ્યા છે. શ્રોતાગણ તે શ્રવણ કરીને તદનુસાર જીવન વીતાવવા કટિબદ્ધ રહે છે અને તેથી જૈનોના પર્વોમાં ત્યાગની સુવાસ મહેકી રહી છે.

આર્યાવર્ત દેશનું મૂળ ધર્મ અને અધ્યાત્મના પાયાથી ઘડાયેલ છે. આ દેશના વાતાવરણમાં ધર્મ અને અધ્યાત્મ મધમધેલું પ્રસરેલું છે. કે જેથી આ દેશની જનતા કર્મના

પર્વો ઉજવતી રહી છે. એમાં મુખ્ય વાત એ સમાયેલી છે કે-પર્વના ઉત્થાનના સમયે પર્વની પાછળ ધર્મની ઊંડી ઊંડી સુવાસ હતી. પરંતુ લાંબા સમયે કેટલાક કુપર્વો પાંખડી સ્વાર્થસાધુઓએ ધર્મના આંચળા નીચે પોતાની નીચ વૃત્તિઓને પોષવા માટે ઘતીગો કરવામાં ફેરવી નાખ્યા, કે જે આજે રૂઢગત થઈ જવાથી માત્ર અધર્મ-પોષણ હોવા છતાંય ધર્મના નામે પ્રચલિત છે.

આજથી અઢી હજાર વર્ષ પહેલાં તીર્થંકર, સર્વજ્ઞ શ્રી મહાવીરદેવે વિશ્વના પટ ઉપર વિચરીને, ઉગ્ર કષ્ટોને હસતાં મુખે વેઠીને અને આત્માનું સંશોધન-શુદ્ધિકરણ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તથા ઘોર અંધકારમાં ગોથા ખાતી જનતાને શુદ્ધ આત્મતત્ત્વનું સુભાન કરાવ્યું; જ્ઞાનના ઝળહળતા પવિત્ર પ્રકાશથી ભવ્યોના હૈયાગત અંધકારને દૂર કર્યું. જનતા દૃઢ વિશ્વાસથી તેઓશ્રીના ચીંધેલા પુનિત પંથે ચાલવા માટે કટિબદ્ધ થઈ; હજારો સ્થળોએ પ્રભુની ચમત્કાર અને અતિશયથી ઉભરાતી વાણી વર્ષી અને ગાજી; ક્રોડો જનોએ તેના સ્રોતમાં સ્નાન કરીને પવિત્ર જીવન જીવવાનો આરંભ કરી દીધો; અને અનેક રાજવીઓ, ધનાઢ્યો, શ્રેષ્ઠિનંદનો અને રંકો સૌએ એક જ ભાવનાથી ઉંચ-નીચના ભેદો ભૂલીને પ્રભુના ચીંધેલા માર્ગે ખભે-ખભા મિલાવીને ચાલવાનું નિર્ધારિત કરી લીધું.

વિલાસોને ભૂલીને વૈરાગ્યે રંગાયા. ભોગોના ભયંકર ભુજંગોના સહવાસને છોડીને ભક્તિના અમૃત રસના પાનથી

તૃપ્ત થયા. ઇન્દ્રિયજન્ય વાસનાઓને વણસાડી આત્માના સત્ય અને નિત્ય આત્યંતિક આનંદના અમૃતાનુભવી કરવામાં એકતાન બન્યા. મોહ-મદિરાના નશાના ફેગનું નિકંદન કરીને નિવૃત્તિના નંદનવન વિહારોની મોજ માણવા પ્રેરાયા. કામ. ક્રોધ. માન અને લોભના લશ્કરો આત્મા સાથે એકમેક થઈને રહેતા હતા તેને વેરવિખેર કરી દીધા. પ્રભુની વાણીથી આ વિશ્વ ઉપર શાન્તિનું સામ્રાજ્ય જામી પડ્યું અહિંસાના પવિત્ર પેગામો પ્રસર્યા. પ્રભુજીએ કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને ત્રીસ વર્ષ સુધી ઉપકારોનો પ્રવાહ સતત ચાલુ રાખ્યો

મગધ દેશના પ્રત્યેક સ્થળના પ્રભુએ વાણીનો પવિત્ર સ્રોત વહાવ્યો. કે જેથી ત્યાગીવર્ગની વૃદ્ધિ પણ થઈ તેમાંય કેવળજ્ઞાનીઓ. મન પર્યવજ્ઞાનીઓ અવધિજ્ઞાનીઓ. પૂર્વધરો. વ્રતધરો. ઘોર તપસ્વીઓ. પ્રચંડ વાદીઓ તેમજ લબ્ધિનિધાનો અનેકશ હતા. આ સઘળોય સમુદાય. જેમ ચંદ્રની પાસે ગૃહ-તારાગણ શોભે. તેમ પ્રભુની સાથે શ્રી [illegible]નનું ચ[illegible] ગતિમાન થતા અત્યંત શોભી રહ્યો હતો. [illegible] પરના [illegible] જેમ ચન્દ્રને અન્ય સ્થળે વિજય [illegible] સાથે [illegible]. તેમ ભગવાન પણ જે સ્થળે જે [illegible] હેતુ તે તે [illegible] [illegible]ની [illegible] હતા શ્રી ગૌતમસ્વામી [illegible] [illegible] [illegible] પરવાની [illegible] [illegible] પ્રભુએ અન્ય સ્થળે [illegible] અનેક [illegible].

શાસ્ત્રમાં મળી આવે છે. સાથે જ મહા તપસ્વી શ્રી મહાવીર પ્રભુએ ધર્મચક્રનું એક એવું કેન્દ્ર સ્થાપ્યું હતું, કે જેથી જૈન ધર્મનું સામ્રાજ્ય જામી ગયું હતું, એમ કહેવું ઉચિત મનાશે! અનેક રાજવીઓ જૈન ધર્મના ચુસ્ત શ્રદ્ધાળુ હતા, કે જેઓ ધર્મપ્રચારમાં સર્વસ્વ હોમી દેવા તૈયાર રહેતા. હા, અન્ય ધર્મીઓએ સ્વધર્મપ્રચાર માટે બંડો ઉઠાવ્યા, તોફાનો મચાવ્યા, અન્યોના મંદિર-મૂર્તિઓને ધ્વંશાવશેષ કર્યા, અન્યોને રંજાડયા અને અન્યોના પ્રાણો લેવા સુધીની હલકટ પ્રવૃત્તિઓ આદરી. 'અન્ય ધર્મની માન્યતાઓ દુષ્ટ છે-અમાન્ય છે!'-એવું માનનારાઓને ધાકધમકી આપીને, આવું નીચ કૃત્ય જૈન રાજાઓ દ્વારા જૈન ધર્માચાર્યોએ કદી પણ કરાવ્યું નથી. ઉલટું, અન્ય ધર્મીઓને સ્વધર્મની માન્યતા માટે તેઓશ્રીએ તત્ત્વ સમજાવ્યું, ચર્ચાઓ કરી અને વિજય મેળવ્યો. આ જ સત્ય સર્વજ્ઞોદિત ધર્મનુ પ્રશસ્ત આદર્શ પ્રતીક છે. ઇતિહાસના પાનાંઓમાં જો જરા સ્થિરતા, ધીરતા અને સ્થિર પ્રજ્ઞતાથી નજર ફેરવીએ, તો ચોક્કસ સમજાય છે કે-જૈન ધર્મીઓમાં શ્રી મહાવીર પ્રભુએ એવું એક તત્ત્વ જમાવ્યુ છે, કે જે સ્વધર્મનો હોય કે અન્ય ધર્મનો હોય, પણ સર્વ ઉપર કરૂણાભાવ એકસરખો જ વરસાવ્યો છે. જેઓ દુઃખી, પીડિત કે નિઃસહાય હોય તેઓને સહાય કરવી, તેઓના દુઃખને દૂર કરવું અને તેઓને સુખી બનાવવા! તે માટે સઘળુંય કરી છૂટવું. આ વિશ્વના જીવોની કલ્યાણભાવના છે. અને આથી જ જૈન ધર્મ અને ધર્મી, આજ

સુધી ક્રોડોની સામે ટટ્ટાર તેમજ સત્ત્વથી ઉભેલા દેખાય છે.

ભગવત શ્રી મહાવીરદેવે ત્યાગ અને તપ, શ્રદ્ધા અને અનુષ્ઠાનો એવા કઠિન તથા કાચાપોચાને સાંભળતા જ ધ્રુજારી છૂટે, એવાં એવાં આચર્યાં છે અને તેઓશ્રીના અનુયોગોને આચરવા માટે ઉપદેશો આપ્યા છે. અનેકોએ તે કઠિન અને વિકટ મહા સત્ત્વથી ભાગ્યવતોએ આચર્યા છે. અનેકો આચરે છે અને હજુય લાંબા કાળ સુધી આચરશે. એવી વીર વાણી અને આચાર આબાધિત ચાલશે જ–એવુ આજના અનુભવોથી દેખાય છે, તેમજ વિશ્વ ઉપર એવી છાપ પણ અમાપ દેખાય છે. શ્રી મહાવીર ભગવાને સ્વજ્ઞાનને અનેક સ્થળોએ જન સમક્ષ દર્શાવ્યું અને જ્ઞાનથી જનવર્ગને વિશુદ્ધ આત્મશુદ્ધિનો મોક્ષમાર્ગ દર્શાવ્યો, કે જેથી ભારતવર્ષની ભૂમિ ઉપર અહિંસા અને સત્યના સ્રોતો વહેવા લાગ્યા–વહી રહ્યા છે.

પ્રભુએ કેવલજ્ઞાનપ્રાપ્તિ બાદ લગભગ ત્રીસ વર્ષ સુધી વિચરીને જગતને તાત્ત્વિક જ્ઞાન સમર્પ્યું. આયુ પૂર્ણ થવાની તૈયારીમાં હોવાથી તેઓશ્રી અપાપા (હાલની પાવાપુરી) નગરીમાં પધાર્યા. પાવાનગરીની જનતા આ [illegible] પ્રફુલ્લિત થઈ અને પ્રભુપ્રતિમાના– [illegible] દર્શન [illegible] અને વાણીશ્રવણાર્થે [illegible] થઈ. [illegible] ભવ્ય અને [illegible] ની [illegible] અને [illegible] હૃદયે [illegible]. [illegible] – તે નીરખીને જનતા આશ્ચર્ય પામી. અહો ! અદ્ભુત

તથા ચમત્કૃત થયું ! આથી ભક્તિભરપૂર હૃદયહૈયાથી સૌ કોઈ નાચી ઉઠ્યા.

આજે પ્રભુ શ્રી મહાવીરદેવની—છેલ્લા તીર્થંકરદેવની અંતિમ દેશના હતી. આજે પ્રભુના સ્વતંત્ર જ્ઞાનનો છેલ્લો આત્મિક દર્શનનો સંદેશ હતો. આજે આ અવસર્પિણીકાળના છેલ્લા તીર્થંકરદેવના છેલ્લા પુણ્યદર્શન હતા. આજે આવી અતિશયવંત વાણી શ્રદ્ધાળુ શ્રમણ-શ્રમણીઓ અને શ્રાવક-શ્રાવિકાઓને છેલ્લી જ વાણીશ્રવણની સુભગ પળ હતી. સૌ હર્ષઘેલા બનીને સમવસરણમાં સભાવુક હૈયાથી ઉપસ્થિત થયા હતા. શું ઈન્દ્ર ?, શું દેવ ?, શું અસુર ?, શું સુર ?, શું રાજા ? કે શું શ્રેષ્ટિનંદન ?, શું મધ્યમ ? કે શું રંક ?, સઘળાંય એક જ દૃષ્ટિ અને એક જ ધ્યેયથી, પ્રભુની આસપાસ કમલની પાસે ભ્રમરો રસપાનની આસક્તિથી જેમ બેસે, તેમ બેસી ગયા હતા. તપેલા લોઢાના ગોળા ઉપર જેમ જળશીકારો પડે અને ધીમે ધીમે પ્રશાન્ત થાય, તેમ પ્રભુની અમૃતસહોદરી, હૃદયને પીગળાવનારી, ગુપ્ત આત્મસત્તાને જાગૃત કરનારી, આત્મશુદ્ધિના ચમકતાં કિરણોને પ્રગટ કરનારી અને અનંત કાલાયાત મિથ્યાન્ધકારના ઘોર પટલોને ભેદનારી શ્રી વીરવાણીનો ધોધ ચાલુ થયો. સરલ શ્રોતાગણ એ વીરવાણીની ધવલધારાથી અભિસિંચિત થયો ! એટલુ જ નહિ પણ એ વીરવાણી અનાદિના પ્રબલ મળને ધોઈને સ્વચ્છ આત્મદર્શન કરાવવાનુ સફળ અર્પી રહી.

પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી પંચમ આરો દુષમ અને ભયંકર શરૂ થવાનો હતો. જનતાના હૈયાઓમાં એ કાળપ્રભાવે દુષિતતા. દુર્ભાવ, ધર્મવિમુખતા. નાસ્તિકતા, આત્મબહિર્મુખતા, સ્વચ્છંદતા અતિ પ્રલોભતા, અતીવ પ્રકોપિતા વગેરે દુર્ગુણો સાહજિક છવાઈ જવાના છે: તેમજ સ્વધર્મને સ્વયમેવ દુર્મતિ અને કુતર્કના જોરથી હણનારો વર્ગ જન્મશે અને શાસ્ત્રાજ્ઞાઓને જુઠ્ઠી કરાવી સ્વમતિકલ્પિત વિચારધારાને સત્ય ઠરાવવા માટે કેટલાક દુર્ભવીઓ પેદા થશે વળી જેઓ શ્રી વર્ધમાન પ્રભુની આજ્ઞામા સ્થિર હશે. તેઓને અસ્થિર બનાવી, સત્ય અને તારક પથથી પતિત કરશે કુલવંતો પણ હલકા કુળના આચાર-વિચારોને અપનાવશે અને વિનય, વિવેક. ભક્તિ તથા શ્રદ્ધા આદિ સુગુણો લુપ્તપ્રાય થશે કાળની કાળી પછીડી સુવિચારવાળાઓને પણ દુર્વિચારોની દુર્ગંધીથી દુઃખી થવુ પડશે

શ્રી મહાવીર પ્રભુ સ્વજ્ઞાનથી આ સઘળુંય જાણતા હતા. એટલે આજની દેશના [illegible] અને [illegible] દીધી હતી [illegible] ન થાય અને થાય તો [illegible] જાય. આવા હેતુથી જ માનો કે-પ્રભુએ છેલ્લી દેશના [illegible] અને અલ્પમતિઆરા આપી.

પ્રત્યેક તીર્થંકર ભગવાન [illegible] આપે છે આ એક પરંપરા છે [illegible] તે. આ દેશના [illegible] પહેર સુધી [illegible]

અગ્લાનપણે સંભળાવી. અહીં શ્રવણુલિપ્સુ બેઠેલો શ્રોતાગણ પણ કોઈ દિવ્ય કે ભવ્ય સ્થળમાં બેઠો હોય, એવી રીતે સોલ પહોર સુધી પ્રાયઃ તપ કરીને બેસી રહ્યો. આ દેશના એ પ્રભુજીવનનો છેલ્લો સંદેશ હતો અને સ્વપુત્રોને જીવનવર્તન કરવાનું અને સ્વજ્ઞાન-ધનાર્પણ કરવાનું વસિયતનામું હતું એમ કહીએ તોય ચાલે. છેલ્લી દેશનામાં અધ્યાત્મજ્ઞાનભરપૂર શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર તેમજ અન્ય વિષયો દર્શાવ્યા. સ્વભાવના અને પરભાવનાથી ભરપૂર ભેદોવાળા આ સુત્રના છત્રીશે છત્રીશે અધ્યયન સાચે જ પ્રભુજ્ઞાનના રહસ્યના સર્વસ્વના જેવા અણુમોલ છે.

આ સૂત્રમાં વૈરાગ્યરસ વાકયે વાકયે ઝરી રહ્યો છે. અધ્યાત્મજ્ઞાન ગાથાએ ગાથાએ ઝરી રહ્યું છે. તત્ત્વજ્ઞાન પાદે પાદે અખૂટ વર્ષી રહ્યું છે. તત્ત્વશ્રદ્ધાની પ્રેરણા અધ્યયને અધ્યયને ઉછળી રહી છે. સંસારથી વિરકત બન્યા પછી શ્રમણનો આત્મવિકાસ અને જીવનોદ્ધાર કરવાની ઉચ્ચ કક્ષાની કુંચીઓ, પગદંડીઓ આ સૂત્રમાં ગુંજી રહી છે. તેમાં સ્વદર્શનમંડન અને પરદર્શનખંડન, અપોહ વૃત્તિથી સ્થળે સ્થળે મળી આવે છે. અન્ય શાસ્ત્રો કદાચ મતિમાદ્યથી ન જોઈ શકાય, પણ આ એક સૂત્ર જ એવું છે, કે જેથી તેમા શ્રદ્ધા, વૈરાગ્ય, તત્ત્વજ્ઞાન, સમભાવ અને આત્મરમણુતા-એ સઘળુંય અવલોકનથી-ચિંત્વનથી-સ્વાધ્યાયથી જણાઈ આવે છે.

સ્વભાવદર્શન કરવાનો માર્ગ દર્શાવતાં તેમાં જણાવ્યુ

છે કે-આત્માનું દમન કરો. આત્મદમન દુર્લભ છે. આત્માનુ દમન કરતા સુખી થવાય છે. આ લોકમાં અને પરલોકમાં આત્મદમન કરનાર સુખી થાય છે.

આત્મા બે પ્રકારનો છે. બહિરાત્મા અને અંતરાત્મા. બહિરાત્મા એટલે જડસંગ અને જડાસક્તિ, તેમજ સુંદર કે અસુંદર પદાર્થો જોઈને રાગ અને દ્વેષની પ્રવૃત્તિ. અંતરાત્મા એટલે કષાયનો ત્યાગ અને સંસારવૃદ્ધિના કારણોની વિમુખતા. એકે એક ગાથામાં વૈરાગ્ય અને આત્મદર્શનનું મૂર્તિસ્વરૂપ પ્રકાશિત થતુ દેખાઈ આવે છે.

એક મારો આત્મા શાશ્વત-અવિનશ્વર છે. તેના ગુણો જ્ઞાન-દર્શન છે. એ સિવાયના વિશ્વના સઘળાય બાહ્ય ભાવો છે. તે ક્ષણિક અને સંયોગવિવશ છે. કર્મનો આત્મા સાથેનો સંયોગ હોવાથી બાહ્ય ભાવના સંયોગો આત્માને વળગે છે. પરન્તુ કર્મસંયોગથી જ્યારે આત્માના વિચ્છેદો પડે-છૂટો થાય, ત્યારે આત્મભાવમાં જ પરિણત રહે છે અને કર્મજન્ય પ્રત્યેક વાસનાનું વિષ ઉતરી જાય છે-નાશ પામે છે.

આમ [illegible] પ્રભુ 'શ્રી મહાવીરે' પોતાની દેશનાઓ અનેક તર્ક, દલીલો અને દૃષ્ટાન્તો [illegible] કહ્યું છે. [illegible] તેના [illegible] આજે પણ [illegible] તદનુસાર જીવન જીવનારી [illegible] સાચી [illegible] બની રહ્યા છે.

હા, ધર્મીવર્ગ તો આ પર્વમાં આત્મકલ્યાણસાધક આરાધના કરે છે અને ધન્યપુણ્ય સ્વને માને છે.

છેલ્લે, એટલું જ લક્ષ્ય દોરવાનું છે કે-દીવાળી પર્વ આવતાં જો શાસ્ત્રાનુસારી અનુષ્ઠાનો આદરીને પર્વારાધનનો ઉદ્દેશ સાચવે, તો પર્વારાધનનો શ્રમ સફળ થાય અને પરંપરામાં વિશુદ્ધિ સચવાઈ રહે.

卐

ઔષધી જ્ઞાન.

વૈદ્ય ઉંચામાં ઉંચી ઔષધીઓ જાણે છે-રાખે છે. વૈદ્યને જ રોગ થાય અને તે ઔષધિઓનુ લિષ્ટ વાંચ્યા કરે અને દવાઓનાં નામો ઉચ્ચાર્યો કરે, એથી વૈદ્ય પણ રોગમુક્ત થતો નથી પણ રોગથી પીડાયા કરે છે.

જ્ઞાની પણ જો જ્ઞાનની ચર્ચાઓ કરે અને તત્ત્વજ્ઞાનની મીમાંસાઓ કરે, પરંતુ પોતાના જીવનમાં રહેલી કોઈ પણ કુવૃત્તિને તે તજે નહિ કે કર્મદ્દંદને નાશ કરવા માટે એક પણ અમલ કરે નહિ, તો તે પણ વૈદ્યની જેમ માત્ર દવા જાણવાનો-રાખવાનો વ્યર્થ શ્રમ જ ઉઠાવે છે, પરંતુ તેને કાંઈ જ ફાયદો થતો નથી. જ્ઞાન એ ઉચ્ચ છે, પણ જ્ઞાનનું ફળ, વિરતિ, વૈરાગ્ય, સ્વ-ભાવજ્ઞાન અને પર-ભાવત્યાગ જીવનમાં ઓતપ્રોત કરવા પડે છે.

નૈતિક પતનનું કારણ આધુનિક શિક્ષણ.

આપણા આ આર્યાવર્તમાં આજના શિક્ષણના જેવો પહેલાં પ્રચાર નહોતો. ત્યારનું વાતાવરણ અને આજના વાતાવરણમાં જમીન–આસ્માનની ફેરફારી દેખાય છે. પહેલાં નાના–મોટા સૌની માન–મર્યાદા સચવાતી હતી. આ મર્યાદામાં સંયમનું રક્ષણ થતું હતું અને માનવો મોટી ધમાલમા રહીને શાન્તિ અને સુખનો અનુભવ કરતા હતા. નાનો છોકરો બાપના દેખતાં જેમ–તેમ બોલતો નહિ કે છેલબટુક થઈને ફરતો નહિ. બીડી જેવી સામાન્ય વસ્તુને પણ બાપથી ખાનગીમા પીવાતી. સ્વપુત્રને પણ જો લાડ લડાવવો હોય. તો બાપ બેઠા હોય ત્યાં સુધી પુત્રને લેવાતો નહિ અને બોલાવાતો નહિ. પછી લાડ. પ્યાર કે અન્ય સ્નેહચેષ્ટાઓ તો કયા રીતે ? બાપની ખાનગી કોઈ પણ જાતની મુડી રખાતી નહિ બાપની આજ્ઞા સિવાય કોઈ નેય કાંઈ અપાતું–લેવાતું નહિ. પુત્ર-વધૂ પણ સાસુ. સસરા અને અન્ય વડીલોની ગજબ મર્યાદા સાચવતી.

આ સમાજબંધનોમાં વ્યવહારિક અનેક લાભ રહેલ હતો. મન અને ઇન્દ્રિયોને કાબૂમાં રાખવા માટે આ નિયમો [illegible] હતા. જેમ [illegible] [illegible] પ્રકૃતિ અને માન–મર્યાદાને [illegible] કરીને. આજના જેવી

ગઈ. મા-બાપનો તો એક નોકરની જેમ તે તિરસ્કાર કરવા લાગી. દિવસ અને રાત ગાર્ડનોમાં, સીનેદુનિયાના સપાટામાં અને ભાવણોની રમઝટોમાં, એમ અનેક જાતની રાષ્ટ્ર અને દેશની પ્રવૃત્તિ ઓમાં તે ફરવા લાગી અને મ્હાલવા લાગી. કેટલાક લાગતા-વળગતા સ્નેહીઓએ તેના માતા-પિતાને ચેતવ્યા કે-જુઓ મોટી છોકરી ઘરમાં રાખવી એ સાપનો ભારો ગણાય છે. જો તે કાઈ કુકૃત્ય કરી બેસશે, તો ઈજ્જત-આબરૂનો તમોને ધોકો પહોંચશે. સમજ્યા ને ? તમો નજીકના સંબંધી છો, એટલે લાગણી જાગવાથી આ હકીકત તમોને અમો જણાવીએ છીએ.

શેઠ ઉપરના ભાવથી કહેતા હતા કે-તમે તો મૂર્ખા છો ! મારી દીકરી એ તો સીતા સતી જેવી છે, તે કેળવણી પામેલી અને હોંશિયાર છે, કદીય કુમાર્ગે તે જાય તેવી નથી અને સોનાને જેમ કાટ ન ચઢે તેમ મારી દીકરીને આંચ-ખાંપણ લાગે જ કેમ ? પેલાઓ નજીકના સગાં હતા, એટલે આવી વેવલી વાતોથી ગભરાય તેવા નહોતા. શેઠ, તમારા સુબોધના સોગંદ ખાઓ કે-તમોએ બે વાર યાત્રાના બહાને આ બાલિકાને પ્રસુતિગૃહમાં રાખેલી કે કેમ ? અરે, તમે ગાંડા થયા નથી ને ?-એમ એકદમ દાટી આપી. આ ખાનગીમાં ખાનગી વાત આ લોકો લાવ્યા ક્યાંથી ? એ ઊંડા ઉપસેલા વિચારે શેઠના મુખ ઉપર કાંઈક અચંબાની, ખેદની અને ખોટી દમદાટીની શ્યામલ રેખાઓ તણાઈ ગઈ. ધીમે ધીમે શેઠે સાચું

સરી પડ્યા. તેઓ નિરાશ બનીને પોતપોતાના ઘરે ગયા.

એ ઉચ્છૃંખલ અને સ્વચ્છંદી છોકરીએ વિચાર્યું કે-જરૂર આ વાતથી જણાય છે કે-મારા માતા-પિતાનો આ વાતમાં દોરીસંચાર હોવો જ જોઈએ. હું મારો માર્ગ શોધી લઉં, તેમાં જ મજા છે. યાત્રાના બહાને એ શહેર છોડીને બહાર નીકળી પડી. બસ, તમે જાણો છો ને? ઘરમા કે ગજવામાં કાંઈ જ ન હોય, તોય ક્રોડપતિના નબીરા જેટલા રૂઆબથી ફરવું, એ તો આ જમાનાની એક ખાસિયત-ટેવ છે.

એક છેલછબીલા યુવકની નજરે આ પંખીડું ઝપ-લાયુ. ધીમે ધીમે બંનેનો સંબંધ વધ્યો અને તેઓ નિર્ણય ઉપર પણ આવી ગયા કે-અમુક દિવસે બંને જણાએ પ્રાઈવેટ લગ્નગ્રંથીથી ગુંથાઈ જવું. આ નિર્ણય પહેલા છોકરીએ પેલા યુવકને જણાવ્યું કે-જો તમો ગરીબ હશો તોય વાંધો નથી. મારા પિતા શ્રીમંત છે. ચોરી તો હું નાની ઉંમરથી કરૂં છું. એટલે એ માર્ગમાં હું મુસ્તાક છું. લાખોની મીલકત ઉચાપત કરીને જ આવીશ. તમો જરાય મુંઝાતા નહિ સમાજ-નાતના બંધનોને ઉખેડી નાંખવા જ હું એક આસુરી દેવી જન્મી છું. પેલો મનમાં બોલ્યો કે-વાહ નશીબ! હું તો ગરીબ છું. આખી જીંદગી-માંય મારું ઘર મંડાવાની આશા નહોતી, પણ આપણું પુણ્ય જબરૂ ભાઈ! ધન અને કન્યા ઉભયની સહજમાં પ્રાપ્તિ થાય છે, એટલે પેલો બંગાલી જેવો પણ હર્ષથી રંગાઈ ગયો.

દમ લીધો. તેઓ બહારથી દેખાવ જુદો રાખતા. પરન્તુ ધીમે ધીમે પેલી તિજોરી અને કબાટો તપાસતાં, મોટી કિંમતી મીલકત લઈને તે ભાગી ગઈ છે, એની જાણુ થતાં મા–બાપ બીચારા બેહોશ–પાગલ જેવા બની ગયા. સૌને ભાળ આપી પણુ પત્તો જ ન લાગ્યો. જેમ દુઃખનું ઔષધ દહાડા છે, તેમ ધીમે ધીમે દિવસો ગયા અને વાત ભૂલાઈ.

પેલી બાલિકા પરણ્યા પછી તો સુખી થઈ એમ માનતી, પણુ હલકટ અને સ્વચ્છંદી પેલા બાબી–બંગાલી ભાઈએ તો જુગાર, સટ્ટો અને મોજશોખમાં સર્વસ્વ ગુમાવી દીધું અને નવોઢાને માર પડવા માંડ્યો. ખાવાના પણુ સાંસાં પડ્યા. તે ઘણી જ દુઃખિયારી બની. અંતે આપઘાતથી તે કન્યાએ પ્રાણુ ત્યાગ્યા.

જો મા–બાપની સંમતિથી તે યોગ્ય ખાનદાન કુટુંબમાં જોડાઈ હોત, તો શરમથીય પાલન થતે ! જીવન સુખી અને ધર્મમય બનાવતે ! મનગમતાને વરવાના આ હાલ થાય છે. આવા અપાર દૃષ્ટાન્તો બની રહ્યા છે. ભોળી–ભાલી મુગ્ધાઓ બહારના ભપકામાં ભરમાઈને જીંદગીની પાયમાલ કરી નાંખે છે.

જે સમાજમાં કે જ્ઞાતિમાં પોતે હોય, પણુ તે સમાજની મર્યાદા પ્રમાણે વર્તતાં દુઃખ આવે, તો સમાજ પણુ ભરણુપોપણુ અપાવે છે. જુના રિવાજો, વ્યવહારો અને બંધનો પણુ સુખના દ્વારો હતા, પણુ ઊંધા ચશ્માવાળાઓને તે કુરૂઢિ લાગી. ઊંડે ઊંડે વિચારતાં તેમાં ઘણા જ

ફાયદાઓ રહેલા છે.

હવે નવી ઢબના માનવો કબૂલ કરતાં અચકાતાં નથી અને કબૂલ કરે છે કે-જુના રિવાજો માનવજાતને બંધન રૂપ દેખાતા. પણ ઘણા જ ફાયદાકારક હતા. હજુ પણ જો પહેલાંની જેમ રિવાજો શરૂ કરે. તો શું આ દુઃખ રહે?

પહેલાં તો લગભગ એવો રિવાજ હતો કે-છોકરો આપકમાઈવાળો અને પૂરો સમજુ બને, તે પછી જ પરણાવવાની વાત થતી. કદાચ તે પરણે તોય વડીલોની મર્યાદાઓને તેને પાલન કરવી જ પડતી. આજે તો પરણ્યા એટલે મર્યાદા બહાર સબંધો રખાય છે. પહેલાં રાત-દિવસ એકબીજાના સહવાસને કાયમી રખાય કે તેમ નહોતું બનતું. મા-બાપના દેખતાં કે જીવતા સ્વપત્નીની સાથે [illegible] સબંધ રખાય જ નહિ. જો એકાન્ત મળે તો જ વાતચીત કે કાંઈ આપ-લે થતી. પરણ્યા બાદ બે-ત્રણ વર્ષ તો સ્ત્રી પોતાના પિયરમાં જ જાય-આવે. એટલે સબંધ અલ્પ રહે અને એ બાબતની કાળજી ઘરના [illegible] [illegible] આ રિવાજની [illegible] [illegible] [illegible] [illegible]. આજે તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

એવા થવા જોઈએ, કે જેમાં સુશીલતાની વિશેષ ઝલક મુખ્ય રહેવી જોઈએ. પાઠ્યપુસ્તકોમાંય પ્રાચીન રીત-રિવાજોના સારા ફાયદાઓ દેખાડેલા હોય! વિલાસી વાતો અને વિલાસવર્ધક-પોષક સાહિત્ય વિદ્યાર્થીઓના હાથે ચઢવા ન દેવું જોઈએ.

ભલે, આજના જમાનાને ઉપયોગી શિક્ષણ જરૂર પૂરતું લેવું પડે અને લે!, પણ ઘર વેચીને તીર્થ કરવા જેવી મૂર્ખાઈ તો ન જ થવી જોઈએ. આમ તો છાના-છૂપા ગોટાળા થઈ રહ્યા હતા. સેંકડો કન્યાઓ કુમારાવસ્થામાં પ્રસુતિગૃહની મહેમાન બનતી હતી. તેમાં આવ્યું સહશિક્ષણનું ભૂત. પછી કાંઈ ગણતરી જ ન રહી. શેઠ, શાહુકારો, ઈજ્જતદારો, અમલદારો-સઘળાયની કન્યાઓ ગુમ થતી ગઈ અને કારમા સંયોગોમાં ફસી જઈને કફોડી દશાથી વિના મોતે બીચારી મરવા લાગી.

તો મારું એવું કહેવું છે કે-કેળવણીના પ્રશ્નની ચર્ચાઓ તો ઘણી જ થાય છે. આમ ભણાવો અને તેમ ભણાવો! પણ સુશીલતા, સરળતા અને વિનયશીલતા વધે, એવું શિક્ષણ અપાવવું જોઈએ એવી ચર્ચા કોઈ કરતું નથી. જો તેમ કરવા બેસે, તો જરૂર આ નિંદાઈ રહેલું શિક્ષણ સંસ્કારથી લેવાતાં જરૂર શ્લાઘ્ય બની જાય તેમજ માનવો પણ સાચી માનવતાને અને માનવસેવાને સમજતા થાય.

卐

યુગ—હવા અને કર્તવ્ય—કેડી.

આજની પરિસ્થિતિ માનવીઓને ચક્કર ખવડાવી દે એવી વિષમ અને ભયાવહ છે. ભલભલા ડાહ્યા અને શાણા ગણાતાઓની અક્કલ બહેર મારી જાય છે. આજના [illegible] કેમ ચલાવવો અને આજના સાંસારિક કારભારમાં ધર્મનું સ્થાન ક્યાં અને કેવી રીતે ટકાવી રાખવું એ તો જટિલ સમસ્યા બની ગઈ છે. આજની આપણી દુનિયાના [illegible] ડોકિયું કરીએ છીએ, તો નિરાશા અને ભાવી [illegible] અંધકારમય દર્શાવે છે.

કોઈ પીર અને પુરાણા પુરુષને જો પૂછીએ છીએ, તો એ તો ભૂતકાળની આકર્ષક અને અનુકૂળતાઓની વાતો કરીને સ્વર્ગીય દુનિયાનું સ્વપ્ન તાજુબીની [illegible] કરી આપે છે તથા વર્તમાન વિકટ [illegible] એવી રીતે હળવું મોઢું રાખીને [illegible] વાતો એવા આશ્ચર્ય પેદા કરાવના [illegible] બતાવી [illegible].

[illegible]

જ પડશે: દુઃખ સિવાય સુખ ક્યાં છે? જેનું મુખ દુઃખથી ભર્યું હોય, તેની પાછળ સુખની સુવાસ જ હોય છે: આજે જો કે દેખાવમાં દુઃખદવ સળગ્યો હોય તેવું ભયંકર કમકમાટી અને અરેરાટી પેદા કરાવનાર વાતાવરણ અટવાય છે, પણ તેની પાછળ સરાસર સુખ જ છે–એમ વિશ્વાસ રાખવાનો છે. આત્મવિશ્વાસ સિવાય જીવાય તેમ નથી. જો જીવવું છે તો વિશ્વાસ રાખો. આવતી કાલ સુખસાહ્યબીની છે જ. આવી મીઠી અને બનાવટી વાતો કરીને સુધારક ભાઈ કાંઈક આશ્વાસન આપી રહ્યો છે.

કાંઈક તુમાખી અને બીજાજી માણસને પૂછતાં, એ તો લાંબી બીમારીથી અટવાઈ ગયેલો માનવી બોલે તેમ ડર અને કંટાળાભરી વાણીનો વિલાસ કાઢતાં જણાવે છે કે–રે છે શું? જીવતા છીએ તો ડરવાનું શું? લૂંટફાટ, અનીતિ, અન્યાય, જૂઠ અને ચોરી–આ સઘળાય અધર્મો કરતાં ડરવાની જરૂર જ નથી. નાગાઈમાં જ ઢાંકાઈનો સમાવેશ આજે છે. જેમ નાગો વધારે થાય તેમ સઘળેય ફાવે! ધરમ બરમની વાતો આજે તો જતી કરવી. અધર્મની ચાદર ઓઢીને ફરવું અને જે આવે તેને કોઈ પણ ઉપાયે ફસાવવો અને એની તમામ મીલકત હજમ કરવી! કોઈ ચાલબાજીથી સરકારને તફડાવી મૂકવી અને લૂંટાય એટલુ લૂંટવું!–ભેગું કરવું! આ જ આજે સનાતન ધર્મ છે.

સરકારી કાયદાબાજોને મળતાં તેઓ જણાવે છે કે–

જુઓ ત્યાં આવી વેદનાજ્વાલા ભભૂકી ઉઠી છે. માનવીઓ બીચારા બોલે છે કે-હે પ્રભુ! હવે તો તોબા થઈ! આવું જીવન જીવવા કરતાં દેવશરણ પહોંચવું સારું. આનું નામ લોકશાહી, આનું નામ સ્વતંત્રતા, આનુ નામ આઝાદી, આનું નામ બાપુનું રાજ્ય, આનું નામ સ્વરાજ્ય, આનું નામ ક્રાન્તિ અને આનું નામ પ્રગતિ. વાહ રે વાહ કાળ! વાહ રે વાહ આજની યુગ-હવા!

સંસાર, ચાલતા અટઘટ્ટની જેમ ઉંચી-નીચી દશાઓનો કડવો-મીઠો અનુભવ કરાવે છે. સુખ-દુઃખ કરેલા કર્મનો ઉદય જ ભોગવાવે છે. રાજા હોય કે કંગાળ હોય અને યોગી હોય કે ભોગી હોય, સર્વેને એ સત્તાનો દોર ચક્રાવે ચઢાવી મૂકે છે. કોઈનીય ત્યાં રાડ ચાલતી જ નથી. પછી અજ્ઞાનતાને લીધે કોઈનો દોષ કાઢીને ખાલી ગુસ્સો થાય કે ધમપછાડા કરી મૂકો, પણ કર્મ તો છોડનાર જ નથી એ નક્કી અને નક્કર વાત છે.

આ યુગની આવી ઝેરીલી અને કાતિલ હવાએ સૌને ચેપ લગાડ્યો છે, સૌના હૈયામાં વેદનાની વરાળ ભરી દીધી છે, તેમજ સૌના મનમાં કલુષિતતા અને દુર્ભાવની કાલિમા જમાવી દીધી છે. સૌની રીતરસમો ઉપર આજની હવાનો ચેપ ઊંડો ઉતરી પડ્યો છે. આ હવાના સંપર્કથી ધર્માત્માઓ વિરલ જ બચ્યા છે. અનીતિનો પંથ મોકળો થયો છે. અન્યાયનાં કાળાં પગલાં પડતાં ન્યાય અને નીતિના કુમકુમ પગલાં ઢંકાઈ ગયાં છે-તેનો લોપ થયો

કેળવણી ભણીને જાણે નવા પ્રકાશને ફેંકતાં હોય, તેમ ધર્મથી વિરૂદ્ધ વાણી ઉચ્ચારે છે, એટલું જ નહિ પણ ધર્મીઓની ધર્મારાધનાને પણ ઢોંગ તરીકે જાહેર કરે છે. ધર્મારાધનાથી પોતે તો વંચિત રહે છે અને અનેકોને તેથી દૂર રાખવાને માટે ક્રૂર અને નિંદ્ય પ્રયાસ આદરે છે. આવાઓ કપડાં સફેદ પહેરે છે, વાણીમાં બોલ્યા કરે છે અને વાતોમાં સંસ્કારનો ઓપ રાખે છે, પણ કરવા-કરાવવાની તક આવતાં તેઓ દૂર ભાગે છે, તેમજ અનેકવિધ વમળો ઊભાં કરીને અન્યોને કેમ હસાવવા અને પોતે સાવ કોરા રહેવું-આ જીવનસૂત્ર જ તેઓ બનાવી મૂકે છે. સ્વકુલાચાર અને ધર્મક્રિયાકાંડો પણ તેઓ તજી દે છે તથા 'સર્વ-ધર્મ-સમન્વય,' 'સમાનવાદ' કે એવી કોઈ જુદી જ વાદ-વાટ પકડી પાડે છે. આવા પીડિત-દુઃખિત જમાનામાં જો કાંઈ પણ ધર્મશ્રદ્ધા કે આચરણ હોય, તો જ કાંઈક સુખની છાયા અનુભવાય. એક તો ભયંકર આગ લાગી છે અને તેમાંય અશ્રદ્ધાનાં પેટ્રોલ-પીપો ઉમેરાય છે. પછી એ આગની જવાળા કોને ન બાળે ? ભલે, લાખ્ખો માનવોનું જૂથ હોય, ભલે મોટી સભાઓ કે સમિતિઓ હોય, પણ જો તેઓ ધર્મનું શરણુ નહિ સ્વીકારે, ધર્મસંસ્કૃતિને નહિ અપનાવે, ધર્મગ્રંથોની વાતોને નહિ માને અને તે પ્રમાણે વર્તનમાં નહિ મૂકે, તો કદીય સફળતા મેળવી શકાશે નહિ, એ નક્કર સનાતન સત્ય છે.

આજના જમાનામાં માત્ર સુખની સીડી અને કર્ત-

પરાયણતાની પરિસીમા.

ભ્રમર કલમ–મકરંદમાં તદાકાર બને છે. પતંગિયો દીપકની ચમકતી જ્યોતમાં એકાકાર બનીને ખાખ થઈ જાય છે. મૃગાંગનાઓ મૃદુ સ્વરથી ગુંજતા ગીતનાદોના રણકારની એકદિલી કરીને પરાધીનતાના પિંજરામાં પકડાઈ જાય છે. હાલતું–ચાલતું અસ્થિર મત્સય, માછીમારની જાળની સાથે લેપાયેલા લોટ–કણોની સુગંધથી ખેંચાઈને તે ખાવાના રસમાં તલ્લીન થઈ પરવશ બને છે. સુકોમળ અને શ્વેતવર્ણી કૃત્રિમ હાથણીના સ્પર્શ માત્રથી, ઝંખના અને રટણના રંગથી હાથી બીચારો જીવનપર્યંત અંકુશના તિક્ષ્ણ મારોને સહે છે.

આ વિષયોની આસક્તિની એકતાન વૃત્તિ, પ્રાણ ખોવાનીય ચિંતાથી મુક્ત બનાવી તેમાંજ લયલીન બનાવી દે છે. એ પરાયણતાની પરિસીમા જ કહેવાય ને ?

આ જડ–સુખાસક્ત માનવી પણ ચેતન હોવા છતાંય જડ જેવો બનીને અને જડમાં જ સર્વ સુખોને માનીને, તેની પાછળ અનંત જન્મ–મરણપરંપરાની સાંકળમાં જકડાઈ જાય છે. તેમાંથી મુક્ત થવાનો સમય જ તેને આવતો નથી. મુક્ત થવાનો સમય માનવજન્મ એ પ્રથમ સાધન છે. પરંતુ માનવજન્મમાં જન્મ્યા પછી

મોહની મેલી રમતોના અનેક સાધનો ડગલે ને પગલે ફસાવી દે છે અને ધ્યેયસાધનાને ભૂલીને વિષયવાસનાના ક્ષણજીવી સુખના સિંધુમાં ડુબકી મારી જાય છે કે જ્યા કિનારો-બારું આવતું નથી. કોઈ પુણ્યયોગે જો કિનારો-બારું આવે. ત્યાં તો એ વિષયલાલસા ઉછાળા [illegible] પીડી દે છે. આથી કોઈ [illegible] કે [illegible] એને માટે દુષ્કર બની જાય છે.

[illegible] માનવી જીવરંગોની રંગાઈને [illegible] જાય છે અને પરિણામે દયાપાત્ર બનીને દુઃખી [illegible] [illegible] જેમ પતંગ [illegible], તેમ [illegible] પતંગના સાગે અગતિ [illegible] માનવી [illegible] [illegible]

એકનિષ્ઠતા, એકાકારતા અને એકધ્યેયતા જ જડે. એ પરાયણતાની પરિસીમાએ વિહાર કરવાની આત્મદશા, વિમલતમ અને ઊર્ધ્વિકરણના ઉન્નત પંથે ચઢતી કળામાં જ હોય છે.

સત્યનો પ્રેમ, સદાચારનો રાગ, નીતિની એકનિષ્ઠતા, ન્યાયની ઉપાસના, સંયમની પાલકતા અને પરમાર્થની ઉદાત્ત ભાવના, એ પરાયણતાનાં સાધનો છે, પરાયણતાની ભૂમિકા છે અને પરાયણતાનું સિંહદ્વાર છે.

પરાયણતાની પરિસીમા એટલે સર્વ સમર્પણની તીવ્ર કામના જ નહિ પણ સર્વ સમર્પિતતા જ! જેમ પુત્રને પિતા જીંદગીભરની કમાણી પ્રસન્નતાથી સોંપે છે, તેમ ધ્યેય રૂપ આત્મદેવને–સર્વસ્વ ત્યાગીને પણ ધ્યાવવાની એક અસાધારણ ચેષ્ટા જન્મે, એ જ પરાયણતાની પરિસીમા છે. ધ્યાન ધરવું એ સહજ છે, પણ ધ્યેયનો નિર્ણય કરીને ધ્યાન ધરતાં, ધ્યાતા ધ્યાનમાર્ગમાં ધ્યેય સાથે એકાકાર બનીને જ રહે! જ્યાં એ ઉચ્ચ એકાકારત્વ દશા આવે, પછી પરભાવત્વ દશા સમૂલ ઉડી જાય છે. આત્મામાં જ સ્વાત્મરમણતા જન્માવે, એ જ પરાયણતા છે.

卐

પ્રગતિના પંથે પરવરો !

વર્તમાન જીવન માનવોને વિષચક્ર જેવું અકારૂં બન્યું છે અને એમાં માનવો ગુંચવણભરેલા પ્રશ્નોના ઉકેલમાં ને ઉકેલમા અટવાયા કરે છે. આધ્યાત્મિક, ધાર્મિક, સામાજિક કે રાષ્ટ્રિય ક્ષેત્રે કોઈ સુખદ માર્ગ કોઇનેય લાધતો નથી. સૌ કોઈ ગુલબાંગો પોકારે છે કે-અમો પ્રગતિ સાધી રહ્યા છીએ, અમો ક્રાન્તિના શિખરે પહોચ્યા છીએ અને અમો જ સૌને સુખી થવાનો તથા સૌને સંતોષવાનો સાચો માર્ગ દર્શાવીએ છીએ. પરંતુ વાસ્તવિક દર્શન કરતાં સૌને દેખાવમાં પ્રગતિ કે ક્રાન્તિની સાધના દેખાય છે, પણ અંતઃપટ ઉપર સૂક્ષ્મ વિચાર કે નજર ફેંકતા અધઃપતન અને ક્ષતિઓની જ હારમાળા અનુભવાય છે.

વિશ્વને શાન્તિ પમાડવાની સૌની નેમ છે, સર્વ વિશ્વસ્થ જીવોને સંતોષવાની હાકલ છે અને સર્વને સમાનાધિકારી અને સુખી બનાવવાની અલેક છે. આ ધમધોકાર ચાલતી પ્રવૃત્તિઓ સૌને પીસી રહી છે-ભીંસી રહી છે એમ કહેવું જરાય ખોટું નથી, કેમ કે-વ્યવહારિક જીવન જીવવાની હાડમારી અન્ય ક્ષેત્રો પ્રતિ શિથિલ બનાવે છે એ સહજ છે. દેશનેતાઓ પાસે ચશ્મા છે પણ આંખો નથી. જો એમ ન હોય, તો આઝાદી મેળવ્યે વર્ષો

થઈ ગયા, પણ ફાયદો કાંઈ જ દેખાતો નથી. કોઈ પણ હમણાંના માનવોનો જીવનાનુભવ સાંભળીએ છીએ, ત્યાં દુઃખ, દુઃખ ને દુઃખની વરાળ નીકળે છે. આવી કફોડી સ્થિતિને માનવી ક્યાં સુધી નભાવી શકશે? કેટલાક સ્થળે અમૂલ્ય જીવનનોય ભોગ આપીને દુઃખમુક્ત થવાના પ્રયાસો ક્યાં ઓછા સંભળાય છે? ખાનદાન વ્યક્તિ હોય, પણ તેનાથી કાંઈ કહેવાય નહિ અને સહેવાય નહિ, એટલે તે દીર્ઘ નિદ્રાનો પથ સ્વીકારી અનંત પંથે પરવરે છે. આજના સમાજનુ ચોકઠું કે નકશો એવો ઘડાઈ રહ્યો છે કે–સાત સાધતાં તેર સાંધા તૂટી જાય છે. પછી કપડું ક્યારે વણાય અને ક્યારે પહેરાય?

સત્ય અને ઉચ્ચ સંસ્કારોની વાંચ્છના થાય છે, આદર્શ અને મહત્ત્વભર્યા જીવન જીવવાના કોડ સેવાય છે, તેમજ અન્ય દેશોથી અધિકતર આ દેશને આર્થિક અને અન્ય દૃષ્ટિથી ઉચ્ચ બનાવવાના ભગીરથ તનતોડ પ્રયાસો સધાય છે. પરંતુ જેમ પૈડા વગરની ગાડી ન ચાલે અને પાયા વગરનો મહેલ ન ચણાય, તેમ આજની આ મનોરથ-માળાઓ સફળ થાય એવી સંભાવના ઓછી છે.

આર્યદેશને આર્યસંસ્કૃતિના આદર્શ સંસ્કારોનો જ સાચો વારસો ખપે છે. જો આર્યસંસ્કારોનું માનવોને સિંચન મળ્યા કરશે, તો જ માનવી સાચી ઉન્નતિને કે પ્રગતિને સાધી શકવાનો છે. આર્યસંસ્કૃતિનો નિર્મળ ઝરો આર્યદેશના આર્યકથિત શાસ્ત્રોથી જ વહે છે. આર્ય-

શાસ્ત્રો એ પ્રાચીન મહાપુરુષોના જીવનના ઉચ્ચાનુભવો અને જ્ઞાનનો સાચો નિધિ છે. એ પ્રાચીન મહાપુરુષો એટલે જનકલ્યાણ–કામનાના મહાન્ વારિધિ! તેઓને ભાવી પ્રજાનુ હિત. ભાવી પ્રજાની પ્રગતિ અને ભાવી પ્રજાની સુખાભિલાષાનો જીવન–મુદ્રાલેખ હતો. એક ટૂંકા અનુભવને આપણે જોઈએ તો સમજાય છે કે–જેઓના જીવનમા ક્ષમા હોય તેઓ કોઈને શત્રુ માનતા નથી, જેઓના જીવનમાં સત્ય હોય તેઓને કોઈનો ભય હોતો નથી, જેઓના જીવનમાં વૈરાગ્ય, અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાન છળોછળ હોય છે તેઓ ઈષ્ટાનિષ્ટ સંયોગોમાં રાજી કે આકુલ–વ્યાકુલ બનતા નથી. જેઓના જીવનમાં સદાચરણ છે તેઓને કદીય દુર્ભાવના વિંટળાતી નથી તથા જેઓ નીતિ અને ન્યાયના ઉપાસક છે તેઓને વિપત્તિ વિસારે જ મૂકે છે.

સાચી પ્રગતિ સર્વને શાન્તિપ્રદ હોય છે અને સાચા પ્રગતિસાધકોએ સૌથી પહેલા શાસ્ત્રાજ્ઞાનુસારે સ્વજીવનને રંગી નાખવું પડે છે. એક એવી સત્યનિષ્ઠ અને ધર્મનિષ્ઠ વ્યક્તિ જ લાખ્ખોને પ્રગતિના પંથે દોરી જાય છે.

卐

વેદતત્ત્વોનો પ્રચાર પુનઃ શરૂ કર્યો, શાસ્ત્રાર્થોને માટે ઠેર ઠેર જાહેરનામાં લટકાવ્યાં અને બૌદ્ધોને કુતર્કની જાળથી પોતાના ગ્રુપમાં લાવવાનું તંત્ર ચાલુ કરી દીધું. બૌદ્ધો અને કુમારીલ ભટ્ટ વચ્ચે ખૂબ જ સ્પર્ધા ચાલતી.

એક સમયે કુમારીલ ભટ્ટ અને બૌદ્ધોના શ્રમણોનો શાસ્ત્રાર્થનો જંગ ખેલાયો. તેમાં બૌદ્ધો પદ્ધતિસર શાસ્ત્રાર્થ કરતા હતા. પરંતુ પ્રપંચી કુમારીલ ભટ્ટે તો વિતંડાવાદ શરૂ કર્યો અને ઘણો સમય થયો પણ કોઈની હાર કે જીત જેવું તત્ત્વ નીચોવાયું નહિ, એટલે બૌદ્ધો ત્યાંથી ચાલ્યા ગયા. અહા ! હવે તો કુમારીલ ભટ્ટે તો પોતાની જીતના નગારાં વગડાવ્યાં. જ્યાં–ત્યાં બૌદ્ધો ત્રાસવા લાગ્યા. કેટલાક ભોળા બૌદ્ધો એની વાગ્જાળના શિકાર પણ બન્યા.

બૌદ્ધોનો શ્રમણસંઘ ભેગો થયો (વિક્રમની નવમી સદીની શરૂઆતની આ વાત છે.) અને કોઈ પણ ઉપાયે કુમારીલ ભટ્ટના કડવા વેલા જેવા મતનો અંત આણવા સઘળાંય એકમત થયા કે–'કુમારીલને શાસ્ત્રાર્થના અખાડામાં સખત હાર ખવડાવવી અને જો બૌદ્ધોનો ઝંડો ઊંચો રાખવા હોય, તો કોઈ પણ સંયોગોમાં શ્રી શારદા–વરદાન મેળવો.' બૌદ્ધ શ્રમણોમાં કોણ આ કાર્ય પાર પાડવા તૈયાર છે ?–એમ અવાજો થયા, પણ સૌ કોઈ બેસી જ રહ્યા. અંતે સૌ કોઈએ વર્ધનકુંજરને આ દુઃશક્ય કાર્ય પાર પાડવા યોગ્ય ગણ્યા અને એમને ફરજ પાડી. વર્ધનકુંજર પણ જો સ્વપક્ષની પુષ્ટિ થતી હોય તો તે

કાર્ય કરવા તૈયાર જ હતા, કારણ કે–તે આત્મા સંયમી, દૃઢ સિદ્ધાન્તી અને સત્ત્વભર્યા હૈયાવાળા હતા. પોતાને પોતાની જાત ઉપર અડગ વિશ્વાસ હતો, એટલે આ કાર્ય સ્વીકાર્યું અને નિર્જન વનની એક ગુફામાં તેમણે આ કાર્યનો આરંભ કર્યો.

એકાગ્ર ચિત્ત, પૂર્ણ દૃઢ ભવના, देहं पातयामि कार्यं साधयामि'ની અણુનમ વૃત્તિ અને ઉગ્ર તપ–આ સઘળાંય જાદુઈ સાધનોએ તેમણે શ્રી સરસ્વતીજીને આહ્વાન કર્યું. શ્રી શારદાદેવી હાજર થઈ અને તેને વર માગવા જણાવ્યું. ત્યારે વર્ધનકુંજરે કહ્યું કે–'માત! હું વાદીઓથી અજેય બનું, એવુ વર આપો.' દેવીએ પણ ઘણી આનાકાની પછી કસોટી કરીને તેને એક અજેયગુટિકા સમર્પી. વર્ધનકુંજર કૃતકૃત્ય થયો–એમ પોતે માનવા લાગ્યો. બૌદ્ધોનાં બ્યુગલો જોસથી ફૂંકાવા લાગ્યાં. પહેલાં તો કુમારીલ ભટ્ટની સાથે જ ખાર હતો, પણ હવે તો બૌદ્ધોએ જૈન સિદ્ધાન્તોને અને વેદ સિદ્ધાન્તોને રસાતળ કરવા ધમપછાડા મારવા શરૂ કર્યા.

આ અરસામાં શ્રી જૈનશાસનના શણગાર કહો કે શ્રી જૈનશાસનના સ્તંભ કહો, શ્રી ભદ્રકીર્તિસૂરિજી (બપ્પભટ્ટસૂરિજી) હતા. તે મહાપુરુષે બાલવયમા સંસાર ત્યાગીને આત્મસંયમને ખૂબ ખૂબ કેળવ્યું હતું. જૈન તેમજ અન્ય દર્શનોનાં તત્ત્વજ્ઞાનની પણ કુંચીઓ તેઓશ્રીએ અનુભવી લીધી હતી. વળી સ્મૃતિવર્ધક શ્રી સરસ્વતીજીની આરાધના કરી વર પણ તેઓશ્રીએ મેળવી લીધું હતું.

વાગ્યુદ્ધનો સમય અને શ્રી બપ્પ-ભટ્ટસૂરિજી.

વિરાટ અને વિશાળ વિશ્વના શેતરંજ ઉપર કેઈક બાજીગરોના પાસા ઉંધા અને છતા પડયે જ જાય છે. બાજીગર ગમે તેવો ઉસ્તાદ હોય, ખેલાડી હોય અને પોતાની જાતને સઘળાયથી ઉચ્ચ માનતો હોય, છતાંય વકેલી વિધિનાં વક્રગતિમાન ચક્રોના તિક્ષ્ણ આરાઓથી તે અંત પામે છે. એવા ચમત્કારી અને આશ્ચર્યકારી અનેક દૃષ્ટાન્તો આપણા ઈતિહાસના પાને લખાએલાં વંચાય છે, સંભળાય છે અને અનુભવાય છે. એમાંનો ઈતિહાસના પાને નોંધાએલો આ એક બનાવ છે.

વિક્રમની આઠમી સદી દર્શનવાદોના ઝેરીલા જંગસંગ્રામની હતી. કેટલાંક સ્થળોમાં બૌદ્ધોનું લોખંડી વર્ચસ્વ હતું, તો કેટલાંક સ્થળોમાં જૈનોનું લોખંડી વર્ચસ્વ હતું, જ્યારે કેટલાક સ્થળોમા શૈવધર્માનુયાયીઓનુ વર્ચસ્વ સતેજ દેખાતું હતું. શૈવોપાસક કુમારીલ ભટ્ટ સુષુપ્ત અવસ્થાને પામેલો વેદતત્ત્વોનો ગેસ ચારેય દિશા-ઓમાં પ્રસારતો હતો અને જૈનોનાં તથા બૌદ્ધોનાં વર્ચ-સ્વોને હચમચાવતો હતો. કંઈક રાજાઓને પણ પોતાના મતાન્ધો બનાવી, એ લુપ્ત થયેલા યજ્ઞકાંડને પુનઃ ઉભા

કરવાની તેની ઉગ્ર કામનાઓ હતી, પણ કેટલાંક સ્થળોમાં એ કુમારીલ ભટ્ટ પહોંચે એ પહેલાં બૌદ્ધોના વિદ્વાન શ્રમણો તેમજ જૈનોના વાદવિચક્ષણ ધર્માચાર્યો પહોંચી જતા અને તે શૈવોપાસકોનાં ઝેરીલાં બીજ નાખતા જ અટકાવાતાં. બૌદ્ધોએ કુમારીલ ભટ્ટને અનેક શાસ્ત્રાર્થોમાં હાર ખવડાવેલી, એટલે ઉદાસીન અને હતોત્સાહી બનેલા ભટ્ટજીએ એવો પ્રપંચી પેતરો રચ્યો કે-અમુક વર્ષ બૌદ્ધ દીક્ષિત થવું, તેઓના ઉત્તમ તત્ત્વોનો ઉંડો અભ્યાસ કરવો અને પછી એ પંથ ત્યાગીને. બૌદ્ધોની સાથે શાસ્ત્રાર્થ કરીને જીતનાં નગારાં ગગડાવવાં. બૌદ્ધોની નિશ્રામાં દીક્ષિત બનીને કુમારીલ ભટ્ટે બૌદ્ધોનાં ઘર જોઈ લીધાં. તેનો પ્રપંચ ક્યા સુધી છૂપો રહે? બૌદ્ધોને ખ્યાલ આવ્યો કે-આ ભાઈસાહેબ તો પ્રપંચથી અહીં રહ્યા છે, જ્યારે હૃદયની મુરાદ જુદી જ છે. કયા સમયે અને કયા સંજોગોમાં આપણા મતનો મહા શત્રુ થશે એ કહી શકાય નહિ!

આથી બૌદ્ધોએ તેને મૃત્યુદંડ આપવાનો વિચાર કર્યો. કુમારીલ ભટ્ટે બૌદ્ધોને જણાવ્યું કે-ભલે, તમો મને મારો! હું વિશ્વાસઘાતી જ છું! પરંતુ મારી એક નમ્ર વાત છે કે-મને તમે ઊંચા મકાન ઉપર ચઢાવો અને ત્યાંથી મને ધરા ઉપરથી ગબડાવી દો. જો હું જીવતો રહું તો મારૂં ભાગ્ય! બૌદ્ધોને એનું કહેવું ઠીક લાગ્યું અને એ પ્રમાણે કરતાં ભટ્ટજીનું આયુષ્ય દૃઢ હોવાથી બચી ગયા, પણ એક આંખ ગુમાવી બેઠા! અહીંથી છૂટીને તેમણે

વેદતંત્રવોનો પ્રચાર પુનઃ શરૂ કર્યો, શાસ્ત્રાર્થોને માટે ઠેર ઠેર જાહેરનામાં લટકાવ્યાં અને બૌદ્ધોને કુતર્કની જાળથી પોતાના રૂપમાં લાવવાનું તંત્ર ચાલુ કરી દીધું. બૌદ્ધો અને કુમારીલ ભટ્ટ વચ્ચે ખૂબ જ સ્પર્ધા ચાલતી.

એક સમયે કુમારીલ ભટ્ટ અને બૌદ્ધોના શ્રમણોનો શાસ્ત્રાર્થનો જંગ ખેલાયો. તેમાં બૌદ્ધો પદ્ધતિસર શાસ્ત્રાર્થ કરતા હતા. પરંતુ પ્રપંચી કુમારીલ ભટ્ટે તો વિતંડાવાદ શરૂ કર્યો અને ઘણો સમય થયો પણ કોઈની હાર કે જીત જેવું તત્ત્વ નીચોવાયું નહિ, એટલે બૌદ્ધો ત્યાંથી ચાલ્યા ગયા. અહા! હવે તો કુમારીલ ભટ્ટે તો પોતાની જીતના નગારાં વગડાવ્યાં. જ્યાં-ત્યાં બૌદ્ધો ત્રાસવા લાગ્યા. કેટલાક ભોળા બૌદ્ધો એની વાગ્જાળના શિકાર પણ બન્યા.

બૌદ્ધોનો શ્રમણસંઘ ભેગો થયો (વિક્રમની નવમી સદીની શરૂઆતની આ વાત છે) અને કોઈ પણ ઉપાયે કુમારીલ ભટ્ટના કડવા વેલા જેવા મતનો અંત આણવા સઘળાય એકમત થયા કે-'કુમારીલને શાસ્ત્રાર્થના અખાડામાં સખત હાર ખવડાવવી અને જો બૌદ્ધોનો ઝંડો ઊંચો રાખવા હોય, તો કોઈ પણ સંયોગોમાં શ્રી શારદા-વરદાન મેળવો.' બૌદ્ધ શ્રમણોમાં કોણ આ કાર્ય પાર પાડવા તૈયાર છે?-એમ અવાજો થયા, પણ સૌ કોઈ બેસી જ રહ્યા. અંતે સૌ કોઈએ વર્ધનકુંજરને આ દુઃશક્ય કાર્ય પાર પાડવા યોગ્ય ગણ્યા અને એમને ફરજ પાડી. વર્ધનકુંજર પણ જો સ્વપક્ષની પુષ્ટિ થતી હોય તો તે

કાર્ય કરવા તૈયાર જ હતા, કારણ કે-તે આત્મા સંયમી, દૃઢ સિદ્ધાન્તી અને સત્ત્વભર્યા હૈયાવાળા હતા. પોતાને પોતાની જાત ઉપર અડગ વિશ્વાસ હતો, એટલે આ કાર્ય સ્વીકાર્યું અને નિર્જન વનની એક ગુફામાં તેમણે આ કાર્યનો આરંભ કર્યો.

એકાગ્ર ચિત્ત, પૂર્ણ દૃઢ ભવના, देहं पातयामि कार्यं साधयामि 'ની અણનમ વૃત્તિ અને ઉગ્ર તપ-આ સઘળાંય જાદુઈ સાધનોએ તેમણે શ્રી સરસ્વતીજીને આહ્વાન કર્યું. શ્રી શારદાદેવી હાજર થઈ અને તેને વર માગવા જણાવ્યું. ત્યારે વર્ધનકુંજરે કહ્યું કે-'માત! હું વાદીઓથી અજેય બનું, એવુ વર આપો.' દેવીએ પણ ઘણી આનાકાની પછી કસોટી કરીને તેને એક અજેયગુટિકા સમર્પી. વર્ધનકુંજર કૃતકૃત્ય થયો-એમ પોતે માનવા લાગ્યો. બૌદ્ધોનાં બ્યુગલો જોસથી ફૂંકાવા લાગ્યાં. પહેલાં તો કુમારીલ ભટ્ટની સાથે જ ખાર હતો, પણ હવે તો બૌદ્ધોએ જૈન સિદ્ધાન્તોને અને વેદ સિદ્ધાન્તોને રસાતળ કરવા ધમપછાડા મારવા શરૂ કર્યા.

આ અરસામાં શ્રી જૈનશાસનના શણગાર કહો કે શ્રી જૈનશાસનના સ્તંભ કહો, શ્રી ભદ્રકીર્તિસૂરિજી (બપ્પભટ્ટસૂરિજી) હતા. તે મહાપુરુષે બાલવયમા સંસાર ત્યાગીને આત્મસંયમને ખૂબ ખૂબ કેળવ્યું હતું. જૈન તેમજ અન્ય દર્શનોનાં તત્ત્વજ્ઞાનની પણ કુંચીઓ તેઓશ્રીએ અનુભવી લીધી હતી. વળી સ્મૃતિવર્ધક શ્રી સરસ્વતીજીની આરાધના કરી વર પણ તેઓશ્રીએ મેળવી લીધું હતું.

કે બગાસું આવ્યાથી સુખ રૂપ મૃત્યુ પામે. જન્મ અને મરણનું દુઃખ તો ખરૂં જ, પણ હાલના હિસાબે ઘણું જ અલ્પ. એ જ માત્ર સુખમય આરો હોય છે.

બીજા આરામાં બે ગાઉનુ શરીર, બે પલ્યોપમનું આયુષ્ય અને છઠ્ઠભક્ત બાદ આહાર કરે; પણ આહારનું પ્રમાણ બોર જેટલું હોય છે. પહેલાં કરતાં બીજા આરામાં ગુણ. પર્યાય અનંત ગુણહીન સમજવા. જ્યારે છ માસનું આયુષ્ય બાકી રહે ત્યારે જોડલું જન્મે અને ૬૪ દિવસ તેની પાલના કરવી પડે. શેષ, પહેલા આરાની જેમ કલ્પવૃક્ષો મનોરથો પૂર્ણ કરે. એ સુષમા નામનો આરો કહેવાય છે.

ત્રીજો આરો બેસતાં શરીરપ્રમાણ એક ગાઉનુ અને આયુષ્ય એ પલ્યોપમનું. આહાર ચતુર્થભક્ત બાદ કરે અને આંબળા જેટલો આહાર કરે. એ સુષમા-દુષમા નામનો આરો કહેવાય છે. જોડલાનું પાલન ૭૯ દિવસ કરવું પડે છે. ઉતરતે આરે ૫૦૦ ધનુષ્યની કાયા હોય છે અને ક્રોડ પૂર્વ વર્ષનું આયુષ્ય હોય છે. ૭ સંઘયણ અને ૭ સંસ્થાન હોય છે. *પાંચેય ગતિમાં જીવ જાય છે. જ્યારે ત્રીજા આરાના પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે, ત્યારે કલ્પવૃક્ષો ફળો આપતાં મંદ થાય છે. લોકો પણ ધીરે ધીરે ક્રોધ, માન, માયા અને લોભની વૃદ્ધિવાળા થાય છે. કુલકરોની ઉત્પત્તિ થાય છે દંડ-

* ૧. મનુષ્ય, ૨. દેવ, ૩. નરક, ૪. તિર્યંચ, ૫ મોક્ષ.

૨. ભૃતાંગ કલ્પવૃક્ષ

ભૃતાંગ કલ્પવૃક્ષ સોના–રત્નની થાળી, લોટા, વાડકા વગેરે વાસણોને અર્પે છે.

૩. ત્રુટિતાંગ કલ્પવૃક્ષ

ત્રુટિતાંગ કલ્પવૃક્ષ ૪૯ જાતનાં વાજીંત્રોથી બત્રીશ-બદ્ધ દૈવીય નાટકો દેખાડે છે. યુગલિકોને આનંદ–પ્રમોદ માટે ફીલ્મની જેમ નવાં નવાં ચિત્રો અને વિચિત્ર નાટકો બતાવે છે.

૪. જ્યોતિરંગ કલ્પવૃક્ષ

જ્યોતિરંગ નામનું કલ્પવૃક્ષ રાત્રે પણ સૂર્યસમાન પ્રકાશ અર્પે છે. રાત્રિ પડતાં યુગલિકોના પુણ્યયોગથી તે અંધકારને ભરખી જાય છે.

૫. દીપકાંગ કલ્પવૃક્ષ

દીપકાંગ કલ્પવૃક્ષ યુગલિકોના મકાનોમાં દીપકો મૂકે છે. એ દીપકો સૌમ્ય અને તેજસ્વી રત્નો જેવા હોય છે. તે જોવાથી દિલ પણ ઠરે છે.

૬. ચિત્રાંગ કલ્પવૃક્ષ

ચિત્રાંગ નામનું કલ્પવૃક્ષ પંચરંગી, સુવાસમય આદિ વિવિધ જાતનાં કુસુમો અર્પે છે. એ પુષ્પો એવાં સુવાસીત હોય છે કે–મગજને તર કરે છે, તેમજ કોમળ અને સુંદર રંગવાળા હોય છે.

નિરંજનોની નગરી ભણી.

આત્મા નિત્ય છે અને પર્યાયોથી અનિત્ય છે. કર્મપટલો છેદાતાં આત્મા મુક્તિ-મોક્ષધામ મેળવે છે. એનો એ મૂળ સ્વભાવ છે. આત્મા નિર્મળ થયા પછી એને કદીય નવા કર્મો લાગતાં નથી. એ પણ તેનો એક સ્વભાવ છે. જો કર્મપટલોને દૂર કરવા માટે આ અનેકાન્તદૃષ્ટિમય સૃષ્ટિ બની જાય, તો પછી સ્વ-પરભાવના ભેદો સમજાવવા કઠિન નહિ પડે. સ્યાદ્વાદ કહો, અપેક્ષાવાદ કહો, અનેકાન્ત માર્ગ કહો અને નયવાદ કહો-આ સઘળાંય પર્યાયો છે. બાકી સર્વ એક જ તત્ત્વના પોષક છે. આ સંશયવાદ નથી, શંકાવાદ નથી કે ભ્રામકવાદ નથી, પણ યથાર્થ તત્ત્વદૃષ્ટા બનાવનારો અજબ કીમિયો છે, સૂક્ષ્મતર દૃષ્ટિ છે, તર્કની છેલ્લી સીમા છે, બુદ્ધિની છેલ્લી દિવાલ છે અને મતિનું અંતિમ મસ્તકમણિ છે. આથી આગળ કાંઈ જ વિવાદ નથી, એમ ચોક્કસ જ છે.

આ નિર્ધારજ્ઞાન સમજ્યા પછી ઈશ્વર અને અનીશ્વર, આત્મીય અને અનાત્મીય ભેદો હસ્તરેખાઓની જેમ સ્પષ્ટતર દેખાઈ આવે છે. આપણે ભયંકર કર્મલીલાની ભૂલભૂલામણીમાં અનંત સામર્થ્યવંત ઈશ્વરને સંડાવવો જ નહિ પડે. આત્મા જ કર્મનો કર્તા છે, હર્તા

છે. ભોક્તા છે અને પરિનિર્વાતા છે. સ્વયમેવ ઉચ્ચ પરિણામધારાના અમોઘ શસ્ત્રથી ઈશ્વર બની શકે છે. ફક્ત કર્માવરણો વિખેરાય તો બસ. એ ઈશ્વિરાત્મા બની જાય છે. સર્વાત્માઓ ભિન્ન છે અને સર્વના કર્મો પણ ભિન્ન છે. જ્યારે સર્વનું મુક્તિસ્થાન એક જ છે. સર્વ મુક્તિગત આત્માઓની જ્ઞાનશક્તિ સમાન છે, તેમા કાંઈ જ ફેરફાર નથી. જેમ એમ. એ પાસ થયેલા સઘળાય પ્રોફેસરો બને છે, પણ એ સર્વ એક નથી હોતા–ભિન્ન ભિન્ન હોય છે, તેમ મુક્તિગત આત્માઓ શ્રી સિદ્ધિપદના અનંત ગુણોના ધારક છે, પરંતુ વ્યક્તિત્વથી ભિન્ન ભિન્ન છે અને તે પણ અનંતા છે. આત્માનો ક્રમિક વિકાસ સધાતાં પરિણામોની દશાઓ ભિન્ન ભિન્ન હોય છે. તેનો આછો ખ્યાલ ચૌદ ગુણસ્થાનો આપે છે. તેની આછી સમજ અહીં અપાય છે અને પછી મુક્તિનું સ્વરૂપ કહેવાશે

આત્માની પરિણતિ અન્ય અન્ય આત્માઓની અપેક્ષાથી અસંખ્ય પ્રકારની હોય છે. આત્મા સમયે સમયે તીવ્ર મંદ. તીવ્રતમ મંદ અને તીવ્રતર મંદતર પરિણામ દ્વારા વિવશ શુભ–અશુભ રસો–વિપાકોનો બંધ કર્યા જ કરે છે પ્રત્યેક ધર્માનુશાસકોએ એ દશાઓનું વર્ગીકરણ કરતાં અમુક મર્યાદિત ભૂમિકાઓનો ક્રમ બાંધ્યો છે. કોઈની અજ્ઞાનીની ભૂમિકાઓ અને કોઈની જ્ઞાનીની ભૂમિકાઓ છે. કોઈની વિશુદ્ધ ભૂમિકાઓ અને કોઈની અશુદ્ધ ભૂમિકાઓ છે. તેમાં ક્રમશઃ વિકાસ સાધતો આત્મા

છેલ્લી મોક્ષ રૂપ સર્વશ્રેષ્ઠ ભૂમિકાને પ્રાપ્ત કરે છે.

આત્મા સંસારથી મુક્ત થઈને અને ઊર્ધ્વગતિ કરીને સિદ્ધાવસ્થા પામે છે. એ નિરંજનોની નગરી છે. મુક્તિ એ વિશદાત્માઓની પરિષદ છે. જ્યાં એક આત્મા છે, ત્યાં અનંતજ્ઞાની અનંતાત્માઓ રહી શકે છે, કોઈ-નાય આત્મપ્રદેશો કોઈનાય આત્મપ્રદેશને વ્યાઘાત પહોં-ચાડતા નથી. અનંતકાળ સુધી અનંતાત્માઓ એક અવ-ગાહના સ્પર્શીને રહે છે, પણ કોઈનાય જ્ઞાનપર્યાયો એકાકાર બનતાં નથી. આત્મપ્રદેશો પણ ભિન્ન જ રહે. એક ઓરડામાં એક દીપકનો પ્રકાશ હોય છે અને બીજા લાખો દીપકોનો ત્યાં પ્રકાશ પથરાય, તો પણ પ્રકાશને પ્રસારવાનો અવરોધ થતો નથી. એવી રીતે જ્યાં એક સિદ્ધાત્મા છે, ત્યાં અનંત સિદ્ધાત્માઓ રહે છે. સૌના આત્મપ્રદેશોના અનંત જ્ઞાનપર્યાયો ભિન્ન છે, પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર, અનંત સુખ, અક્ષય સ્થિતિ, અરૂપીપણું, અગુરુલઘુત્વ અને અનંત વીર્ય-એ ગુણો સમાન હોય છે.

લોકના અગ્ર ભાગ ઉપર સિદ્ધના જીવો વસ્યા છે. પિસ્તાલીશ લાખ યોજનપ્રમાણ માનવક્ષેત્ર છે. તેના ઉપર ઢાંકણ જેવી-છત્ર જેવી સ્ફટિક રત્નની શ્વેતવર્ણી કોમળ અને ચકચકિત સિદ્ધશિલા છે. કોઈ જીવાત્મા જ્યારે અકર્મા બને, ત્યારે તે સિદ્ધશિલા ઉપર સ્વકાયાના પ્રમાણથી ત્રીજા ભાગની આત્મપ્રદેશની આકૃતિથી આત્મ-પ્રદેશો રહે છે. શ્રી વીતરાગદેવોએ સિદ્ધાવસ્થાનું વર્ણન

અમિત કર્યું છે, પણ અહીં સંક્ષિપ્તમાં જણાવાય છે કે– એ પવિત્રતમ આત્મદશા એ આત્માનો મૌલિક સ્વભાવ છે. અજ. અમર, અનંત, અજર, અમેય, અલક્ષ્ય, આત્મધ્યેય, આત્મસાધ્ય, આત્મદશ્ય, સર્વસિદ્ધિનિકેતન, નિરંજન, નિરાકાર, નિર્મમ, નિર્મન્યુ અને જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ સિદ્ધાવસ્થા પામેલા આત્માઓ સર્વ સૂક્ષ્મ, બાદર, વ્યક્તાવ્યક્ત અને ચરાચર પદાર્થોને સમયે સમયે દેખે છે–જાણે છે. આત્માના એક એક પ્રદેશમાં અનત જ્ઞાનપર્યાય ઝળહળે છે. એટલે તે જ્યોતિર્મય કહેવાય છે.

દીવા ઉપર આઠ છિદ્રોવાળી ચાલણી ઢાંકો તો એ દીવો દેખાતો બંધ થાય છે અને એનો પ્રકાશ નયનગોચર થતો નથી. દીવો તો જેવો છે તેવો જ પ્રકાશવંત છે, પણ એ જ ચાલણીના છિદ્રો ખૂલ્લી જતાં જેમ પ્રત્યક્ષસ્વરૂપ તેજોમય દીપક દેખાઈ આવે છે, તેમ કર્મો નાશ થવાથી મહાન આઠ ગુણો પેદા થાય છે, જે આત્માની સાથે જ એકાકાર હતા અને પ્રત્યક્ષસ્વરૂપ આત્મા જાણતો–જોતો થઈ જાય છે.

૧–જ્ઞાવરણીયકર્મ નાશ થવાથી આત્માનો મૂળ ગુણ અનત્ત જ્ઞાન પ્રગટે છે, કે જેથી હાથમા રહેલા આમળાની જેમ ત્રણેય જગતના જડ–ચેતનના પ્રત્યેક ત્રણેય કાળના ભાવોને આત્મા જાણે છે.

૨–દર્શનાવરણીયકર્મની વર્ગણા આત્માથી વિખૂટી થઈ જતાં અનંત દર્શન પેદા થાય છે. કે જેથી લોકાલોકના પદાર્થોને પ્રત્યેક સમયે સ્વભાવથી જ સહજ ભાવે

ચીજ ઉપર અનુરાગ ન જાગે, સંસારના સુખાવાસો કારમા કારાગૃહ જેવા દેખાય અને સંસારના પ્રત્યેક પદાર્થો કે પ્રવૃત્તિઓ ઉપર અણગમો ઉદ્ભવે, ત્યારે જ આત્મા નિર્વેદ પામે છે. નિર્વેદ જ સંયમરસને ચખાડે છે. વિશુદ્ધ નિરતિચાર ચારિત્રપાલન થતાં, ચૌદ ભૂમિકાઓની સીડી જેમ શ્રી ગૌતમસ્વામીજી અષ્ટાપદ ઉપર ચઢ્યા તેમ આત્મા સડસડાટ ચઢી જાય છે. આત્માને સ્વ-સ્વરૂપ સમજાયા પછી પરનો પરિત્યાગ સહજ બની જાય છે. શરીરનો મળ ઉખાડતાં, હું વજનમાં ઘટી જઈશ-એવી ચિંતા મૂઢને પણ થતી નથી. એ સમજે છે કે-શરીર અને મળ જુદા છે. જો બહિરાત્મભાવનો ત્યાગ અને અંતરાત્માની ખીલવટ થઈ જાય, તો તે પછી જ સત્ય મોક્ષપ્રાપ્તિનો માર્ગ સુઝે છે, આરાધાય છે અને આચરાય છે. વિચાર, વાણી અને વર્તન-ત્રણેયમાં માત્ર મોક્ષકામના જ ટળવળે છે.

卐

સંતાનો અને સુસંસ્કારો.

માનવોને જન્મોજન્મનાં સંસારાવસ્થાના સ્વાંગો ભજવવા પડે છે. જો કોઈ ભાગ્ય પળ અને પૂર્વ પુણ્યપરિબળ હોય, તો જ બાલ્યવયમાં વિરક્તિના વિશદ વિચારો ઉદ્ભવે છે અને સંસારનો પરિત્યાગ કરીને આદર્શ નિરવદ્યજીવી બનીને જન્મને સફળ બનાવે છે. જીવને જીવવા માટે શ્વાસની પ્રક્રિયા યન્ત્રવત્ ચાલ્યા જ કરે છે. લુહારની ધમણની જેમ કર્તવ્યપરાયણતા વિનાના મનુષ્યો શ્વાસ લે છે, કિન્તુ તે મરેલા જ છે અથવા જડજીવીઓ જ છે

ધર્મકાર્યોમાં કે વ્યવહારિક કાર્યોમાં જેઓનું જીવન કાંઈ જ ઉપયોગમાં નથી, તેઓનું જીવવું પણ બોજા રૂપ કહેવાય છે. એક કુટુંબમાં એક વ્યક્તિને ચાર પુત્રો છે. તેમાં એકાદ વિચક્ષણ હોય છે, એકાદ શ્રમજીવી હોય છે, એકાદ વ્યાપારકુશળ હોય છે અને એકાદ કાંઈ પણ કામમાં ન આવે તેવો શુન્યચિત્ત, બેકાર, ઉડાઉ, આળસુ તથા બેઅક્કલ હોય છે. હવે ચારે પુત્રો જીવે છે અને પિતાના પુત્રો તરીકે ગણાય છે. છતાંય ચારેયના જીવનમાં ઘણો ફેરફાર હોય છે. ચારેય ભાઈઓ જમવા બેસે તોય પીરસવામાં ફરક, મોડા-વહેલા આવે તોય તેઓની ચાલમાંય ફરક અને તેઓની બોલાવવાની ભાષામાંય ફરક; તેમજ ચોથા બેકાર પુત્ર પ્રત્યે કોઈ સમયે ચીડ આવતાં,

માતા-પિતા તેને કહે છે કે-તું પત્થર હોત તો ધોવા પણ કામમા આવત, પણ કાંઈ કામમાં આવતો નથી: આવા કડવા-તિરસ્કારભરેલા શબ્દો આ કામ વિનાનાને સહવા પડે છે અને કોઈ સમયે પોતે પોતાના કમભાગ્યને જોઈ આંખમાં શ્રાવણ-ભાદરવો વરસાવે છે. જગતમાં સંસારી કામોમા તનતોડ પ્રયાસ કરતાં પુત્રોને જોઈને મા-બાપ ખૂશ થાય છે આવી ચેષ્ટાઓ તો જીવે અનેક જન્મોમાં કરી અને અનેક પુત્રોને છોડીને જન્માન્તરો કર્યાં. ધર્મશાસ્ત્રો કહે છે કે-જો જન્મેલાં સંતાનો કોઈ અજબ ધર્મકાર્યોને માટે ઉપયોગી બને તથા તે સંતતિ સ્વકુલ, જાતિ અને માતા-પિતાને પણ ઉજ્જવલ, યશસ્વી અને કીર્તિવંત બનાવે, તો જ તેઓનુ જીવન સાર્થક બને છે. સંસારમાં અનેક આરંભો કરી ધન પેદા કરીને તે દ્વારા સંસારનાં અનેક સાધનો ભેગાં કરાય છે, પરંતુ પોતાનું ઘર તથા ભોજન કોઈ અતિથિ કે ધર્માત્મા માટે ઉપયોગમાં આવતાં, આનુષંગિક ફળ તરીકે એ ફળ ગણીને ગૃહસ્થાશ્રમી પુણ્યવંત બને છે.

ખેતીવાડી કરવામાં મહારંભોને ખેડવા પડે છે, પણ એ પાકેલા અનાજનો ખેડૂતો, પશુ-પક્ષીઓને માટે અમુક હિસ્સો કાઢે છે અને તેઓ માને છે કે-આ ખેતીવાડીમાં ઘણું જ પાપ થયુ છે, તો દાન કરવાથી હળવા થવાય છે. તે રીતે સંસારમાં નિર્ઘૃણ પરિણામો કરીને, વિષય-વાસનાની વસમી વાટને વળગતાં પ્રાણીઓ સંતાનવાળા

બને છે. માટે દરેક વ્યક્તિએ પોતાના સંતાનોમાંથી વધારે નહિ તો એક પુત્ર જરૂર ધર્મકાર્યો માટે સમર્પિત કરવા તૈયારી રાખવી જોઈએ, અને કોશિષ કરીને પણ તેઓ તૈયાર થાય એવા સંયોગો, એવો સહવાસ અને એવું વાતાવરણ ગોઠવી આપવું જોઈએ, કે જેથી શિશુવયથી જ એ માનવજન્મને સુસંસ્કારી બનાવી શકે.

આજના યુગમાં બારીક, ગંભીર, દુઃખદ, ચિંતામય અને કષ્ટદાયી જીવન વીતાવવાનો સમય સર્વ કોઈને આવી લાગ્યો છે. આવા કપરા સમયમા બાળકોને જો સંયમી અને આધ્યાત્મિક જીવન જીવતાં શીખવશો, તો આર્થિક બચાવ પણ સારો થશે; કેમ કે-એવા યોગી સમા ત્યાગી જીવનને જીવતાં શીખેલો માનવી સાંસારિક મોજશોખથી કંટાળેલો રહેશે, ખોટો ખર્ચો કરીને શણગારનો વ્યામોહ પણ અલ્પ કરશે. તેમજ ધર્મરૂચિ પ્રગટશે અને દુરાચાર, ચોરી, અન્ય અનર્થ કરતાં જરૂર અટકશે; તેમજ કૉર્ટોના કજીયાઓ, સામાજિક કજીયાઓ અને સગા-સ્નેહીના કલેશો પણ દૂર થશે વળી આધ્યાત્મિક જીવન જીવતાં શીખેલો સહિષ્ણુ બનશે, એટલે શ્રમમય કાર્યોમાં થાકશે જ નહિ. માનો કે-તે સંસારત્યાગી સાધુજીવન જીવવાની કામનાવાળો થશે. તોય અનેકોને સન્માર્ગદર્શક બનશે, સ્વ-પરકલ્યાણ સાધી માનવજન્મને ધન્ય બનાવશે અને તમે ઉત્તમ પુત્રના જનક કહેવાશો. પ્રાચીન ઈતિહાસ સાક્ષી પૂરે છે કે-પ્રથમ રાજાથી લઈને

સાધારણ સ્થિતિના માનવોના કુટુંબોમાં કોઈ બાલવયમાં, કોઈ યૌવનવયમાં, કોઈ પ્રૌઢાવસ્થામાં, તો કોઈ જરાવસ્થામાં જરૂર ત્યાગમાર્ગનું અનુસરણ કરતા હતા. બાપ દીકરાઓને જોઈને વિચારતો કે–આ બાળકોમાંથી એકાદ પુત્ર જો ધર્મ-માર્ગનો પ્રચારક નેતા બને, તો મારૂં જીવતર ધન્ય બને. પોતાનો પુત્ર અધર્મી કે દુરાચારી બનીને કુછંદે ન ચઢી જાય, એ માટેની ચીવટ માતા–પિતાને સ્વ–શરીરરક્ષણની ચિંતાથીય વિશેષ રહેતી હતી. ઈતિહાસમાં તમે વાંચ્યું હશે કે–ચાણક્યનો જન્મ એક વિપ્રના ઘરે થાય છે અને તે બ્રાહ્મણને ત્યાં પુત્ર જન્મતાં હર્ષ–ખૂશાલીની ઉર્મિઓ ઉભરાવા લાગી અને સન્નારીઓ ધવલમંગલ ગાવા લાગી; પરંતુ જન્મેલા શિશુને આગળના બે દાંત જન્મતાં જ ઉગેલા હતા. આ વાત ચાણક્યના પિતાશ્રીના જાણવામા આવતાં તેને ઘણો જ ખેદ થયો, કારણ કે–જે પુત્ર સદંત જન્મે તે મોટા રાજ્યનો માલિક બને છે–એ હકીકત વિબુધ વિપ્ર સમજતો હતો. બાળકને પોતાના હસ્તમાં લઈને આતારીથી તેના દાંત ઘસી નાંખ્યા. પછી કોઈ નિમિત્તજ્ઞ ગુરુદેવ પધાર્યા અને તેમની સંગતિને સુધાપાન માનતો તે બ્રાહ્મણ તેમની પાસે જઈ ચઢ્યો. ધર્મદેશના સુણીને સૌ શ્રોતાગણ વિખરાયા બાદ વિપ્રે તે ગુરુદેવને નમ્રભાવે જણાવ્યું કે–

'ગુરુદેવ! મારે ત્યાં સદંત પુત્રનો જન્મ થવાથી મેં તેના દાંત ઘસી નાંખ્યા છે, કારણ કે–મારા વંશમાં

જન્મેલો બાળક એ રીતે ભૂમિપતિ બને !"

મહારાજે કહ્યુ કે-'બાળક રાજા થાય એમાં તમારો શો વિરોધ ? દુનિયામાં કોઈને પુત્ર જન્મે અને તે રાજા થશે, એ બીના સાંભળતાં જ્યારે હર્ષ થાય, ત્યારે તમે તો પુત્ર રાજા થાય તેમા કેમ ગભરાઓ છો ?'

વિપ્રે કહ્યુ કે-'મહારાજશ્રી ! મારો બાળક જો રાજા બને, તો હજારો પાપોનો શિકારી બને ! રાજ્યતંત્ર માયાવી, પ્રપચી અને અનર્થમય છે. સાહ્યબીઓના સરંજામોમાં એ પુત્ર ગળાડૂબ થઈને જો નરકની યાતનાઓ જ વેઠે, તો મારૂ કર્તવ્ય છે કે-તે રાજ્ય ન પામે અને કુલાચારો પામી ધર્માત્મા કેમ ન થાય ? ધર્મ કરનારો સ્વર્ગમા અને પાપ સેવનારો નરકમાં જ જાય છે.'

પુત્ર ધર્મકાર્યોનો આચરનારો થાય અને પાપકર્મોનો પરિહારી બને, એ માટે પિતાની કેવી ફરજ હોવી ઘટે. તે ચાણક્ય-પિતા સમજેલા હતા

ગુરુદેવે જણાવ્યું કે-'ભલે તેં તેના દાત ઘસ્યા, પણ તે રાજ્યમત્રી તો જરૂર થવાનો જ છે. હા, નરકગતિમા તે પુત્ર નહિ જાય. પણ શુદ્ધ ધર્મ પાળીને સ્વર્ગગામી બનશે'

એક ધર્માત્માને ત્યાં પુત્રજન્મ થતા. તે શિશુ દુર્ગતિમા ન ચાલ્યો જાય. એ માટે પુત્રના દાત ઘસીને પણ. તેને પાપાચરણોના સાધનોથી બચાવવાનો કેવો

-સમયમાં પાંચમો દુ:ષમ આરો શરૂ થશે. ચોથા અને પાંચમા આરામાં ફરક કેટલો? ચોથા આરાની કેટલીક સમૃદ્ધિઓ લોપાશે. પાંચમા આરાની શરૂઆતથી કાંઈક નવી નવી યાતનાઓ ઊભી થશે. માનવ પ્રાણીઓને સુખસંપત્તિ, ગુણ, ધર્મ, સામગ્રી વગેરે પ્રાપ્ત થવી મુશ્કેલ બનશે. જનવર્ગનાં હૈયાં મલિન બનશે. શરીર શક્તિઓ, આત્મબળ અને પુણ્યપ્રકૃતિઓ પણ ઘટતી જશે. આ વગેરે પ્રભુએ પાંચમા આરાના ભાવોને યથાર્થ રીતિએ દર્શાવેલ છે.

ચોથા આરાનાં જ્યારે ત્રણ વર્ષ અને આઠ મહિના બાકી હતા, ત્યારે શ્રી વર્ધમાનસ્વામીનું નિર્વાણ થયુ. પ્રભુ શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ બાદ ત્રણ વર્ષ અને આઠ મહિના પછી ચોથા આરાનો અંત થયો તથા પંચમ આરાનાં પગરણ મંડાયા. પ્રભુના નિર્વાણ બાદ શ્રી ગૌતમ-સ્વામીને કેવલજ્ઞાન પ્રગટ્યું અને બાર વર્ષ કેવલીપર્યાયમાં રહીને તેઓશ્રી નિર્વાણપદને પામ્યા. આથી શ્રી સુધર્મા-સ્વામીને શિષ્યપરિવાર સુપરત થયો, કારણ કે-તેઓશ્રીનુ આયુષ્ય દીર્ઘ હતું. તેઓશ્રી આઠ વર્ષ કેવલજ્ઞાનનો પર્યાય પાળીને મોક્ષે પધાર્યા. બાદ શ્રી જંબૂસ્વામીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયુ અને ૪૨ વર્ષ સુધી કેવલપર્યાય પાળીને તેઓશ્રી મોક્ષે પધાર્યા. પ્રભુનિર્વાણ બાદ ૬૪ વર્ષ સુધી કેવલજ્ઞાન અને મોક્ષગમન રહ્યું. બાદ કેવલજ્ઞાન અને મોક્ષગમનનો વિચ્છેદ થયો.

ચોથા આરામાં જંન્મેલા પ્રાણીઓને પાંચમા આરામાં કેવલજ્ઞાન અને મોક્ષગમન થઈ શકે છે. શ્રી જંબૂસ્વામીના મોક્ષગમન પછી નીચેની દશ વસ્તુઓનો વિચ્છેદ થયો.

૧-પરમ અવધિજ્ઞાન, ૨-મન પર્યવજ્ઞાન, ૩-કેવલ-જ્ઞાન. ૪-ત્રણ ચારિત્ર (પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર) ૫-પુલાક લબ્ધિ, ૬-આહારક શરીર. ૭-ઉપશમશ્રેણી, ૮-ક્ષપકશ્રેણી, ૯-મોક્ષગમન, અને ૧૦-ક્ષાયિક સમ્યક્ત્વ.

ચોથો આરો ઉતરતાં પાચમા આરાના દેખાવ શરૂ થયા. પદાર્થોના વર્ણાદિ પર્યાયો અનત પર્યાયહીન થતા ગયા. પાંચમો આરો ૨૧૦૦૦ વર્ષની અવધિનો છે. આ આરાના પ્રારભમા સાત હાથની કાયાનુ માન હતું અને તે ઉતરતાં એક હાથનુ દેહમાન રહેશે. વધારેમા વધારે આયુષ્ય ૨૫૦ વર્ષનુ અને ઉતરતાં ૨૦ વર્ષનુ રહેશે. પ્રભુએ બાર પ્રકારની પર્ષદામાં બીરાજી જ્ઞાનનેત્રથી જેવુ જોયુ-જાણ્યુ તેવું સ્વરૂપ પંચમકાળનું પ્રરૂપ્યુ છે.

પંચમકાળના ભાવો કેવા રહેશે, એનુ વર્ણન કરતાં જ્ઞાનીઓ જણાવે છે કે-પ્રાણીઓને દિવસમા અનેક વાર આહાર કરવાની ઈચ્છા રહે અને શરીરના માપ પ્રમાણે આહાર કરે તથા લીધેલો આહાર સત્ત્વ રૂપે પરિણમે નહિ. ભૂમિના રસ-કસો ઓછા થતાં જાય. આ આરો ઉતરતાં કુંભારના નિભાડાની છાયા જેવી નિરસ જમીન થઈ જશે. મહાન નગરો ગામડાના રૂપમાં ફેરવાઈ જશે.

આજે નાનાં ગામડાં ગણાય છે તે સ્મશાન જેવા શૂન્ય થઇ જશે. ઉંચા કુળના પુત્ર-પુત્રીઓ દાસ-દાસીપણું કરીને આજીવિકા ચલાવશે. રાજાઓ યમદંડ જેવા બની ચૂસી ચૂસીને પ્રજાને દુઃખી કરશે. પ્રધાનો મહા લાલચુ અને સ્વાર્થી થશે. ઉચા કુળની સ્રીઓ મર્યાદા-લાજ છોડીને વેશ્યા જેવી સ્વચ્છંદી બનશે. મોટા કુળના છોકરાઓ પણ વિનયહીન અને પોતાના છંદે ચાલશે. શિષ્યો ગુરુઓના અવર્ણવાદ બોલીને પોતાની ભૂલોને ઢાંકશે. દુર્જન અને પાપી લોકો સુખી દેખાશે, જ્યારે સજ્જનો અને ધર્મીઓ દુઃખી દેખાશે. દારૂણ દુકાળો પડશે. ઉંદરો, સર્પો વગેરેની દાઢા વધારે થશે. બ્રાહ્મણો સ્વાર્થી, અર્થવાન અને લાલચુ થશે. નામધારી મહાત્માઓ પણ હિંસાધર્મના પ્રરૂપક બનશે. એક જ ધર્મના ઘણા ફાંટાઓ પડશે. મિથ્યાત્વી દેવોની પૂજા-સન્માન વધશે. મિથ્યાત્વીઓની સંખ્યા વધશે. દેવોનાં દર્શન દુર્લભ થશે. મંત્રો, તંત્રો અને વિદ્યાઓનો પ્રભાવ ન્યૂન થશે. ગોરસ, ઘી વગેરે પૌષ્ટિક પદાર્થોની સરસાઈ ઘટી જશે. બળદ વગેરે જાનવરોનાં બળ-આયુષ્ય ઓછાં થશે. સાધુઓ તથા શ્રાવકોની પ્રતિમાઓ વિચ્છેદ જશે. સાધુ-સાધ્વીઓને ચાતુર્માસ કરવા માટે યોગ્ય ક્ષેત્રો ઓછાં થશે. ગુરુઓ શિષ્યોની હિતચિંતા ઓછી કરશે-તેઓને ભણાવવામાં પ્રમાદી બનશે. શિષ્યો અવિનીત, કજીયાખોર અને ગુરુઓને કંટાળો ઉપજાવે તેવા અયોગ્ય થશે. અધર્મી, ઝઘડાખોર અને નાસ્તિક માણસોનો જન્મ થશે. આચાર્યો પોતપોતાના

લઇને નિઃશલ્ય થાઓ.' પરસ્પર ખમાવીને અને નિઃશલ્ય બનીને, ચારેય જીવાત્માઓ અનશન કરશે અને કલ્યાણ-પંથના પથિકો બનશે. બાદ સંવર્તક વાયરો વાશે. પર્વતો, વાવો, કુવાઓ અને સરોવરો વગેરે પૂરાઈ જશે. વૈતાઢ્ય પર્વત, ગંગા નદી, સિંધુ નદી, ઋષભ કૂટ અને લવણ-સમુદ્રની ખાડી સિવાય સર્વે નામશેષ બની જશે.

તે ચારેય એકાવતારી આત્માઓ સમાધિભાવે રહીને સ્વર્ગે સીધાવશે. પછી પહેલા પહોરે જૈનધર્મનો, બીજા પહોરે ૩૬૩ પાંખડીઓનો મિથ્યાધર્મ, ત્રીજા પહોરે રાજ-નીતિનો અને ચોથા પહોરે બાદર અગ્નિકાયનો વિચ્છેદ થશે. આ રીતે પાંચમો આરો સમાપ્ત થશે.

છટ્ઠો આરો શરૂ થતાં વર્ણાદિના અનંત પર્યાયો હીન થશે. દુઃષમા–દુઃષમા નામનો એ છટ્ઠો આરો ભયંકર દુઃખમય હશે. પાપોદયથી જીવોને તે જોવાનો રહેશે. તેનું પ્રમાણ ૨૧૦૦૦ વર્ષનું રહેશે. શરૂઆતમાં માણસોનુ દેહમાન ૨ હાથનું અને આયુષ્ય ૨૦ વર્ષનું રહેશે, જ્યારે ઉતરતાં સુધા બે હાથનું પ્રમાણ અને ૧૬ વર્ષનું આયુષ્ય રહેશે. ૭ વર્ષની બાળાઓ ગર્ભાધાન કરશે. માણસો રોગી, ક્રોધી, ક્રૂર, ઘણા મોટા કેશવાળા અને ભયંકર અનાડી હશે. કુતરાની જેમ મોટો પરિવાર સાથમાં ફેરવનાર અને સ્નેહ વિનાના, મહા માયાવી બનશે. ગંગા અને સિંધુ નદીના ચાર ચાર કાંઠા છે અને એક એક તટ ઉપર નવ નવ બીલ છે. એ વૈતાઢ્યના પડખે ૭૨ બીલમાં

બીજ માત્ર માનવજોડલાં અને તિર્યંચો રહેશે.

ગંગા–સિંધુનો પટ ૬૨ાા યોજનનો રહેશે. ગાડાની ધરી બૂડે એટલું જ ઊંડું પાણી તેમાં રહેશે. તેમાં મચ્છ વગેરે જલજંતુઓ ઘણા જ રહેશે. ૭૨ બીલના માનવો, તેમાથી મચ્છ વગેરે નદીના કિનારાની રેતીમા નાખીને સૂર્યના તાપથી પકવશે અને ઘણી જ ઠંડી પડતાં તેને સીઝવીને આહાર કરશે. માનવોની ખોપરીમાં પાણી પીશે. તિર્યંચો હાડકા વગેરે ચાટીને જીવશે. ભાઈ, બહેન, બાપ અને માનો વિવેક વિસરાશે. માત્ર જાનવર જેવાઓ જ વસ્ત્રહીન, નિર્લજ્જ અને કઠોરભાષી જીવો બીજ માત્ર જ રહેશે.

પંચમ આરાના અને છઠ્ઠા આરાના આ ભાવો સંક્ષેપમાં જણાવ્યા છે. ભાગ્યવતો જો શ્રદ્ધા રાખીને તે જાણશે અને ઉચ્ચ આરાધના કરીને ઉચ્ચ ગતિના ભાગીદાર બનશે, તો તેઓ આવા આરાની ભયંકર વેદનાથી બચી જશે.

卐

કક્ષાએ પહોંચ્યો છે. દેવો જે જન્મને મેળવવા ઝંખના કરે છે, એ જન્મ આપણને મળ્યો છે. તિર્યંચો અને નારકીઓ ઘણા જ પ્રયાસે જે ન મેળવી-સાધી શકે, તે સાધવા-મેળવવાની તકવાળો માનવજન્મ જ્ઞાનીઓ વર્ણવે છે. તે જન્મમાં આજે આપણે સૌ છીએ.

કોઈ શૂરવીર માનવી યુદ્ધમાં લડતાં લડતાં જ્યારે પાછી પાની કરતો હોય, ત્યારે તેઓને ભાટચારણો શૂરવીરતા ચઢાવે એવાં ગીતો ગાઈને જોમ લાવે છે અને એવું સ્વાભિમાન-સ્વગૌરવ તેઓમાં જન્માવે છે કે-આપણે કોણ છીએ, એનું ભાન કરો ! તમે કયી જાતના ? તમારા પિતા કોણ ? તમોએ આ સંગ્રામ પહેલાં કેટલા ભયકર સંગ્રામોમાં મોખરે રહીને કેવી જીતો મેળવી છે ? તમોને હજારો જખ્મો પડયા છતાં હાથ નીચો કે પગ પાછો નથી જ ભર્યો. પાછાં પડતાં આ સઘળુંય સ્મરણમાં આવતા તેઓમાં નવચૈતન્ય પ્રગટે છે અને નસેનસમા શૂરવીરતાનું ખમીર ઉછળતાં ખૂનખાર યુદ્ધ ખેલવા તેઓ પુનઃ દોડી જાય છે. પરિણામે શત્રુઓને હાર આપીને તેઓ પાછી જીત મેળવે છે.

એક ગામનો નાનો ઠાકોર ઘણો જ બહાદૂર હતો. જો કે એના તાબામાં ઘણાં જ ઓછાં ગામો હતાં, પણ જેટલાં ગામો હતાં, તે સઘળાંય પોતે બહાદૂરીથી તાબામાં રાખતો અને પ્રજાને સુખ-શાન્તિથી જીવન વીતાવવાની તક આપતો. એક સમયે એક દુશ્મન રાજા એ ઠાકોર

માગે છે, ત્યારે સઘળીય રાણીઓ કહે છે કે–પાણી છે ક્યાં ? પાણી ખૂટી ગયુ છે ! જો પાણી હોત, તો ગામો છોડીને નાસી છૂટવાનો આ ગોઝારો સમય કેમ આવત ? ઉભા રહો ! પાણીના પ્યાલા ભરી આપીએ છીએ !–એમ કહીને સ્ત્રીઓ ફટાફટ તેઓના ગળામા રહેલા મોતીના હારો ઉતારી લે છે અને તે પ્યાલાઓમાં મૂકીને નીચોવે છે.

ભોજન કરતાં ઠાકોરો કહે છે કે–શુ તમારુ દિમાગ ખસી ગયુ છે અને ભાન ગુમાઈ ગયેલું છે ? તમારી અક્કલ ચાલી ગઈ છે કે મોતીના હારોને તમે નીચોવો છો ?

સઘળીય રાણીઓમાં મુખ્ય રાણી પદ્મા કહે છે કે– કેમ ? તમો જ્યારે આ હારો લાવ્યા, ત્યારે અમોને તમોએ જ કહેલુ હતું કે–ઘણી જ ચમકવાળાં અને પાણીવાળા મોતીઓના આ હારો છે. હવે તમે પાણી ગુમાવીને લડાઈમાંથી પાછા ફર્યા છો, એથી અમોએ આ મોતીમાથી પાણી કાઢીને તમોને પાવાનો વિચાર કર્યો છે, કે જેથી પુનઃ તમારામા વીરતાનુ પાણી ચઢે.

ભોજન સમયે પાણીના બ્હાનાથી રાણીઓએ એવા તો ટોણા માર્યા કે–એ શૂરવીરો જમીને ઉઠ્યા કે તરત જ પુન. તૈયારી કરીને, ઘણી જ બહાદુરીથી દુશ્મન ગણ સાથે લડ્યા અને ગયેલુ પોતાનુ રાજ્ય પાછું મેળવ્યુ

આજે આપણે કોણ છીએ તેનું ભાન થઈ જાય, તો પછી કોઈ જુદી જ દશાનો અનુભવ થાય. જેમ રાજરાણીઓએ પાછા પડેલા બહાદુર યોદ્ધાઓને જગાડ્યા,

શ્રી જૈનશાસ્ત્રનો આધ્યાત્મિક યોગ.

અખિલ માનવજાતિમાં યોગ એટલે સામાન્ય રીતે જીવ જેમાં તન્મય બને તેનું નામ યોગ ગણીએ, તો ક્ષણે ક્ષણે યોગ થતો જ જાય છે. એવા એક જીવનમાં અસંખ્ય યોગો થઈ જાય છે અને સંસારભરમાં તે અનંતા યોગો આત્માએ કર્યા છે અને કર્યે જાય છે. પરંતુ ધાર્મિક, આધ્યાત્મિક અને આત્મવિકાસનો યોગ તો ઘણો જ દુરારાધ્ય અને દુર્લભ મનાય છે. યોગની પ્રક્રિયાનુ જ્ઞાન આપતા માનવસંસારમાં સેંકડો ગ્રન્થો પણ છે. કેટલાક ગ્રન્થો સંસારવર્ધક અને સંસારપોષક છે, જ્યારે કેટલાક ગ્રન્થો વૈરાગ્યના અને અધ્યાત્મના વર્ધક–પોષક પણ છે. જેવા માનવ અને જેવી જિજ્ઞાસા હોય, તેવું સાહિત્ય સહેલાઈથી મળી રહે છે, કારણ કે–સંસારમાં માનવો પણ દ્વિધા છે. પાપી અને ધર્મી, યોગી અને ભોગી. ભવાભિનંદી અને ભવભીરૂ તથા સંસારી અને ત્યાગી માનવો હોય છે એમાંથી જેવી વ્યક્તિ ગ્રન્થસર્જક હોય, તેવું વહેણ તેઓની સાહિત્યકૃતિઓમાં વહે છે જ. શૃંગારપ્રિયો શૃંગારિક સાહિત્યની સરિતાઓ વહાવે છે અને વૈરાગીઓ વિરક્ત–ભાવનાભર્યા સિંધુઓ જ ઉછળાવી મૂકે છે.

જેવો સાહિત્યકારોનો અંતરભાવ, જેવી મનોવૃત્તિ, જેવી જીવનપ્રક્રિયા અને જેવું આચરણ, તેવી તેની

ત્રાગાં કરતા હોય છે. કોઈ મારવાની તો કોઈ ચકલી બનાવીને ઉડાવી દેવાની ધમકીઓ આપતાં હોય છે.

આ યોગની સાધના થતાં મેલાં દેવ-દેવલાં પણ એને વિવશ હોય છે, એમ પણ લોકવાયકા સંભળાય છે. મોટા ભાગે આ યોગની સિદ્ધિ તો શ્મશાનોમાં જ કરાય છે. મરણાન્ત કષ્ટો સહીને આ સિદ્ધિ થવાથી આ લોકના જરૂર લાભો મેળવાય છે, પણ આત્માની સિદ્ધિ માટે આ યોગને યોગનિષ્ણાતો વર્જ્ય કહે છે. એટલે એના વિવેચનમાં વધારે ઉતરવું એ બાલીશ ચેષ્ટા જ ગણાય.

'રાજયોગ'-સાહિત્યસુજ્ઞોએ આ યોગનુ નામ જ એવુ આકર્ષક અને સાર્થ-સમન્વયયુક્ત વર્ણવ્યુ છે કે-રાજાઓને માટે યોગ અથવા યોગોનો રાજા-એમ અનેક કલ્પનાઓથી ભિન્ન ભિન્ન અર્થો ઉપજાવી શકાય છે. આ યોગની પ્રત્યેક માનવોને જરૂર રહે છે. સાંસારિક કાર્યોની પ્રવૃત્તિ કરતાં પણ આ યોગની સાધના ઘણા જ ઉપયોગમાં આવે છે. રાજયોગની સાધનાવાળી વ્યક્તિ આમ તેજસ્વી, સ્થિર અને સહિષ્ણુ હોય છે, તેમજ તે સમયને જોઈ ને સમવધાન કરીને ઘેરા સંજોગો અને ગંભીર પરિસ્થિતિમાંય પોતાનુ કાર્ય સાધી લે છે. ગૃહસ્થાશ્રમને જો સ્વર્ગ રૂપ ફેરવી નાખવો હોય, તો રાજયોગની સિદ્ધિ અમોઘ રસાયણનું કામ કરી આપે છે. રાજયોગી પ્રશાન્ત વૃત્તિવાળો હોય છે. લાખો માનવો ઉપર તે પોતાની ઓજસ્વી પ્રભા પ્રસારે છે. કદીય તેમનું હૈયું ગમે તેવા

વાતાવરણમાંય કલુષિત બનતું નથી. રાજયોગીઓનાં વચનો કુસુમો જેવા સુવાસિત હોય છે અને તે અકુલતાને તો પામતાં જ નથી રાજયોગીઓના તે પીયૂષના કચોળા જેવા મીઠા-મધુરાં દર્શનકસનીય અને ચન્દ્રકિરણ સરખા સૌમ્ય. તેમજ હજારો જાદુઈ આકર્ષણો ફેંકનારા હોય છે તેથી રાજરાજેશ્વરો. ઈન્દ્રો અને દેવો રાજયોગીના દાસ જેવા રહે છે, જ્યારે માનવો બિચારા સદૈવ વિવશ જ રહે છે. છતાય રાજયોગી નિરાળો. નિઃસ્વાર્થી અને માત્ર પરમાર્થચિંતક કલ્યાણપથનો પથિક જ બની રહે છે.

પ્રશાન્ત વૃત્તિને જ જો યોગ માનીએ, તો કેઈક ગરજગરજુ જ્યારે કોઈની પાસે ચાટુ-ચાપલુસી કરવા બેસે છે. ત્યારે એવી શાન્ત મુદ્રા અને નમ્રતા દેખા દે છે કે-કોઈ મહા યોગીરાજની ઝાંખી કરાવી દે છે. પણ તેના અંતઃકરણમાં સ્વાર્થ સાધવાની દુર્બુદ્ધિ જ હોય છે. આવી આવી યોગસાધનાઓ પ્રત્યેક માનવો કરી જ રહ્યા છે. પણ એ દૂષિત અને અમાન્ય હોય છે. યોગની આરાધના કરનારા મહાશયોને પહેલા [illegible] અને પછી કોઈ ત્યાગી-અભ્યાસી ગુરુની પરિ[illegible] નિશ્રાની સેવના અને તે બાદ સાધનાની પ્રક્રિયા યથાવત્-અવિરત [illegible] સેવવી પડે છે વર્ષો સુધી [illegible] કરતા તે સાધક એકમેક બને છે. તો જ કંઈક જ્યોતિ પ્રગટે છે

ઈલા. મીડા અને પીંગલાનો રેચકપૂરક અને કુંભક કરવો. એ તો ખાસ સાહસિકની એક ક્રિયા છે, પણ તે

શ્વાસની વિચિત્રતા અને રૂંધન એ સ્થિરતાનું આસન છે.

શ્વાસવિવશતા થયા પછી સવિકલ્પ અને નિર્વિકલ્પ ધ્યાન કરતાં ચિત્ત એકાગ્ર બને છે. ધ્યાન કરતાં 'ૐ अर्हं नमः'–એ મંત્રનો જાપ મુખ્ય હોય છે. જાપ ક્રોડોની સંખ્યાનો કરતાં અજપા જાપની ઉચ્ચ કક્ષા પેદા થાય છે. જાપ વધતાં શરીરાવયવોમાં એક જાતની જ્વાલા પ્રગટે છે અને નસેનસમાં અગ્નિ ચંપાતી હોય એવી ગરમી પેદા થાય છે. આ દશાએ બહુ ધીમે ધીમે વધાય છે. તેમાં સાધક જો ઉતાવળ કરવા જાય, તો વ્યર્થ ચિત્તને વ્યાકૂળ અથવા પાગલ બનાવી મૂકે છે અને સઘળીય મહેનત ધૂળભેગી કરી નાંખે છે. યોગસાધનાના સમયે ઉત્તરસાધક કે તે તે ક્રિયાનો જ્ઞાની સાથે મદદગાર–સ્થિરતા આપનાર રાખવો જોઈએ છે. યોગની પ્રગતિ વધતાં ક્રમે ક્રમે કુંડલી નામનો વાયુ સિદ્ધ થાય છે. પછી એ વાયુની સિદ્ધિ થતાં શરીરના પ્રત્યેક અવયવોમાં તે વાયુ પરિવર્તન થતા તમામ રોગો નાબૂદ થાય છે.

બે સૈકા પહેલાં આપણા ભારતવર્ષના શણગાર યોગનિધાન યોગીશ્વર 'શ્રી આનંદઘનજી મહારાજ' અસ્તિત્વ ધરાવતા હતા. તેઓ ફક્કડ અને નિરાલા એક આદર્શ મહાત્મા હતા. તેઓનું જીવન પવિત્ર, ત્યાગી, અધ્યાત્મી અને નિઃસ્પૃહ હતું. બાહ્યત્યાગ એ રાજયોગ સિદ્ધ કરવાની વજ્રભૂમિકા છે. આ યોગની સિદ્ધિ કરતાં પહેલાં તન–શ્રમવ્યાયામ કરીને બળ કેળવવું પડે છે, મનની મોટર

સનસનાટ દોડાવવી પડે છે, સમાધિની સડક બાંધવી પડે છે. આત્માને ડ્રાઈવર બનાવવો પડે છે, પાંચેય ઈન્દ્રિયોના વિષયોના સંયમનું પેટ્રોલ પૂરવું પડે છે અને સુભાવના-ઓનું હોર્ન વગાડવું પડે છે. બાદ ધ્યાનયોગ કે એકાગ્રતાનું સુદર વતન આવતાં અપૂર્વ આનંદ અનુભવાય છે. જે વચનાતીત અને અકલ્પ્ય હોય છે.

આ યોગની સિદ્ધિ મોટા ભાગે ત્યાગીવર્ગને જ વરે છે. ગૃહસ્થાશ્રમી જો ઘણો પ્રયાસ કરે. તો કાંઈક યોગ-ઝલક મેળવી શકે છે, કિન્તુ સાધુઓ તો સહેજ થોડા પ્રયાસે ઘણી જ સિદ્ધિઓ મેળવી શકે છે, કારણ કે-ઓટોમેટીક તેઓ દમી, શમી. પરિશ્રમી અને આત્મારામી હોય છે. સંસારસ્વાર્થ તે મહાત્માઓને વળગતો જ નથી. કચન-કામિનીની દોસ્તી તો તેઓએ હોંશથી છોડેલી હોય છે. માયા, મમતા કે પ્રલોભનોના બધનો તો તે મહાત્માઓએ ઉગ્ર ભાવનાની કટારીથી તોડી નાખેલા હોય છે. શારીરિક અને માનસિક પવિત્રતા તો તે મહાત્મા-ઓની શ્વાસક્રિયાઓ જ હોય છે. રાજયોગી મહાત્માને લૌકિક સિદ્ધિઓ ખેતરના ફોગટ ઘાસ જેવી દાસી બનીને પાસે રહેતી હોય છે. પણ હઠયોગીઓ પ્રયોગ સિદ્ધ કર-વામાં સાધકને અમુક દમ, ધીરતા અને સ્થિરતા કેળવવી પડે છે. રાજયોગી પોતાની શક્તિઓને કેમ વાપરે? તે તે માત્ર આત્માનંદને માટે જ અગર ધાર્મિક પરમાર્થને માટે જ સ્વસામર્થ્યને ફેરવે છે.

ઉપદ્રવને સમાવવાની તાકાત તેઓમાં હોવા છતાં સમભાવે વેદે છે. પુનઃ શક્તિથી તાવ પોતાના શરીરમાં દાખલ કર્યો અને જેવા હતા તેવા થયા. સમભાવે વેદનીયકર્મને ભોગવવા લાગ્યા. ધન્ય છે મહાત્માની અદ્ભુત ગને ઉચ્ચ ધર્મભાવનાની ઉચ્ચ કક્ષાને ! આનંદઘનજીના કાંડા ઉપર એક ફોલ્લો થયો હતો તેની વેદના અસહ્ય હતી. વેદના જોઈ ભક્તગણ કકળી ઉઠ્યો અને ગુરુદેવને વિજ્ઞપ્તિ કરી કે–મહારાજ ! આ વેદના જોતાં અમો કંપી ઉઠીએ છીએ, તો આપ તે કેવી રીતે સહો છો ? અમારી ખાતર આ દુઃખથી આપ મુક્ત બનો ! ગુરુદેવે એક શ્વાસ એવો ખેંચ્યો કે-ફોલ્લો ફૂટ્યો તથા રૂઝ પણ આવી ગઈ અને હાથ ઉપર સાફ–કોમળ ત્વચા બની ગઈ. આવી આવી તો એ રાજ-સિદ્ધયોગીની કંઈક કરામતો લોકગ્રંથમાં સંભળાય છે. પહેલાંના યુગમાં આવા અનેક મહાત્માઓના ચમત્કારી ચરિત્રો સાંભળવા મળે છે. આજે પણ આવા યોગીઓ હશે, કિન્તુ તેઓ કા તો ગુપ્ત હશે અને કાં તો સમયને જોઈને પોતાનું સામર્થ્ય લોક પ્રત્યક્ષ નહિ દર્શાવતાં હોય !

આ યોગો એવા છે કે–તે ધર્મયોગની એકાગ્રતા અને તન્મયતા પેદા કરાવવાના હેતુભૂત બની જાય છે. આ યોગની સિદ્ધિ પામેલી મહા વિભૂતિ, પ્રભુઆજ્ઞા પ્રમાણે પ્રત્યેક આવશ્યક ક્રિયાઓ આરાધવામાં એકદિલ હોવાથી વિશેષ વિશેષ વિશુદ્ધિ રાખીને સુંદર ફળ મેળવવા માટે સમર્થ બને છે. આવશ્યક ક્રિયાને ઉડાવીને જેઓ માત્ર

તેમજ સદૈવ આત્મા ચૈતન્યભાવમાં એક અજબ લીલા કરતો થઈ જાય છે. દુન્યવી સુખો, દુન્યવી ઇષ્ટાનિષ્ટ સંયોગો, રાગ અને દ્વેષ, આ સર્વમાં ઉદાસીનતા ભજતો આત્મા બની જાય છે. પછી વિજયવંત મન આત્માના સુખોની જ આશા સેવે છે. આજે જડમગ્નોને બાહ્ય સુખોનો વિયોગ જેમ ક્ષણ પણ વર્ષ જેટલો લાંબો થઈ જાય છે, તેમ આત્મિક ધારણા કે સુખ સિવાયની પળો એ મન રૂપી રાજાને કંટાળાભરેલી લાગી આવે છે. વિરક્તભાવ, વૈરાગ્યદશા અને આધ્યાત્મિક ઉન્નતિ, એ મનના સામાન્ય વ્યાપારો થઈ જાય છે. માનસિક વિકાસ, આત્મિક વિકાસ અને આધ્યાત્મિક વિકાસ સધાયા બાદ અઢળક ઋદ્ધિઓ તો ઘાસ જેવી તુચ્છ અને દુંખદવ જેવી ભયંકર ભાસે છે.

મનોબળ કેળવાતાં, એવી પર્વત જેવી અચલતા લાવે છે કે—કોઈ પણ સંયોગોમાં મન પાછું પડતું નથી અને ધારેલાં પ્રત્યેક કાર્યો ઘણી જ સરલતાથી પાર પડે છે. એક મનોબળના જોરે સકળ સિદ્ધિઓ હસ્તગત થાય છે. તે સિદ્ધિઓ મહાન વિભૂતિઓના હાથમાં જ આજ્ઞા રૂપી દોરમાં બંધાયેલી રહે છે. આ સઘળુંય પ્રયાસસાધ્ય હોય છે આત્માના વિકાસ પછી જે વૈભવ, સિદ્ધિ અને ચમત્કારો સાંપડે છે, તે તો એવા જબ્બર હોય છે કે—દેવો અને ઇન્દ્રો પણ આ શક્તિઓના દાસ બની જાય છે. પરન્તુ એ શક્તિમૂર્તિઓ તો નિઃસ્પૃહ, નિઃસ્વાર્થ અને નિરભિમાની જ હોય છે આ આત્મસામર્થ્ય પેદા કરવા માટે અધ્યાત્મયોગ

જ છે. બહારની મીઠાશ અને બહારનો મધુર આસ્વાદ, એ પરિણામે કારમી કટુકતા છે.' આમ સંસારની તમામ બાબતો ઉપર જાણે ભારે વૈરાગ્ય ઉપજ્યો હોય, એવી એ ગંજાવર વાતોની તોપો છોડે છે. અને જ્યારે આત્મા-પુદ્ગલોની વિવેચના કરવી હોય, ત્યારે પણ એવી વાતો એ જમાવે કે-જાણે જબ્બર ફીલોશોફર હોય ! પરંતુ એને પૂછો કે-સંસારની હોળીમાં સળગતાં લાકડાં રૂપ એકેય પાપનો તેં ત્યાગ કર્યો છે કે ? સંસારની માયાનો અને ક્ષણિક વાસનાજન્ય પાપાચરણોનો એક પણ ત્યાગ જીવનમાં કરવો નથી, ત્યાગીઓના આરાધક બનવું નથી અને કોઈ જો ત્યાગતો હોય તો તેની સામે ચેડાં કાઢવા છે તથા મહાન સાધક તરીકે જગતમાં ખપવું છે. આ પોલ ક્યાં સુધી નભી શકે ? પોલું નગારું ખોખરૂં ખખડે છે, પણ અંતે તે ફાટી જાય છે અને એનો અવાજ નીકળતો પણ અટકી જાય છે. તે રીતે શુષ્ક જ્ઞાનીઓ બીચારા થોડો સમય લાગતા-વળગતાની સાથે ઉહાપોહ કરી લે છે, પણ જ્યારે પરલોકમાં જવાની પળ આવશે, ત્યારે તેઓ દુર્ગતિના દ્વાર ઉઘાડે છે અને પોતાના હાથે જ જાણી જોઈને સ્વયમેવ સ્વનું પતન નોતરે છે.

સાધના એ શુદ્ધ છે, સાધક પણ શુદ્ધ છે અને સાધ્ય પણ શુદ્ધ છે-એવો નિર્ણય થયા પછી સાધનાનું ફળ ઘણું જ સહેલાઈથી મળી જાય છે. કેદખાનામાં ફસેલા કેદીને એમ નથી સમજાવવું પડતું કે-તું જેલમાં રહ્યો

કરનાર પુણ્યવંતોએ પરઘરનો ડર રાખીને નિજઘરમાં આવવું જોઈએ.

પૂ. આનંદઘનજી મહારાજા કહે છે કે–

'નિશદિન જોઉં તારી વાટડી, ઘર આવો ઢોલા.'

સાધકને સાધનાભાવ જગવતા મહાત્મા એક સુંદર ઘટના કહે છે કે–સુમતિ નામની આત્મરાજાની માનીતી રાણી સ્વ–સ્વામીનાથને જણાવે છે કે–'હે ચૈતન્યદેવ! હું રાત ને દિવસ તમારી વાટડી–મારગ જોઉં છું કે–તમો નિજઘર આવો!' ચૈતન્યદેવ કુમતિનારીની સાથે સ્વઘરને ભૂલીને રંગમાં આવી ગયા છે, ક્રીડા કરવામાં આસક્ત બન્યા છે અને કુમતિની સંગતિથી પોતાના અંગત પરિવારને ભૂલી ગયા છે. કુમતિ હલકા કૂળની બાલિકા છે. દુર્બુદ્ધિને એ પલ્લામા અર્પણ કરે છે. જેમ મદિરાપાન કરવાવાળો મદિરાના તાનમાં સ્વસ્ત્રીને માતા માની લે છે, તેમ મોહ રૂપી મદિરાના ઘેનમા બનેલા ચેતન માનની સુમતિના ઘરને ભૂલી પરદારા કુમતિને સ્વસ્ત્રી માની બેઠા છે.

સુમતિ એને શાન ઠેકાણે લાવતા સમજાવે છે કે–'હે સ્વામી! નિજઘર આવી જાઓ.' સુમતિ નિરાશ થઈને ચૈતન્યદેવને કહે છે કે–'ધ્યાન રાખજો કે પરઘરથી તમો અપમાનિત થશો અને તમને ખખડાવીને કાઢી મૂકશે. હું તમારી અંતઃકરણની પ્રીત ધરનારી છું. મને તમારા ઉપર ઘણી દયા આવે છે. તમો જાણો છો કે–પારકાં સગાં સ્વાર્થી હોય છે. તમારી પાસે કાંઈ પણ માલ–મીલકત જ્યારે નહિ

છે. માળા ગણતાં જ્યારે છેલ્લો મેરૂ આવે, ત્યારે એમ થાય કે–'માળા પૂરી થઈ.' અરે. ભદ્રા ! આ રીતે ગણાતી માળા શું કાર્યસિદ્ધિ કરે ? કયી સાધનાનું આ લક્ષણ છે ? તેથી તો સંસારનાશ નહિ પણ તેની વૃદ્ધિ થતી જાય છે.

મન એ કપિ જેવું અસ્થિર છે. ક્ષણે ક્ષણે તે અનેક વિચારોને–સંકલ્પોને ઉત્પન્ન કરે છે અને એકેય સંકલ્પનું ફળ કાંઈ જ હોતું નથી. જો મનને જીતાય, તો જ સાધનાધિકાર સાંપડે છે. મનને અંકુશની જ જરૂર છે. મનને કાબૂમાં રાખવા માટે સમાધિનું અમીપાન જોઈએ સમાધિ આવ્યા પછી મન રૂપી પંખી ધ્યાન રૂપી પિંજરમાં પૂરાઈ જાય છે. પછી ફક્ત પાંખોનો ફફડાટ કરે છે, પણ તેની ઉડ્ડયનક્રિયા અટકી જાય છે. ચંચળતા ગઈ એટલે પછી સાધનાધિકારી માનવ બની જ જાય છે. અનાદિકાળથી વાસનાના સંસ્કારો આત્માને પુનઃ પુનઃ ગુલાંટ ખવડાવી મૂકે છે. એ વાસનાનું જનકદ્વાર મન જ છે. 'मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः।' 'ઐસી નહીં હૈ જોગ કી રચના, જો નહીં મન વિશ્રામ.' પૂ. ન્યાયવિશારદ ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે ઠીક જ જણાવ્યું છે કે–'જો મનનો વિશ્રામ નથી, તો પછી યોગની અનેક ક્રિયાઓ કાંઈ જ કામમાં આવતી નથી.' મનનો આરામ અને શુભ ધ્યાનનિષ્ઠતા એ જ મનનો પ્રશસ્ત વ્યાપાર છે. અશુભ ચિંતન એ જ મોટો આક્રાન્તભાવ છે. ચંચળતા ટાળવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય એ જ છે કે–શ્રદ્ધાપૂર્વક દરેક

ઈચ્છા પ્રમાણે ઉડાય નહિ, ઈચ્છા પ્રમાણે વનફળો ચૂમાય નહિ અને વનવૃક્ષોની ડાળો ઉપર ઝોલા ખવાય નહિ, તેથી આ પણ પરતંત્રતા છે-એમ પોપટ સ્વસ્થાનને ભૂલતો નથી.

વિવેકી સંસારી જીવ પણ શરીરમાં વસવા છતા, પોતે સંસારના વ્યામોહજનક પદાર્થોમા મોહાતો નથી. પોતે સમજે છે કે-' આ દેહ અને દેહાનુકૂળ સાધનો મારા નથી, મારી આજ્ઞામાં નથી, ઈચ્છા પ્રમાણે સર્વ કામો થતા નથી, આત્માનું સુખ તો સ્વતંત્ર, શાશ્વત અને સ્વાધીન છે. આ શરીર એ પરઘર છે અને પરઘરની સેવા કરતાં ગાઠનું ખોવાનુ છે-સ્વજીવનનો નાશ નોતરવાનો છે.' આ પરિપૂર્ણ પરિજ્ઞાન જો આત્માને થાય, તો જ સાધના કરતા શરીરનો પરિગ્રહ પણ છૂટી જાય. આથી આત્મા સાધન ભ્રષ્ટ બનતો નથી. શરીરનેય ત્યાગવાની તૈયારી, ગમે તેવા વિપત્તિના વસમા અવસરમાય અકમ્પતા રાખવાની ટેવ અને વિલાસોના લપસતા સંયોગોમાય સહેજે ન સરકવાનો અભ્યાસ, એ સાધનાનો અપૂર્વ રંગ કહેવાય. સાધ્ય, સિદ્ધિ, સાધન અને સાધના-એ ચારેયની એકમેકતા-એકાકારતા એ જ સાચું સાધનાસિદ્ધિનુ નિશાન છે. સાધના એ એવી અપૂર્વાવસ્થા છે, કે જેમા ઉપાસના, ભક્તિ, શ્રદ્ધા, ક્રિયાનુષ્ઠાનો, સંયમ. તપ, જપ અને આરાધના-એ સઘળુંય સમાવેશ થઈ જાય છે. આ અભ્યંતર ગુણો સાધનાની પ્રક્રિયા સાધના સાગરની જેમ નદીયોવત્ ભળી જાય છે. સૂર્યપ્રકાશ જેવી ઉજ્જવલ અને અખંડ સાધના જેઓના

પ્રદેશમાંથી આત્માને છૂટો પાડવાનો છે. છૂટા પાડનાર સાધનો આમ તો જૈન શાસ્ત્રોએ અસંખ્ય ફરમાવ્યા છે, તેમાં મુખ્યાદેશ સેવા-ભક્તિ જ છે. સેવાના પ્રકારો પણ અનેક છે. સ્વસેવા અને પર-સેવા. સ્વ એટલે આત્મા. આત્માની સેવા પણ બે પ્રકારે હોઈ શકે છે. બાહ્ય અને અભ્યંતર અથવા વાસ્તવિક અને અવાસ્તવિક. કેટલીક વખતે આપણે સેવા તો કરતાં હોઈએ છીએ, પણ એ સેવા માત્ર ભવભ્રમણ જ વધારે છે. સ્વસેવાના પ્રકારોમાં વાસ્તવિક સેવા જ આત્માને અનેક પ્રકારે લાભ પહોંચાડે છે. પહેલાં સ્વને ઓળખો, સ્વને ઓળખીને સ્વસેવાનાં પ્રકારોને ઓળખો અને તેનો અંતઃકરણથી સ્વીકાર કરો। સ્વસેવા કરનાર આત્મા આત્માની શું સેવા કરે? આત્મા તો દેખાતો જ નથી. દેખે છે તે પોતે જ પોતાને દેખે છે. ચક્ષુઓ તો માત્ર સ્થૂલ પુદ્ગલને જ જાણે. આત્માની સેવા એ જ છે. આત્માને પવિત્ર્ય ભાવ અને ઉજાગર દશા અનુભવાય એ જ આત્મસેવા છે. તેના પ્રકારો અનેક છે. તેમાંના કેટલાક પ્રકારો અહીં વિચારીશું.

પ્રથમ આત્મસેવા કરનારે જેવો સ્વ-આત્મા છે, એવો જ પરનો આત્મા છે, એવો મક્કમ નિર્ધાર કરી લેવો પડશે. સ્વને જે નથી ગમતું, તે બીજા માટે ન જ આચરવું, એવી પણ એક સુભાવના વિકસાવવી જ પડશે. આત્માને માત્ર સુખ જ ગમે છે, તો સૌને સુખી થવા દેવા, સુખી કરવા, કોઈનેય મળતાં સુખમાં કદીય અંત-

શાય ન કરવો, અથવા જો શક્તિ હોય તો પોતે સુખ-સાધનો શક્ય હોય તેટલાં પર-આત્માને માટે પૂરાં પાડવાં. જીવોને સુખ પ્રિય છે. તો કોઈનેય દુઃખ ન આપવાના શપથ લેવા જ જોઈએ. હવે કોઈનુંય સુખ થતું જોઈને અદેખાઈ ન આવવી જોઈએ. એ પણ એક પ્રકારની સેવા છે. સુખ જીવોને પ્રિય છે અને એ મેળવવા માટે તેઓ રાત-દિવસ તલસે છે. સુખ બે પ્રકારે છે. એક બાહ્ય અને બીજું આંતરિક. આંતરિક સુખને મોટો ભાગ તો ઓળખતો જ નથી અને તે લેવાની કે મેળવવાની કામના અશક્ય જ મનાય છે બાહ્ય સુખો જીવને ઈષ્ટ છે અને તેના સિવાય જીવનનિર્વાહ સંસારીઓને કઠિન છે. તો તે સુખો તેઓને મળે એ ઈષ્ટ ગણાય છે

સ્વની અભ્યંતર સેવા અહિંસા, સંયમ અને તપથી જ થાય છે. સ્થૂળતર અહિંસાનું પાલન કરવાથી આત્મા પ્રસન્ન થાય છે. તો બીનજરૂરી શરીર વ્યવસાયોનો ત્યાગ

યના પુત્રો છે. તે સઘળાયને દૂર કરવા માટે જાગૃત રહેવું, એ જ ભક્તિની પ્રચલિત રાજકેડી છે. સંયમ એટલે પાંચેય ઈન્દ્રિયોનું દમન કરવું અને મનને જીતી લેવું. જો કોઇ કુમાર્ગના વિચારો થઈ જાય, તો મનને તે સમયે જેમ મુઠીમાં માંળીને બંધન કરાય છે, તેથીય વધારે બળથી મનને સ્વાધ્યાયમુઠીમાં બાંધી લેવું. સ્વાધ્યાય એ મનભુજંગને બંધન રાખવાનો મજબૂત કરંડિયો છે. મનોવિજય થતાં બાપડી પાંચેય ઈન્દ્રિયો તો ગુલામડીની જેમ હાથ જોડીને ઉભી જ સમજો.

જો નૈતિક ઉન્નતિ સાધવી હોય, આધ્યાત્મિક વિકાસ વિકસાવવો હોય અને આત્મોત્કાન્તિના કિરણો પાથરવા હોય, તો સ્વભક્તિને સમજીને પરભક્તિ કરતાં શીખશો તો એ ભક્તિ આત્માને જલદી મુક્તિ અપાવશે. સ્વભક્તિ સંયમથી થાય છે. મનને જીત્યું તો સઘળુય જીતાયુ છે. હવે ત્રીજો પ્રકાર તપ છે. તપ એ નિકાચિત કર્મોને જેમ પવન વાદળાંને વિખેરી નાંખે છે, તેમ ઉડાડી મૂકે છે તપ એ તો માનવજીવનનો શણગાર છે તપસ્વીઓને દુનિયાની તમામ સાહ્યબી પગમા આળોટે છે તપના પ્રભાવથી આત્મતેજ વધે છે, સર્વ લબ્ધિઓ સ્વયંવરા વરી જાય છે અને સકલ વિદ્યાઓ દાસીઓની જેમ હાજર રહે છે. દેવો અને તેઓના સ્વામીઓ પણ તપસ્વીઓને સ્તવે, વદે અને પૂજે છે. તપ એ આત્મદેવની આરાધના કરવાની એક ચમત્કારિક જડીબુટ્ટી છે. અહિંસા, સંયમ

પરશુશ્રૂષામાં વધારે આસક્ત બને છે અને મલિન કર્મ-વર્ગણાઓથી સ્વરૂપભ્રમિષ્ટ થએલો છે. શ્રી વીતરાગદેવ રાગભાવને જળાવીને બેઠા છે, જ્યારે સંસારી આત્માઓ રાગથી જળી રહ્યા છે. મોક્ષના સિદ્ધસ્વરૂપી આત્માઓમાં અનંત જ્ઞાનની જ્યોતિ ઝળહળે છે. આ અનંત જ્ઞાન મોક્ષસ્થ જીવોને અનંતુ સુખ અર્પે છે, જ્યારે સંસારી આત્મા-ઓમાં અનંત અજ્ઞાનની અંધારી આંધી ફેલાયેલી છે અને અજ્ઞાન માત્ર અનંતાનંત દુઃખપરંપરા પેદા કરાવે છે. આત્મા અનત દુઃખથી દુઃખિત છે અને પર્યાયોથી અનંત ભવોનાં અગણિત દુઃખોને તે વેઠી રહ્યો છે.

બાકી આત્મદ્રવ્ય નિત્ય છે અને પર્યાયભાવથી અનિત્ય છે. પર્યાય પરિવર્તન થતાં આત્માના અનેક જાતના રંગો પલટાય છે, એટલે તે વિવિધરંગી દેખાય છે. જેમ કે–સફેદ કપડું હાથમાં લઈએ અને પછી કાળા રંગનો કાચ આપણા હાથમાં આડો રાખીને તે કપડું જોવામાં આવે તો કાળું લાગે છે. લાલ કાચ આડો રાખીને પકડતાં સફેદ કપડું પણ લાલ દેખાય છે. જેવા રંગનો આડો કાચ રખાય, તેવો રંગ કપડામાં દેખાય છે, જ્યારે ખરી રીતે કપડું તો શ્વેત વર્ણનું જ છે. માત્ર પડછાયા જુદા જુદા આવરણ અંગેના નિમિત્તથી દેખાય છે.

તે રીતે આત્મા નિર્મળસ્વભાવી છે, પણ જડ વસ્તુઓનો રાગ જન્મે છે એટલે આત્મા ચૈતન્યમૂર્તિ હોવા છતાંય જડ જેવો મૂર્છાગત થઈ જાય છે. જડ વસ્તુઓ

કાંઈ ભલીવાર પણ આવ્યો નહિ.

હવે સાચી સેવા અને સાચા સેવ્ય—એ બન્નેને ઓળખીને, એ સેવાની સાથે વણાઈ જવું અને એ જ જીવનધ્યેય રાખવું ઉચિત છે. સંસાર આખોય સ્વાર્થની હોળીથી ભડકે બળી રહ્યો છે અને તે આવશ્યક બની જાય છે. પરન્તુ આ સઘળી સેવાઓની સાથે સ્વાર્થની સઘન શૃંખલા જોડાએલી છે, કારણ કે—હું જો કોઈના કાર્ય માટે ઉપયોગી ન થાઉં, તો મને કોણ મદદગાર થશે? અને તેથી મારી એકલવાયી—અટુલી દશા ન બને? આ પરદ્રવ્યોની રક્ષા મોહની છે. પરન્તુ આ સેવાઓ કરતાં પહેલાં જીવને સમજાવવો કે—'હે ચેતન! આ સેવાઓ આત્મકલ્યાણસાધક તો નથી, પણ હું સંસારી છું માટે કરવી પડે છે. જો હું મુમુક્ષુભાવથી સંયમી બન્યો હોત, તો આની મારે જરૂર રહેત નહિ.' સર્વતંત્ર—સ્વતંત્ર નિઃસ્પૃહભાવની એક તિજોરી—કલ્યાણની કેડી માત્ર સંયમ જ છે અને એ મેળવવા માટે પ્રત્યેક શ્વાસમાં ઉમેદવારી રાખવી. એથી પર—સેવા કરવા છતાંય આત્મા તેમાં લેપાતો નથી અને કદાચ કુવિકલ્પોથી જો તેમાં તે લેપાય, તો પણ અલ્પતાજ—મંદતાજ રહે; જેથી કર્મો વિખેરાતાં વાર ન લાગે.

સાચી સેવા અને સાચી ભક્તિ સાચા સેવ્યની કરતાં, એ સેવાનો બદલો અસામાન્ય અને અલૌકિક જ હોય છે. સાચી ભક્તિ આત્મવિકાસની સાધનિકા જ બને છે. હવે સાચી સેવા પણ દ્રવ્ય અને ભાવથી—એમ બે પ્રકારની છે.

મુક્તિને સાધી લે છે.

દર્પણ મલિન હોય અને બહારથી મુખ સુંદર જોતાં છતાં પણ મુખ મલિન જ દેખાય છે. એમાં દર્પણની સ્વચ્છતાનો અભાવ જ નિદાન બને છે. દિલ-દાન વગરની અને સમર્પિતભાવ વગરની ભક્તિ, એ અરણ્યરુદન જેવી શુષ્ક અને નિરર્થક બની જાય છે. ભાવ એ જ ભકિતવાડી વિકસાવવાનું વારિ છે. જેમ જેમ ભક્તિરસ-રસાયણ આત્માને મળતું રહે છે, તેમ તેમ આત્મપરિબળ વધતું જાય છે અને પુરુષાર્થ ખેડવાની અમિત શક્તિ-જન્મે છે. ભક્તિ કરવાનું સ્થાન અને સાધનો એ જ ભક્તિ-રસ જમાવવાનુ નિમિત્ત છે. સ્વભક્તિની પ્રકારાન્તર વૃત્તિના ચિહ્નો-લક્ષણો પણ જાણવા આવશ્યક છે.

દેવભકિત, ગુરુભક્તિ, ધર્મભકિત, દર્શનભકિત, જ્ઞાન-ભક્તિ અને ચારિત્રભક્તિ-આ છ પ્રકારોમાં ધાર્મિક ભક્તિના અસંખ્ય ભેદો એકાકાર બને છે. ભક્તિ કરવાનું મુખ્ય અને ઉચ્ચતમ સ્થાન દેવભકિત છે. દેવભકિત કરતાં દેવત્વ પેદા થાય છે. દેવને ઓળખીને સેવવાં. સેવ્યની જુઠ્ઠાઈ હોય, દેવ આભાસમાત્રી હોય અથવા નામના દેવ હોય, એવા દેવની ભક્તિ યથાર્થ ફળને આપતી નથી. જેમ કોઈ દૃષ્ટિઅંધ, ઝેરથી મિશ્રિત દૂધના કટોરા અમૃતભરેલા માનીને પી જાય તો એ કાંઈ બચતો નથી, તેમ કુદેવની ભક્તિ ભલે સમર્પિતભાવથી થતી હોય તોય કુદેવની સેવા ભવપરંપરા જ વધારે છે, કારણ કે-સત્યની ઓળખાણ

વગર સાચી ભક્તિ જાગતી નથી અને સાચી ભક્તિના અભાવે આત્મા સ્વસ્થાનને મેળવી શકતો જ નથી

દેવભક્તિ જે દેવની આજ્ઞાનુસાર વર્તન [illegible] નો એ દેવભક્તિ જ છે. દેવાદેશોને [illegible] અને શ્રી જિનભક્તિ કરવાની કામના સેવવી. [illegible] પૂજા કરવા જવી અને [illegible] નિષ્ઠા જ ગણાય છે. દેવભક્તિ [illegible] પ્રકારે હોય છે. નામ, સ્થાપના, દ્રવ્ય [illegible] નિક્ષેપાએ શ્રી જિનોની [illegible] [illegible]

ત્રણ નિક્ષેપાથી આજે પ્રત્યેક ઉપાસકો પ્રભુભક્તિ કરવામાં સહમત જ છે, પણ માત્ર સ્થાપનાનિક્ષેપાને કેટલાકો ઘોર મિથ્યાત્વના ઉદયથી ઓળવે છે-નિષેધે છે. નામ, દ્રવ્ય અને ભાવનિક્ષેપા કરતાં એ ભવ્ય જીવોને સ્થાપનાનિક્ષેપો ઘણો જ જલદી ભાવનાપ્રેરક બને છે. સ્થાપનાનિક્ષેપો એ એક એવું સુંદર અને અસરકારક પ્રતીક છે, કે જે જોતાં જ શ્રી વીતરાગદેવનું મંગલ સ્મરણ થઈ આવે છે. કોઈ ભવમાં એ મૂર્તિ જો જોઈ હોય, તો તે જોતાં જ જાતિસ્મરણ પણ થઈ આવે છે. જો કે સ્થાપનાનિક્ષેપો જડ છે અને કેટલાક બિચારાઓ જડ કહીને તેને પૂજવા-સ્તવવાની મનાઈ કરે છે, પણ તેઓએ સમજવું જોઈએ કે-નામ ક્યાં ચેતન છે? નામ પણ જડ છે. નામ માત્ર રટણ કરવાથી કોઈ પદાર્થ પ્રત્યક્ષ થતો નથી. જેમ કોઈ જલેબી-જલેબી સો વાર બોલે, તો મુખમાં જલેબીની એક પણ કકડી આવી જતી નથી, તેમ કદીય પત્થરની ગાય દૂધ આપતી નથી, પણ પત્થરની ગાયને જોનારો સાચી ગાયના પરિજ્ઞાનને મેળવી શકે છે. જેમ સાચી ગાયના જ્ઞાનનું નિમિત્ત પત્થરની ગાય બની છે, તેમ નામસ્મરણ કરતાં કદી નામવંતની સાચી ઓળખાણ જાગે છે.

કોઈ વળી કહે છે કે-' પત્થરની ગાયને કયું ગુણસ્થાનક છે? વીતરાગ તો તેરમા ગુણસ્થાનકવર્તી હોય છે. પત્થરમાં ચોથુંય ગુણસ્થાનક નથી, તો તેની પૂજામાં

શું ફાયદો છે ?' વાહ, તમો દ્રવ્યનિક્ષેપાથી જિનદેવોના અન્ય ગતિઓમાં રહેલા આત્માઓને આગામી ચોવીશીના જિન તરીકે માનો છો, તો તેઓમાં ક્યાં ચૌદમું ગુણસ્થાનક છે ? તમો કહેશો કે-ભાવીમાં ચૌદમું ગુણસ્થાનક આવવાનું છે માટે માનીએ છીએ. આથી વિચારો કે-અગ્રભાગ ભાવીને જો ચૌદમું ગુણસ્થાનક આવવાનું જ છે, તો ગધળાય ભવ્ય જાતિના [illegible] [illegible] અને વંદો. પણ એમ તો તેઓ કરતા નથી. વળી તમો સમજો છો કે-દ્રવ્યથી જ ભાવ [illegible] દ્રવ્યાચાર જો ન માનો. તો પછી પ્રભુ સમવસરણ, [illegible] [illegible] અતિશયો અને આપના દેવ [illegible] [illegible] અને સ્થાપના રૂપ જ [illegible] [illegible] તો સ્થાપનાનિક્ષેપાના [illegible] [illegible] [illegible] નથી

તપ, સંયમ, ચારિત્રારાધના, જપ, ધ્યાન, પૂજા, પ્રતિક્રમણ અને સ્વાધ્યાય, એ સઘળાય અનુષ્ઠાનોમા દેવભક્તિ કે બહુમાન, આદર કે સત્કાર, પૂજન કે સ્તવન ન હોય, તો અનુષ્ઠાન દુઃખસ્થાન જ મનાય. દેવભક્તિમાં સર્વ રસો છે. દેવભક્તિ એ બાલોપયોગી-વિબુધોપયોગી અનુષ્ઠાન છે.

દેવ વીતરાગ છે; સર્વદોષશૂન્ય છે; સર્વજ્ઞ છે; સર્વજન અર્ચનીય છે; અનંતજ્ઞાની, દર્શની અને ચારિત્રી છે; અવ્યાબાધ સ્થાનના માલિક છે; શુદ્ધ, બુદ્ધ, નિરંજન અને નિત્યસ્વરૂપી છે. કદીય જેઓને જન્મ કે મરણની પરતંત્રતા નથી અને કોઈ પણ પ્રકારની ચિંતા, ફિકર કે કર્તૃત્વપણાનું કાર્ય બાકી નથી. કૃતકૃત્યતા તેઓમાં પરિપૂર્ણ હોય છે. કોઈ ભક્ત પ્રત્યે સંતુષ્ટ કે કોઈ અભક્ત પ્રત્યે તેઓ વિષાદ કરતા નથી. પ્રસન્નતા જ તેઓનો સ્વભાવ છે. મૂર્તિરૂપ દેવમાં દેવત્વપણાનો પૂરો આરોપ કરીને જો ભક્તિ કરાય, તો જ દેવભક્તિ સુફલ આપે છે.

ભક્તિ કરનાર વ્યક્તિએ પહેલાં તો આશયશુદ્ધિ જ સમજી લેવી. મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાર્યશુદ્ધિ-એ ત્રણ શુદ્ધિ જ ભક્તિના રસની પ્રાપક છે. કાર્યશુદ્ધિ તો સહેલી છે, કારણ કે-ન્હાવા-ધોવાથી તે થઈ જ જાય; પરંતુ વચનશુદ્ધિ એથી કઠિન છે, કારણ કે-દેવની ભક્તિ કરનારો દેવાદેશોને ઝીલવાવાળો હોય-પાલન કરવાવાળો હોય. એક બાજુ તે ભક્તિ કરતો હોય અને બીજી બાજુ આત્મિક તત્ત્વ જેવા તત્ત્વોને ન માનતો હોય

ધર્મ જ છે, અને એની ભક્તિ અલ્પ હોય તો પણ આત્માનો વિકાસ સાધે છે.

જ્ઞાન અને જ્ઞાની, દર્શન અને દર્શનનાં સાધનો, ચારિત્ર અને ચારિત્રી—એ સઘળાયની ભક્તિ પણ ધર્મભક્તિ ગણાય છે. ધર્મભક્તિના પ્રકારોમા આ મુખ્ય પ્રકારો દર્શાવ્યા છે. જ્ઞાનની ભક્તિ અનેકધા થાય છે. જ્ઞાનીને જ્ઞાનના સાધનો પૂરા પાડવા, જ્ઞાનાભ્યાસની અનુકૂળતા કરી આપવી અને સમસ્ત જાતની સહાય આપવી: જ્ઞાનીના અવર્ણવાદ—અપકીર્તિ ન કરવી: શ્રુતજ્ઞાનની ભક્તિ કરતા તન, મન અને ધન જે સાધનો જેની પાસે હોય તે અર્પણ કરવા: તેમજ જ્ઞાન—આગમો લખાવવા અને તેનુ રક્ષણ કરવું: એ જ્ઞાનની અને જ્ઞાનીની ભક્તિના ભેદો છે. દર્શનશુદ્ધિ પણ તીર્થંકરોના ગુણો ગાવાથી, સમ્યક્ત્વધારી જનોની શુશ્રૂષા કરવાથી અને સંઘસેવાથી દર્શનાવરણીયકર્મ નિર્જરતા થઈ જાય છે. ચારિત્ર લેવાથી અને તે લેવરાવવાથી, તેમજ ચારિત્રીઓની સેવા—શુશ્રુષા કરવાથી ચારિત્રપદની ભક્તિ થાય છે. ચારિત્રી જનો પ્રતિ સત્કાર, પૂજા, આદર અને વંદના કરવાથી પણ ચારિત્રપદની ભક્તિ થાય છે. આમ તો દેખીતી પર—સેવા છે, પણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર—એ આત્માના વાસ્તવિક ગુણો હોવાથી, તેનો વિકાસ, આરાધના અને બહુમાન એ ગુણોને વિશુદ્ધ કરે છે.

અભ્યંતરની શુદ્ધિપૂર્વક આ ધર્મસેવા એ સર્વોત્તમ

વેદનાઓમાંથી મુક્ત થવાની ચાવી.

સંસાર એ વિરાટ દોર છે. એના ઉપર બાજીગરની જેમ સંસારી જીવાત્માઓ ખેલ ખેલી રહ્યા છે. જીવેલણ પ્રસંગોમાંય એ બાજીગર ધનાશાથી કૂદવાનું, ખેલવાનુ, રમવાનુ અને લોકરંજન કરવાનું ચૂકતો નથી. અચૂકપણે સ્વધ્યેયમાં તે મસ્તાન રહે છે. તે રીતે જીવ પણ સંસારના અસીમ દોર ઉપર ચાર ગતિઓમા જન્મ લે છે અને દેહપરિવર્તનો કરતો રહે છે. જ્યારે જીવ ગર્ભમાં આવે છે, ત્યારે મૂર્છાગત જેવો નાના દેહમાં વસે છે. જ્યાં ઘોર અંધકાર છે અને અજ્ઞાન છે, પણ ત્યાં સ્વકાર્ય, આહાર, શરીર, ઈન્દ્રિયો, શ્વાસોશ્વાસ, ભાષા અને મનને ધીમે ધીમે જીવ આ નવા અવતારના નવા દેહમાં મમતાના ગાઢ બંધનથી બંધાઈ જાય છે, રંગાઈ જાય છે અને એકમેક બની જાય છે. પછી 'હું પરલોકથી આવ્યો છું, આ શરીર તો ભવ પૂરતું જ મે આહારના સંયોગથી વધાર્યું છે અને તે પણ એક દિવસે છોડીને હું ગયા ભવથી અહીં આવ્યો તેમ આગામી ભવમા મારે જવુ જ પડશે.' આ ભાન મમતાળુ અને મૂઢમોહી જીવને જતું રહે છે. અનેક ગતિઓના ભ્રમણ પછી આ માનવજન્મ સાંપડે છે અને એમાં સાધ્ય માત્ર આત્મકલ્યાણ જ હોય છે. પરતુ જીવ એ બધુ બીલકુલ ભૂલી જાય છે અને સાધનને

સાધ્ય માનીને સાધનની ઉપાસનામાં તન્મય બની જાય છે-એકતાર થઈ જાય છે. શરીરને જ્યારે [illegible] થાય કે કોઈક જોખમમાં મૂકાઈ જાય, ત્યારે [illegible] મૂંઝાય છે. એવો ગભરાય છે [illegible] પરતંત્ર બની જાય છે. કે જાણે [illegible] હોય! પછી પરતંત્ર, સ્વતંત્રતી અને [illegible] ગ્રંથ-પ્રેમમાર્ગને તો ક્યાંથી જ સમજે [illegible] ગતિવર્ધક [illegible] [illegible]

અનુકૂળ સાધનો પ્રતિકૂળતામાં પલટો ખાય છે, ત્યારે બીપણ બીંસનો એ આસક્તિવાળાને અનુભવ થઈ જાય છે. આ વાસનાના વેપો અને આ વાસનાના વમળો, સંસાર તરીને પ્રભુ જેવા બનવાની કામનાવાળાઓને ખડકો જેવા અંતરાયક હોય છે. આથી જ મહાપુરુષો સંસારના વિપુલ વિલાસોને દુઃખપ્રદ સમજીને શરીરના મેલની જેમ ત્યાગી દે છે, તેનાથી અલગ થાય છે અને સ્વપ્નમાંય તેની કલ્પના, ઝંખના કે દર્શન કરવા ચાહતા નથી. ભૂખ્યા માણસને પેટ ભરીને ખાધા પછી જેમ ભૂખની તૃપ્તિ થાય છે અને બીજે દિવસ થતાં તે તૃપ્તિ નાશ પામે છે, તેમ વિષયસુખ ક્ષણભંગ શાન્તિનો ભ્રામક અનુભવ કરાવી દે, પણ જેમ જેમ વિષયના વિલાસોમાં જીવ અંધ બને છે, તેમ તેમ એ અતૃપ્ત રહે છે અને કામનાઓ અગ્નિમાં ઘૃતાહુતિની જેમ પ્રદીપ્ત થાય છે. સાચું સુખ તો એ હોઈ શકે, કે જેના પ્રારંભમાં જ શાન્તિ હોય, મધ્યમાંય શાન્તિ હોય અને પરિણામમાંય શાન્તિ હોય. જેમ સાકર જ્યાંથી ખવાય ત્યાંથી મીઠી જ હોય છે, તેમ આત્મિક સુખ થોડું મળો કે વધારે મળો, પણ એનો આનંદ અગમ્ય અને અકલ્પ્ય હોય છે તથા તે ભોગના ત્યાગથી જ પ્રાપ્ત થાય છે.

અંતઃકરણ

માનવીના સન્મુખ જો વિચિત્ર પ્રકારનો કાચ રાખ્યો હોય, તો માનવી વિચિત્ર અને બેડોળ દેખાય છે અને પોતાને

હસાવે તેવો પોતીકો ચહેરો પોતાને લાગે છે, કારણ કે-સામે કાચ એવો વિચિત્ર છે. પોતાની સન્મુખ જો સુન્દર ખિલોરી કાચને રાખવામા આવે, તો પોતે હોય તેથી વધુ ખુબસુરત તેમાં દેખાય એટલે માનવી પ્રસન્ન થઈ જાય છે. ગર્વિષ્ટ બને છે અને પોતાના સ્વરૂપનો તેને નસો ચઢી જાય છે તે રીતે કર્મના ઉદયથી નિર્મળ આત્મા મલિન બન્યો છે અને તે મલિનતા બુદ્ધિને બગાડે છે-ઉન્માર્ગમાં પ્રેરે છે. બુદ્ધિ મનને પરિબળ આપીને જગાડે છે. મન, મોટા સૈનિકની જેમ સજ્જ બનીને, તેની આશ્રિત પાચ ઈન્દ્રિયોને પ્રવૃત્તિ કરવા જાણે આદેશ કરતું હોય તેમ ધક્કો લગાવે છે. પછી તો ગાંડાતુર માણસની જેમ એ અનેક જન્મોની અભ્યાસી ઈન્દ્રિયોની પ્રગતિ પૂરજોસમાં આવતાં, પરમાં સ્વત્વનો તાતો બધાઈ જાય છે અને આત્મા પણ એમાં જ રંગાઈ જાય છે.

જડસગી બનેલો આત્મા જડને જ પોતાનું સ્વરૂપ માને છે-પોતાનું સત્ય તે જ માને છે. એના નાશથી પોતે દુખી થાય છે અને એના વિકાસથી આનદમા-પ્રસન્નતામાં રહે છે મનને જેમાં પરોવો તેવો જ રગ લાગી જાય છે કવિઓએ મનને વાનરની ઉપમા આપી છે, કારણ કે-વાનર ચપલ છે. એને જેવો ખેલ ખેલાવો તેવો તે ખેલ ખેલે છે જેમ મદારી લોકો નચાવે છે અને ચાળા-ચસ્કા કરાવે છે, તેમ તે પણ કરી લે છે. મન પણ જેવો ખેલાવનાર હોય તેવું ખેલે છે, પણ એને

માનસ સરોવરના હંસોને.

હે માનસરોવરનિવાસી હંસા ! તારા જૂના અને સાચા સ્થાનને વિસારે મૂકીને, નિંદ્ય એવા વિષ્ટાથી ખરડાયેલા ઉકરડા ઉપર તેં કેમ નિવાસ કર્યો છે? તારા મૂળ સ્થાનને અને પવિત્ર તારા મોતીના આહારને આરોગવા-વાળો તું ક્યારે બનીશ? તું શ્વેત છે, તારી ચાલ મનોરમ છે, તારો ઘાટ સુઘડ અને મનોમુગ્ધક છે, તારી વાણી મીઠી-મધુરી છે, પણ તારી વર્તણુંક અને પ્રકૃતિ હાલ નિંદ્ય અને તિરસ્કારમય બનેલી છે. તારી રોજીંદી સંગતિ સારી ન હોવાથી આવું કાતિલ પરિણામ આવ્યું છે. 'સંગ તેવો રંગ'-એ કહેતીની ઉક્તિ તદ્દન સાચી છે, એવું આજે તારી પ્રવૃત્તિથી ચરિતાર્થ થઈ જાય છે. જો કે-હજુ બાજી બગડી નથી. જો તું તારી કુસંગતનો ત્યાગ કરે અને જાગે, તો તારી વાસ્તવિક દશા તને મળી જ જાય તારો હંસોની જાતિ સાથે સહવાસ રાખ! તારી જાતિના હંસબંધુઓની ઓળખ કરીને તેઓની મંડળીને વિવશ બન! પછી તરત જ તારી પ્રવૃત્તિ, પ્રકૃતિ અને પ્રિયતામાં ઘણો જ પલટો આવશે. તું વિષ્ટાભક્ષી બની ગયો છે અને ઉકરડાઓમાં રહેવાનું પ્રિય માની રહ્યો છે, એ તને પછી રૂચશે નહિ. તારી જાત આવા નીચોની સોબ-તમાં કદાચ રહેશે જ નહિ. આજે તો તું હંસો માટે અસ્પૃશ્ય

પણ ગાય છે. તો તું તારી જાતિમાં પહેલા દરજજે છે, તો હિતાહિતનો વિચાર કરીને 'ડગ ભરે તો જગથી ન ડરે' તારા જેવા ઉચ્ચ માનસના પક્ષીને આ આચરણો, આં ક્રિયાઓ અને આ વર્તણુકો હીનપત લગાડનારી છે. તું જીવનમાં અને વર્ણમાં શ્રેષ્ઠતમ છે. તુ હિંસક નથી, કારણ કે-કોઈ પણ જંતુનું તું ભક્ષણ કરતો નથી. તુ સત્યવાદી છે, કારણ કે-તારી કુવાચા જ નથી. કદાચ જો તેવી હોય, તો તે કાંઈ પ્રપંચી પ્રયોગના યંત્ર જેવી તો નથી. અન્ય પણ મહા નિંદ્ય અવગુણો તારામા નથી અને તે હોવાની સંભાવના પણ નથી. તારી મૂળ દશાને તુ ભૂલીશ નહિ! તારૂં સ્વરૂપ ચૂકીશ નહિ! તારી બુદ્ધિને દૃઢ કરીને, જ્ઞાનીઓની વર્તમાન દશા જેવી તારી દશાને ઉચ્ચ બનાવ, કે જેથી તું પ્રશંસાપાત્ર વાસ્તવિક થાય. તેવો યથાર્થ બની ગયા પછી તારા કોઈ પણ ચરિત્ર માટે શંકિતતા કે નિંદાનું કારણ નહિ જ રહે. આજે તો તું કલંકિત બન્યો છે, નિર્ભર્ત્સનીય બન્યો છે, તિરસ્કરણીય બન્યો છે, કુપાત્ર બન્યો છે. દુર્જન બન્યો છે, અવિશ્વસનીય અને અસંતોષી બન્યો છે. અધીર અને અસ્થિર બન્યો છે, દુર્મદ બન્યો છે અને અવિવેકી બન્યો છે, માટે તુ આ પરિસ્થિતિનો જરા તો વિચાર કર! મમતા જોઈએ, પણ તું સોનાને બદલે ધૂળ ઉપર મમતા શાને રાખે? પ્રેમ જોઈએ, પણ માનવ કરતાં કપડાં ઉપર વિશેષ પ્રેમ રાખવો એ તો મૂર્ખાઈ જ છે ને? ધર્મ જોઈએ, પણ જડધર્મનો વિકાસ કરતાં આત્મધર્મનો વિકાસ કરવા ઉદ્યુકત બનવું જોઈએ ને?

તારા માર્ગનો, વિચારનો અને વર્તનનો જરા પલટો કરવાનો છે. તારી ભદ્રિક, સરલ અને શાન્ત પ્રકૃતિ આજે વક્ર, કુટિલ અને ક્રોધી બની ગઈ છે તેને પણ બદલવાની છે. તારી મિત્રમંડળીમા પણ હેરફેર કરવાની જ છે. મુખ્ય તો એ જ છે કે–કાકમંડળનો તું સહવાસી બનીને સ્વગૌરવને હણી રહ્યો છે. તારા આરામગૃહો પણ બદલાવવા પડશે, કારણ કે–તે નામના આરામગૃહો છે. બાકી તો મહા કારાગૃહો જ છે. તુ આજે જ્યા છે, જેમાં મસ્ત છે, જેમા આનંદનો ઘૂંટડો પી રહ્યો છે અને જેમા તને તન્મયતા છે, એ સઘળુ ય સ્વાર્થજાળથી ગૂંથાએલુ છે અને ભયંકર છે. પારધી અને ધીવરો પક્ષીઓને કે માછલાંઓને પકડવા માટે જાળ બીછાવે છે અને તેમાં મીઠી સાકર જેવી વસ્તુઓનો પાશ આવે છે. તે રીતે હંસ, તને ફસાવવા માટે સ્વજનોની જાળોએ તેમાં મધુરતાની-પ્રિયતાની મીઠી માયાનો પાશ અવલેપ્યો છે.

ખંત અને ચીવટથી આ જાળથી તું ખસી જા ! જરા પુરુષાર્થી બની તું માયકાંગલો સ્વભાવ તજી દે ! પછી તને આ જાળનો ભય નહિ રહે અને ચિંતા કે ફીકરનુ કામ નહિ રહે. હવે તુ સમજ્યો ને ? જો આટલી હિંમત વસી જાય, તો પછી તું આત્મગુણોને જ ધરનારો એક ફક્કડ યોગી જેવો બનીને જ્યા–ત્યા સ્વેચ્છાચારી ફરી–હરી શકીશ જ. વાહ હંસ વાહ ! તારી લીલા જ કોઈ ન્યારી છે. તારી પ્રવૃત્તિઓ ભેદભરેલી દેખાય છે, તો એ તમામ

ધીમે તારો રોગ વધી જશે. પછી ચાલવાને, ફરવાને, બોલવાને કે કોઈ પણ શરીરક્રિયા કરવા માટે તું અશક્ત બની જઈશ અને પછી પોક મૂકીને રડવાની પણ તાકાત તારામા રહેવાની નથી. હજુ બાજી હાથમાં છે. 'ચેતન ન થા ફજેત.'

તારી અનાદિની પીડાને પરિહરી, તારા રોગનાં મૂળિયાની જડને જળાવી દે અને વિકારોની ભૂખ શમાવવા તું કાંકરા ખાઈ ગયો છે તે પચાવી દે, એવા ચિકિત્સક ધનવંતરી વૈદ્યને શોધી લે!, તેમજ તારા ગુહ્ય રોગોને તેઓની પાસે શરમ-લાજ છોડીને જાહેર કરી દે! તેઓ જે પ્રાયશ્ચિત્ત રૂપી દવા આપે, તે નક્કર બનીને કરી લે! પછી ધનવતરીઓ જે માર્ગ ચીધે, તે માર્ગે તુ સતત અપ્રમાદી બનીને અને ઉજાગર દશાને અનુભવીને ચાલ, કે જેથી જરાય તને વ્યાકૂળતા નહિ જ થાય. જે નિ:સ્વાર્થી અને નિષ્પક્ષ ધનવંતરી છે, તેમની દવા રામબાણ છે, સુંદર રસાયણ છે અને અમોઘ શસ્ત્ર છે, માટે તેમની દર્શાવેલી પરેજી પાળવામાં તું પ્રમાદી ન જ બનતો! સો દવા અને એક પરેજી સરખું કામ આપે છે. પરેજીના પાલનમાં જરાય ભૂલ કરતો નહિ. જેમ દવા અસરકારક હોય છે, તેમ તેની પરેજી પણ વધારે કાળજીથી પાળવી પડે છે. જો પરેજીમાં ભૂલ થાય, તો દવા નકામી જાય અને રોગ વધતાં વાર ન લાગે. તેથી વિકારનો વિષમ વિસ્ફોટક ફાટી નીકળે છે.

માયા અને આશાના રંગો ક્ષણે ક્ષણે બદલાય છે. તુ એનું કફન ઉતારી દે, તેમજ આરાધના અને શુભાચરણનો ઝભ્ભો પહેરી લે! વળી તુ લોભ અને માનના પડદા ચીરી નાખ! તથા સતોષ તેમજ સરળતાની વજ્ર જેવી દિવાલ ચણી નાખ! તું ભય અને આકૂળતાની બેડીઓ તોડી નાખ! અને નિર્ભયતા તેમજ શાન્તરસના ઝાકઝમાલ સરોવર લહેરાવ. શુભ વિચારો, પરમાર્થભાવના અને ધ્યેયશુદ્ધિના ચદરવા તુ એવા સજી લે કે-કોઈ પણ ક્ષુદ્ર જંતુ તને પીડે નહિ. જીવનલીલાનો દ્યોતક એક શ્વાસ પણ એવો ન હોવો જોઈએ, કે જેમાં કુવિકલ્પના વાદળો જામે!

જો તું પ્રમાદી બનીશ, તો માથા ઉપર ભયની નોબતો ગડગડી રહી છે, આસપાસ અંતરવેદનાની આગ ભડકે બળી રહી છે અને ભોગવિલાસના ભયંકર ભુજંગો નાગચૂડમાં ફસાવવા વેગથી દોડી આવે છે, તારૂં કોણ છે? તને કોણ સભાળશે? તુ કોના ચરણમાં રહીશ? તારી સાથે રમત-ગમત કરનારાં તારા સ્નેહીઓ, વહાલભર્યા-લાડકવાયા તારાં સગાઓ અને તારી અઢળક સંપત્તિઓ તને જરાય સંભાળનાર નથી, એ યાદ રાખજે! એટલુ જ નહિ પણ તને ઘરમાથી મરેલા ઉંદરની જેમ દૂર દૂર ફેંકી જ દેશે. તારા હેતાળ અને મમતાના પાત્રો જ તારી ઘોર ખોદવા તૈયાર થશે. સ્વસ્વાર્થની સિદ્ધિ કરતા તારા સગા મા-બાપો પણ તારી દરકાર કે સંભાળ નહિ

સર્વસેવ્ય, સર્વમાન્ય અને સર્વપૂજ્ય બનશે.

જો કે મિથ્યાત્વના મળથી લેપાએલા હંસાને આ વાતો ન રૂચે એ બનવાજોગ છે. પરંતુ જો જ્ઞાનતત્ત્વોમાં મન ખૂચે, તો આ વાતો અમૃતના ઝરણા જેવી મધુરી બની જાય.

ઈન્દ્રિયોના તરલ તુરંગો બે-લગામ વિદિશામાં પ્રગતિ કરી રહ્યા છે. તુરગમોનો માલિક મન મદ્યપાન કરીને–બેભાન થઈ ને આ અશ્વોનો ખેલાડી બન્યો છે. તું ઊંડા અને દારૂણ ખાડાઓમાં આત્મસારથીને ગબડાવી મૂકે છે, આત્મભાન ભૂલે છે, અપકૃત્યોનો જુવાળ ચઢી આવે છે, વિપત્તિઓનો વારિધિ આત્માને તરવો દુષ્કર–દુસ્તર બની જાય છે, કોઈ તેમાં દરગ્યાનગીરી કરતો નથી અને કોઈનુ કાઈ ચાલતું પણ નથી. તું અશરણ, નિરાધાર અને નિરાશ્રિત જેવો દયામણો બનીને સુખનાં દુ:ખની મુક્તિમાં વલખા મારે છે. તને કોઈ પણ સ્થળમાં સુખ કે દુઃખનો નાશ નહિ જ થાય. તારૂં રાજ્ય સંભાળ ! તારી ઋદ્ધિ, સિદ્ધિ, [illegible]જ્યસીમા અને તેનો વિસ્તાર તું પોતે સંભાળી

સજ્જનની શિક્ષા માન્ય અને મર્યાદિત રહે તેવી જ હોય છે. દુર્જનની હિતશિક્ષામા ઝેરનાં જ તરખતર પ્રેરકો હોય છે. પોતે ખરાબ થઈ અન્યને ખરાબ કરવાની દુર્જનની ભાવના હોય છે. માટે હે હંસા! તું સજ્જન જાતિનો છે. તથા તને એક સ્વજન તરીકે માર્ગદર્શન કરાવ્યુ છે, તો તું ઉજાગર દશાને મેળવ!, પ્રમાદને પરિહર! અને સત્યની શોધ કર! તું સત્યને ઓળખી, પરખી અને મેળવી તેને વળગી જા! પછી તું સત્યની સડક ઉપર સનસનાટ સીધેસીધો દોડી જા! તને કદીય ક્ષતિ કે સ્ખલના નહિ પહોંચે!

ધન્ય પુણ્યાત્મા હંસા!, માન્યવર હંસા!, જ્ઞાન–દર્શનનિધાન હંસા!. સચ્ચારિત્રના સુચારી હંસા!, વિશદ વિવેકશીલ હંસા! અને સદાચારના પયગંબર હંસા! આ ચીમટી તારા માટે ચાબુક જેવી તીખી છે, પણ તું એનો અમલ કરતાં નિર્મળહૃદયી બનતા, એ તીખીને મીઠી જ પોકારીશ. સમજ્યો ને? પછી ભૂરિ ભૂરિ પ્રશંસાના પુણ્યોની હારમાળાઓ ચઢાવીશ.

卐

પણ જ્યારે વિચાર, વાણી અને વર્તનમાં એકધા વૃત્તિ-પ્રવૃત્તિ ન દેખાય, ત્યારે એ પંડિતપ્રવરો નિંદાને પાત્ર બને છે અને તેઓના વચન પ્રત્યે જનવર્ગની શ્રદ્ધા પણ લોપ થઈ જાય છે. આથી પુરુષ તરીકે એવા શુષ્ક જ્ઞાની-ઓની ગણતરી કદીય થતી નથી અને તેઓ જ્ઞાનનો જોઈએ તેટલો પ્રકાશ પહોંચાડી શકતાંય નથી. દીપક હજારોને પ્રકાશ આપે છે, બલ્કે પોતાની પાસે અંધારૂ છે. જો કોઈ આંધળો માણસ ચાલતાં સ્ખલના પામે કે ક્ષતિ પામે, તો એમ કહેવાય કે-બીચારો અંધ છે, શું કરે ? પરન્તુ મોટી એવી આંખો હોવા છતાં ધોળા દિવસે દીવો હાથમાં લઈને ચાલનારો જો ખાડામાં પડે અને ઠોકરો ખાય, તો લોકો એમ જ કહે કે-મૂર્ખો ! આંખો છતાં જોયા સિવાય કુવામાં કેમ પડ્યો ? તે રીતે સત્-અસત્‌ના જ્ઞાનવાળો અનાચારી બને, અવિવેકી બને, વિનયના પાઠોને ભૂલી જાય. જેમ આવે તેમ વાણીમાં બાફે અને વર્તનમાં સ્વચ્છંદતાથી, અપવિત્રતાની બદી ઘુસાડે, તો પછી આંધળા કરતાં તે વધારે ગુન્હેગાર કેમ ન ગણાય ? આનો ઘણા એવો ઉત્તર આપે છે કે-જ્ઞાની ભલે અનાચાર સેવે, ભલે જેમ આવે તેમ બકે અને ભલે જગતને ઊંધા રસ્તે લઈ જાય પણ તેની પાસે એવી એક ચાવી છે કે-તે ઊંધાને સીધું બનાવી શકે છે. આ પ્રમાણે બોલનાર દૃષ્ટિરાગી કે ઉન્માર્ગગામી છે. સમજવું જોઈએ કે-જ્ઞાની કે અજ્ઞાની જો વિષ પીએ, તો જરૂર મરે જ છે. હા, ઝેરનાશક બુટ્ટી જેની પાસે હોય તે ઝેર પીને જીવતો રહે છે, પણ વિષ

રીતે લટકાવે છે, પણ એમાં બૉર્ડ કે વેપારીની કિંમત શી ? તેમ અમો જ્ઞાની છીએ, પંડિતપ્રવરો છીએ, આવી બિરૂદાવલીઓ ઘણાની આગળ બોલાય છે, પરંતુ તેઓની સાથે કામ પડતાં તેઓના અંતર જીવનની દશા જો જોવામાં આવે છે, તો નજરે પણ જોતાં તેવાઓ ઉપર ઘૃણા જ છૂટે છે.

આંતરિક વર્તન જુદું, પ્રચારમાં વાણી જુદી અને બાહ્ય આડંબર જુદો જ દેખાય છે. આથી શાસ્ત્રો કહે છે કે–વિરતિ અને વિવેક વિનાનું જ્ઞાન આપત્તિ રૂપ થાય છે. જ્ઞાન એ નેત્ર છે, પરંતુ દિવસના અજવાળા સિવાય જેમ નેત્રો કાંઈ કામમાં આવતાં નથી, તેમ વિરતિભાવ અને વિવેક એ દિવસના અજવાળા જેવાં છે. ચક્ષુ ગમે તેટલાં તેજસ્વી કે દીર્ઘાવગાહી હોય, પણ તે પ્રકાશની અપેક્ષા જરૂર રાખે છે. તે રીતે જ્ઞાન પણ આચારશુદ્ધિ અને વાણીશુદ્ધિ સિવાયનું ઉપદ્રવ રૂપ છે, કારણ કે–છદ્મસ્થને જ્ઞાન વધતું જાય અને જ્ઞાનફળ જો કશુંય ન હોય, તો દર્દીને દવા ઘણી જ સુંદર આપવા છતા અસર વિના નકામી જાય છે તેમ જ્ઞાન બોજા રૂપ બને છે. જ્ઞાન લેવાનો ગંગઘાટ સુગુરુઓ જ છે. સુગુરુઓની નિશ્રામાં સવિનય અને ક્ષમાપૂર્વક જે જ્ઞાન મેળવાય છે, તે વિધિપૂર્વકનું સમ્યગ્જ્ઞાન કહેવાય છે. ગુરુની નિશ્રા સિવાય આપોઆપ ગંભીરતાભર્યા અને ગૂઢાર્થવાળા શાસ્ત્રો વાંચતાં, વાનરને મણિહાર પહેરાવવાની જેમ નિષ્ફળતાને પામે છે, કારણ કે–જૈનાગમો તેમજ અન્ય જ્ઞાની-

જેમ સ્વપ્નવત્ છે, તેમ શ્રદ્ધા રૂપી બીજ દગ્ધ થયા બાદ ધર્મ-વૃક્ષ કે ફૂલો ક્યાંથી પ્રાપ્ત થાય? જેવું વાતાવરણ તેવી વાસના, જેવો સત્સંગ તેવી સુશ્રૂષા, જેવી શ્રદ્ધા તેવું સમ્યગ્જ્ઞાન અને એ સમ્યગ્જ્ઞાનથી મુક્તિને પ્રાપ્ત કરવી એ જ જ્ઞાનનું ફળ છે.



મુસાફીર.

સંસારની મુસાફરી જીવ કરી રહ્યો છે. ગતિ–આગતિના સ્ટેશનોની ટાયરી છે. રોજ જીવ એ ટાયરીના ક્રમ પ્રમાણે દરેક સ્થળમાં મુસાફરી કરતો જ આવ્યો છે, પણ મુસાફરીની ટાયરી સર્વ સ્ટેશનો વટાવ્યા પછી મોક્ષમાં પહોંચે ત્યારે જ પૂરી થાય છે. ત્યાં સુધી ટાયરી પ્રમાણે સ્ટેશનો એક પછી એક વટાવવા જ પડે છે

જીવ મુસાફીર છે. ચોરાશી લાખ જીવાયોનિ મુસાફરીના સ્ટેશનો છે. જીવાયુ ટ્રેન છે. સ્વજનમેળો માલ–મીલકત, ઘર અને લક્ષ્મી એ સ્ટેશનોનું ફરનીચર છે. મેળો મુસાફરોનો સાથ છે આયુષ્યદોરી તારના દોરડાં છે. માનવદેહ ટીકીટ છે. આયુષ્ય પૂર્ણ થતાં ટીકીટ મૃત્યુના ફાટકમાં પેસતા ટી ટી ને આપી દેવી પડે છે.

રાજામા ઉદારતાનો ગુણ ઓછો હોય અને પ્રલોભન વૃત્તિથી પ્રજાનું સઘળુંય ધન તે લૂંટી લેતો હોય, પણ સદાચારનો એક ગુણ જો તેનામાં હોય, તો તેના સઘળાય દુર્ગુણો ઢંકાઈ જાય છે. ગરીબ માણસ પણ સદાચારમય જીવન જો જીવતો હોય, તો તે શ્રીમંતો કરતાંય મોટો ગણાય છે. શ્રીમંત થઈને પોતે દુરાચારી હોય, તો તેની કિંમત ફૂટી બદામ જેટલીય અંકાતી નથી. પછી ભલે પોતે પોતાને પ્રાપ્ત થયેલ લક્ષ્મીના મદમાં પોતાની જાતને સૌથી મહાન્ માને, સૌથી વધારે અક્કલવાળો માને અને સમાજના મોખરે જઈને બેસે, પણ સજ્જનોની ડાયરીમાં તો એ હલકા માનવીની હરોળમાં જ નોંધાયેલ હોય છે. સદાચાર સઘળાય સુગુણોની ભૂમિ છે, સઘળાંય સુગુણોનો જનક છે અને સઘળાય સુગુણોને પેદા કરાવનાર સિદ્ધયંત્ર છે, જ્યારે દુરાચાર એ દુર્ગ્રહ જેવો સઘળાંય સુગુણોનો ધ્વંસક છે. નાનો પણ સુગુણ જ્યારે પેદા થતો હોય, ત્યારે દુરાચારનો પ્લેગ તે સુગુણના અંકુરાને નિર્મૂળ કરી નાંખે છે.

એક કવિ કહે છે કે–જ્યાં સુધી હૃદયમંદિરમાં સુગુણો રૂપી બાળકો રમે છે, ત્યાં સુધી હૈયામાં દુરાચારની દુષ્ટ રાક્ષસીઓ પેઠી નથી. જ્યા દુરાચારની કુવાસનાનો વાસ હોય. ત્યાં વિનય, વિવેક, સદ્‌ભાવના, સુદૃષ્ટિ–આ સઘળાંય સુગુણો વિદાય માગી લે છે. વ્યવહારમાં પણ અનુભવાય છે કે–જે પુત્રો કુલવારસાની પરંપરાથી સુસંસ્કારોથી

ધન, તન અને તિરિયાનું (સ્રીનુ) દિન-રાત ચિંતન કરનારો દેવની સેવા ક્યાંથી કરે?, ગુરુની વાણી અને ઉપાસના ડોળાયેલા દિલવાળાને ક્યાંથી રૂચે? અને ધર્મની આરાધના તો આવા માનવીને સ્વપ્નમાંય ક્યાંથી હોય? પ્રેરણાથી, આપોઆપ કુળશોભાથી કે જાત-મોભો સાચવવા માટે દેવપૂજા, ગુરુભક્તિ અને ધર્મક્રિયાની આરાધના કરવામાં આવે, પણ પેલા દુર્વિચારોનો ઝંઝાવાત સુભાવોનો સમૂળગો નાશ કરી નાંખે છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ-આ પાંચેય ઈન્દ્રિયો વિષયોના મુખ્ય સાધનો છે. ઈન્દ્રિયો આ પાંચેય વિષયોમાં તન્મય બને છે પછી આત્મા સ્વ-સ્વરૂપને ભૂલીને અને જડસંગે ભ્રાન્તિમાં પડીને ઉચ્ચ સ્થાનેથી પટકાય છે. સ્વભાવશ્રેણિ કુભાવ રૂપમા પલટો ખાય છે. પછી જો અનેક સુભાવજનક સાધનો મળે. તોય સ્વ-સ્વરૂપમા આવવું દુષ્કર છે આ પાંચેય વિષયો આત્માને ભાનભૂલો બનાવી સ્વ-ગુણોને વિસારે પાડે છે. દુરાચાર એટલે ઈન્દ્રિયોના ક્ષણજીવી સુખાભાસોમા તન્મયતા અને સદાચારિતા એટલે ઈન્દ્રિયોના વિપજન્ય સુખોની સાચી ઓળખ અને તેનુ સંયમન-ત્યાગ. સુશીલતાનો ગુણ માનવોમાં આવતાં ઈન્દ્રિયો અને મનનો વિજય મેળવાય છે મનનો વિજય મેળવ્યા પછી એ વ્યક્તિઓ સુશીલ બનતી જ જાય છે અને અંતે મનનો વિજય મેળવાય છે, તેમજ આત્માની સાચી જળહળની જ્યોત જાગે છે સર્વ કર્મોનું બંધન-કેન્દ્ર મન છે અને ઈન્દ્રિયો દોરડા છે. બંધન-કેન્દ્રો ઉપર જો વિજય મેળવ્યો,

આ સઘળુંય ભૂલાવી દીધું છે. સુશીલતા આર્યાવર્તમાં એક આદર્શ અને શોભનિક ભૂષણ હતું. અન્યદેશીય પ્રજા અહીં આવીને આ ભૂષણની પ્રશંસા કરતી હતી અને તેને સ્વ-દેશમાં લઈ જવા મથતી હતી. જ્યારે આ યુગની હવાએ આ સંસ્કારી દેશની પ્રજાને અન્ય દેશનો કચરો વળગાડ્યો છે.

એ આર્યાવર્તની સંસ્કારી પ્રજા ! એ ધર્મસુધાવાહિની ભારત માતા ! સુશીલતાનો શણગાર સજ અને કુરૂઢિ તજ ! તો જ કંઈક વાગશે ગજ, જરાય નહિ લજ !

卐

સંતસંગ.

સાધુ મહાત્માઓનો અને સંસારાસક્તોનો મેળ મળવો અશક્ય છે. સાધુ મોક્ષદષ્ટિ હોય છે, જ્યારે સંસારી વિલાસ-ભોગ-વિષયદષ્ટિ હોય છે સાધુઓનો ઉપદેશ તમારી વિષયેચ્છાને મૂકાવવાનો હોય છે. વિષયી-કષાયી જીવોને એ ઉપદેશ ક્યાંથી રૂચે !

સંસાર-શણગારીઓને વૈરાગીઓ અને તેઓનો ઉપદેશ ઓછો જ રૂચે છે. ચોર જાગતાને જોતાં ગાળ જ ચોપડે છે, કારણ કે—એના ખોટા કામના તે વિઘ્નકર છે. ચોરી ખોટી છે—એમ જો ચોર સમજે, તો જ જાગતો ઠીક છે—એમ તે માનવા તૈયાર છે. સાધુઓ તેઓને રૂચે છે, કે જેઓ સંસારવિમુખ છે.

છે. કે જે કુમાર્ગને સુમાર્ગ માની રહેલ છે. માનવીની આંખે જેવા રંગના ચશ્મા ચઢે તેવી દુનિયા નજરે પડે છે. સંસારમાં મનુષ્યો દરરોજ જુદી જુદી જાતની પ્રવૃત્તિઓ આદર્યા જ કરે છે અને તે પ્રવૃત્તિઓનો ઉદ્દેશ પણ દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ માટે જ હોય છે. પરંતુ હજુ સુધી સંસારી કોઇ માનવીએ પૂર્ણ દુ.ખનો અભાવ કે સુખની પ્રાપ્તિ કરી હોય તેમ જણાતું નથી. તેમાં મુખ્ય કારણ સુમાર્ગની જાણ નથી અને કયા જઇએ છીએ તેનો વિચાર નથી. દુનિયા સુખ મેળવવાનાં સાધનોથી દૂર ભાગે છે અને દુઃખના પ્રત્યેક સાધનને ભેટે છે.

આજે જગતનું સર્વ તત્ર એવા પથે વળ્યું છે કે-જ્યા-ત્યાં માત્ર અશાન્તિ અને દુઃખદર્દના પોકારો સંભળાય છે. કોઈ કોઈને વાતમા કહેતો નથી કે કાગળમાં લખતો નથી કે-અમે પૂર્ણ સુખી છીએ! અહીં આવો! સઘળીય અનુકૂળતાઓ છે! ખલ્કે સર્વ કોઈ મિત્રોને કે સ્નેહી વર્ગને તે વિદિત કરે છે કે-' આ બાજુ સ્થિતિ ભયકર છે. સયોગો કફોડા છે, આજ પછીના આગળના દિવસો કેવા આવશે એ કહેવાય તેમ નથી. ભાવીકાળ અંધારામાં દેખાય છે, આજે જે ગામમાં છીએ ત્યા સ્થિર રહેવાશે કે કેમ ?-એની ભારે ચિંતા છે. તેમજ જે મકાનમાં અને જે દુકાનમાં હરીએ-ફરીએ છીએ. ત્યાં આવતી કાલે અમારો કબજો હશે કે કેમ ?' અરે. આજે ખાવાનો ખોરાક અને પહેરવાનાં કપડાં છે. તે કાલે કોઈ ઝૂંટવીને લઈ લેશે તો ?

નથી, જેનો માર્ગ રૂચતો નથી અને જ્યાં જવાથી ઘોર દુઃખ છે—એમ સારી રીતે સમજીએ છીએ.

યુગપલટાની સાથે જીવનચક્રોનો પલટો થઈ રહ્યો છે અને સૌની સાથે આંખો મીચીને દોડી જવું પડે છે. તેમાં જો અટકી જવાય, તો સો વર્ષ પાછળ ગણાઈએ—એમ મનાઈ રહ્યુ છે. આજે ગતિ તીવ્ર થઈ રહી છે પણ દિશા જરૂર ઉલટી છે. એક વાર જો સૌ થોભી જાય અને જે માર્ગે આજ સુધી આવ્યા તે માર્ગે જ પુન. પાછા જઈને, દિશાનો નિર્ણય કરીને પાછા ધીમી અને મક્કમતા-પૂર્વકની ગતિ કરાય, તો જરૂર સાચી પ્રગતિનો માર્ગ લાધે.

શું આજે આપણે મુક્તિની વાટે છીએ? શું આજે આપણે સ્વર્ગના માર્ગે છીએ? જવાબ મળશે કે—ના.... ના. શિવરમણી અને સ્વર્ગ તો કલિયુગમાં ગયા. આજે કલિકાળમા તો નરક સિવાય બીજો માર્ગ ખૂલ્લો નથી. બસ, આ ચોક્કસ શ્રદ્ધાથી ઈરાદાપૂર્વક જ નરકમાં જવાની ઉમેદવારીથી હલકાં—કારમાં કુકૃત્યો કરવાની ઈચ્છાઓ થાય છે અને ઘોર પાપો નીડર બનીને આદરાય છે

પહેલાના જમાનામાં એક ધર્માત્મા અનેક ધર્મીઓ પેદા કરતા, એક ધર્માત્માની શુભ પ્રવૃત્તિથી હજારો ધર્મ સમીપ આવતા અને ધર્મવિરૂદ્ધ જો કોઈ બોલે કે વર્તે, તો તેને ઘણું જ શરમીંદા બનવું પડતું હતું અને સંઘ પણ તે વ્યક્તિને આદર, સન્માન કે ઉત્તેજન આપતો નહિ.

માર્ગ બે છે. એક સુગમ અને બીજો કાંટાળો. સુગમ

ઉત્ક્રાન્તિનો ઉષા પ્રગટાવશે. સંસ્કારિતા, આધ્યાત્મિક પ્રભુતા, માનસિક મસ્તમતા, કુવિષયોથી વિરક્તતા, કુવ્યસનોથી સંયમિતા. ભવ્ય ભાગ્યની ભવ્યતા, આત્મિક તેજની દિવ્યતા, શુભ વૃત્તિઓની વિશદતા, ચમત્કારિક સહિષ્ણુતા, શાબ્દિક મૃદુતા, કાયિક પવિત્રતા, આંતરિક વિશુદ્ધતા, પ્રત્યેક જીવન-પળોની ઉપયોગિતા, શ્રમની સાર્થકતા અને ગુંચભરેલા પ્રશ્નોને આપમેળે ઉકેલવાની બુદ્ધિબહુલતા, આ સઘળાંય ગુણો સન્માર્ગની સહેલથી અનાયાસે પ્રાપ્ત થાય છે.

પોતાની મેળે જાતને પૂછો કે–ઉપર બતાવેલા સુગુણોમાથી તારામા કેટલા સારા ગુણોનો સચય થયો છે ? અને સુગુણો થોડા–વધતા અંશે જો તારામાં વસ્યા હોય, તો વિચારજે કે–તું ક્યાં જઈ રહ્યો છે ? જરૂર તું સત્સંગની વાટે છે. એનાથી ઉલટા દુર્ગુણો જેવાં કે–ધાર્મિક તત્ત્વોની માનવાની અશ્રદ્ધા, તુચ્છ વિષયોની લોલુપતા, માનસિક નિર્બળતા. પુણ્યહીનતા. હિતાહિત વિચારવાની અવિવેકિતા, આંતરિક મલિનતા. મતિમંદતા, અસહિષ્ણુતા, વાણીકર્કશતા, અનેકોને છેતરીને પેટ ભરવાની સ્વાર્થાંધતા, ભોળાઓને છેતરીને પેટ ભરવાની વૃત્તિ, ખુશામતખોર રહેવાની દાક્ષિણ્યતા, અનેકોને સતાવીને આપસત્તા કે દાદાગીરી કરવાની ઉદ્ધતતા, આ બધા દુર્ગુણો જો તારામાં કાઈબ ધોની જેમ વસ્યા હોય, તો તું વિચારજે કે–હું ક્યાં જઈ રહ્યો છું ? એના જવાબમાં એમ કહેવું પડે કે–કોઈ અણજાણ ઉન્માર્ગમાં જ વહી રહ્યો છું. સર્વ કોઈ

બેસવાનુ હોય છે. પછી પાસેનો પેસેન્જર પૂછે છે કે—ભાઈ, કયા જઈ રહ્યા છો? એ બેસારૂં જરૂર કહે છે કે—મુબઈ જઈએ છીએ. પરંતુ બેસારૂ એમ કહે છે કે—મને ખબર નથી કે—હું કયાં જઈ રહ્યો છું, તો તે મૂર્ખશિરોમણિ કહેવાય. તમોને પણ આજે પૂછાય છે કે—તમો કયાં જઈ રહ્યા છો? શું ઉત્તર આપશો? કહેજો કે—અમો મુક્તિની અવિકળ વાટે જઈ રહ્યા છીએ! શુ આ જવાબ આપતાં હિંમત ચાલશે કે? નહિ જ ચ.લે, કારણ કે—સૌ સમજે છે કે—દુનિયા પતનના પથે વહી રહી છે. કદાચ એ વાટે આપણે તો નહિ હોઈએ ને? નિ:શક બનીને સૌ કોઈ સન્માર્ગે વળો!

卐

પિંજર.

જીવ પોપટ જેવું પંખી છે દેહ પાંજરું છે પોપટ પાંજરાને નિજઘર સમજીને વળગી પડયો છે, પણ પાંજરૂ બંધન છે—સ્વતંત્રતાને છીનવી લેનારૂં છે—પરતંત્રતાની કેદ છે આ બધું તે સમજતો નથી પોપટ પાંજરાની બહાર નીકળ્યો હોય, પણ તેને કંઈ [illegible] આવે, તો તે પાંજરાનો પ્રેમી થાય છે કુનીતિથી બંધનને [illegible] તરીકે પોપટ માની બેઠો છે

તેવી રીતે જીવ દેહપિંજરનો વારસ બનીને, દેહને જ નિજ રૂપ માને છે અને તેની જ વ્યવસ્થામાં અખિલ જીવન [illegible] છે. પરંતુ નિજનું તો નિજમાં જ છે નિજનું [illegible] એ જ [illegible] છે

કોઈ પણ આજની મનોવ્યથા કે સાંયોગિક વેદનાને સાંભળનાર અને ટાળનાર નથી. દેશકીય વડવાઓ તો દેશની નૈયા કિનારે આવી છે, તે પાછી ચક્રાવામાં ન અટવાઈ જાય એની ભારે ગડમથલમાં જ સમય વીતાવે છે. દેશની પ્રજાના હિતની ચિંતાઓ તેઓને હોય છે, પરંતુ કોઈ ઉપાય જ એવો નથી, કે જેથી પ્રજા સુખ-સંતોષથી જીંદગી વીતાવે. તેમાં બે સબળ કારણો છે. એક તો લોભવૃત્તિ અને બીજું ઘણું મળવા છતાં અજબ અસંતોષ. સમાજનો ભાવિકાળ ભારે અંધારામાં દેખાય છે. આજે અમો સાત માળના બંગલામાં રહીએ છીએ, નોકર-ચાકરોની સાહ્યબીઓ ભોગવીએ છીએ. મોટરોમાં મોજ કરીએ છીએ અને ઘરમાં લક્ષ્મીનો વાસ રહેલો છે. આ સઘળુંય કોઈ ઝુંટવી કે લૂટી જશે. તેમજ નવું નહિ આવવાથી ખૂટી જશે અને પછી અમારે પણ એવી દુર્દશા અનુભવવી પડશે. આ પણ આ યુગની મનોવ્યથાની એક ગુટિકા છે. પરંતુ આ આપત્તિ તો અણધારી અને વિના નોતર્યે વહોરી લીધેલી છે. જેટલું મળે તેટલામાં સંતોષ માનવો એ ખાસ ધ્યાનમાં રાખો ! ઉપયોગ જેટલી ચીજો મળી જાય અને વધેલાનો રોજબરોજ પરમાર્થમાં વ્યય તથા નવું ધન વધારવાની આશાઓનો છેદ, આટલું જો કરાય તો પછી હું માનું છું કે-ભાવીની એ ક્રાન્તિજન્ય વિપદા તો આપોઆપ ટળી જ જશે. પરંતુ આ વર્ગેતુ જૂત વળ ભયંકર છે.

તથા સભાઓ ભરાઈ અને ઠરાવો ઉપર ઠરાવો થતાં નવી વહુના નવ દિવસની જેમ જોમ બતાવ્યું. પરંતુ ધીમે ધીમે મંડળમાં સારી મુડી એકઠી થતી ગઈ, એટલે મંડળના સભ્યોમાં મતભેદો પડે, કેટલાકો ચડશે ચઢે અને મંડળમાંથી નવું મંડળ જન્મે એટલે એકબીજાની ચડશાચડશીથી મંડળની ઉત્સાહનદી મંદ પડે તથા સમાજને ત્રાસ રૂપ કે ડખા રૂપ બને. ભૂલથી શરૂઆતમાં તો મંડળને સારી પુષ્ટિ અને પોષણ અપાયું હોય, પણ પરિસ્થિતિ વણસતાં સમાજના નેતાની સામે સ્વચ્છતાથી વર્તવું, એવો મંડળનો મુખ્ય ઉદ્દેશ બની જાય છે. ધર્મગુરુ અને ધાર્મિક પ્રવૃત્તિઓ પ્રતિ પણ મંડળનો અતિ વિરોધ થવા લાગે છે જૈન સંઘ જે કામ કરવા ચાહે, તેમાં મંડળનો વિરોધી સૂર ગુંજતો થાય છે. પ્રભુ શ્રી મહાવીરદેવનો સ્થાપન થયેલો જૈન સંઘ સરસ અને સુંદર છે, પણ એમાં નવી નવી સંસ્થાઓ સ્થાપીને ઘરમાં બે મતવાળાઓનાં દુષ્ટ દળો જ ઉભા કરવા જેવું બને છે. ગામોગામ આ ડખો છે અને એ ડખાના પ્રતાપે સંઘના આગેવાનો આ સંસ્થાના સખ્ત વિરોધી હોય છે. જુનું આ મંડળોને ન રૂચે અને નવું સંઘનેતાઓને ન ગમે. પછી આ મેળ કેવી રીતે મળે?

એટલે કે–જે ગામમાં સંઘ છે અને સંઘ ભેગો થઈને એકમતે જે કામો કરે છે, તેમાં તે ગામની આબાદી સારી એવી હોય છે. એ વાત પણ સાચી છે કે–સંઘના આગેવાનો અનુભવી, વિચક્ષણ અને પ્રશાન્ત ભેજાવાળા

શેઠજી આ હકીકતને સાંભળતાં જ, જેમ સળગતી અગ્નિમાં પેટ્રોલ નંખાતાં ભડકો થાય, તેમ ક્રોધ રૂપી અગ્નિનો તાપ વધવા લાગ્યો. કુપાત્રને હિત–બોધ ઉલટી અસર કરે છે. શેઠે નોકરોને હુકમ કર્યો કે–જાઓ ! સઘળાય ચાલ્યા જાઓ ! તમે સર્વે મારા ગુરુ બની ગયા કેમ ? તમે મારો પગાર ખાઈને માતી ગયા લાગો છો ! પછી સર્વ નોકરોની એક સમિતિ ભેગી થઈ અને શેઠને માંદગીના ભોગ બનેલા જોઈને તેઓ ઘણો જ શોક દર્શાવવા લાગ્યા. અહો હો ! આ શેઠે લાખો પ્રપંચો કરીને ધન મેળવ્યુ છે, હજારો નિર્દોષ નોકરો ઉપર જોહુકમી અને જુલ્મો ગુજાર્યો છે. દિન–રાત તે નિરાંતે બેઠા જ નથી, તેમણે દેશ, પરદેશ, જમીન કે સમુદ્ર સઘળુંય ઉલ્લંઘી નાખ્યુ છે, પણ તેમને સંતોષ પ્રાપ્ત થયો નથી. પ્રલોભનની કેડીએ ચઢેલા તે બીચારા કદીય થોભ્યા નથી. અહા !

આજે આ દુર્દશામાં પણ રોગ ન મટતાં, શેઠ નોકરો અને ઘરનાં માણસો ઉપર કાબૂ બહારનો ગુસ્સો કરે છે. આ કેવી બુદ્ધિબલવત્તા ? આ નોકરો ઉત્તમ યુગના હતા, જ્યારે શેઠ આ યુગનો ધનાંધ હતો.

આ દષ્ટાન્ત એ સમજ આપે છે કે–ભલા નોકરો શેઠની સાચી હિતચિંતવના કરે છે, જ્યારે શેઠ સૌને તિરસ્કારે છે અને ફીટકારે છે. આજે પણ આવા અનેક દષ્ટાન્તો જોવા-જાણવામાં આવે છે અને અનેક અનર્થોની અલબેલી અચંબાભરી કહાણીઓ સંસારના અખંડ વહેણમાં તણાખલાની જેમ વહેતી થઈ જાય છે. આજના યુગને કેવો કહેવો ? રાક્ષસ કહેવો ?, મૂર્તિમંત ગ્રહ કહેવો ?, રાજેશ્વર કહેવો ?, રક્તરંગે રંગાયેલો ઉગ્ર સ્થાનકે બેઠેલો મંગલ કહેવો કે રંજાડનારો રાહુ કહેવો ? અનેક કુગ્રહોની ઉપમા આજના યુગને કવિઓ આપી ચૂકયા છે, કિન્તુ હું તો આજના યુગને એક જાદુગરની અજાયબીભરેલી મૂક ફીલ્મ જ કહું છું અને એ મને બંધબેસતું લાગે છે.

આજનો યુગ દૈવીય અને ધર્મ્ય મંગલમય ત્યારે જ બને, કે જ્યારે જુની મર્યાદાઓનાં બીજો કુટુંબોમાં રોપાય અને એ બીજવપનના અંકુરાઓ ફૂલ્યા-ફાલ્યા બને તથા પછી સુફળ પ્રાપ્ત થાય. વિનય, વિવેક, સભ્યતા, શિસ્ત. પાલન, તેમજ ધાર્મિક અટલ શ્રદ્ધા વગેરે સઘળાય સુગુણો રૂપી ફળ-ફૂલો મળી જ આવે. ત્યાર બાદ આજના યુગમાં ઘરોમાં દૈવીય આનંદ આપનારૂં સ્વર્ગીય સંસ્કારી વાતા-

વરણ જન્મે. અરે, એટલું જ નહિ પણ અરસપરસની પ્રીતિ અને મેળ એવા જામે કે–ઘરમાં કદીય તોફાન જેવું હોય જ નહિ. દરેકના સુખમાં સુખી અને દરેકના દુઃખમાં દુઃખી સૌ બને, તેમજ અખિલ જગત ઉપર મૈત્રીનો અને સ્વકિયતાનો સંબંધ બંધાઈ જાય, કોઈ પરભવની આસક્તિની ભાવનાઓ ભસ્મ થઈ જાય અને લોકમાય તેની ઈજ્જત અને કીર્તિની સુવાસ પ્રસરી જાય. એવા સ્વર્ગીય સંયોગોમાં સંવૃદ્ધિ પામતો માનવી જો દેવોની સભામાં સભાસદ બને, તો દેવો પણ તેને આવકારે જ.

આજના યુગનો સંસ્કારી–ધર્મશ્રદ્ધાળુ આત્મા ધર્મ-સ્થાનોમાં જાય અને ત્યાં પણ સર્વ શુભ ક્રિયાઓ આચરતાં તે કદીય કંટાળે નહિ. તે ગુરુઓની સામે કે વડીલ ધર્મજ્ઞાતાઓની સામે પણ વ્યવસ્થિત રીતે વર્તે અને ધર્માધ્યયન કરે. તે ધર્મગુરુઓની વાણીનું શ્રવણ કરવામાં એકતાન બને અને સુધાપાનથીય અધિક આનંદ માનીને તેને સાંભળે તેમજ હૈયામાં ઉતારે. પછી જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં તેનો અમલ તે ગોઠવી જ દે. આવો ધર્માત્મા પુરુષ જ કલિયુગને સતયુગ સર્જે છે અને ધર્મ્ય તથા મંગલમય બનાવે છે. પછી આ યુગને ધર્મ્ય કે મંગલ મય કહીએ તો ચાલે જ.

ઉપર બતાવેલ સુગુણોને માનવી હૈયામાં વસાવે અને જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં સુગુણોની ખીલવટ કરી દે, તો પછી આજે જે અંધાધુંધી, બેદરકારી, બેકારી અને જીવન-

શુષ્કતા વ્યાપી રહી છે, તે ન જ રહે અને આજનો સંસાર ગેબી ફીટીને સ્વર્ગમય બની જાય, તેમજ ઈન્દ્રો પણ સ્વર્ગને છોડીને ભારતભૂમિને અલંકૃત કરવા–વસવાટ કરવા માટે દોડી આવે. લોકો પણ કલ્પવૃક્ષના જમાનાની જેમ સુખે ખાય, સુખે સૂવે, સુખે ફરે, સુખે વાતો કરે, સુખે ધર્મ આરાધે અને સુખે સુંદર સંતોની સુધામયી ગોષ્ઠિઓ કરી જીવનને ઉજ્જવળ બનાવે.

卐

સત્ય સુખ.

જોવાતું, જણાતું અને સમજાતું જે સુખ વર્તમાનમાં આત્માને મુઝવી રહ્યું છે, તે સુખ સત્ય નથી, વાસ્તવિક નથી, સ્થિર નથી, પણ માત્ર અસુખમાં સુખાભાસનો એક અંશ છે. પરિણામ દુઃખ રૂપ હોય છે.

જીવ, મોહાગ્નિનું પતગિયું બનીને, ભોગવિલાસ અને વૈભવોના ભૂતાવળથી ગ્રસ્ત થયેલો, તેના ઉપરચોટિયા ચમકારાથી તેમાં પતગિયાની જેમ અંજાઈને સ્વજાતને હોમી દે છે અને બળીને ખાખ થઈ જાય છે સ્વગુણોની રાખ બનાવે છે. અમર આત્મા છે અને વિનશ્વર દેહ તથા દેહાધ્યાસો છે. દેહસન્નિકટ મન અને ઈન્દ્રિયોના વિકારો આત્માને ઉન્માર્ગગામી બનાવી અનેકધા દુખોનો ભોક્તા બનાવી મૂકે છે. નિરાધાર દીનનાથી પોકો મૂકી જીવ અસહ્ય દુ.ખોને વેઠે છે. મોહાગ્નિનું પતગિયું જો જીવ મટીને આત્મભાનુના પ્રકાશનો દ્રષ્ટા બને, તો દુ.ખ જ નથી.

જ કઠિન થઈ પડે છે. કદિ પૂર્વના પુણ્યયોગે તેઓ ઉંચી ગતિઓમાં આવી જાય, છતાંય તેઓને આ કુસંકલ્પોની જાળો એવા પાશમાં ફસાવી દે છે કે પાછા એના એ જ બંધનોની નિબિડ શૃંખલાથી તેઓ દઢ બની જાય છે. માનવી જેવા સંસર્ગની છાયામાં વસે છે, તેવી ભાવનાઓની પ્રેરણાઓને મેળળે છે. સંકલ્પોનું જનક મન છે અને મનને ચંચળ બનાવનારા રોજીંદા સંયોગો જ છે. સુસમાગમ જેઓને સાંપડે છે, તેઓની વિચારશ્રેણિ ઉચ્ચ કક્ષાની અને આદરણીય હોય છે અને એવા પુણ્યધન માનવોના સંકલ્પો સઘળી સિદ્ધિને વરે જ છે. જો કે અશુભ સંકલ્પો પણ કોઈ વેળા બદલાતાં સુસંકલ્પો જલદી સિદ્ધ થઇ જાય છે. પરંતુ એથી એમ નથી માનવાનું કે—એનું પુણ્ય પ્રબળ છે. દુકાને બેઠેલો માનવી આખો દિવસ મથામણ અને અથડામણ કરતાં સાંજના બે પૈસા પણ પ્રયાસથી મેળવે છે, જ્યારે ચોરી કરનારો શેઠના ગલ્લામાં હાથ મારીને વિના મહેનતે હજારો ઢગ ઉડાવી લે છે. આથી એ ન્યાય તોલી ન શકાય કે—વ્યાપાર કરતાં ચોરીનો ધંધો સારો છે, કે જેથી સહેલાઈથી જ ધનોપાર્જન થઇ જાય છે. પાપી માનવોના કુસંકલ્પો જલદી સિદ્ધ થઈ જાય છે તથા સુસંકલ્પો પાપીને જન્મતાં જ નથી અને તે જો જન્મે તો સફલ કે સિદ્ધ થતા નથી. પુણ્યશાળી માનવોને તો કુસંકલ્પો જન્મે નહિ અને તે જન્મે તો તેનું પુણ્યબળ જ તેની સફળતામાં અટકાયત કરે છે, કારણ કે—એ કુસંકલ્પોની સિદ્ધિ પણ વાસ્તવમાં

છે અને ગહરા કેસોને ફૂટ-કોશો કરીને પણ કલમ-કાય-દાઓના જોરે તથા કંઈક જબાનના જોરે જીત મેળવી જાય છે; તેમ ગર્ભાવાસમાં જીવાત્મા રહે છે અને ત્યાં માનવયોનિ પામીને વકીલની જેમ ઉમેદવારી રહેલી છે, કારણ કે-સંકલ્પ સંસ્કારોનુ ઘડતર કરવાની મુંગી પણ આ મજબૂત શાળા છે. અહીં માતાના ઘરમાં જેવા વિચારોનુ વાતાવરણ હોય, તેવા પ્રકારના સંસ્કારો ગર્ભસ્થ પેલા બાળકને મળે છે. માતાના ખોરાકો, માતાના મનોવિચારો, માતાની પ્રકૃતિ અને જનેતાના હર્ષ-ખેદના પ્રસંગો, આ સઘળાયની અસર પેલા શિશુ માનવીના હૈયામા પ્રતિબિંબિત થતી જાય છે. અનેક વિચક્ષણો જણાવે છે કે-માતા સુશિક્ષિત હોય અને ગર્ભપાલનના પરિજ્ઞાનને જો સારી પેઠે સમજેલી હોય, તો જન્મનારો બાળક સદાચારી, પુષ્ટાંગ અને દૃઢસંકલ્પી જન્મે છે. જે બાળકોની માતાઓ ગર્ભાધાન કર્યા પછી બરાબર ચિકિત્સાયુક્ત ચર્યા-પાલના કરે છે, તેણીનાં બાળકો જન્મ્યા પછી ચમકતા હીરા જેવા હોય છે. ગર્ભાગારમા રહેલો માનવબાલ પરિપક્વ થયા પછી તે સર્વાંગ-પરિપૂર્ણ થયેલો જન્મે છે. જો કે ગર્ભાવાસની વેદનાઓ અને જન્માવસરની વેદનાઓ અપરપાર હોય છે તથા તે અનુભવાય પણ છે, છતાં અવ્યક્ત હોવાથી તે સઘળુંય ભૂલી જવાય છે. જો સજ્ઞાનાવસ્થામાં જીવન જીવતાં તે એવી વેદનાઓ ઉત્પન્ન થઈ હોય કે અનુભવાઈ હોય, તો તો આ પાપાચરણોની બારીમાં સુજ્ઞ માનવી ફરીથી ડોકિયું કેમ કરે? હા, શાસ્ત્રકારો ઉપરની

આપ્તતાનો વિશ્વાસ જ એ મનાવવા પ્રેરાવે છે. બાલ, ધીમે ધીમે જડવાસનાઓની અને મમતાળુ લાગણીઓની હવાથી ચેપાય છે તથા પછી મને આપો !, આ મને ગમે છે !, આ મળે તો સારૂ !, આ જોઈએ જ નહિ !, આ તોડી નાખો !–આવી બધી ફોગટ લાગણીઓથી અને આશાઓના તંતુઓથી તે જકડાઈ જાય છે. અનુભવની વાત છે કે–નાના બાળકોને માટીનાં રમકડાં, લાકડાની ભાતભાતની રંગબેરંગી ચીજો અને ખાવાના મીઠા મીઠા પદાર્થો વગેરે ઘણુ જ રૂચે છે. બાળકને પ્રસન્ન રાખવા કહો કે સંસારની ખોટી આશાઓની જાળમાં ફસાવવા માટે ખોટા રમકડાંથી બોધપાઠો પઢાવાય છે. માટીના ઘોડા, હાથી, કેળુ, કેરી, જામફળ કે નારંગી બાળકને આપતાં તે રાજી રાજી થઈ જાય છે. કેટલાક નાના નાના બાળકો તો આવી રમતો રમવાની ચીજોને છાતી આગળ દબાવીને સૂવે છે, એ જાતની બાલકોની ચેષ્ટા દેખાય છે.

વાસ્તવમા માટી અને લાકડાના રમકડાં ખોટાં છે, તે તૂટવાના છે અને તેનો ક્ષણિક સુખાભાસ છે, પરંતુ બાળકોને એ સુખાભાસો પણ મોહનો નસો ચઢાવી મૂકે છે. અણસમજુ ઉમરની આ એક લીલા છે, અને આ લીલા એવી જબ્બર હોય છે કે–બાળકોએ એક વાર નજરે જોયેલી ચીજો જો ન મળે, તો કલાકો સુધી રડે છે. અને તે બાળકની માતા કોઈ અન્ય એવી મળતી વસ્તુ આપીને બાળકને સંતોષે છે. માયા–પ્રપંચના બોધ-

પાઠની આ એક નિશાની જ છે ને? નાનાં બાળકો પણ નાની નાની વસ્તુઓના પ્યારમાં ફસે છે અને શિશુ-વય અજ્ઞાનતાથી ખોટા સંકલ્પોની છાયામાં મસ્ત બનીને વિતાવી દે છે.

અજ્ઞબાળ જ્યારે કંઈક સમજુ થાય છે, ત્યારે પહેલાના મમતાનાં સાધનો એને આકરા, જુઠ્ઠા અને ઘેલછાભરેલા લાગે છે અને નવીન સૃષ્ટિ સર્જાય છે, નવા જ રંગો જામે છે તથા નવી જ ભૂમિકા રચાતી જાય છે. પછી સારૂં ખાવાનું, સારૂ પહેરવાનું, સારૂં બોલવાનુ અને સારૂ સાંભળવાનું તેનું દિલ પુષ્ટ થાય છે. આ બાળકને માયા કરતાં આવડે, પ્રપંચ રમતાં આવડે. મા-બાપને-શિક્ષકને ઊંઠાં ભણાવતાં આવડે અને પોતાના ગુન્હાઓને પાવી બીજાના શ્રૂમસ્તક ઉપર ઢાળતાં પણ આવડે. પોતે સઘળાય બાળકોમાં સારો છે-એમ ગણાવવાનુ ઘમંડ પણ કરે. હરિફાઈ, ઈર્ષા, દ્વેષ અને અશ્લીલ ભાષણ કરતાં પણ તે શીખ્યો! હવે વિચારો કે-પેલા અણુસમજુ બાળક કરતાં આ સમજુ બાળક સદોષ બન્યો કે નિર્દોષ રહ્યો? અને સમજુ બન્યો કે અણુસમજુ બન્યો?

સમજુ બાળકના સંકલ્પો કેવા હોય? હું કેમ સૌથી મોટો ગણાઉ? અને મને કોઈ પણ એક શબ્દ કેમ સુણાવે?-આવી હલકી વૃત્તિઓ ઘર કરી જાય છે. પછી જનેતા હોય કે જનક, શિક્ષક હોય કે વડીલ, ગુરુ હોય કે જ્ઞાની, સઘળાયને આ બાળક તુચ્છ ગણે છે

અને અવસરે સામું પણ બોલે છે! એકાદ પણ હિત-શિક્ષાનો શબ્દ તે સાંભળી શકતો નથી. વહાલસોયો બાળક હવે સર્વને અકારો લાગે છે. સગાં માતા-પિતા કહે છે કે-તે એક શબ્દ પણ સુણતો નથી, મોજશો-ખમાં અઢળક પૈસા ખર્ચે છે અને હું જો પેસા ન આપુ તો ખીસા કાતરે છે! નાના બાળકોને જુઠ્ઠા પ્રેમપાશથી નાના મોજશોખો મા-બાપ જ શીખવે છે. મંદિરમાં પૈસાને બદલે એક આનો જો મૂકયો હોય, તો મા-બાપ ઠપકો આપે અને બજારની જવાહર હોટલમાં ૬૦-૭૫ પૈસાનુ જો બીલ કરી આવ્યો હોય, તો મા-બાપ કહે-કે કાંઇ નહિ બેટા, તારા કરતાં વધારે શું? છોકરો ઘણો જ ઉદાર છે-એમ કહીને મા-બાપ વાત હસવામાં ઉડાવે! પરંતુ એ જ પુત્ર મોટો થઇને હજારો રૂપિયા જયારે ઉન્માર્ગમાં ખર્ચી નાંખે, ત્યારે તે જ મા-બાપને ઘણો ગુસ્સો આવે છે અને કહે છે કે-એ કેમ પાલવે? પરંતુ આ સમજુ બાળક ધીમે ધીમે વધારે સમજુ થતો ગયો અને સ્વતંત્રતા મેળવતો ગયો, તેની યુવાનીના ઓવારે ઉતરવાની શરૂઆત થતી ગઈ, ખોટી વાસનાઓની વસમી મુસાફરી શરૂ થઈ, તેનુ નસેનસમાં ખમીર ગરમ થતું ગયું, તે મગજનો કાબૂ ગુમાવવા લાગ્યો અને તેની નવા નવા ભોગવિલાસો ભોગવ-વાની દુષ્ટ કામનાઓની કેડીએ જવાની પ્રેરણાઓ વધતી ગઈ! બસ, બાળવયની આશાનાં સાધનો અને સમજુ બાળવયની સંકલ્પસિદ્ધિઓ વિલય થઈ ગઈ. હવે તો

કોઈ જુદા જ સંકલ્પો તેને જન્મ્યા. તેની ધનાશા, ભોગાશા, વિષયાશા અને નેતૃત્વાશા–આવી અનેક આશાઓની હોળી જ સળગી ઉઠી. તેને ચોવીશ કલાકમાં એક શ્વાસ પણ નિશ્ચિંતતા નહિ અને તેની થાક ખાવાની પાલવતી પળ પણ દુર્લભ થઈ ગઈ. આ બાજુ સ્રીના દિલને પ્રફુલ્લિત રાખવું અને બાલ–બચ્ચાંને પણ પાલન કરવા, વગેરે તીવ્ર સંકલ્પોએ સંસારને સળગાવી મૂક્યો.

આ યુવક બંધુને કોઈ પૂછે કે–કેમ ભાઈ, મજામાં છો ને? ત્યારે તે કહે છે કે–અરે દોસ્ત, શું વાત કરે છે? જીવનની સાંજ પડી, પણ મોજનું મોજું કાંઈ ફરી વળતું જ નથી, શોકનો સિંધુ ઉલટયો છે, ચિંતાની ચિતા પ્રગટી છે, ફિકરની ફરકડી ફરકી રહી છે અને એક મિનિટ પણ નિરાંત નથી. ખરેખર આવા તો અનેક પ્રશ્નો મુઝવે છે. જવા દોને વાત!

સમજ્યો ભાઈ! પરંતુ તારે સમય લઈને વચ્ચે વચ્ચે ધર્મશરણ પણ લેવું જોઈએ. ધર્મવિહોણું જીવન મુડદા જેવું નકામું છે. જેઓના જીવનમાં અનેક વ્યાધિઓનો હુમલો થતો હોય, છતાંય નિયમિત ધર્મારાધન થતું હોય છે, કે જેથી તેઓની વ્યાધિઓ ધીમે ધીમે પણ મંદ પડે છે અને નિરાબાધ બનીને નિત્તાંત સુખાસ્વાદ મેળવી શકે છે. યુવાનીના મદથી છકેલાઓને ધર્મની સદ્‌બુદ્ધિ જન્મવી ઘણી જ આકરી હોય છે, કારણ કે–એ યૌવનમદ એવો કેફ ચઢાવે છે કે–તે શુભ

સંકલ્પો રૂપી ચાંદલાઓને ઢાંકી દે છે અને કદિ કદિ એ કુસંકલ્પોથી માયાવી જુઠ્ઠી આશાઓમાં ગળાડૂબ થયેલો આત્મા કુસંકલ્પોની આછી આછી કિરણાવલી પ્રગટાવે છે.

યુવાનીનો મજબૂત બંધ તૂટવો શરૂ થાય છે, શરીરશક્તિ ક્ષીણ થવા પામે છે, શરીરની મદદગાર તમામ ઈન્દ્રિયો રીસાયેલી રાણીઓની જેમ કામ આપતી નથી, તેમજ મગજ અને કલેજું ક્ષણે ક્ષણે અસ્તવ્યસ્ત થઈ જાય છે. આ દશામા માનવજીવન મેળવ્યા પછી બાળવય રમત-ગમતોમા વીતાવી. એ વયના સંકલ્પો ક્ષણ સુખાભાસની-મેળવવાની દુષ્ટ કામનાઓવાળા હોય છે. જરા સમજુ ઉંમર થતા નવનવી ભાતની ચીજો પ્રતિ પ્રીતિ જોડાઈ અને એ સમજુ-અસમજુ વય પૂરી થતાં યુવાનીની ઉગ્ર આંધીના અંધકારથી યુવાનીનુ તેજ ઢંકાઈ ગયુ, તેમજ ધીરે ધીરે સાઈઠેક વર્ષની ઉમ્મરે પહોંચતા દેહના બંધો શિથિલ થયા તથા પછી વૃદ્ધ થયો, એટલે તો અજબ ફિકરોની જ્વાળાથી દિન-રાત કુવિકલ્પોએ કાસળ કાઢી નાંખ્યું.

આ આખોય લેખ મનનીય છે. સુવિકલ્પો પેદા કરાવનાર ચિંતામણી રત્નની પ્રાપ્તિ થતાં જ ઈષ્ટ પદાર્થો આપોઆપ પેદા થાય છે; તેમજ સુવિકલ્પો પેદા કરાવનાર જો કોઈ હોય, તો ચિંતામણી રત્ન તુલ્ય સંત મહાત્માઓ જ છે યાને સુશાસ્ત્રોનું અધ્યયન અને અનુશીલન જ છે, જીવનની અવસ્થામાં ધીમે ધીમે પણ જેન

પરિવર્તન થાય છે, તેમ સુસંગતની રંગત જો વધતી જાય, તો કુવિકલ્પો આપોઆપ સમાઈ જાય છે અને સુવિકલ્પોની સૌન્દર્યમય શુભ સૃષ્ટિ જ ઉત્પન્ન થઈ જાય છે. મનુષ્ય બીજું કાંઈ પણ ન કરે. પરંતુ માત્ર મનમાં જો કુવિકલ્પો જ સેવ્યા કરે, તોય તે ઘણા જ ચીકણાં અને ક્લિષ્ટ કર્મો બાંધે છે પછી અનિચ્છા અને પરાધીનતાથી. પણ અઢળક વિપત્તિઓ વેઠવી જ પડે છે. એક વ્યક્તિ જો શુભ ચિંતવના–શુભ સંકલ્પો જ સેવે અને સુવિચારોથી ઉચ્ચ અધ્યવસાય અનુભવે, તો તેનું અતીવ ઉત્તમ ફળ મેળવે છે. અંતે એનો આત્મા નૈર્મલ્યભાવને મેળવીને સદૈવ વિજયવંત પદને મેળવે છે.

卐

સુખાભાસ.

આધિભૌતિક સ્થૂલ જડ સુખોની ખાતર, જડ સુખોના પ્રલોભનોથી જીવાત્મા મહામૂલા સ્વગુણોને ખોઈ નાખે છે પછી તેનુ આ જીવન દુઃખદવથી બળીને ખાખ થઈ જાય છે પ્રશાન્ત વૃત્તિ, પરમાર્થ બુદ્ધિ, ધાર્મિક અવિચળ શ્રદ્ધા, તેમજ અખૂટ અને અખંડ આત્મિકાનંદની મીઠી મોજ વિષયાભિલાષી ખોઈ બેસે છે

એક વિષયની તુચ્છ આશા, વિનય, વિવેક, સ્નેહ, ધર્મ, કુલાચાર, કુલ અને યશ સૌથી ભૂલી જાય છે. બીચારો મૂર્ખ વાનર, મુઠી ચણાના લોભથી જીંદગી સુધી મદારીની કારમી કેદનો કેદી બનીને ગુલામી સ્વીકારે છે. તુચ્છ અને અસ્થિર સુખલાલસાથી જીવ, જીવનને વિષયગુલામ બનાવીને પીડિત થાય છે.

मरणं मंगलं यत्र, सफलं तत्र जीवनम्।

માનવજીવન એ દેવના જીવનોથીય ચઢી જાય એવું ઉચ્ચ કક્ષાનું સંસ્કારી અને આદર્શ જીવન છે. માનવ-જીવનમાં જન્મેલાં આજે ક્રોડો માનવીઓ જીવે છે અને 'અમે માનવ છીએ'–એવું અભિમાન પણ તેઓ ધરાવે છે. પરંતુ ક્રોડો માનવોમાં આદર્શજીવી અને સંસ્કારી માનવો તો બહુ જુજ છે.

આજે હજારો માનવીઓ લક્ષ્મીની લાલચના વહેણમાં તણાઈને, સ્વદેશ, ગામ અને કુટુંબપરિવારનો મોહ છોડીને પરદેશ જાય છે, લાંબી મુસાફરી ખેડે છે અને જીવનની હયાતિનો વીમો ઉતરાવીને પણ દેશપાર–દરિયાપાર પણ સાહસ ખેડીને દોટ મૂકે છે. પરદેશ જનારા સઘળાય કોટ્યાધિપતિ બનતાં નથી અને સઘળાય પોતાની આશાને પૂર્ણ કરે તેટલુ દ્રવ્ય મેળવી શકતાં નથી હા, પૂર્વપુણ્યના પ્રભાવે કંઈક એવા પણ માનવીઓ છે કે–તેઓ અલ્પ પ્રયાસ કરતાં અગણિત ઋદ્ધિના માલિક બને છે અને ચિરસુખો ભોગવીને પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી ધર્મ-માર્ગે પણ અઢળક દ્રવ્ય પાણીના રેલાની જેમ વહેતું મૂકે છે. માનવજીવનમાં તો સઘળાય માનવીઓ જન્મે છે, જીવે છે અને મૃત્યુપંથના વટેમાર્ગુ બને છે.

આજે અનંતકાળ ગયો, તેમજ અનંતા આત્માઓ.

માનવજીવનમાં જન્મ્યા અને જંપી ગયા, પણ તેમાં સ્વ-જીવનને સફળ કેટલા કરી ગયા? જન્મ સમયે તો સઘળાય સમાન બાળકો હોય છે, પણ એમાં પુણ્યવંતના ઘરે જન્મેલા બાળકનો જન્મમહોત્સવ ઠાઠથી ઉજવાય છે અને ગરીબની ઝુંપડીમાં જન્મેલા બાળકને પૂરતા આહારની જોગવાઇ પણ હોતી નથી. રાજદરબારમાં જન્મેલો બાળક જન્મતાં પ્યારો લાગે, હજારોના લાડથી તે લષ્ટપુષ્ટ બને અને હજારો માનવીઓના રમતરંગના સૂત્રધાર પણ બને. પરંતુ એ જ બાળક મોટો થઇને સેંકડો પ્રાણીઓનો શિકાર કરી ઘોર પાપને આચરે છે, પ્રજા ઉપર ખોટા કરો નાખી-બોજો લાદી પ્રજાને રંજાડે છે, અરેસગા, કોટુંબિકોને પણ રાજ્ય કે અર્થના પ્રલોભનથી ગર્દન પણ મારે છે, તે પાલક બનેલો બાળક સૌને ત્રાસ આપનારો બને છે અને પછી તે લાખો માનવીઓના ધિક્કારને-ફિટકારને પાત્ર બને છે. એનું મૃત્યુ અમંગલરૂપ કહેવાય છે અને આવાઓનો જન્મ નિષ્ફળ ગણાય છે. શ્રી જૈન-શાસનમાં આપણે સાંભળીએ છીએ કે-રાજા શ્રેણિકે સ્વપુત્ર કોણિકને લાખેણાં લાડોથી ઉછેર્યો હતો, પણ અંતે એ જ પિતાનો ઘાતક બન્યો હતો.

કુણાલ આંખે અંધ હતો. તે પોતાના પિતાની રાજ્યધાની છોડીને એકાન્ત નિવાસ કરતો હતો. બસ, ભક્તિ, સંગીત અને સંતોષનો જ તેની મઢુલીમાં વસવાટ હતો. આ સ્થળે એક પુત્ર જન્મે છે. જન્મ થયા બાદ

ત્યાં કોઈ સુખનો નાદ નહોતો; પણ એ બાળક ધીમે ધીમે સુસંસ્કારોથી સિંચાયો. યુવાવસ્થાને પામતાં તે મોટી રાજ્યગાદીનો વારસદાર બન્યો, એટલુ જ નહિ પણ તે ન્યાયનુ અચળ સિંહાસન સ્થાપે છે અને પૂર્વભવનું સ્મરણ થતાં જૈન ધર્મની અજબ પ્રભાવના, પ્રચારણા અને આરાધના કરી અખિલ ભૂમંડલને શ્રી જૈનમંદિરો અને મૂર્તિઓથી ભૂષિત કરી દે છે. જન્મ થતાં ઉત્સવ થાય કે ન થાય, જન્મવું એ તો પૂર્વકર્મની ચેષ્ટા છે, પરંતુ જન્મ્યા બાદ જો જીવતાં આવડે, તો સ્વજીવન એવું સંસ્કારી ઘડાય છે કે–એ વ્યક્તિ જીવનથી મુક્ત થાય છતાં પણ સજીવન છે–એમ કહેવાય.

કવિઓ તો કહે છે કે–જીવતાં જે નરો પણ મરેલા છે કે માત્ર પાપાચરણમાં જ રક્ત છે અને મરેલા પણ મહાશયો જીવતા છે, કે જે નરો ધર્મ કરીને અને સુકાર્યો આચરીને ઉજ્જવળ જીવન જીવેલા છે.

માનવજીવનમાં જન્મીને માનવતા મેળવી ચૂકેલા જ સાચા માનવો છે. બાકી માનવની આકૃતિમાં રહેલા માનવતાને ગુમાવી બેઠેલા માનવો પશુઓ જેવા કેમ ન ગણાય? કવિઓ તો પૂછડાં અને શીંગડાં વગરના જાનવરોની ઉપમા, દાન, જ્ઞાન, ધ્યાન, સદાચાર અને વિવેક–વિનય વગરના માનવોને જ આપે છે. તો પછી સંસારમાં માનવો સાચા માનવ તરીકે કયા ગણાય? સાચા માનવો બનવાના સાધનો કયાં હોય? સાચા માનવનાં ચિહ્નો,

વાણી, વર્તન અને અભ્યંતર દશા કેવી હોય ?–એ પણ શાસ્ત્રોમાં કથિત છે.

માનવતાને મેળવવાનુ માણેકચોકનું બજાર તો સંત-સમાગમ જ છે. સંતોની છાયાની અને સંતોની વાણીની જેઓને પુણ્ય પળ સાંપડેલી છે, તેઓ જરૂર થોડે-વધતે અંશે માનવતાને મેળવે જ છે. મુક્તિમહેલની સહેલ કરવાની ચીઠ્ઠી ફાડી આપનાર અને મુક્તિની સરલ કેડીનો પંથ બતાવનાર, સંસારમાંય ઉચ્ચ જીવન જીવતાં શીખડાવનાર સંસ્કારી શિક્ષકો, નિઃસ્વાર્થવૃત્તિથી સ્વ–પરના કલ્યાણચિંતકો, ઊંડા અનુભવજ્ઞાનના નિધિ સમા સજીવનપણે બોલતાં પ્રશસ્ત પુસ્તકો, પ્રગતિશીલ–વિના ઠેલે આપોઆપ ચાલતાં લોકોપયોગી પુસ્તકાલયો, મિશનરીની જેમ એકીસાથે હજારો માનવોનાં હૈયામાં ધર્મપ્રવૃત્તિઓના ચક્રોને ગતિમાન કરાવનાર કમાન્ડરો અને આજના અચંબાભર્યા અટપટા અંધારિયા યુગમાં ભૂલેલાને પંથ–દીવો ધરનારાઓ જો કોઈ હોય, તો તે ખંતીલા, ત્યાગનિધીશ્વરો સંતો–નિર્ગ્રન્થો જ છે.

સંતસેવાના જિજ્ઞાસુઓ, સંતસેવાર્થીઓ, રોજબરોજ નવનવા સંસ્કારો સર્જનારાઓ, ઉચ્ચ ભાવનાઓના અમૃતનું પાન કરી તૃપ્ત થયેલાઓ અને પરમાર્થ કરવાની પળને મહોત્સવ માનીને વધાવી લેનારાઓ આ સંસારમાં આદર્શજીવીઓ ગણાય છે.

દુનિયામાં અનંત જન્મો થયાં અને થશે, પણ પણ જીવન સફળ થયું ત્યારે ગણાય, કે જે જીવન

મંગલ રૂપ હોય. અર્થાત્ એવા અનુકરણીય જીવનથી જીવતો અને હજારોને આશીર્વાદ તથા મંગલપ્રવર્તક રૂપ હોય, તે જ જીવન સફળ ગણાય. કેટલાકો એવો પ્રશ્ન કરે છે કે-જીવન સફળ તો હોય અને મંગલ રૂપ પણ હોય, પરંતુ મરણ મંગલ રૂપ કેવી રીતે ગણાય? કેમ કે-ઉત્તમ આત્માઓ અને પરમાર્થી મહાપુરુષો હજારોને ઉપકાર કરતાં હોય, તેઓ જો માનવજીવનથી અલોપ-અદૃશ્ય થઈ જાય, તો ખેદ કે ઉદ્વેગ જ પેદા કરાવે છે. હવે એ મહાપુરુષોના મૃત્યુને મંગલ રૂપ કેમ કહેવાય? પૃચ્છકની આ વાત કંઈક અંશે ઠીક છે. જે મહેલ સંખ્યાબંધ માનવીઓનો આશ્રય હોય અને તેઓ સુખચેનથી જીવન વીતાવતા હોય, તે મહેલ એકાએક જમીનદોસ્ત બને તે કોઈનેય પ્રિય કે હિતકતો ન જ લાગે. પરંતુ એટલુ ચોક્કસ છે કે-તે મહેલ ભલે જમીનદોસ્ત થયો હોય, પણ તે પ્રશંસાપાત્ર તો હતો જ, કેમ કે-ઘણાઓને તે ઉપયોગી હતો-ઘણાઓના જીવનના આધારભૂત હતો.

કવિઓએ ઘણો અનુભવ અને શાસ્ત્રોના અવગાહન કર્યા બાદ એક સૂત્ર એવું નિર્માણ કર્યું છે કે-'मंगलं मरणं यत्र, सफलं तत्र जीवनम्' કોઇ માનવો મરતી વખતે પગ ઘસે છે, હાયવોય કરીને સેંકડોને રડાવે છે, તેઓ પોતે રડે છે અને ભયંકર રોગોના શિકાર બનીને-વલોપાત કરીને તે બીચારાઓ દુર્ગતિમાં જાય છે. કેટલાક સંસ્કારી માનવો જીવતાં પ્રસન્ન હોય છે અને મરણ સમયે સમાધિમાં રહે છે. તેઓ શાન્ત અને પ્રસન્ન મનથી

માંદગીને સહે છે, તેમજ પ્રભુસ્મરણ તથા ઉચ્ચ ભાવનાઓની એકધારી ઝલક સેવે છે. આસપાસના માનવો આ આદર્શ વર્તન જોઈને, 'ધન્ય મૃત્યુ'ના પોકાર કરે છે. આવા મૃત્યુને મંગલ મરણ કહેવાય છે. જે જીવનમાં લાંબા કાળ જીવ્યા પછી મૃત્યુ પણ આવું મંગલમય થાય, તે પુણ્યશાળી જીવોનુ જીવન સફલ, સાર્થક અને પ્રશંસનીય કહેવાય છે. મંગલ મરણવાળું જીવન ધન્ય-પુણ્ય, પ્રશંસનીય, આદરણીય, ચિરસ્મરણીય, વંદનીય, ધર્મ્ય અને મંગલમય જ કેમ ન કહેવાય ? સૌ કોઈ એવા મંગલમય સફલ જીવનને જીવતાં શીખવા માટે પ્રયાસ આદરે !

卐

પુણ્યપાથેય.

જંજાળી જીવડો ભાવી કાળને ભૂલીને વર્તમાનના વિલાસોનો કીડો બની જાય છે. વિલાસકીડો જીવલડો બીચારો આવતી કાલના કાળપજાને વિસરીને મનમાન્યા ભોગો ભોગવે છે અને મનમાની મોજ ઉડાવે છે પણ આવતી કાલની સગવડ રાખીને જ મુસાફરી કરવી એ ચતુર મુસાફરનું કર્તવ્ય છે

ભાવિ માટે પુણ્યપાથેય પ્રબલ કરો, કે જેથી ભાવિની મુસાફરી સુખ રૂપ નીવડે. વનવગડાના પંખીઓ પણ વર્ષાઋતુ આવતા પહેલાં મંળાઓ બાંધી દે છે. જો વાંદરાઓ કાંઈ કરતા નથી, તો તેઓ વરસાદમાં કંપે છે અને કેટલાય મરી જાય છે. હે માનવી ! તું પંખીઓથીય શું કમઅક્કલ છે ?

બુદ્ધિથી જન્મે છે, જ્યારે સંશયવાળી મતિ કુતર્કોને જન્મ આપે છે, તેમજ પોતાની જાત ઉપર પણ અવિશ્વાસુ બનાવે છે અને 'હું છું'–એવી જે ભાવના છે તે પણ લોપાય છે. એ કુતર્કોના પ્રભાવે અંતે નાસ્તિકવાદનુ મોજું ફરી વળે છે અને સુભાવોને ગુંગળાવે છે. 'આત્મકૃતિ' આત્માને સંસારમાં કોઈએ બનાવ્યો છે કે તે આપોઆપ છે? કોઈ પણ પદાર્થ ઉત્પત્તિ સમયે કર્તાની અપેક્ષા રાખે જ છે, તો કર્તા વિના આત્મા જેવી મહાન-મહત્ત્વપૂર્ણ વસ્તુ હયાતિમાં કેમ આવી? જરૂર! પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ જેવી જનોપકારી વસ્તુઓ કોઈ મહોપકારી–મહાન તેજોમયી વ્યક્તિએ જ બનાવેલ છે. એક ઘટ જેવી માસુલી વસ્તુ પણ કુંભાર દ્વારા જ બને છે, તો પછી અનન્યતમ–મહાન પદાર્થોને પણ કર્તાની પૂરેપૂરી અપેક્ષા રહેવી જ જોઈએ.

આજે આર્યાવર્તના અનેક ધર્મદર્શનો, સંસારનો આદિકર્તા કલ્પે છે અને આદિકર્તા કલ્પીને અખિલ સંસારની વ્યવસ્થા યોજવામાં ઈશ્વરને સર્વવ્યાપી અને સર્વસંચાલક એક કારીગર રૂપે માને છે. અનંત, સદા શાન્તિધામ. નિવૃત્તિ, અકર્મા, અનીહ, અમમ, નિર્દોષ અને કૃપાસિંધુ ભગવાનને માનીને તેઓને સંસારવ્યવસ્થાની ખટપટ કરનાર એક સૂત્રધાર કલ્પી નાખવો, એ તો સાચે જ મુક્ત આત્માને બલાત્કારથી બંધનના ભારે જોખમમાં ઉતારવા જેવુ છે.

એક વિદ્વાને એક વ્યક્તિને કહ્યું કે–'ભાઈ તમે

આજે બહુ જ ખુશ લાગો છો! આજે તમારા ગૃહાંગણમાં બેન્ડવાજાં વાગે છે, તમારા મહોલ્લામાં ધવલમંગલ ગવાય છે, ત્યાં સૌ કોઇને પ્રસાદ વહેંચવામાં આવે છે તથા તમારા મહોલ્લામાં ધજાઓ અને તોરણો ફરકે છે, આનુ શુ કારણ?' પેલા ભાઈએ જણાવ્યું કે-'શું તમો નથી જાણતા કે-મેં અનેક વર્ષોની આશા સેવ્યા બાદ મારે ત્યા એક પુત્રરત્ન પરમાત્માએ આપ્યો છે. તે એવો ભવ્યાકૃતિવાળો, તેજસ્વી અને અજબ પુણ્યનિધિ છે, કે જેને જોતાંવેત જ અમો પરમાત્માનો મોટો પહાડ માનીને, જન્મમહોત્સવ ઉજવવા માટે તૈયાર થયા છીએ અને તે ઉજવીએ છીએ.

બાદ વિદ્વાને કહ્યું કે-'આજ સુધી શું પરમાત્મા અકૃપાળુ હતા કે તમોને આશાની ઊંડી ખાઈમાં ઉતાર્યા?' પછી પેલા ભાઈએ કહ્યુ કે-'ના, ના! મારૂં પુણ્ય એવું નહિ હોય કે પરમાત્માની મહેરબાની થાય!'

વિદ્વાને જણાવ્યું કે-'જો તમારે ભાગ્યાધીન જ ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ અને નાશ માનવો હોય, તો પછી પરમાત્માને શા માટે વચ્ચે સડોવો છો? જો તમો શુભ કાર્યો કરો, તો તમોને ઉત્તમ પદાર્થો સાંપડશે જ અને અયોગ્ય વર્તનથી જો તમો કુકૃત્યો કરશો, તો તમોને ઈષ્ટ પદાર્થો મળ્યા હશે તે પણ નાશ પામશે જ.'

'વાહ તમો તો પરમાત્માને પણ માનતા નથી.' -એમ વિદ્વાનને પેલી વ્યક્તિએ જણાવ્યું.

ત્યાર બાદ વિદ્વાને કહ્યું કે–' ભાઈ, પરમાત્માને અમો વિદ્વાનો માનીએ છીએ, પરંતુ આવી રીતે સુખ-દુઃખ આપનારા, વિશ્વની અગાધ યોજનાની ગુંચમાં ગુંથાયેલા કે બાલીશ ક્રિયા કરનાર પરમાત્માને અમો માનતા નથી. પરમાત્મા તો પરાકાષ્ઠાની સીમાએ પહોંચેલા હોય છે અને છે. જો ભક્તો તેઓનું ધ્યાન ધરે, તેઓના ઉત્તમ ગુણોની સ્તવના કરે અને ઉત્તમ ચરિત્રોને અનુસરે, તો જરૂર ધીમે ધીમે ધ્યેય, પૂજ્ય અને પરમાત્મ-પણાને મેળવે છે.'

પછી એ જ વિદ્વાન એક ગૃહસ્થના ગૃહાંગણમાં ગયો. ત્યાં સેંકડો માનવો વિલખા મુખે ભેગાં થયેલા તેણે જોયા. ત્યાં અનેક માનવો મોટા અવાજથી રૂદન કરે છે. કેટલાક તો મૂર્ચ્છા ખાઇને જમીન ઉપર પટ-કાયેલા છે, કેટલાક તો તેઓને શાન્ત વચનોથી દિલાસો આપે છે અને કેટલાક નવા માણસો પણ તે ટોળામાં જમા થાય છે.

વિદ્વાને તેઓને પૂછ્યું કે–' એવો તે શું જુલમ થયો છે કે–આટલો કકળાટ અને આર્ત્તધ્વનિ નીકળે છે?' તેઓએ જણાવ્યું કે–' અમારા ગામના નગરશેઠનો મોટો એકનો એક છોકરો પરમાત્માએ હરી લીધો. અરે! ભગવાનને શું સુઝ્યું કે–આવા ધનવાન શેઠને ત્યાંથી એકાએક રત્ન જેવા છોકરાને લઈ લીધો? અરે, ભગ-વાનની મતિમાં પણ વિભ્રમ થતો દેખાય છે!'

આકાશ, પાણી અને બ્રહ્મા નીકળ્યા, બ્રહ્માની નાભિમાંથી કમળ અને તે કમળમાંથી શ્રી કૃષ્ણ ઉત્પન્ન થયા તથા તે પછી કૃષ્ણજીએ અખિલ સર્જન કર્યું. આવી પણ કેટલાકોની માન્યતા છે. વળી કોઇક અલ્પજ્ઞ કહે છે કે–સમુદ્રમાંથી માછલાં બન્યા અને માછલામાંથી માનવી સર્જાયા. કેટલાકો કહે છે કે–વાંદરાઓ ઈશ્વરે બનાવ્યા અને તેમાંથી જગતની ઉત્પતિ સર્જાઈ. આવી અનેક કલ્પનાઓ વેદને માનવાવાળા ઉપાસકોએ ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાંથી ટાકી છે, પણ એકધારી માન્યતા એક શાસ્ત્રના ઉપાસકોમાં દેખાતી નથી. આ તો સો મૂર્ખના સવા સો મતો જેવી એક અમાન્ય અને અશ્રદ્ધેય કલ્પનાઓ છે. સર્વજ્ઞો જે કથે છે, તે એકધારૂ બને છે. તેમાં પરસ્પર એકબીજા મ તવ્યોને બાધા ન પહોંચે તેવું હોય છે.

કોઈ પણ પ્રશ્ન કરી શકે છે કે–દુનિયા ક્યારની છે ? તો તેનો જવાબ ચાલુ દલીલોમાં એવો અપાય છે કે–પહેલાં ઇંડુ કે મરઘી ?, પહેલાં વૃક્ષ કે બીજ ?, પહેલાં કેરી કે ગોટલો ? અને પહેલો બાપ કે બેટો ? આના જવાબનો અ ત કોઈ પણ દિવસે આવી શકતો નથી. આને જ્ઞાનીઓ અનાદિ કહે છે. દુનિયાની ઉત્પત્તિની બાબતમાં પણ પહેલુ કોણ ? આના જવાબમા કેટલાકોએ કહ્યુ કે–પહેલા ઈશ્વર હતા અને તેઓએ કરૂણા કરીને જગતને રચ્યું. કેટલાકો કહે છે કે–ઈશ્વરને એક લીલા–ક્રીડાનુ દિલ એકાએક થઈ આવ્યું, કે જેથી લીલા માત્રથી સંસારનું સર્જન કર્યું. ભલા, આ બન્નેય જવાબો બ ધ-

બેસતા નથી, કારણુ કે–કોઈ માનવી જ જો ન હતો, તો ઈશ્વર કયી જાતિની વ્યક્તિ હતી ? અનંત સુખગામી ઈશ્વરે કોના ઉપર કરૂણા કરી ? કારણ કે–કોઈ દુઃખી ન હતું અને જગત પણ ન હતું, તો કોઈ વસ્તુના અભા-વમાં કરૂણા, નિરાધાર લખડી જ પડે ને ? પ્રભુની લીલાથી શું સંસાર સર્જ્યો ? વાચકો વિચારો કે–લીલા–ક્રીડા એ તો અજ્ઞાનજન્ય બાલબાલીશ ચેષ્ટાઓ છે. ઈશ્વર જેવી તેજોમય વિભૂતિ ક્યાથી જન્મી ? સમર્થોને જો મામુલી અને ક્ષુદ્ર પ્રાણી જેવાં દોષો વળગતાં હોય, તો પછી તે મહાન વ્યક્તિ ક્યાથી ગણાય ? મહાપુરુષોની લીલાના પ્રતાપે અનેક જીવાત્માઓ સંસારના દાવાનળમાં બળતાં થયા અને માયારાક્ષસીના ભક્ષણ બન્યા, એવુ તો બને જ ક્યાથી ? મૂર્ખજનો સ્વમતની સિદ્ધિ કરતાં, અપોહ શૈલિથી સ્વ–ઈષ્ટદેવને પણ દૂષિત, કલંકિત અને અપમાનીત કરે છે. જો ઈશ્વરને નિરાકાર, નિર્ગુણ અને નિર્મમ માનતાં હોય. તો તે ઇશ્વરથી સાકાર અને ઈચ્છાપ્રેરિત સંસાર જન્મે જ નહિ. આવું તો એક મામુલી મતિવાળો પણ સમજે. આકાશથી કુસુમ પેદા ન જ થાય.

કોઇ બાપ પોતાના પ્રિય પુત્રને ઊંડા ખાડામાં નાખી દારૂણ દુઃખ આપે અને પછી પુત્રને લલકારે કે–તુ મૂર્ખ છે, મૂઢ છે, કેમ ખાડામાં પડ્યો છે ? બહાર આવ, મને ભજ, મારૂં પૂજન કરી નિષ્કામ મારી ચિંતવના કર, હુ તારો ઉદ્ધાર કરીશ અને હું કરૂણાવંત ભગવત છું. તે પુત્ર પિતાને એમ જ જણાવે છે કે–તને

મારા હિતૈષી પિતા નથી, દુશ્મન છો, મને ઊંડા ખાડામાં તમે ઉતાર્યો અને હવે બહાર કાઢવા માટે ખાલી માન-પૂજાની તુચ્છ અભિલાષા સેવો છો. ભગવાને જગજંતુઓને મોક્ષમાંથી સંસારમાં ઉતાર્યા અને પછી વૈકુંઠમાં બોલાવવા માટે પંથ બતાવે છે કે–હે માયાવીઓ ! જો મને ભજો અને માયા તજો, તો તમો પણ મારા જેવા થશો.

વિચારો કે–ઘર સળગાવીને જેમ દુશ્મનો ઘર ઓલવવામાં ભેગાં મળી જાય છે, તેમ ઈશ્વર પણ સંસારને સર્જી અને અનંત આત્માઓને તેમાં ગુંચવીને હવે કોકડું ઉકેલવાનો રસ્તો બતાવે છે, એ કોઈ પણ બુદ્ધિશાળી માને ખરો ?

સંસાર છે, છે ને છે. તેનો એ સ્વભાવ છે અને સકર્મી આત્માઓ સ્વસ્વ કર્માનુસાર ગતિચક્રોમાં ભમે છે, સુખ-દુઃખની પરંપરા મેળવે છે અને ઉચ્ચ કક્ષાઓની ક્રિયાઓ કરતાં ધીમે ધીમે નિર્લેપ બને છે. બાદ તેઓ મોક્ષસ્થલ અને સિદ્ધિપદ સ્વતઃ પામે છે. તેમાં કાંઈ કારીગર કે અન્ય સત્તાને સંડોવાવાની જરૂર નથી શ્રી સર્વજ્ઞ ભગવાનો પણ આત્માને જ આત્માનો ઉદ્ધારક કહે છે.

શત્રુ અને મિત્ર પણ આત્મા જ છે. અન્ય તો ક્ષણિક નિમિત્તો છે. કેટલાક નિમિત્તો શુભ અને અશુભ હોય છે શુભ નિમિત્તો આત્માને સાધનામાં અનુકૂળતા કરી આપે છે.

卐

કવિ અને કવિતા.

માનવસંસ્કારની પ્રતિમા, માનવીઓના મગજની પ્રતિભા અને માનવીઓના કોમળ કર્કશતાવાળા હૈયાની ચિરસ્મૃતિ જીવંતમૂર્ત કવિતાની તિજોરીમાંથી મળી આવે છે. યુગપલટાઓની સાથે જીવનસંસ્કાર-પ્રવૃત્તિઓના પલટાઓ થતા જાય છે. એ પલટાઓની આછી રૂપરેખાઓ આધુનિક કે પ્રાચીન કવિ મહંતોએ જુદી પાડી છે. કવિ અને કવિતા ઉભયનો સંબંધ અવિચ્છિન્ન ચાલ્યો આવે છે. કવિને જો જનક માનીએ, તો કવિતા પુત્રી છે. કવિને જો પતિ માનીએ, તો કવિતા રામા છે અને એ બંધબેસતો કાયદો છે.

હૃદયના વિચારોને શબ્દ દ્વારા ગુંથતાં લેખ બને છે. કવિને હૈયાના ઊંડા ભાવો કવિતામાં કહેવા સુગમ પડે છે કવિ મનોભાવને સર્જી અને શોભા રૂપ બનાવી, વિશ્વના પ્રવાહમાં હોડકાની જેમ વહેતા મૂકે છે. ધીવરો એ સુકાની હોડકાના માલિક બનીને, સૃષ્ટિસૌન્દર્ય રૂપી નદીની નીલી લહેરિયો ઉપર તેને હંકારે છે અને અનેક મોજ-પ્રમોદની દિશાઓની સફર સાધે છે આજે સંગીતભંડાર પણ સમૃદ્ધ બનતો જાય છે. કવિઓ પણ અનેક વિષયોના માર્ગદર્શકો કે વિકાસકો બનતાં જાય છે દેશ, સમાજ, ધર્મ, શૃંગાર, સંસ્કાર, શિસ્ત, સિદ્ધિ, એવા

હોય અને કવિતા સુંદર હોય, પણ ગાયક બરાબર ન હોય અને બેસુરૂ કે બેતાલુ ગાય, તો કવિ અને કવિતાની કિંમત ઓછી કરાવે છે. કવિ, કવિતા અને ગાયક–એ ત્રણેય ઉચ્ચ કક્ષાનાં હોય, પણ સભા જો અણુસમજુ અને અબૌદ્ધિક હોય, તો ત્રણેય બીચારા મૂલ્યાકન વગરનાં રહે છે. અજ્ઞાન સભાને ખુશ કરવા, મુગ્ધ કરવા કે એકતાન કરવા માટે બેસૂરો અને બેતાલો ગાયક પ્રશંસાનાં પુષ્પો તો વેરાવે છે, પરંતુ સર્વાંગસુંદર તાલો જો સઘળાય સુજ્ઞાની હોય, તો જ સમજે છે.

પ્રત્યેક માનવીના જીવનને ગીત નૈસર્ગિક આનંદ આપનાર હોય છે. કોઈને દુઃખમાંથી અને કોઈને સુખમાંથી ગીત જન્મે છે. હવે, કવિતાની મતિ જેઓમાં હોય તેઓ જીવગીતને કવિતાથી ગુંથે છે અને જેઓમાં કવિતાશક્તિ હોતી નથી તેઓ બીનઅર્થી ગીતો ગાય છે.

કવિતાઓ બનાવે એ સઘળાય કવિ હોતા નથી, કારણ કે–જેને જે સમયે જેવી જેવી જાતનાં પ્રસંગો હાથમાં આવે, તેવી તેવી ઉર્મિઓ કવિતા રૂપે દેહ ધારણ કરે છે. વ્યવહારિક કાર્યોમાં કેટલીક સ્ત્રીઓ પણ એવાં ગીતો રચી નાંખે છે કે–તે સાંભળનારાઓને દિલમાં જબ્બર વેધકતા પેદા થાય અને વાહ–વાહના પોકારો ત્યાં થાય. હવે કવિ એવાં ગીતો બનાવે છે, કે જેમાં શાબ્દિક સૌષ્ઠવ, ભાષાની ભવ્યતા, પ્રાસંગિક પ્રયોગો અને બુદ્ધિની બીરાદરતા ઝળકે છે, પણ ગાવાવાળો જો એકતાન હોય તો જ તે પ્રિય

લાગે છે. જ્ઞાનીનું સાહિત્ય આજ્ઞાનીઓને ગમે નહિ અને
અજ્ઞાનીઓએ સર્જેલુ સાહિત્ય જ્ઞનીઓને ગમે નહિ. જેને
જે પ્રિય લાગે અને જેમાં જેના ભાવોની જાગૃતિ થાય, કે
જેથી કવિના ભાવો સાભળનારાઓને રંગી નાખે, તે જ
કવિતા હાર્દભરી, દર્દભરી અને રસપ્રદ મનાય છે. ટીકા–
ટીપ્પણો તો ટીકાકારો જ કર્યા કરે અને ધમધોકાર સાહિત્ય
સર્જાતું જ જાય. કવિઓ મોટા ભાગે સર્વજનોપયોગી
સાહિત્ય વિપુલ રૂપે સર્જી ગયા છે અને સર્જે છે

સંસ્કૃત કવિઓ અને ભાષા કવિઓ છદોમય કવિ-
તાઓની રચના કરે છે, કે જેથી કવિતાઓ સર્વને પ્રિય
થઈ પડે છે. તો પછી કવિ અને કવિતા બન્નેય સમા-
જના અમર પ્રાણ કેમ ન કહેવાય ? જ્યાં સુધી કવિતા
સસારમાં અસ્તિત્વ ધરાવે છે, ત્યાં સુધી કવિને જીવત
કેમ ન મનાય ? ટૂંકમાં કવિ બનનાર બંધુને અને
કવિતા વાચનાર મહાશયને કવિ અને કવિતાનો કંઇક
ઓછો ખ્યાલ કરાવ્યો છે. આ વિષયને ઘણો જ સ્પષ્ટ
અને સુદર કરીને એક સ્વતંત્ર પુસ્તક બહાર પાડવાની
જરૂર છે, કારણ કે–આજે કવિ અને ગાયકો ઘોકબધ
ઉભરાય છે, જેથી તેઓનો માર્ગ મોકળો થાય. કવિગણ
સસારનો એક ઉપાસક દેવ મનાય છે. દેવની ઉપાસના
વિવિધ રીતિઓથી થાય છે. કવિવર્ગની કૃતિસ્મૃતિઓ
સર્વ સ્થળે આદર અને ગૌરવને મેળવે છે.

卐

ઐક્યતાનો સંદેશ.

સમાજના મોવડીઓ જાગે અને પોતાની શક્તિઓનો સદ્વ્યય કરીને, હાલમાં શાસનના થતા છિન્નભિન્ન ભાગલાઓને સાંધે. જો તે ભાગલાઓને સાંધવામાં નહિ આવે, તો ધીરે ધીરે પણ ઘણી અવદશાનો અનુભવ સૌ કોઈને કરવો પડશે જ. આપણે જાણીએ છીએ કે–પચાસ વર્ષ પહેલાં સમાજની જે ઉન્નત દશા હતી, જે શ્રદ્ધા હતી અને જૈન બંધુઓને વધારવાની કે નવા જૈન બનેલાઓને અપનાવવાની જે તીવ્ર લાગણીઓ હતી, તે આજે કયાં છે ?

મને તો એમ લાગે છે કે–આજે સમાજના નેતાઓ કંઈક પ્રવૃત્તિઓ કરે છે, તેમાં કેટલેક અંશે હુંસાતુંસી અને માત્ર એક પક્ષ બીજા પક્ષને નીચું જોવડાવે એવી મનોમલિન વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ દેખાય છે. સાધુ-સંખ્યા પણ પહેલાં કરતાં મોટા પ્રમાણમાં વધેલી છે અને સમૃદ્ધ ગૃહસ્થોની સંખ્યા પણ અધિકાધિક વધેલી દેખાય છે, પણ સમાજનું નિશ્ચિત બંધારણ ન હોવાથી સૌની શક્તિઓ ટૂંકા ક્ષેત્રમાં કામ કરી રહી છે. સમાજના ભાગલાઓનું જો બંધારણપૂર્વક જોડાણ થાય, તો સમાજના પ્રત્યેક કાર્યને કેન્દ્રિત બનાવી એક મંડળ દ્વારા તેનું નિર્માણ થાય. સૌ કોઈ જો યથાશક્તિ વર્તન જમાવે, તો જૈન સંસ્કૃતિના શણગારભૂત પ્રાચીન સાહિત્ય

પેઢી છે. પરંતુ જે દહેરાસરો પેઢી નીચે નથી અને આશાતના ટાળવાની તથા જિર્ણોદ્ધારની કોઈને પડી નથી, તેવાં દહેરાસરોને, ગામના કે નજીકના સંઘોએ તે પેઢીને સુપ્રત કરી દેવા જોઈએ. જે મંદિરમાં લાખ્ખોની મીલકત હોય, તે પણ ઉચિત સ્થળોમાં વ્યય કરવાની પ્રત્યેક સંઘ તરફથી પેઢીને સત્તા સુપ્રત કરવી જોઈએ અને તીર્થોની વ્યવસ્થા પણ ઉક્ત પેઢીએ સંભાળી લેવી જોઈએ. તીર્થમાં આજે લાખ્ખોનુ ભંડોળ હોય છે, જ્યારે બાજુના અન્ય તીર્થમાં પૂજારીનો પગાર પણ પૂરો આપવા માટે હોતો નથી, તો તેમ ન જ બનવું જોઈએ. દેશ–પ્રદેશના પ્રવાસીઓને આ બાબતનો ઘણો અનુભવ હોય છે. તીર્થની આશાતનાઓ જોતાં હૈયાં રડી ઉઠે છે. કોઈ પણ તીર્થમાં જ્યારે સદ્‌ગૃહસ્થો જાય કે મોટા પૂજનીય આચાર્ય મહારાજ પધારે, ત્યારે ત્યાંની વ્યવસ્થા કેવી છે તે બરાબર જુએ છે અને ગજબનો ખેદ અનુભવે છે. આ સઘળી વ્યવસ્થા સમાજના ભાગલાઓનુ ઐક્ય થતાં સુલભ જ છે આ ભાગલા પડતાં ઘણી ખેદજનક દશા પણ અનુભવાય છે, અને તે એ કે–જેઓને ન્હાવા–નીચોવવાનુ નથી, તેમજ સ્વચ્છંદ અને ઉદ્દામ પ્રકૃતિવાળાઓ છે, તેઓને તો ભાગલા એટલે પૂજાવાની અને માન મેળવવાની પોતાની સ્વચ્છંદતાને પોષવાની સુંદર તક છે. કોમવાદના હુલ્લડોમાં ગુંડાઓને દીવાળી હોય છે. લૂંટફાટ, ખૂન અને દુશ્મનોને રંજાડવા વગેરે કોમી ધગશ વિનાનાઓ પણ સ્વસ્વાર્થસિદ્ધિ માટે કરી બેસે છે. આપણા જૈન

વાસ્તવિક તે પરલોકગામી કે પરલોકથી આવેલ આત્મા જ નથી. જો આત્મા જ નથી, તો મોક્ષ કોનો? પાપ-પુણ્યનો પરલોકમાં ભોક્તા કોણ થશે? આકાશ-કુસુમની જેમ આત્મા જ નથી, તો પછી સુખ અને દુઃખના કારણ રૂપ પુણ્ય અને પાપ જેવાં તત્ત્વો જ ક્યાં રહેવાના?

સંભિન્નમતિઓ દલીલ કરતાં જણાવે છે કે-બ ધો! જો પુણ્ય અને પાપ જેવાં તત્ત્વો માન અને અપમાનમાં, તેમજ સ્વાગત અને તિરસ્કારમાં કારણ બને છે-એમ માનવામાં આવે, તો વિચારો કે-એક ખાણમાંથી નીકળેલા બે પત્થરોમાં એક પત્થર પગથિયામાં લોકોની ઠોકરો ખાય છે, જ્યારે એક પત્થર મૂર્તિસ્વરૂપે શ્રદ્ધાળુ પ્રાણીઓથી ત્રિકાળ પૂજાય છે. એમાં શુ પુણ્ય-પાપ છે? તે જડ હોવા છતાં ભિન્ન ભિન્ન અવસ્થાઓ ત્યાં પણ અનુભવાય છે. એવા જડ વસ્તુઓનાં અસખ્ય દષ્ટાન્તો આત્માનો અભાવ પ્રગટપણે સિદ્ધ કરી આપે છે. માનવોનો જન્મ અને મૃત્યુ પુણ્ય-પાપના અનુબંધથી થાય છે-એમ કહેશો, તો જણાવો કે-પત્થરનો કયા કર્મથી વિલય થાય છે?

ચેતનાશક્તિ જ્યા સુધી હયાત હોય છે, ત્યા સુધી તે શક્તિ અનેક ભોગો, વિલાસો અને આનંદ ભોગવે છે તથા તેનો નાશ થતા આપોઆપ સહકારી ભૂતો અક્રિય બને છે. લોકો કહે છે કે-પુનર્જન્મ થયો-મૃત્યુ થયુ, તો સ્પર્શેન્દ્રિય દ્વારા કોમળ સ્પર્શોના ભોગોથી આનંદ લૂટો! અમૃત જેવાં ભોજનો ખાઈને અને પીણાં પીને રસને-

સુખી, હું દુઃખી–એવી ભિન્ન ભિન્ન લાગણીઓ પ્રાણીઓને શાથી થાય છે? જેમ અગ્નિમાં દાહકગુણ છે તો સર્વ સ્થળે તે દાહકગુણને અભેદપણે જ વળગી રહે છે, તેમ ચેતનાશક્તિ, ભૂતોનો ગુણ માનીએ તો દરેક આત્માને-ચેતનાનો એકસરખો જ સ્વભાવ હોવો જોઈએ, પણ તેનો તો ઉલટો અનુભવ થાય છે. વળી ભૂતોના સમુહથી જ જો ચેતના પેદા થયેલી માનીએ, તો ભૂતો જગતના સર્વ સ્થળે ભમે છે. આપોઆપ ચેતનાશક્તિ પણ દેખાતી નથી. આત્મા શરીરથી ભિન્ન છે. પરલોકમાંથી તે કર્તાનુસાર ગતિ મેળવે છે. પુણ્ય–પાપના ફળ રૂપે સુખ–દુઃખનો અનુભવ પણ આત્મા જ કરે છે. કર્મોનો કર્તા-ભોક્તા પણ આત્મા જ છે. બુદ્ધિના વ્યવસાયથી પણ જ્ઞાત થાય છે કે–આત્મા છે. ' रथगत्येव सारथिः रथ। ' માર્ગમાં જો રથ ચાલતો હોય, તો તેનો હાંકનાર સારથિ છે–એમ અનુમાન થાય છે. તે રીતે આત્માની સિદ્ધિ માટે પણ અનુમાન પ્રબળ ગણાય છે, કારણ કે–દુઃખ કોઇને પ્રિય નથી અને સુખ કોઈ પણ છોડવા ચાહતું નથી. માત્ર સંયોગવિવશ સુખ છોડવું પડે છે અને દુઃખ વહોરવું પડે છે. જો ભૂતગણ માનીએ, તો દુઃખ–સુખની લાગણી ભિન્ન ન થાય. પૂર્વજન્મની આત્મશક્તિ જો ન માનીએ, તો તરતનુ જન્મેલુ બાળક સ્તનપાન કરવા લાગે છે, તે પ્રતિકૂળતાના પ્રસંગે રડે છે અને તે ગીત અને હાલરડાં સાંભળતો પ્રફુલ્લિત રહે છે. આ સઘળુંય પૂર્વસંસ્કારનુ જ ફળ છે. એક બાળક કદ-

રૂપો, પાતળો, અંધો, પાંગળો અને જડબુદ્ધિ ધરાવે છે, તેમાં પણ પૂર્વસંચિત હોઈ શક્તિધારી આત્મા જ છે-એમ નક્કર સાબીત થાય છે. બાળવય, યુવાવસ્થા અને વૃદ્ધત્વ દશા પણ ચેતનાશક્તિને આઘાત-પ્રત્યાઘાત પહોચાડે છે, જેથી એ પણ કર્મનિદાન મનાય છે. જગતનો સર્વમાન્ય વ્યવહારૂ કાયદો છે કે-કારણમા જે ગુણ હોય છે, તેજ કાર્યમાં પેદા થાય છે જડમાંથી ચેતના પેદા ન જ થાય. જેમ કે-રેતીને પીલતા તેલ ન જ નીકળે, કારણ કે-તેલનુ કારણ તલ છે પણ રેતી નથી. એક તલમા પણ તેલનો અંશ હોય છે અને સઘળામાં તે હોય છે. જો ભૂતોનો ગુણ ચેતના માનીએ, તો ભૂતોના પરમાણુઓમા ચેતના પ્રગટતી દેખાવી જ જોઈએ. કદાચ માનો કે-તેમા શક્તિ ન દેખાય, પણ મોટા-મોટા અંશે પૃથ્વી, જળ, વાયુ અને તેજનાં તો શક્તિ પ્રગટવી જોઈએ, પણ એ અનુભવ થતો નથી

હિમાલય પર્વતની ઉત્તર તરફ પૃષ્ઠચંપાના રાજા શાલ અને મહાશાલ નામે બે ભાઈઓ, (૨૮) પુલાસપુરના વિજય રાજા, (૨૯) પ્રતિષ્ઠાનપુરના પ્રસન્નચંદ્ર રાજા (૩૦) હસ્તિશીર્ષ નગરના આદિત્યશત્રુ રાજા, (૩૧) ઋષભપુરના ધનાવહ નામના રાજા, (૩૨) વીરપુર નગરના વીરકૃષ્ણમિત્ર નામના રાજા, (૩૩) વિજયપુરના વાસવદત્ત રાજા, (૩૪) સૌગંધિક નગરીના અપ્રતિહત રાજા, (૩૫) કનકપુરના પ્રિયચંદ્ર રાજા, (૩૬) મહાપુરના બલ રાજા, (૩૭) ચંપાના દત્ત રાજા, અને (૩૮) સાકેતપુરના મિત્રાનંદી રાજા. તે ઉપરાન્ત અન્ય અનેક રાજાઓએ જૈન ધર્મ સ્વીકાર્યો હતો. પ્રભુ શ્રી મહાવીર ભગવાનનું ધર્મવર્ચસ્વ સઘળાય સુજ્ઞ રાજવીઓએ એવું તો દૃઢ અને ન્યાયી બનાવ્યું હતું, કે અન્ય મિથ્યામતિઓનું કાંઈ પણ ચાલી શકતુ નહિ. મિથ્યામતિઓ હૃદયથી ન્યારા હોવા છતા સત્તાના પરિબળે પણ ઉપર ઉપરથી જૈન ધર્મ સમજ્યા હતા. આજે પણ એ અમર સ્મૃતિઓ તે સમયના સર્જીત ગ્રંથો પોકારે છે અને વાચકોના હૈયાને ડોલાવે છે.

ઉદય પછી અસ્ત એ સાહજિક છે અને તે પ્રમાણે ઉન્નતિની પાછળ અવનતિ પણ ચક્રગત ફેરફાર થવાનો જ. આજના યુગનો વિચાર કરતાં કોને અફશોષ નહિ થાય? સમાજના અંગને પ્રાયઃ ઘણા સ્થળોમાં સડો પ્રસર્યો છે. સમાજનું કલેવર ક્ષીણ બનતું જાય છે. ઐક્યની ઉમદા ઉર્મિઓ શમતી જાય છે. અંતઃકરણની

ઈર્ષાએ હૃદયોને કલુષિત કરી મૂકયા છે. પુણ્યશાળીઓની પુણ્યપ્રભાને સહેવાનું બળ પણ ભૂંસાતું ગયું છે. વિઘ્ન-સંતોષીઓના અને હિતદ્વેષીઓનાં ટોળાં જ્યા-ત્યા ધર્મવિરોધ ઊભો કરી વિઘ્નો નાખતાં જાય છે કાર્યના ક્ષેત્રો વધ્યાં, પણ કાર્યકરોની અલ્પતા અને સંકુચિત મતિએ થોડામા ઈતિશ્રી માની લીધી છે. જે ક્ષેત્ર સીદાતુ હોય, તે ક્ષેત્રને પોષવાની અનિવાર્ય આવશ્યકતા ઊભી થઈ છે. જૈન સમાજનાં ઘણાં ક્ષેત્ર થોડે-વત્તે અંશે સીદાતા જ છે-એમ ચોમાસામાં ઘ્રીસંઘો ઉપર આપની માગ અને ટપાલ પૂરવાર કરે છે. દરેક ક્ષેત્રમા તોટો જ દેખાય છે, પણ સમૃદ્ધ કોઈ ક્ષેત્ર એમ નથી જણાવતુ કે-જેઓને જોઈએ તેઓ અહીંથી મંગાવજો. એવી નોંધ આજ સુધી મળી નથી. જૈન સમાજના દ્રવ્યવ્યયનો હિસાબ કાઢતા એક લેખકે જણાવ્યું કે-" ક્વે. જૈનોને પ્રભુમંદિરોની પૂજા ખાતે સાત કોડનો વાર્ષિક વ્યય થાય છે, તો અન્ય કાર્યોમાં કેટલો થતો હશે? એ સમજી શકશો." વ્યય તો અઢળક થાય છે. પણ કોઈ ક્ષેત્ર પુષ્ટ કે સમૃદ્ધ કેમ ન બન્યું? તેમજ કેટલાક [illegible] પ્રભુપૂજન માટે કેશર પણ નથી મળતું એક [illegible] વ્યાપક સમિતિની જરૂર છે અને તે [illegible] [illegible] [illegible] આશાતનાનિવારણ [illegible] [illegible] [illegible] જ છે. આવી અવસ્થા [illegible]

卐

સનાતન જૈનદર્શન.

આર્યાવર્ત એ ધર્મપ્રાપ્તિનુ કેન્દ્ર છે. જીવાત્માને કર્મની એવી સજ્જડ સાંકળ બંધાયેલી છે કે-કર્મની સત્તાવિવશ આત્માને અનેક ગતિઓમાં ગમનાગમન કરવું પડે છે. જીવ શુભ ગતિ અને અશુભ ગતિના ઉદયમાં ઉચ્ચ અને નીચ ગતિઓ મેળવે છે, તે ગતિઓના સુખ-દુઃખોને વેઠે છે અને ગમનાગમન કરે છે. ધર્મશાસ્ત્રો તો કથે છે કે-અનંતકાળથી જીવો 'સંસારી'ની છાપથી ઓળખાય છે અને સંસારમાં ભ્રમણ કરે છે. એની આદિ નથી. જો સંસારસર્જકની કલ્પના કરીએ, તો વિશ્વઘટનામાં ભારે ગુંચવણ થતાં વિચાર-કોકડું ગુંચવાઈ જાય તેમ છે. સર્જક સિવાય ન જ બને ! ન જ ઉદ્ભવે !-એવો નિબંધ જો લખી નાખીએ, તો સર્જકનો સર્જક કલ્પવો પડે ને ? અને 'અનવસ્થા' એટલે મર્યાદા સિવાયની એક કપોલકલ્પિત ભ્રમણા ઊભી થાય. અનાદિ-અનંતકાળથી સંસારચક્ર નિયન્ત્રિત છે. સંસારની વ્યવસ્થા કર્મને આધીન છે. કર્મ પ્રત્યેક આત્માનો ગતિસર્જક છે. જેવાં કર્મનો ઉદય તેવું શુભાશુભ ફળ મેળવાય છે, ભોગવાય છે અને અનુભવાય છે. આ વાદના અનેક શાસ્ત્રો સ્વતંત્ર રીતે રચાયેલા મોજુદ છે, આ વાદના શાસ્ત્રાર્થ મોરચા પણ મંડાયેલા છે અને તેના જીત-હારના રદિયા પણ વિબુધ

ધર્મોપાસકોનાં રહસ્યમૂલો છે. સુખવાંચ્છુ વર્ગ જ ધર્મ-રક્ત બને છે—એમ એકાન્ત પણ ન કહેવાય. દુઃખભીરૂઓ પણ નૈસર્ગિક ભાવથી ધર્મ સમીપ આવે છે અને ધર્મને જાણવા—આચરવા માટે મથે છે. કેટલાક ધર્મદર્શક શાસ્રો સ્વધર્મ શ્રેયોવાહક છે—પરધર્મ નિધનપ્રાપક છે, એવી ઉક્તિઓને છૂટથી પ્રચારે છે. આ ઉક્તિના પ્રચારનું કારણ તો એ જ જણાય છે. કે—સ્વધર્મની નક્કરતા ઉપાસકોના હૃદયોમા વજ્રલેખી બને, એ જ હેતુ કળાય છે અને બીજો હેતુ પોતાના ધર્મની પોલંપટ્ટી પોતાને માલુમ પડી હોય તેઓ જ એવો પ્રચાર પોકારે છે. રખે ને જનવર્ગ આ માર્ગથી વિખૂટો પડી જાય! આ ભય મૂખ્ય સ્થાને પણ હોઈ શકે. જ્યારે જૈન ધર્મમાં એવા અનેકાનેક સિદ્ધાન્તો મળી આવે છે, કે જે ચાર સંજીવની ન્યાયને પોષે છે. વળી હા, ધર્મ કોઈ પણ હોય, પરંતુ મુખ્ય તત્ત્વ પવિત્ર અને નિર્દોષ હોવું જોઈએ. નામ સાથેનો સંબંધ તો મમત્વ જ મનાય છે. હા, જે મૂળ તત્ત્વો કથાય છે, તે તત્ત્વોનો જે પ્રરૂપક હોય તે પૂજ્ય જ મનાય છે અને તે તત્ત્વોને પ્રાપ્ત કરીને તેની પાલક વ્યક્તિ જે હોય તે પણ માર્ગસ્થ હોવાથી પૂજ્ય મનાય છે તથા તે આપ્તવચની પણ કહેવાય. મૂળ તત્ત્વો જે સત્યથી સભૂત હોય, તો તે ધર્મની ઉપાસનાયોગ્ય ગણાય. પરંતુ જો ધર્મ માત્ર નામ હોય અને મૂળ તત્ત્વોનો અંશ પણ ન હોય, તો તેને ધર્મ નહિ પણ સર્વરીત્યા અધર્મ જ કહેવાય.

સર્વધર્મસહિષ્ણુતા અને વિશ્વધર્મની સ્થાપના, એ વાત ઘણાના મોંઢથી બોલાય છે અને પ્રચારાય છે કે- આ જો થાય, તો જ હિંદમાં પૂર્ણ શાન્તિ સ્થપાય, ઐકયતા થાય અને મતભેદોનાં મૂળો ઢીલા બને. આ વસ્તુ બનવી અશકય છે. આના કરતાં વર્તમાનિક પ્રત્યેક ધર્મમાંથી નિર્દોષ અને પવિત્ર ધર્મ શોધીને તેને જ જો વિશ્વવ્યાપક બનાવવાની કોશિષ થાય, તો કંઈક અંશે વિશ્વધર્મ-સ્થાપનાનો ઉદ્દેશ સફળ થઈ શકે. વિશ્વભરનુ કલ્યાણ સાધવાની સુભાવનાઓનું પ્રમાણ જો દેખાતું હોય, તો તે માત્ર શ્રી જૈનદર્શનમા દેખાઈ આવે છે. જો કે ઉપરનું વાક્ય પક્ષાગ્રહી લેખાશે, પણ સત્યનો પક્ષાગ્રહી તો પ્રશંસનીય છે. મારો નમ્ર અંતરાત્મા એમ માનવા-મનાવવા પ્રેરે છે કે-જ્યારે જ્યારે પૂ. જૈનાચાર્યો રાજ્યતંત્ર સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા હતા, ત્યારે ત્યારે જૈન માત્રનું જ નહિ પણ વિશ્વભરના પ્રાણીઓના હિતની ચિંતવના થઈ છે અને અજૈન ધર્મગુરુઓ અને રાજવીઓના સંબંધો બીજેના રાજ્યોના માનવો ઉપર ખુન્નસ [illegible] પ્રસંગો [illegible] તેના [illegible] ઉપર રહેલા પુસ્તકોના, [illegible] અને જમીનના [illegible]

કુલ અતિશયોક્તિથી પર છે.

શ્રી જૈનદર્શનમાં મોક્ષપ્રાપ્તિના અનેક માર્ગો દર્શિત કરેલા છે. તેમાં રાજમાર્ગ–ધોરી પંથ એ સંયમગ્રહણ છે. જ્યાં ચારિત્ર છે, ત્યાં મુક્તિ છે. 'विना सयमं न मोक्ष ।' જેમ શ્વાસ વિના જીવન નાશ થાય છે, તેમ સંયમ વિના મોક્ષપથ હાથ લાધતો જ નથી.

શ્રી તીર્થંકરદેવોએ ધર્મશાસનના વર્ચસ્વનુ સ્થાપન કરતાં ડીંડીમ નાદે ઘોષિત કર્યું છે કે–સંયમ એ જ સાર છે, સંયમ એ જ મોક્ષસોપાન છે અને સંયમ એ જ મોક્ષદ્વાર ખોલનારો દ્વારપાળ છે. સંયમ લીધા પહેલાંની અવસ્થા પણ વિરક્તભાવભીની જ હોય છે. એ વિરક્તતા પણ સંયમ સાધવાની તક નિહાળતી જ હોય છે. માનવોએ શ્રદ્ધાબળ, આત્મપ્રોત્સાહનતા અને અભ્યુદયને એવા સાધી લેવા જોઈએ કે–કોઈ પણ ધર્મકાર્ય સહેજે સિદ્ધ થઈ જાય.

卐

સંતોની ઉપાસના.

વિશ્વભરમાં કેટલાકો કહે છે કે–તપોમૂર્તિ, સંયમમૂર્તિ, જ્ઞાનમૂર્તિ અને ચમત્કારમૂર્તિ સમા સંતો ઘણું શોધ્યા પછી પણ હાથમાં આવતા નથી. જો તેઓ હાથમાં આવેલ હોય, તો તેઓ ભાગ્યેજ ઓળખી શકાય છે. વળી કોઇ સુભગ પળે સાંપડેલા સંતો જો ઓળખાય, તો તેઓની સેવાથી સત્ય સફળતા સાધવી તો ઘણી જ કઠિન છે. જો કે એવું કહેનારાઓ સાચા સંતની શોધ કરવા નીકળ્યા જ નથી અને કદાચ તેઓ નીકળ્યા હોય તો હાંસીના હૈયાથી કે સત્વહારી ચાલથી તો નહિ જ.

ક્ષણિક શ્રમથી થાકેલાઓ અને ટૂંકી મહેનતથી કંટાળેલાઓ શું દેવદર્શનીય કોટિના સંતોને મેળવી શકે ખરા ? સંતોની શોધ કરવા પહેલાં પોતે જાતે ટુંક સમજણ [illegible] મહાન અને આચરણીય સંતપણું સ્વીકારવું જ ઘટે છે કે જાત સ્વભાવના ગીતોની [illegible] છે કે–સંતો

કોઈ ગોઝારી પાપની પળે અને પૂરેપૂરા અશુભ કર્મના ઉદયે માનો કે-જે અધમ, પ્રમાદી, પક્ષપાતી અને ચારિત્રદૂષિત ગુરુ મળી ગયા હોય, તો શિષ્યોનુ, ઉપાસકોનુ અને અનુયાયિઓનુ જરૂર પતન થાય છે એ સ્વાભાવિક છે. પરંતુ જો શિષ્ય વિચક્ષણ અને સાચો આત્માર્થી હોય, તો એવા ગુરુઓને પણ ઠેકાણે લાવે છે અને સ્વકલ્યાણ-લિપ્સાને સાધી સફળ કરે છે. ગુરુય અધમ અને શિષ્યેય અધમ-એમ જો બન્નેનો મેળ મળી જાય, તો પછી એકબીજાનાં છિદ્રો, દુષણો અને અપ-માર્ગ જોવામાં જ તેઓ ગુલતાન બને છે. ગુલતાનીની મસ્તિમાં હજારો બીચારાઓ અધર્મના પંથપ્રવાસી બની જાય છે. એક આંધળો પોતે ડૂબે, પરંતુ અસંખ્ય પ્રતીતિ-વાળાઓને પણ ડૂબાડે છે. આ સઘળું તોફાન કરાવનાર જો કોઈ હોય, તો તે મમતાના સંસર્ગને જ આભારી છે. મમતાને ફારગતી આપ્યા પછી જ સંયમ ફલદ્રૂપ થાય છે, માનવશક્તિઓ વિકસે છે, જ્ઞાન પણ સુવાસને બહેકાવે છે અને હૃદયની નિર્દોષ સુભાવનાઓનો શ્રોત અશુભ તત્ત્વોને પ્રશાન્ત કરે છે.

એટલુ જો કર્યું, તો પછી કાંઈ ફિકર, ચિંતા કે ભય નથી. સડસડાટ તમારા ધારેલા ધ્યેયને પહોંચી વળાશે. ફારગતી આપીને ફગાવી મૂકેલી મમતાને સો વર્ષમાં એક વાર પણ જાગતાં કે ઊંઘતાં સંસ્ર
નહિ. મમતાની ખોડો કાયાના

વિરાટ જંગલ છે. એમાં ગુફાઓ છે, કોતરો છે અને બખોલો છે. એ રસ્તાને ફ્રારગતી આવ્યા પછી આ સ્થાની લાગ ટપકાવીને એ આડીઅવળી-ગૂંચવાંસરે [illegible] ન [illegible] રહી હોય એની પૂરી ચીવટ રાખો. નહિ તો તે દેહ ને ખો નાખશો અને ફરી ભમશો

કર્મબંધ.

કર્મ અને જીવ ઉભયનો સંબંધ અનાદિનો છે. કર્મ જ્યારે સમૂલ નિકંદન પામે, ત્યારે આત્મા સાદિઅનંત આત્યંતિક સુખભોક્તા બની જાય છે. બાકી તો કર્મો અનેકધા હોય છે. હળવાં કર્મ જરા જરા દુઃખસંયોગોમાં મૂકી દે છે અને સુખની શય્યામાં સુવાડી દે છે.

પુણ્યાનુબંધી પુણ્યના યોગે આત્મા મુક્તિસુખ-લિપ્સુ બને છે. સાંસારિક સુખ મળવા છતાં તે સુખમાં મૂર્ચ્છાગત નથી બનતો ! તે સહેલાઈથી સુખ તજીને ત્યાગાભિમુખ બની જાય છે તથા ત્યાગ ત્યાગ ને ત્યાગના રંગથી રંગાઈ જાય છે. કેટલાંક પાપાનુબંગી કર્મો આત્માને સુખાભાસોથી લપેટી દે છે અને ત્યાગદ્વેષી બનાવી દે છે. સર્પડંખ જેવાં કર્મો મૂર્ચ્છાગત કરે છે. વીંછીના ડંખ જેવાં કર્મોથી ચેતનાનો ચીરાગ બૂઝાતો નથી.